ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

પ્રથમ સ્તબક



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# વૈરાગ્યકલ્પલતા

## શબ્દશઃ વિવેચન

✤ મૂળ ગ્રંથકાર ✤

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✤ વિવેચનકાર ✤

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલન-સંશોધનકારિકા ✪

પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના
સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી રોહિતાશ્રીજી મહારાજના
શિષ્યરત્ના સાધ્વીજી ચંદનબાલાશ્રી


: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, [illegible], અમદાવાદ-૭.

# વૈરાગ્યકલ્પલતા શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૩૮ ❖ વિ. સં. ૨૦૬૮ → આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૧૦૦-૦૦


卐 આર્થિક સહયોગ 卐

સ્વ. નિમિત પ્રકાશભાઈ શાહના આત્મશ્રેયાર્થે

– મુંબઈ


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૫૦

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

⁕ મુદ્રક ⁕

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન


**✤ અમદાવાદ :**

ગીતાર્થ ગંગા
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

શ્રી લલિતભાઈ ધરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✤ જામનગર :**

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**✤ રાજકોટ :**

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. સદ્ગતિ તમારા હાથમાં !
૬. દર્શનાચાર
૭. શાસન સ્થાપના
૮. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૯. અનેકાંતવાદ
૧૦. પ્રશ્નોત્તરી
૧૧. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૨. ચિત્તવૃત્તિ
૧૩. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૪. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૫. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૬. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૭. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૮. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૯. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

२०. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
२१. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
२२. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
२३. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
२४. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
२५. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
२६. ગૃહજિનાલય મહામંગલકારી
२७. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન

૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન

૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત
શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા શબ્દશઃ વિવેચન

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ ૨. ધર્મતીર્થ ભાગ-૨

## "વૈરાગ્યકલ્પલતા" ગ્રંથના પ્રથમ સ્તબકના શબ્દશઃ વિવેચનના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, મહોપાધ્યાય **યશોવિજયજીમહારાજા**ની વૈરાગ્યરસ-પોષક ઉપમિતિભવપ્રપંચાકથાનું અનુસરણ કરનારી કૃતિ એટલે પ્રસ્તુત **વૈરાગ્ય-કલ્પલતાગ્રંથ !!**

આ મહામૂલ્યશાળી કૃતિ નવ સ્તબકમાં વિભક્ત છે. એ સ્તબકોની પદ્ય સંખ્યા નીચે મુજબ છે :

૨૬૮, ૨૮૧, ૨૩૦, ૭૫૩, ૧૫૦૧, ૭૬૧, ૫૬૨, ૮૮૫ અને ૧૧૪૦.

આમ અહીં ૪૫૮૧ પદ્યો છે. પાંચમો સ્તબક સૌથી મોટો છે.

આ કૃતિ પૂ. શ્રી સિદ્ધર્ષિએ રચેલી ઉપમિતિભવપ્રપંચાકથા ઉપરથી પ્રેરણા મેળવીને એ કથાની જેમ રૂપક પદ્ધતિએ રચાઈ છે. આ કૃતિમાં વૈરાગ્યરસ છલોછલ ભરેલો છે, એ ભવના સ્વરૂપનો આબેહૂબ ચિતાર રજૂ કરે છે. એની રચના કાવ્યરસિકોને આનંદ અર્પે તેવી છે, એ મહાકાવ્યની ઝાંખી કરાવે છે.

**પ્રથમ સ્તબકમાં આવતાં વિષયોનું સંક્ષિપ્ત દિગ્દર્શન :**

પ્રથમ સ્તબકમાં **શ્લોક-૧થી ૫માં** ઋષભદેવભગવાન, શાંતિનાથભગવાન, નેમિનાથભગવાન, પાર્શ્વનાથભગવાન અને વીરભગવાનને ગ્રંથકારશ્રીએ નમસ્કાર કરેલ છે ત્યારપછી **શ્લોક-૬માં** આ પાંચ સિવાયના ૧૯ જિનોને તથા ગુણવાન ગુરુને અને સરસ્વતીને નમસ્કાર કરીને વિવિધ પ્રકારની વૈરાગ્યકથા પ્રસ્તુત ગ્રંથનો વિષય છે તેમ બતાવેલ છે.

**શ્લોક-૭-૮માં** કહ્યું છે કે બુધપુરુષોને વૈરાગ્યવાસિત વચનોમાં રસ છે તેવો રસ અન્યત્ર નથી અને બુધપુરુષોને વૈરાગ્યના વચનોમાં રસ કેમ છે તેની સ્પષ્ટતા કરેલ છે.

**શ્લોક-૯થી ૧૨માં** વૈરાગ્યનું માહાત્મ્ય, વૈરાગ્યનું સામ્રાજ્ય અને વૈરાગ્યલક્ષ્મીનું સ્વરૂપ કેવું છે તે બતાવેલ છે.

**શ્લોક-૧૩માં** કહ્યું છે કે વીતરાગતાને સન્મુખ થવું તે સુસ્થિતરાજાનો પ્રસાદ છે. સુસ્થિતરાજાનો પ્રસાદ જેમ જેમ આત્મામાં અતિશય થાય છે તેમ તેમ તે જીવ સંસાર પ્રત્યે વિરક્ત થાય છે અને તે વૈરાગ્યમિત્ર સુસ્થિતરાજાના પ્રસાદથી પ્રાપ્ત થયેલ છે તેમ કહેવાય છે.

**શ્લોક-૧૪થી ૧૯માં** વૈરાગ્યને સુંદર મહેલની ઉપમા આપી છે. તે સુંદર મહેલમાં સમતારૂપી પત્ની સાથે જેઓ સુંદર પથારીમાં સૂતેલા છે તેવા મુનિઓની ગૃહસ્થતા તાત્ત્વિકી છે તે ઉપમા દ્વારા બતાવીને વૈરાગ્યધારી મુનિઓ કેવા હોય છે તેનું પારમાર્થિક સ્વરૂપ બતાવેલ છે.

**શ્લોક-૨૦માં** મુનિ શક્ર કરતાં પણ અધિક ભોગવિલાસ કરે છે તે બતાવીને **શ્લોક-૨૧માં** વૈરાગ્યકથાથી સ્વના આભ્યંતર શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાય છે તે બતાવેલ છે.

**શ્લોક-૨૨થી ૩૪માં** સંતપુરુષોનો સ્વાભાવિક યત્ન વૈરાગ્યમાં હોય છે અને ખલપુરુષોને વૈરાગ્યની વાતો પ્રીતિ કરતી નથી એટલા માત્રથી વૈરાગ્યના ઉપદેશનો પ્રારંભ પ્રબુદ્ધ પુરુષથી ત્યાજ્ય નથી. ખલના મુખરૂપી શાણમાં ઘસાતું સંતોનું વચનરૂપી શસ્ત્ર દીપ્તિમંત બને છે. કાલકૂટ વિષ માત્ર મૃત્યુ કરે છે, જ્યારે ખલપુરુષો તો સન્માર્ગને દૂષિત કરીને સન્માર્ગનો નાશ કરે છે જ્યારે ઉત્તમપુરુષો તો ગ્રંથમાં રહેલા અમૃત જેવા પારમાર્થિક ભાવોને ગ્રહણ કરે છે, જેથી ઉત્તમપુરુષો માટે તે ગ્રંથ કલ્યાણનું કારણ બને છે અને ખલપુરુષો તે ગ્રંથનું અવમૂલ્યન કરીને પાપની પ્રાપ્તિ કરે છે. ખલના અપવાદો વડે ઘસાતો એવો સજ્જનોનો ગુણોનો સમુદાય પ્રકાશતાને પામે છે. ખલના પ્રલાપથી જિનવચનાનુસાર કરાયેલી કથા ક્યારેય અન્યથા થતી નથી. દુર્જનો વડે આકુલ કરાયેલા સજ્જનો પોતાના સ્વભાવને છોડનારા થતા નથી. સંતોનો આચાર, દોષવાળી વસ્તુમાં રહેલા અન્ય ગુણોને બતાવનાર છે. સજ્જનો નીચપુરુષને પણ ઉત્તમ બનાવનારા હોય છે. આ રીતે કહીને **શ્લોક-૩૫માં** ગ્રંથકારશ્રીએ

કહ્યું છે કે સાધુજનોનો અનુગ્રહ થવાથી ગ્રંથની ઉત્તમતા નિર્ણીત થાય છે પછી દુર્જનો દોષ આપે તેથી તે ગ્રંથ દુષ્ટ બનતો નથી. ત્યારપછી **શ્લોક-૩૬માં** નિગમન કરતાં કહ્યું છે કે અક્ષત શુદ્ધપક્ષવાળા એવા આર્યોએ અભંગ વૈરાગ્યની સમૃદ્ધિવાળી એવી કલ્પવેલીની વૃદ્ધિમાં સત્પુરુષોના આલંબનથી અને ખલોની ઉપેક્ષાથી યત્ન કરવો જોઈએ.

**શ્લોક-૩૭માં** કહ્યું છે કે વૈરાગ્યની પ્રાપ્તિમાં ચરમપુદ્‌ગલપરાવર્ત હેતુ છે અને તે કઈ રીતે હેતુ છે તેની સ્પષ્ટતા **શ્લોક-૩૮માં** કરેલ છે. ચરમપુદ્‌ગલપરાવર્તથી અન્ય પુદ્‌ગલપરાવર્તમાં જીવ હેય-ઉપાદેય વગેરે ભાવોને યથાર્થ જાણતો નથી તો કેવા સ્વરૂપને જાણે છે તે **શ્લોક-૩૯માં** દૃષ્ટાંતથી બતાવેલ છે. **શ્લોક-૪૦માં** કહ્યું છે કે કાળાદિ પાંચ કારણોનો સમુદાય પરસ્પર અનુબદ્ધ છે આમ છતાં કોઈક સ્થાનમાં કોઈક હેતુ પ્રધાન હોય છે તેમ ઉગ્ર જન્મભ્રમણની શક્તિના નાશ પ્રત્યે કાળ પ્રધાન કારણ છે. **શ્લોક-૪૧માં** કહ્યું છે કે ચરમાવર્ત ધર્મની નિષ્પત્તિને અનુકૂળ યૌવનકાળ અને ચરમાવર્તપૂર્વનો કાળ ભવભ્રમણને અનુકૂળ એવો બાલકાળ છે.

**શ્લોક-૪૨માં** કહ્યું છે કે વૈરાગ્યસમૃદ્ધિની કલ્પવલ્લીનું બીજ ધર્મરાગ છે. **શ્લોક-૪૩-૪૪માં** સદ્ધર્મરાગ કેવો છે તેનું વર્ણન કરેલ છે. **શ્લોક-૪૫માં** કહ્યું છે કે સદ્ધર્મરાગ મોક્ષનું બીજ છે આથી જ ભક્તિથી બાહ્ય ઉદાર જિનેન્દ્રયાત્રા-સ્નાત્રાદિ કાર્યો બુધો વડે ઉપબૃંહિત છે; કેમ કે બાહ્ય ઉદાર મહોત્સવોને સમ્યગ્ રીતે જોનારા લોકોમાં બીજાધાનને કરનાર છે.

**શ્લોક-૪૬માં** કહ્યું છે કે અચરમાવર્તમાં મોક્ષના આશયનો અભાવ અને મોક્ષના ઉપાયભૂત ક્રિયારાગનો પણ અભાવ છે.

**શ્લોક-૪૭માં** કહ્યું છે કે વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાન મોક્ષપ્રયોજનની અપેક્ષાએ સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષનું કારણ છે.

**શ્લોક-૪૮થી ૫૧માં** સદ્ધર્મરાગરૂપ બીજમાંથી અંકુરાસ્થાનીય, સ્કંધસ્થાનીય, પાંદડાની નવી નવી કૂંપળોવાળી ડાળીઓ સ્થાનીય, પુષ્પના સમૂહસ્થાનીય ધર્મનું સ્વરૂપ-યોગમાર્ગની પ્રાપ્તિનું સ્વરૂપ બતાવેલ છે.

**શ્લોક-૫૨માં** સદ્ગુરુનો યોગ કઈ રીતે ઉપકારક બને છે અને **શ્લોક-૫૩માં** ધર્મબંધુનો યોગ કઈ રીતે ઉપકારક બને છે તે બતાવેલ છે.

**શ્લોક-૫૪માં** વૈરાગ્યકલ્પલતાના ફળોનું સ્વરૂપ બતાવેલ છે અને **શ્લોક-૫૫માં** કહ્યું છે કે જિનેશ્વરોએ કહેલ ભાવધર્મ પરમાર્થથી મોક્ષસાધક છે અને નીતિકુલાદિથી થનારો દ્રવ્યાત્મધર્મ અભ્યુદય આપનાર છે.

**શ્લોક-૫૬થી ૫૮માં** કહ્યું છે કે ચરમાવર્તકાળમાં વૈરાગ્યકલ્પલતાના બીજની પ્રાપ્તિ થાય છે અને ચરમાવર્તમાં બીજની પ્રાપ્તિ થવાથી સંસારીજીવોની ચિત્તવૃત્તિ તત્ત્વાભિમુખ બને છે અને વૈરાગ્યકલ્પવેલીનું બીજ મોહના પરિણામના ક્ષોભ માટે હોવાથી ફલિત થયેલી વૈરાગ્યકલ્પવેલીથી મોહના પરિણામોનો ઘણો નાશ થાય છે.

**શ્લોક-૫૯-૬૦માં** કહ્યું છે કે મોહના પરિણામોને કારણે બીજભૂત એવી વૈરાગ્યની વેલી નાશ થવાથી ફરી સંસારપરિભ્રમણ થાય છે. બીજાધાન કર્યા પછી પણ મોહના પરિણામો ઊઠવાને કારણે ફરી સંસારની વૃદ્ધિ થાય છે.

**શ્લોક-૬૧થી ૬૩માં** કોઈ જીવ યોગબીજનું વપન કર્યા પછી ગુણવાન ગુરુને પ્રાપ્ત કરીને, તેમને પરતંત્ર થઈને આરાધના કરે તે વખતે યોગબીજનો નાશ કરવા માટે તત્પર થયેલા મોહનીયકર્મથી ચારિત્રરાજના સૈન્યની શું સ્થિતિ થાય છે તે બતાવેલ છે.

**શ્લોક-૬૪માં** કહ્યું છે કે ચારિત્રધર્મરાજાના યોદ્ધાઓ મોહથી નાશ પામતી વૈરાગ્યકલ્પવલ્લીને જોઈને તેના રક્ષણ માટે ઉપસ્થિત થાય છે અને મોહરાજાના સૈન્યને મર્મસ્થાનો ઉપર તાડન કરે છે. ત્યારપછી **શ્લોક-૬૫માં** કહ્યું છે કે જીવમાં વિવેકચક્ષુ પ્રગટ થાય ત્યારે મોહના પરિણામો શાંત થાય છે.

**શ્લોક-૬૬થી ૬૮માં** કહ્યું છે કે મોહના ટોળા દ્વારા વૈરાગ્યવાટિકા છિન્નભિન્ન થાય છે. પરંતુ ચારિત્રના સૈન્યથી પૂર્ણ એવા વિવેકરૂપી પર્વતમાં મોહના ચોરોનું આગમન થતું નથી.

**શ્લોક-૬૯થી ૭૧માં** ચારિત્રધર્મરાજાના પ્રભાવથી મોહના સૈન્યની શું સ્થિતિ થાય છે તે બતાવેલ છે.

**શ્લોક-૭૨થી ૭૭માં** નિમિત્તને પામીને સાધુઓ અને શ્રાવકો સહેજ પ્રમાદમાં પડે તો તરત મોહના પરિણામો ઉત્થિત થાય છે અને મોહના ઉપદ્રવથી ચારિત્રની શક્તિમાં ક્ષતિ થાય છે તે બતાવેલ છે.

**શ્લોક-૭૮થી ૯૪માં** કહ્યું છે કે વિવેકવાળા સાધુઓ અને શ્રાવકો પોતાના ચિત્તમાં વર્તતા સદ્‌બોધ સાથે પર્યાલોચન કરીને મોહના ઉપદ્રવના નાશની વિચારણા કરે છે અને ચારિત્રરાજાને બોધમંત્રી પવિત્ર એવી ભગવાનની પૂજા મોહના ઉપદ્રવના વિનાશનો હેતુ છે એ પ્રમાણે કહે છે. ત્યારપછી કાયયોગસારા, વાગ્યોગસારા અને મનોયોગસારા ત્રણ પ્રકારની પૂજાનું સ્વરૂપ અને ત્રણ પ્રકારની પૂજામાં પ્રથમ પૂજા સમંતભદ્રા, બીજી પૂજા સર્વભદ્રા અને ત્રીજી પૂજા સર્વસિદ્ધિફલા કહેલ છે અને તે ત્રણ પ્રકારની પૂજા યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચકયોગથી થાય છે તે બતાવીને ત્રણ પ્રકારનો અવંચકયોગ શું છે તે બતાવેલ છે. ત્યારપછી તે પૂજા કેવી છે તેનું સ્વરૂપ બતાવીને કહ્યું છે કે, પૂજા કરનારા શ્રાવકોનું નિરુપદ્રવપણું હોવાથી વૈરાગ્યવલ્લી પરિવૃદ્ધિને પામે છે.

**શ્લોક-૯૫થી ૯૮માં** શ્રાવકનું દ્રવ્યસ્તવ સર્વવિરતિના પરિણામરૂપ ભાવસ્તવનું કારણ છે અને વિવેકસંપન્ન શ્રાવકો સંસારમાં હોવા છતાં પ્રતિદિન પ્રવર્ધમાન એવી ચારિત્રની શક્તિનો સંચય કરનારા છે અને વિવેકસંપન્ન શ્રાવકની ચિત્તવૃત્તિ કેવી હોય છે તેનું વર્ણન કરેલ છે.

**શ્લોક-૯૯થી ૧૦૮માં** મોહનું સૈન્ય સ્થાનભ્રષ્ટ થવાથી ચારિત્રના સૈન્યને પ્રતિકૂળ થવા શું શું વિચારણા કરે છે તે બતાવેલ છે.

**શ્લોક-૧૦૯થી ૧૧૩માં** ભગવાનની પૂજા કરનારા શ્રાવકોની પૂજાના ભંગના અર્થે મોહના સૈન્યની ઉચ્ચાટન ક્રિયાનું વર્ણન અને ઉચ્ચાટન અર્થે કરાયેલા મંત્રજાપથી શું ફળ પ્રાપ્ત થાય છે તે બતાવેલ છે.

**શ્લોક-૧૧૪થી ૧૧૯માં** ધૂમકેતુના ઉપદ્રવની જેવા મોહના ઉપદ્રવની શાંતિ માટે ચારિત્રરાજા દ્વારા સમાધિમંત્રનો પાઠ કરવામાં આવે છે અને સમાધિમંત્રના પાઠથી મોહરાજાનું જોર કઈ રીતે ઘટે છે તે બતાવેલ છે.

**શ્લોક-૧૨૦થી ૧૨૪માં** સમાધિમંત્રનો જાપ કર્યા પછી ચારિત્રધર્મરાજાનો પ્રતાપભાનુ પ્રબળ બને છે અને તેનો યશ બધી દિશાઓમાં વ્યાપ્ત થાય છે અને તેના કારણે ચારિત્રધર્મરાજાનું લોકોમાં યશોગાન કઈ રીતે થાય તે બતાવેલ છે.

**શ્લોક-૧૨૫-૧૨૬માં** સમાધિરૂપી અમૃત જિનશાસનમાં સિદ્ધ છે અને સમાધિરૂપી અમૃતના પાનથી પ્રાપ્ત થતું ફળ બતાવેલ છે.

**શ્લોક-૧૨૭માં** કષાયોનું વમન કરવા પ્રત્યે એક હેતુ સમાધિ છે તે બતાવીને **શ્લોક-૧૨૮-૧૨૯માં** સમાધિનું સ્વરૂપ વર્ણવીને તે સમાધિથી વિષયોરૂપી વિષવૃક્ષનું છેદન પણ થઈ શકે છે તે બતાવેલ છે.

**શ્લોક-૧૩૦માં** સમાધિ વગર સંયમની સર્વ ક્રિયાઓ કર્મનાશ કરવા માટે અસમર્થ હોવાથી કર્મનાશના અર્થીએ વૈરાગ્યના પરિપાકરૂપ સમાધિમાં યત્ન કરવો જરૂરી છે તે બતાવીને **શ્લોક-૧૩૧થી ૧૪૨માં** સમાધિશુદ્ધહૃદયવાળા મુનિઓનું સ્વરૂપ અને તેમનું માનસ કેવું હોય છે તે સ્પષ્ટ કરેલ છે.

**શ્લોક-૧૪૩માં** મોક્ષમાર્ગમાં અભ્યુત્થિત વ્યક્તિને જ્ઞાન-ક્રિયા કરતાં સામ્ય-પરિણામ કઈ રીતે વિશેષ ઉપકારક છે તે બતાવીને **શ્લોક-૧૪૪થી ૨૦૪માં** સમાધિવાળા મહાત્માઓ કેવા હોય છે તેનું ભિન્ન ભિન્ન રીતે વર્ણન કરેલ છે.

**શ્લોક-૨૦૫થી ૨૧૭માં** સમાધિવાળા મહાત્માઓમાં દસ પ્રકારનો યતિધર્મ પ્રકટ થાય છે તેનું વર્ણન કરેલ છે.

**શ્લોક-૨૧૮માં** સમાધિવાળા મહાત્માઓ નવકોટિની શુદ્ધિથી ભિક્ષાને ગ્રહણ કરનારા અને મુનિભાવના બીજભૂત અઢાર હજાર શીલાંગોને ધારણ કરનારા છે તે બતાવેલ છે.

**શ્લોક-૨૧૯થી ૨૨૨માં** જાગ્રતદશાવાળા ઊર્ધ્વગામી મુનિનું વિશેષ સ્વરૂપ બતાવીને **શ્લોક-૨૨૩માં** નિર્ગ્રંથ મુખ્ય એવા સાધુનું સ્વરૂપ બતાવેલ છે. ત્યારપછી **શ્લોક-૨૨૪થી ૨૨૭માં** વિકલ્પહીન અને વૈકલ્પિકી દયાનું સ્વરૂપ બતાવેલ છે.

**શ્લોક-૨૨૮થી ૨૪૦માં** સમાધિવાળા યોગીઓનું સ્વરૂપ, તેમનામાં વર્તતા ઉપશમસુખનું સ્વરૂપ બતાવીને મુનિના સમભાવનું સુખ વિકલ્પના નિરોધથી

જ પ્રતીત થાય છે, વાણીથી કહી શકાતું નથી તેમ બતાવેલ છે.

**શ્લોક-૨૪૧થી ૨૫૧માં** સમાધિના પરિણામને કારણે સામ્યને પામેલા મુનિઓનું સ્વરૂપ બતાવેલ છે.

**શ્લોક-૨૫૨માં** સમાધિથી સિદ્ધ એવી સમતા દિવ્યઔષધ છે તેમ બતાવીને **શ્લોક-૨૫૩થી ૨૫૮માં** સમાધિથી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનાર પ્રસન્નચંદ્રરાજર્ષિ, ભરતમહારાજા, મરુદેવામાતા, સ્કંદકાચાર્યના શિષ્યો, મેતાર્યમુનિ, દૃઢપ્રહારી આદિની સ્તવના કરેલ છે.

**શ્લોક-૨૫૯માં** કહ્યું છે કે સુંદર સમાધિરૂપ સામ્ય કર્મક્ષયમાં એકાંતિક હેતુ છે, તેથી કર્મક્ષય માટે સુંદર સમાધિસામ્ય એક ઇષ્ટ છે. વળી વિચિત્ર બીજા યોગો તીર્થંકરો વડે સમાધિ તરફ જવાને અનુકૂળ દિશા બતાડવા માટે કહ્યા છે.

**શ્લોક-૨૬૦માં** કહ્યું છે કે મેઘકુમારના જીવ એવા હાથીએ જે ભવને અલ્પ કર્યા ત્યાં પણ માર્ગાભિમુખપણાના બીજરૂપ અવ્યક્ત સમાધિસામ્ય જ કારણ છે. ત્યારપછી **શ્લોક-૨૬૧માં** કહ્યું છે કે સમાધિસામ્યના ક્રમથી યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચકની પ્રાપ્તિ કરી જીવો ચૈતન્યના આનંદની સમૃદ્ધિવાળા થાય છે.

**શ્લોક-૨૬૨માં** તે સમાધિનું માહાત્મ્ય લોકોને બોધ કરાવવાનાં પ્રયોજનથી અનુસુંદર ચક્રવર્તીની પવિત્ર કથાને હું કહીશ એ પ્રમાણે ગ્રંથકારશ્રીએ પ્રતિજ્ઞા કરેલ છે. ત્યારપછી **શ્લોક-૨૬૨થી ૨૬૮માં** તે કથાનું સ્વરૂપ કેવું છે, કલ્પિત પણ કથા વૈરાગ્યનો હેતુ હોય તો તે યથાર્થ જ છે એમ ભગવાનને સંમત છે, આથી જ દ્વિતીય અંગમાં પરિકલ્પિત અર્થવાળું પુંડરીક અધ્યયન પ્રસિદ્ધ છે તેમ બતાવીને અંતમાં પ્રસ્તુત કથામાં જે વિશેષતા છે તે બતાવેલ છે.

આ રીતે વૈરાગ્યકલ્પલતાગ્રંથના પ્રથમ સ્તબકમાં વૈરાગ્યનો મહિમા વર્ણવાયો છે. એનો મહેલ તરીકે ઉલ્લેખ કરી એનું નિરુપણ કરાયું છે. ધર્મનો યૌવનકાળ, ગુરુનું માહાત્મ્ય, મોહના જાસૂસો, ચારિત્રરાજાની સેના, સમાધિ, સમતા અને સત્તર પ્રકારના સંયમને સ્થાન અપાયું છે. અહીં તો માત્ર પ્રથમ સ્તબકમાં

આવતા પદાર્થોનું સંક્ષિપ્ત દિગ્દર્શન કરાવેલ છે. વિશેષ તો ગ્રંથકારશ્રીના પદ્યોની સુમધુર રચના, પદ્યોના શ્લોકાર્થ અને તેનું વિવેચન વાંચવાથી અપૂર્વ પદાર્થદર્શન થવાની અનુભૂતિ થશે.

અત્યંત નાદુરસ્ત તબિયત થઈ જવાથી જંઘાબળ ક્ષીણ થતા અમદાવાદ મુકામે મારે સ્થિરવાસ કરવાનું બન્યું, અને પ્રજ્ઞાધન સુશ્રાવક **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ** પાસે યોગવિષયક અને અધ્યાત્મવિષયક સંવેગ-વૈરાગ્યવર્ધક ગ્રંથોના વાચનનો સુંદર સુયોગ પ્રાપ્ત થયો. નાદુરસ્ત તબિયતમાં પણ પરમાત્માની કૃપા, ગુરુકૃપા, શાસ્ત્રકૃપા અને ગ્રંથકારશ્રીની કૃપાથી **'વૈરાગ્યકલ્પલતા'** ગ્રંથના પ્રથમ સ્તબકનો શબ્દશઃ વિવેચનની સંકલનાનો આ પ્રયાસ સફળ થયો છે. ગ્રંથના વિવરણમાં સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન થઈ ન જાય તે માટે પૂરો પ્રયત્ન કરેલ હોવા છતાં છદ્મસ્થતાને કારણે કોઈ ક્ષતિ રહી હોય, કે તરણતારણ શ્રીજિનેશ્વરદેવોની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અનાભોગથી ક્યાંય પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું અને શ્રુતવિવેકીજનો તેનું પરિમાર્જન કરે એમ ઇચ્છું છું.

આ વિવેચનની સંકલનાનો પદાર્થની દૃષ્ટિએ સંશોધન કરવામાં શ્રુતપ્રેમી યોગમાર્ગતત્ત્વજ્ઞ **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા**નો અમૂલ્ય ફાળો છે અને તેઓને પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના અધ્યયન-અધ્યાપન કરાવવા દ્વારા સ્વાધ્યાયની અમૂલ્ય તક સાંપડે છે તે બદલ ધન્યતાની લાગણી અનુભવેલ છે.

પરમપૂજ્ય, પરમારાધ્યપાદ, વ્યાખ્યાનવાચસ્પાતિ **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાને** **'ઉપમિતિભવપ્રપંચાકથા'** અને **'વૈરાગ્યકલ્પલતા'** આ બંને કૃતિઓ અત્યંત પ્રિય હતી. તેઓ શ્રીમદે વિ.સં. ૨૦૪૦માં પાલિતાણા ચાતુર્માસના સુઅવસરે આ બંને ગ્રંથો વૈરાગ્ય-સંવેગભાવવર્ધક હોવાથી ખાસ મને વાંચવા માટે પ્રેરણા કરેલ, તેથી આ પ્રથમ સ્તબકના વિવેચનના અવસરે કૃતજ્ઞભાવે તેઓશ્રીનું ખાસ સ્મરણ કરી ધન્યતા અનુભવું છું.

પ્રાંતે સંસારના સ્વરૂપનો બોધ કરાવનાર વૈરાગ્યરસથી ભરપૂર આ ઉત્તમગ્રંથના પદાર્થોને આત્મસાત્ કરીને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્રરૂપ

રત્નત્રયીનું આરાધન કરી હું અને સૌ કોઈ લઘુકર્મી ભવ્યાત્માઓ સમાધિસુખમાં લીન બની ક્ષાયિકભાવના ગુણોને પ્રાપ્ત કરી ક્ષપકશ્રેણિ માંડી કૈવલ્યલક્ષ્મીને પામીને શાશ્વતસુખના ભાગી બનીએ એ જ શુભ અભ્યર્થના.

**'कल्याणमस्तु सर्वजीवानाम्'**

**વિ. સં. ૨૦૬૮,**
**ચૈત્ર સુદ પૂનમ,**
**તા. ૬-૪-૨૦૧૨, શુક્રવાર,**
**એફ-૨, જેઠાભાઈ પાર્ક,**
**નારાયણનગર રોડ,**
**પાલડી, અમદાવાદ-૭.**

**વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય સમતામૂર્તિ પ્રવર્તિની સાધ્વીજી રોહિતાશ્રીજી મહારાજના શિષ્યરત્ના સાધ્વીજી ચંદનબાલાશ્રી**

# પ્રસ્તાવના

ઉપમિતિભવપ્રપંચ કથામાં સંસારના પરિભ્રમણનું સ્વરૂપ જ ઉપમા દ્વારા બતાવાયું છે જે વૈરાગ્યનું પ્રબળ કારણ છે તે ગ્રંથને જ સામે રાખીને પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે વૈરાગ્યકલ્પલતા ગ્રંથની રચના કરેલ છે. જેમાં ઉપમિતિના જ પદાર્થો વિશેષરૂપે સુગમતાથી બોધ થઈ શકે તે રીતે વણાયેલા છે અને જેનું વિસ્તારથી સ્વયં આગળના સ્તબકમાં વર્ણન કરશે છતાં વૈરાગ્યનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તેનો પારમાર્થિક બોધ કરાવવા અર્થે પ્રથમ પ્રસ્તાવમાં વૈરાગ્ય બીજથી માંડીને ચરમભૂમિકા સુધી કઈ રીતે વૃદ્ધિ પામે છે અને તેના માટે શ્રાવકો અને સાધુઓ કઈ રીતે યત્ન કરે છે તેનું વિસ્તારથી વર્ણન પ્રસ્તુત સ્તબકમાં કરેલ છે.

**વિ.સં. ૨૦૬૮, ચૈત્ર સુદ પૂનમ,** **– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૬-૪-૨૦૧૨, શુક્રવાર,**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# વૈરાગ્યકલ્પલતા

## શબ્દશઃ વિવેચન

## પ્રથમ સ્તબક

**શ્લોક :-**

ऐन्द्रीं श्रियं नाभिसुतः स दद्या-
दद्यापि धर्मस्थितिकल्पवल्लिः ।
येनोप्तपूर्वा त्रिजगज्जनानां,
नानान्तरानन्दफलानि सूते ।।१।।

**શ્લોકાર્થ :-**

જેમના વડે=જે પ્રથમ તીર્થંકર ઋષભદેવસ્વામી વડે, પૂર્વમાં વપન કરાયેલી ધર્મસ્થિતિરૂપ કલ્પવેલી હજી પણ ત્રણ જગતના જીવોને અનેક પ્રકારનાં અંતરંગ આનંદરૂપ ફળોને નિષ્પન્ન કરે છે. તે નાભિરાજાના પુત્ર ઋષભદેવસ્વામી ઈન્દ્ર સંબંધી=આત્મા સંબંધી, લક્ષ્મીને આપો. ।।૧।।

**ભાવાર્થ :-**

ઋષભદેવ ભગવાને આ ભરતક્ષેત્રમાં સૌથી પ્રથમ ધર્મની વ્યવસ્થાને સ્થાપના કરવાસ્વરૂપ કલ્પવેલીનું વપન કર્યું. જે કલ્પવેલીના સેવનથી ઘણાં જીવો પરમ આનંદરૂપ મોક્ષને પ્રાપ્ત કરશે અને તે જીવો મોક્ષ પ્રાપ્ત કરશે તેના પૂર્વે વર્તમાનમાં પણ અનેક પ્રકારનાં અંતરંગ આનંદરૂપ ફલોને પ્રાપ્ત કરશે. તે સર્વ ફળોની પ્રાપ્તિનું કારણ ઋષભદેવ ભગવાનથી સ્થાપન કરાયેલી ધર્મની વ્યવસ્થારૂપ કલ્પવેલી છે અને તે કલ્પવેલીની સ્થાપના કરનાર નાભિરાજાના પુત્ર ઋષભદેવ "પોતાને આત્મા સંબંધી કલ્યાણની પરંપરાને આપે" એ પ્રકારની ગ્રંથકારશ્રી યાચના કરે છે. **॥૧॥**

❖ 'अद्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે પૂર્વમાં જ્યારે ઋષભદેવ ભગવાને ધર્મસ્થિતિરૂપ કલ્પવેલીનું વપન કરેલ ત્યારે તો ત્રણ જગતના જીવોને અનેક પ્રકારનાં અંતરંગ ફલોની પ્રાપ્તિ થતી હતી પરંતુ હજી પણ ત્રણ જગતના જીવોને અનેક પ્રકારનાં અંતરંગ ફલોની પ્રાપ્તિ થાય છે.

**શ્લોક :-**

**सदोदयो हृद्गहनस्थिताना-**
**मपि व्ययं यस्तमसां विधत्ते ।**
**जयत्यपूर्वो मृगलाञ्छनोऽसौ,**
**श्रीशान्तिनाथः शुचिपक्षयुग्मः ।।२।।**

**શ્લોકાર્થ :-**

**જે સદા ઉદયવાળા, હૃદયના ગહનમાં રહેલા પણ અંધકારનો વ્યય કરે છે, એ શુચિ પક્ષના યુગ્મવાળા, મૃગના લાંછનવાળા અપૂર્વ એવા શ્રી શાંતિનાથ ભગવાન જય પામે છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓને શ્રી શાંતિનાથ ભગવાનનું સ્વરૂપ કેવું છે તેનો કાંઈક બોધ છે અને તેના કારણે ભગવાનના તે સ્વરૂપ પ્રત્યે જેઓને આકર્ષણ થયું છે

તેઓના હૈયામાં શ્રી શાંતિનાથ ભગવાન શાંતસ્વરૂપે સદા હૈયામાં વર્તે છે. જે શાંતિનાથ ભગવાનના સ્વરૂપનો સદા ઉદય હૃદયના ગહનમાં રહેલ પણ આત્માના પારમાર્થિક સ્વરૂપવિષયક અજ્ઞાનસ્વરૂપ અંધકારનો વ્યય કરે છે. તેવા શ્રી શાંતિનાથ ભગવાન શુચિ પક્ષયુગ્મવાળા છે=તેમના માતૃપક્ષ અને પિતૃપક્ષ બન્ને અતિ પવિત્ર છે, મૃગના લાંછનવાળા છે અને અપૂર્વ સાધના કરીને અપૂર્વ થયા છે. તે શ્રી શાંતિનાથ ભગવાન જય પામે અર્થાત્ તે શાતિનાથ ભગવાન જગતના જીવોના ચિત્તમાં સદા વૃદ્ધિને પ્રાપ્ત કરે. **॥૨॥**

**શ્લોક :-**

**चाणूरजिद्दर्पमहासमुद्र-**
**व्यालोडनस्वर्गिरिबाहुवीर्यः ।**
**राजीमतीनेत्रचकोरचन्द्रः,**
**श्रीनेमिनाथः शिवतातिरस्तु ।।३।।**

**શ્લોકાર્થ :-**

**ચાણુરજિત્=ચાણુરને જીતનાર એવા કૃષ્ણના, દર્પરૂપી મહાસમુદ્રના વ્યાલોડનને=મંથનને, કરવા માટે સ્વર્ગિરિ જેવું=મેરુપર્વત જેવું, બાહુવીર્ય છે જેમને એવા અને રાજીમતીના નેત્રરૂપી ચકોરને માટે ચંદ્ર જેવા નેમનાથ ભગવાન કલ્યાણના વિસ્તારને કરનાર થાઓ. ॥૩॥**

**ભાવાર્થ :-**

ચાણુરને જીતનાર એવા કૃષ્ણને પોતાના અદ્ભુત બળ માટે જે દર્પ હતો તે દર્પરૂપ મહાસમુદ્રનું મંથન કરવા માટે સમર્થ એવા મેરુપર્વત જેવા બાહુવીર્યવાળા નેમનાથ ભગવાન હતા; કેમ કે કૃષ્ણની આયુધશાળામાં જ્યારે નેમનાથ ભગવાને પાંચજન્ય શંખને ફૂંક્યો ત્યારે પોતાના બળમાં શંકા થવાથી નેમનાથ ભગવાનને બાહુયુદ્ધ કરવા માટે કૃષ્ણ કહે છે ત્યારે યુદ્ધ કરવું ઉચિત નથી એમ કહીને ભુજાબળની પરીક્ષા કરવાનું નેમનાથ ભગવાન કહે છે અને કૃષ્ણ પોતાની ભુજા લાંબી કરે છે ત્યારે લીલાપૂર્વક નેમનાથ ભગવાન તે ભુજાને નમાવી દે

છે. નેમનાથ ભગવાનની ભુજાને નમાવવા માટે કૃષ્ણે અનેક પ્રયત્નો કર્યા પરંતુ સહેજ પણ ભુજા નમતી નથી. તે વખતે નેમનાથ ભગવાનની ભુજા ઉપર કૃષ્ણ લટકી જાય છે તોપણ ભુજા નમતી નથી, તેથી કૃષ્ણના દર્પનું નિવારણ કરે તેવા મહાબાહુવીર્યવાળા નેમનાથ ભગવાન હતા.

વળી, ચકોરપક્ષીને ચંદ્ર પ્રત્યે અત્યંત પ્રીતિ હોય છે તેમ રાજીમતીના નેત્રરૂપ ચકોર માટે નેમનાથ ભગવાન ચંદ્ર જેવા હતા. તેવા નેમનાથ ભગવાન આપણને કલ્યાણના વિસ્તારને કરનારા થાઓ. **॥૩॥**

**શ્લોક :-**

**यः सप्तविश्वाधिपतित्वसूचा-**
**नूचानभोगीन्द्रफणातपत्रैः ।**
**विभाति देवेन्द्रकृतांह्रिसेवः,**
**श्रीपार्श्वदेवः स शिवाय भूयात् ॥४॥**

**શ્લોકાર્થ :-**

**સાત પ્રકારના વિશ્વના અધિપતિપણાને સૂચવનાર એવી अनूचान= મનોહર એવી, ભોગીન્દ્ર ફણારૂપ=સર્પની ફણારૂપ, आतपत्रैः=છત્ર વડે, જે શોભે છે તે દેવેન્દ્ર વડે કરાયેલ ચરણની સેવાવાળા પાર્શ્વનાથ ભગવાન કલ્યાણ માટે થાઓ. ॥૪॥**

**ભાવાર્થ :-**

પાર્શ્વનાથ ભગવાનને કમઠ જ્યારે ઉપદ્રવ કરે છે ત્યારે ધરણેન્દ્ર નાગની ફણાથી તેમને છત્ર કરે છે. તે છત્ર સાત ફણાવાળું હોવાથી કવિ કલ્પના કરે છે કે સાત વિશ્વના અધિપતિપણાને સૂચવનાર એવી મનોહર નાગની ફણારૂપ છત્રથી પાર્શ્વનાથ ભગવાન શોભે છે. વળી, તે પાર્શ્વનાથ ભગવાન દેવેન્દ્રોથી પૂજા કરાયેલા ચરણસેવાવાળા છે. તેવા પાર્શ્વનાથ ભગવાન જગતના જીવોને કલ્યાણ માટે થાઓ. **॥૪॥**

**શ્લોક :-**

**आस्वाद्य यद्वाक्यरसं बुधानां,**
**पीयूषपानेऽपि भवेद् घृणैव ।**
**नमामि तं विश्वजनीनवाचं,**
**वाचंयमेन्द्रं जिनवर्द्धमानम् ।।५।।**

**શ્લોકાર્થ :-**

**જેમના વાક્યરસનું=જે વીર ભગવાનના વચનનું આસ્વાદન કરીને બુધપુરુષોને=માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવોને, અમૃતના પાનમાં પણ ઘૃણા જ થાય છે. તે વિશ્વના હિતને કરનાર એવી વાણીવાળા वाचंयमेन्द्रं=મુનીન્દ્ર જિન વર્ધમાનસ્વામીને, હું નમસ્કાર કરું છું. ।।૫।।**

❖ 'पीयूषपानेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે બુધપુરુષોને સંસારના ભોગો પ્રત્યે તો ઘૃણા થાય છે પરંતુ પીયૂષપાનમાં પણ ઘૃણા થાય છે.

**ભાવાર્થ :-**

જે વીરભગવાનનાં વચનો આત્માના પરમ સૌષ્ઠવને પેદા કરનાર હોવાથી તે વચનોનું આસ્વાદન કરીને દેહના પરમ સૌષ્ઠવના કારણભૂત એવા અમૃત-પાનમાં પણ બુધપુરુષને ઘૃણા જ થાય છે અર્થાત્ ઉપેક્ષા જ થાય છે. તેવી વાણીને કહેનારા વર્ધમાનસ્વામીને ગ્રંથકારશ્રી નમસ્કાર કરે છે. જે વર્ધમાનસ્વામી વિશ્વના કલ્યાણને કરનારી વાણીને બતાવનારા છે અને વાણીના સંયમવાળા જે મુનિઓ છે તેમાં ઇન્દ્ર જેવા છે, તેથી ભગવાન અત્યંત સંયમવાળા છે અને જગતના કલ્યાણને કરે તેવા વચનને કહેનારા છે અને તેમને ગ્રંથકારશ્રી નમસ્કાર કરે છે. **।।૫।।**

**શ્લોક :-**

**एतांस्तथाऽन्यान् प्रणिपत्य मूर्ध्ना,**
**जिनाननुध्याय गुणान् गुरूणाम् ।**

सारस्वतं च प्रणिधाय धाम,
करोमि वैराग्यकथां विचित्राम् ।।६।।

**શ્લોકાર્થ :-**

**આ જિનોને=પૂર્વમાં વર્ણન કર્યું એ પાંચ જિનોને, તથા અન્ય જિનોને=એ પાંચ સિવાયના ઓગણીસ જિનોને, મસ્તકથી પ્રણિપાત કરીને, ગુરુના ગુણોનું અનુધ્યાન કરીને અને સરસ્વતીના સામર્થ્યનું પ્રણિધાન કરીને અર્થાત્ સરસ્વતીદેવી ગ્રંથરચના કરવામાં પોતાને સહાયક થવાના સામર્થ્યવાળી છે એ પ્રકારનું પ્રણિધાન કરીને, વિવિધ પ્રકારની વૈરાગ્યકથાને હું કરું છું. ।।૬।।**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત શ્લોકથી ગ્રંથકારશ્રીએ ૨૪ તીર્થંકરોને, ગુણવાન ગુરુને અને સરસ્વતીને નમસ્કાર કરીને પોતાની ગ્રંથરચનામાં વિઘ્નભૂત એવા કર્મનાશ માટેનો યત્ન કરેલ છે જેથી પોતાની ગ્રંથરચનામાં સ્ખલના કરે તેવાં કર્મોનો નાશ થાય અને સમ્યક્ પ્રકારે ગ્રંથરચના થાય. વળી, પ્રસ્તુત ગ્રંથનો વિષય વિવિધ પ્રકારની વૈરાગ્યકથા છે તેનું સ્પષ્ટીકરણ કરેલ છે. ।।૬।।

**શ્લોક :-**

सूक्तानि वैराग्यसुधारसेन,
सिक्तानि तुष्टिं ददते यथाऽन्तः ।
तथा बुधानां न हि वेणुवीणा-
मृदङ्गसंगीतकलाविलासाः ।।७।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રકારે વૈરાગ્યરૂપી અમૃતના રસથી સીંચાયેલાં=सूक्तानि=સુંદર વચનો, અંતઃકરણની તુષ્ટિને આપે છે તે પ્રકારે બુધ પુરુષોને વેણુ, વીણા મૃદંગથી યુક્ત એવા સંગીતની કલાના વિલાસો અંતઃકરણની તુષ્ટિ આપતા નથી જ. ।।૭।।**

**ભાવાર્થ :-**

સંસારના વાસ્તવિક સ્વરૂપથી જેઓ બોધ પામેલા છે તેવા બુધ પુરુષોને વિકારોનો રસ શું છે અને વૈરાગ્યનો રસ શું છે તેનું પારમાર્થિક જ્ઞાન હોય છે તેથી વૈરાગ્યરસની વૃદ્ધિના તેઓ અત્યંત અર્થી હોય છે તેના કારણે વૈરાગ્યરૂપી અમૃતરસથી સીંચાયેલા સુંદર વચનો સાંભળીને તેઓનું ચિત્ત અત્યંત આનંદ અનુભવે છે, તેવો આનંદરસ તેઓને સંગીતના વિલાસમાંથી પણ પ્રાપ્ત થતો નથી. **॥૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૭માં કહ્યું કે બુધ પુરુષોને જેવો વૈરાગ્યવાસિત વચનોમાં રસ છે તેવો રસ અન્યત્ર નથી. તેથી હવે બુધ પુરુષોને તેવો વૈરાગ્યના વચનોમાં રસ કેમ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**व्योम्नो यथेन्दुः सदनस्य दीपो,**
**हारस्य सारस्तरलो यथा वा ।**
**वनस्य भूषा च यथा मधुश्री-**
**र्ज्ञानस्य वैराग्यमतिस्तथैव ।।८।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે આકાશનો સાર ચંદ્ર છે, ઘરનો સાર દીપક છે અથવા જે પ્રમાણે હારનો સાર ચગદું (=પેન્ડલ) છે અને જે પ્રમાણે વનની ભૂષા મધુશ્રી=વસંતઋતુ, છે તે પ્રમાણે જ જ્ઞાનની ભૂષા વૈરાગ્યમતિ છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

સમ્યગ્ જ્ઞાન પદાર્થનું સમ્યક્ સ્વરૂપ બતાવે છે અને પદાર્થનો સમ્યગ્ બોધ જ વૈરાગ્યની વૃદ્ધિ કરે છે, તેથી બુધ પુરુષોને વૈરાગ્યને પોષણ કરનારાં સુંદર વચનોમાં અત્યંત રસ હોય છે તે બતાવવા માટે અનેક દૃષ્ટાંતો દ્વારા જ્ઞાનનો સાર વૈરાગ્યમતિ છે તેમ પ્રસ્તુત શ્લોકમાં ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. **॥૮॥**

**અવતરણિકા :-**

વૈરાગ્યનું માહાત્મ્ય બતાવે છે –

**શ્લોક :-**

**साधारणीर्ज्ञानविधोरशेषाः,**
**शेषाः कलाः के कलयन्ति नोच्चैः ।**
**धत्ते पदं या भवमूर्ध्नि तां यः,**
**प्रेक्षेत वैराग्यकलां स धन्यः ।।९।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનરૂપી ચંદ્રની શેષ=વૈરાગ્ય સિવાયની એવી બધી જ સાધારણ કલા અત્યંત કોણ જાણતું નથી અર્થાત્ ઘણા વિદ્વાનો જાણે છે. જે=જે વૈરાગ્યકલા, ભવના મસ્તક ઉપર પગને ધારણ કરે છે તે વૈરાગ્યકલાને જે બુધ પુરુષ જુએ છે તે ધન્ય છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

સંસારમાં જેટલી જ્ઞાનની શાખાઓ છે તે સર્વ જ્ઞાનની શાખાઓ નવો નવો બોધ કરાવે છે અને જેની પાસે બુદ્ધિ છે તેવા પુરુષો તે તે જ્ઞાનની શાખાઓનો અભ્યાસ કરીને નિપુણ પણ બને છે, પરંતુ સંસારના મસ્તક ઉપર પગ ધારણ કરે તેવી કલા તો વૈરાગ્યની જ કલા છે અર્થાત્ અનાદિકાળથી જીવનો ભવ ચાલે છે અને ઉત્તર ઉત્તરના ભવના કારણ એવાં કર્મો વર્તમાનમાં જીવ બાંધ્યા જ કરે છે. તે ભવની વૃદ્ધિનું બીજ જીવમાં વર્તતો સંગનો પરિણામ છે અને તે સંગના પરિણામવાળા જીવોના ભવની પરંપરાનો અવિચ્છેદ ચાલે છે અને વૈરાગ્યકલા જ્યારે જીવમાં પ્રગટે છે ત્યારે સંગનો પરિણામ ક્રમશઃ નાશ પામે છે તેથી વૃદ્ધિ પામતો એવો ભવ અટકે છે, તેથી વૃદ્ધિ પામતા એવા ભવના મસ્તકે પગ મૂકનાર વૈરાગ્યકલા છે અને તે કલાને જેઓ જોઈ શકે છે તેઓ વૈરાગ્યનાં પોષક શાસ્ત્રવચનોમાંથી આનંદ લેનારા બને છે. તેઓ પુણ્યશાળી છે; કેમ કે તેમનો જ મનુષ્યભવ સફળ છે. **॥૯॥**

**શ્લોક :-**

**शमाग्नितप्ताष्टरसावशिष्ट-**
**प्रकृष्टवैराग्यरसवृतत्वम् ।**
**विनाऽस्त्युपायो भुवि कोऽपि**
**चारुर्न ज्ञानगर्वज्वरशान्तिहेतुः ।।१०।।**

**શ્લોકાર્થ :-**

**શમરૂપી અગ્નિથી આઠ રસો તપ્ત થયે છતે=નાશ થયે છતે, અવશિષ્ટ એવો પ્રકૃષ્ટ વૈરાગ્યરસ તેનાથી વૃતપણું=ભૃતપણું છે જેમાં એવી ઔષધિ વિના જગતમાં જ્ઞાનના ગર્વરૂપ જ્વરની શાંતિનો હેતુ એવો સુંદર કોઈપણ ઉપાય નથી. ॥૧૦॥**

❖ 'प्रकृष्टवैराग्यरसव्रततत्वम्' પાઠ છે ત્યાં અન્ય પ્રતિઓમાં 'प्रकृष्टवैराग्यरसवृतत्वम्' પાઠ મળે છે તેથી તે પાઠ લઈને અમે અર્થ સંગત કરેલ છે.

**ભાવાર્થ :**

જીવમાં નવ પ્રકારના રસો પ્રગટે છે અને તત્ત્વના પર્યાલોચનથી જીવમાં શમનો પરિણામ પ્રગટે તો જીવમાં આઠ રસો બળી જાય છે અને અવશિષ્ટ એવો વૈરાગ્યરસ પ્રકૃષ્ટ પ્રગટે છે અને તે વૈરાગ્યરસથી ભરાયેલો એવો આ વૈરાગ્યકલ્પલતા ગ્રંથ છે. એના વગર કોઈ વિદ્વાનને જ્ઞાનના ગર્વરૂપ જ્વર પ્રગટ થયેલો હોય તો તેને શાંત કરવા માટે અન્ય કોઈ સુંદર ઉપાય નથી, તેથી વિદ્વાન પુરુષે પણ પોતાનામાં જ્ઞાનનો ગર્વ ન થાય તદ્અર્થે વૈરાગ્યની પુષ્ટિ કરે એવા પ્રસ્તુત ગ્રંથનું સારી રીતે અધ્યયન કરવું જોઈએ. જેથી જ્ઞાનના ગર્વનો ઉદ્ભવ થાય નહિ અને ઉદ્ભવ થયેલો ગર્વ નાશ પામે. **॥૧૦॥**

**શ્લોક :-**

**साम्राज्यमक्लेशवशीकृतोर्वी-**
**जनप्रणीतस्तुतिलब्धकीर्ति ।**

ज्ञानादिरत्नैः परिपूर्णकोशं,

वैराग्यरूपं हितकृन्न कस्य ।।११।।

**શ્લોકાર્થ :-**

**અક્લેશ વડે વશીકૃત કરાઈ છે પૃથ્વી જેના વડે એવું, લોકોથી રચાયેલી સ્તુતિ વડે પ્રાપ્ત કરી છે કીર્તિ જેણે એવું, જ્ઞાનાદિ રત્નોથી પરિપૂર્ણ કોશ=ભંડાર છે જેને એવું, વૈરાગ્યરૂપ સામ્રાજ્ય કોના હિતને કરનારું નથી ? અર્થાત્ બધાના હિતને કરનારું છે. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

કોઈ રાજાનું મોટું સામ્રાજ્ય હોય તો તે રાજાએ ઘણી પૃથ્વીને વશ કરી હોય છે. વળી, લોકોથી તેની સ્તુતિ રચાતી હોય છે અને રત્નોથી તેનો ભંડાર ભરપૂર હોય છે, તેની જેમ વૈરાગ્યરૂપ સામ્રાજ્ય પણ અક્લેશ દ્વારા આખા જગતને વશ કરનાર છે અને શિષ્ટ પુરુષોથી વૈરાગ્યની સ્તુતિ કરાય છે અને વૈરાગ્યરૂપ સામ્રાજ્ય જ્ઞાનાદિ રત્નોથી પરિપૂર્ણ છે, તેથી જેમ મોટું સામ્રાજ્ય બધાને હિતકારી જણાય છે તેમ વૈરાગ્યરૂપ સામ્રાજ્ય કોનું હિત કરનાર નથી ? અર્થાત્ સૌનું હિત કરનાર છે. **॥૧૧॥**

**શ્લોક :-**

आपातरम्यां परिणामरम्यां,

सुनिर्मलाङ्गीं मलपात्रगात्रा ।

रुच्या बुधानां ललनाऽस्ति काऽपि,

वैराग्यलक्ष्मीं न विना जगत्याम् ।।१२।।

❖ 'आपातरम्या' પાઠ છે ત્યાં અન્ય પ્રતિમાં 'आपातरम्यां' પાઠ છે અને તે 'वैराग्यलक्ष्मी'નું વિશેષણ હોવાથી સંગત જણાય છે તેથી તે પાઠ અમે લીધો છે.

❖ 'मलपात्रगात्रा' છે ત્યાં 'मलपात्रगात्रां' પાઠ હોવાની સંભાવના છે.

**શ્લોકાર્થ :-**

**આપાતરમ્ય=જોતાની સાથે રમ્ય લાગે તેવી, પરિણામથી રમ્ય=ફળથી રમ્ય, સુનિર્મળ અંગવાળી, સમર્થ પાત્રરૂપ ગાત્ર છે જેને એવી=સમર્થ છે આધારરૂપ દેહ એવી, વૈરાગ્યલક્ષ્મીને છોડીને જગતમાં રુચિથી બુધ પુરુષોને અન્ય કોઈ સ્ત્રી નથી. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

બુધ પુરુષોને વૈરાગ્યરૂપી સ્ત્રી પ્રત્યે જ અત્યંત રુચિ હોય છે, તે સિવાય અન્ય કોઈ સ્ત્રી પ્રત્યે બુધ પુરુષોને રુચિ હોતી નથી. તે વૈરાગ્યલક્ષ્મી કેવી છે તે બતાવતાં કહે છે –

દૃષ્ટિપાત કરવા માત્રથી રમ્ય લાગે તેવી વૈરાગ્યલક્ષ્મી છે; કેમ કે વિરક્ત ચિત્તમાં કાલુષ્યનો અભાવ હોય છે તેથી કોઈપણ વિરક્ત પુરુષોને જોવા માત્રથી વૈરાગ્યની પરિણતિ રમ્ય જણાય છે. વળી, વૈરાગ્યપરિણતિ પરિણામથી પણ રમ્ય છે; કેમ કે વિરક્ત આત્માઓ કર્મબંધ કરતા નથી પરંતુ ઉત્તમ યોગમાર્ગની વૃદ્ધિ કરે છે. વળી, વૈરાગ્યની પરિણતિ અસંગભાવની પરિણતિરૂપ હોય છે તેથી નિર્મલ અંગવાળી હોય છે અને વૈરાગ્યની પરિણતિનો દેહ સમર્થ એવા જ્ઞાનના પરિણામના આધાર ઉપર રહે છે. તેથી સમર્થ એવા પાત્રરૂપ ગાત્રવાળી વૈરાગ્યલક્ષ્મી છે તેમ કહેલ છે અને વૈરાગ્યનો પરિણામ આવો સુંદર હોવાથી બુધપુરુષોને વૈરાગ્ય સિવાય ક્યાંય અન્યત્ર રુચિ હોતી નથી. પ્રસ્તુત ગ્રંથ વૈરાગ્યની પ્રાપ્તિનું પ્રબળ કારણ છે માટે બુધ પુરુષોને આહ્લાદ કરાવે તેવો છે. **।।૧૨।।**

**શ્લોક :-**

**वैराग्यमित्रं कृतिनां पवित्रं,**
**लब्धं प्रसादान्नृपसुस्थितस्य ।**
**प्रदर्शयत्येव विवेकरत्नं,**
**विधाय वाचाटखलाक्षिबन्धम् ।।१३।।**

**શ્લોકાર્થ :-**

**સુસ્થિત રાજાના પ્રસાદથી=તીર્થંકરના પ્રસાદથી, પ્રાપ્ત થયેલો, કૃતિઓનો=ધર્માત્માઓનો, પવિત્ર એવો વૈરાગ્યમિત્ર, વાચાળ એવા ખલપુરુષના અક્ષિબંધને કરીને વિવેકરત્નને બતાવે જ છે. ॥૧૩॥**

**ભાવાર્થ :-**

જેઓને તીર્થંકરને જોઈને તીર્થંકર પ્રત્યે ભક્તિ થાય છે તેઓ કાંઈક અંશથી વીતરાગતાને અભિમુખ છે અને વીતરાગતાને સન્મુખ થવું તે સુસ્થિત રાજાનો પ્રસાદ છે. સુસ્થિત રાજાનો પ્રસાદ જેમ જેમ આત્મામાં અતિશય થાય છે તેમ તેમ તે જીવ સંસાર પ્રત્યે વિરક્ત થાય છે અને તે વૈરાગ્યમિત્ર સુસ્થિત રાજાના પ્રસાદથી પ્રાપ્ત થયેલ છે તેમ કહેવાય છે. વળી, વૈરાગ્યની પરિણતિ જીવને પવિત્ર કરનાર છે તેથી વૈરાગ્ય પવિત્ર કહેલ છે. વળી, આ વૈરાગ્ય ધર્માત્માઓનો મિત્ર છે; કેમ કે ધર્માત્માઓ હંમેશાં વૈરાગ્યથી પોતાના આત્માને વાસિત કરે છે અને જીવમાં પ્રગટ થયેલો વૈરાગ્ય વાચાળ એવા ખલ પુરુષોના અક્ષિબંધને કરીને વિવેકરત્ન બતાવે છે.

આશય એ છે કે વાચાળ એવા ખલ પુરુષો અતત્ત્વનું નિરૂપણ કરનારા હોય છે અને જેઓ પાસે વૈરાગ્ય છે તેઓ તે વાચાળ પુરુષોની કુયુક્તિઓનું નિરાકરણ કરીને તત્ત્વાતત્ત્વના વિવેકને પ્રાપ્ત કરે છે, તેથી જીવમાં વધતા એવા વૈરાગ્યને કારણે વાચાળ પુરુષના ખલવચનથી તેઓ ઠગાતા નથી, પરંતુ વિવેકને જ પ્રાપ્ત કરે છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**વૈરાગ્યને સુંદર મહેલની ઉપમા આપી છે. તે સુંદર મહેલમાં સમતારૂપ પત્ની સાથે જેઓ સુંદર પથારીમાં સૂતેલા છે તેવા મુનિઓ તાત્ત્વિક ગૃહસ્થ અવસ્થાવાળા છે તેમ ઉપમા દ્વારા બતાવીને વૈરાગ્યધારી મુનિઓ કેવા હોય છે તેનું પારમાર્થિક સ્વરૂપ છ શ્લોકોથી ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

नानाविधाध्यात्मिकभावरत्न-
प्रभाभरोद्भासितचित्तभित्तौ ।
परिस्फुरन्मूलगुणेन्दुकान्ता-
भिबद्धसत्कुट्टिमसन्निवेशे ।।१४।।

**શ્લોકાર્થ :-**

**નાનાવિધ=અનેકવિધ, આધ્યાત્મિક ભાવરત્નોની પ્રભાના સમૂહથી ઉદ્ભાસિત થઈ છે ચિત્તરૂપી ભીંત જેમાં એવો, અને પરિસ્ફુરણ થતા એવા મૂલગુણરૂપી ઈન્દુકાન્તમણિઓથી અભિબદ્ધ અર્થાત્ ઈન્દુકાન્તથી જડાયેલો એવો સત્ કુટ્ટિમરૂપ=સુંદર ભૂમિરૂપ, સન્નિવેશ છે જેમાં અર્થાત્ ગૃહની ભૂતલનો સન્નિવેશ છે જેમાં એવો વૈરાગ્યભાવરૂપ અંતરંગ મહેલ છે. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

જેમ સુંદર મહેલ હોય તે મહેલની અંતરંગ શોભા કેવી હોય તેને સામે રાખીને આત્મામાં વર્તતા વૈરાગ્યભાવરૂપ અંતરંગ મહેલની શોભા કેવી છે તે ગ્રંથકારશ્રી બતાવે છે –

**વિવિધ પ્રકારના આધ્યાત્મિકભાવોરૂપ રત્નોથી જડેલ ભીંતવાળો :-**

જેમ - સુંદર મહેલ હોય તો તેની ભીંત રત્નઆદિથી જડેલી હોય છે તેમ વૈરાગ્યરૂપી મહેલ વિવિધ પ્રકારના આધ્યાત્મિક ભાવોરૂપ રત્નોથી જડેલ છે તેથી તેની ભીંતો રત્નોનાં કિરણોથી ઉદ્ભાસિત થાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જેનું ચિત્ત સંસારના ભાવોથી વિરક્ત છે તેના ચિત્તમાં શુદ્ધભાવને પ્રગટ કરવારૂપ આધ્યાત્મિક ભાવોરૂપી રત્નો સદા પ્રકાશિત હોય છે. તેથી વૈરાગ્યવાળા મુનિ નવું નવું શ્રુત અધ્યયન કરતા હોય છે અને શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે નવો નવો બોધ કરીને તેને સેવતા હોય છે જેથી તેમના ચિત્તમાં જેમ વૈરાગ્ય પ્રગટી રહ્યો છે, તેમ અનેક પ્રકારના આધ્યાત્મિક ભાવોનો પ્રકાશ વર્તી રહ્યો છે.

**સ્ફુરાયમાન થતા મૂળગુણરૂપી ચંદ્રકાંતમણિથી જડાયેલી ભૂમિવાળો :-**

વળી, જેમ મહેલની ભૂમિ સુંદર રત્નોથી જડાયેલી હોય તેમ સ્ફુરાયમાન થતા મૂલગુણરૂપી ઇન્દુકાન્તરત્નથી સારી રીતે જડાયેલી એવી ભૂમિવાળો વૈરાગ્યરૂપી મહેલ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે સંસારથી વિરક્ત થયેલા મુનિનો વૈરાગ્યનો પરિણામ પાંચ મહાવ્રતોરૂપ મૂલગુણોથી યુક્ત છે.

વળી, જેમ સુંદર મહેલમાં સુશોભિત ચંદરવા હોય છે તેમ વૈરાગ્યરૂપી મહેલ ઉત્તરગુણોના સમુદાયરૂપ ચંદરવાની શોભાથી યુક્ત છે. આનાથી એ પ્રાપ્ત થાય કે વૈરાગ્યવાળા મુનિના ચિત્તમાં પાંચ સમિતિઓ, ત્રણ ગુપ્તિઓ, પિંડવિશુદ્ધિ આદિ જે ઉત્તરગુણો વર્તે છે તેનાથી વૈરાગ્યરૂપી મહેલ શોભાયમાન છે. **॥૧૪॥**

**શ્લોક :-**

**विसृत्वरैरुत्तरसद्‌गुणौघैः,**
**प्रपञ्चितानन्तवितानशोभे ।**
**स्वकर्मरन्ध्राख्यगवाक्षलम्बि-**
**मुक्तावचूलोपमधीगुणौघे ।।१५।।**

**શ્લોકાર્થ :-**

**અને વિસ્તાર પામતા એવા ઉત્તર સદ્‌ગુણોના સમુદાયો વડે પ્રપંચિત થયેલી અનંત વિતાનની શોભા જેમાં એવો અર્થાત્ રચાયેલી છે અનંત ચંદરવાની શોભા જેમાં એવો, અને સ્વકર્મના રન્ધ્ર=છિદ્ર, નામના ગવાક્ષને અવલંબી મોતીઓના ઝૂમખાની ઉપમાવાળા બુદ્ધિના ગુણોનો સમુદાય છે જેમાં એવો વૈરાગ્યરૂપી અંતરંગ મહેલ છે. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

**દર્શનમોહનીયના ક્ષયોપશમભાવરૂપ ગવાક્ષમાં બુદ્ધિના આઠ ગુણોરૂપી લટકતા ઝૂમખાવાળો :-**

વળી, જેમ સુંદર મહેલમાં ગવાક્ષ=ઝરૂખા, હોય છે અને તે ઝરૂખામાં

મોતીઓ લટકતાં હોય છે તેમ વૈરાગ્યરૂપી મહેલમાં દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમભાવરૂપ જે છિદ્ર છે તે ગવાક્ષ છે, તે ગવાક્ષમાંથી જીવને પોતાનું પારમાર્થિકસ્વરૂપ દેખાય છે અને તે ગવાક્ષમાં બુદ્ધિના આઠ ગુણોરૂપ મોતીનાં ઝૂમખાંઓ લટકે છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે મુનિઓ દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમભાવવાળા હોય છે અને તે દર્શનમોહનીયનો ક્ષયોપશમભાવ બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત હોય છે અને બુદ્ધિના આઠ ગુણોના કારણે નવા નવા શાસ્ત્રનું અધ્યયન કરે છે અને શાસ્ત્રના પરમાર્થને પ્રાપ્ત કરે છે, તેથી તેમનો દર્શનમોહનીયનો ક્ષયોપશમભાવ ઉત્તર સદ્‌ગુણોના સમૂહથી વિશેષ રીતે શોભાને પામે છે, માટે તેમનો વૈરાગ્યરૂપી મહેલ વિશેષ શોભાયમાન બને છે. **॥૧૫॥**

**શ્લોક :-**

**प्रधूपिते निर्मलवासनाभिः,**
**सुसत्त्वकर्पूररजोऽभिरामे ।**
**विसृत्वरीभिः श्रुतधारणाभिः,**
**कस्तूरिकाभिः सुरभीकृते च ॥१६॥**

**શ્લોકાર્થ :-**

**અને નિર્મલ વાસનાઓથી ધૂપિત કરાયેલો અને સુસત્ત્વરૂપી કપૂરના રજથી રમ્ય એવો અને વિસ્તાર પામતી શ્રુતની ધારણારૂપી કસ્તૂરિકા વડે સુરભિ કરાયેલ એવો વૈરાગ્યરૂપી અંતરંગ મહેલ છે. ॥૧૬॥**

**ભાવાર્થ :-**

**નિર્મળ વાસનાઓથી વાસિત :-**

વળી, જેમ તે મહેલ સુંદર સુગંધી પદાર્થોથી ધૂપિત કરવામાં આવે છે જેથી વાતાવરણમાંથી દુર્ગંધ દૂર થાય અને સુંદર સુવાસથી મહેકી ઊઠે છે તેમ વૈરાગ્યરૂપી મહેલ નિર્મલ વાસનાઓથી ધૂપિત કરવામાં આવે છે અર્થાત્ આત્મકલ્યાણને સાધવા વિષયક શ્રુતના અધ્યયન દ્વારા નિર્મલ વાસનાઓથી વાસિત કરવામાં આવે છે જેથી શ્રુતના ભાવોથી સદા સુગંધમય વાતાવરણવાળો વૈરાગ્યરૂપી મહેલ હોય છે.

**સુંદર સત્ત્વરૂપ કપૂરની રજથી રમ્ય :-**

વળી, જેમ તે સુંદર મહેલમાં ઠેકઠેકાણે કપૂર રાખેલ હોય તેથી તેની સુગંધ મહેલમાં ચોમેર વર્તે છે, તેમ વૈરાગ્યરૂપી મહેલમાં સુંદર સત્ત્વરૂપ કપૂરની રજ વર્તે છે.

**વિસ્તાર પામતી શ્રુતની ધારણારૂપી કસ્તૂરિકાથી સુગંધિત :-**

વળી, જેમ મહેલ કસ્તૂરિકાથી સૌરભવાળો કરાયેલો હોય છે તેમ વૈરાગ્યરૂપી મહેલ વિસ્તાર પામતી એવી શ્રુતધારણાથી સુગંધિત કરાયેલો છે અર્થાત્ અભિનવ શ્રુતનું અધ્યયન કરીને શ્રુતના સૂક્ષ્મ-સૂક્ષ્મતર પદાર્થોને ધારણ કરીને તે વૈરાગ્ય તત્ત્વના મર્મને સ્પર્શે એવો સુંદર કરાયેલો હોય છે. **॥૧૬॥**

**શ્લોક :-**

**छायाभरैर्ध्वस्तसमस्तकर्म-**
**घर्मप्रचारे स्वविलाससिद्धैः ।**
**नीते सदा शीतलतां च शील-**
**लीलाभिधैः सांक्रमिकाम्बुयन्त्रैः ।।१७।।**

**શ્લોકાર્થ :-**

**સ્વવિલાસથી સિદ્ધ એવા છાયાના સમૂહથી ધ્વસ્ત થયો છે સમસ્ત કર્મરૂપી ગરમીનો પ્રચાર જેમાં એવો, શીલની લીલા નામનાં સાંક્રમિક એવાં પાણીનાં યંત્રો વડે સદા શીતલતાને પ્રાપ્ત થયેલ એવો વૈરાગ્યરૂપી અંતરંગ મહેલ છે. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

**શુદ્ધભાવોના વિલાસથી સિદ્ધ એવી આત્માના સ્વરૂપની છાયાભરપૂર હોવાથી કર્મરૂપી ગરમીના પ્રચારથી રહિત :-**

વળી, જેમ તે સુંદર મહેલમાં ગરમી ન થાય તેવી શીતલતા અર્થે ચારે બાજુ છાયાથી ભરપૂર કરવામાં આવે છે, તેમ વૈરાગ્યરૂપી મહેલમાં વૈરાગ્ય પામેલ

જીવો પોતાના શુદ્ધભાવમાં વિલાસ કરે છે અને તે શુદ્ધભાવોના વિલાસથી સિદ્ધ એવી આત્માના સ્વરૂપની છાયાથી ભરપૂર કરાયેલો હોવાથી કર્મરૂપી ગરમીનો પ્રચાર તે વૈરાગ્યમહેલમાં નથી.

**શીલની લીલારૂપ યંત્રોથી શીતળ :-**

વળી, જેમ સુંદર મહેલને શીતલ કરવા માટે યંત્રોથી પાણીને છાંટવામાં આવે છે તેમ શિયળની લીલારૂપ યંત્રોથી વૈરાગ્યરૂપી મહેલ શીતલ કરાયો છે અર્થાત્ વૈરાગ્ય પામેલ યોગીઓ આત્માના શીલસ્વભાવને અતિશયિત કરીને વૈરાગ્યરૂપી મહેલમાં શીતલતાની વૃદ્ધિ કરે છે. **॥૧૭॥**

**શ્લોક :-**

**वैराग्यसद्मन्यविकल्पतल्पे,**
**स्थिता भृते संवरशुद्धिपुष्पैः ।**
**महानुभावाः सह धर्मपत्न्या,**
**सुखं श्रयन्ते समताख्यया ये ।।१८।।**

**શ્લોકાર્થ :-**

**વૈરાગ્યરૂપી મહેલમાં સંવરની શુદ્ધિરૂપ પુષ્પો વડે ભરાયેલી અવિકલ્પ ઉપયોગરૂપ પથારીમાં રહેલા, જે મહાનુભાવો સમતા નામની ધર્મપત્ની સાથે સુખે સૂવે છે એવો વૈરાગ્યરૂપી અંતરંગ મહેલ છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

**સંવરની શુદ્ધિરૂપ પુષ્પોથી ભરાયેલી અવિકલ્પ ઉપયોગરૂપ પથારીમાં સમતા નામની ધર્મપત્ની સાથે સુખે સૂતેલા મહાનુભાવવાળો :-**

વળી, તે વૈરાગ્યરૂપી મહેલમાં અવિકલ્પરૂપ પથારી છે, જે સંવરની શુદ્ધિરૂપ પુષ્પોથી ભરાયેલી છે અને તે પથારીમાં સમતા નામની પત્ની સાથે મહાનુભાવ એવા મુનિઓ સુખે સૂવે છે.

અવિકલ્પ ઉપયોગ એટલે જગતના પદાર્થો પ્રત્યે ચિત્ત સમભાવવાળું હોવાથી જગતના પદાર્થોને અવલંબીને વિકલ્પ વગરનું બનેલું ચિત્ત અને શ્રુતજ્ઞાનના

પર્યાલોચનથી શુદ્ધ આત્મભાવમાં સ્થિરતાને પામતું એવું ચિત્ત મુનિનું હોય છે અને તેવા અવિકલ્પ ઉપયોગમાં રહેલા મુનિઓ ત્રણ ગુપ્તિના સંવરભાવથી રહેલા છે અને સમતામાં પરિણામથી યુક્ત છે માટે વૈરાગ્યરૂપી મહેલમાં સંવરની શુદ્ધિરૂપ પુષ્પોથી ભરાયેલી એવી અવિકલ્પ ઉપયોગરૂપ પથારીમાં સમતાની પરિણતિરૂપ પત્ની સાથે સૂતા છે તેમ કહેલ છે. **॥૧૮॥**

**શ્લોક :-**

**तेषां मुनीनां खलु तात्त्विकीयं,**
**गृहस्थताऽवस्थितिशर्मभूमिः ।**
**परे गृहस्थास्तु परिभ्रमन्तः,**
**संसारकान्तारमृगस्वरूपाः ।।१९।। (षड्भिः कुलकम्)**

**શ્લોકાર્થ :-**

**તે મુનિઓની આ ગૃહસ્થતાની અવસ્થિતિસ્વરૂપ સુખભૂમિ તાત્ત્વિકી છે. વળી, પરિભ્રમણ કરતા બીજા ગૃહસ્થો સંસારરૂપી અટવીમાં મૃગસ્વરૂપ છે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

**વૈરાગ્યરૂપી મહેલમાં રહેનારા મુનિઓની ગૃહસ્થતા તાત્ત્વિકી :-**

ગૃહમાં રહેલા એ ગૃહસ્થ કહેવાય અને ગૃહ એ જીવની સુરક્ષાનું સ્થાન છે. જેની પાસે ગૃહ નથી એવા સંસારમાં ભમતા મૃગલા સિંહ આદિથી ભયભીત થઈને ફરે છે. મુનિ વૈરાગ્યરૂપી ગૃહમાં વસે છે. વૈરાગ્યરૂપી મહેલમાં રહીને સંસારની સર્વ કદર્થનાથી સુરક્ષા પામે છે, જ્યારે સંસારી ગૃહસ્થો તો સુંદર મહેલમાં રહેતા હોય તોપણ સંસારના પરિભ્રમણની કદર્થનાથી સુરક્ષાને પામ્યા નથી પરંતુ જેમ જંગલમાં ભટકતું હરણિયું સદા ભય નીચે જીવે છે તેમ ચારગતિઓના પરિભ્રમણની વિડંબણાના ભયથી સંસારી ગૃહસ્થો જીવે છે. માટે સંસારી ગૃહસ્થોની ગૃહસ્થતા તાત્ત્વિકી નથી અને વૈરાગ્યરૂપી મહેલમાં રહેનારા મુનિઓની ગૃહસ્થતા તાત્ત્વિકી છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

મુનિ શક્ર કરતાં પણ અધિક ભોગવિલાસ કરે છે તે બતાવે છે –

**શ્લોક :-**

श्रद्धाधृतिक्षान्तिदयासुमेधा-
मुख्याप्सरोभिर्विलसत्यजस्त्रम् ।
वैराग्यरूपे खलु नन्दने यः,
शक्रोऽपि कस्तस्य मुनेः पुरस्तात् ।।२०।।

**શ્લોકાર્થ :-**

**શ્રદ્ધા, ધૃતિ, ક્ષાન્તિ, દયા, સુમેધારૂપ મુખ્ય અપ્સરાઓ સાથે વૈરાગ્યરૂપી બગીચામાં જે સતત વિલાસ કરે છે, તે મુનિની આગળ શક્ર પણ શું છે ? અર્થાત્ કાંઈ નથી. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

**(૧) મુનિની શ્રદ્ધા :**

મુનિને શ્રદ્ધા છે કે સર્વથા સંગ વગરની અવસ્થા જીવ માટે એકાંતે હિતકારી છે અને સંગવાળી અવસ્થા જીવની વિડંબણા છે. સર્વજ્ઞ એવા વીતરાગે સંગ વગરની અવસ્થાની પ્રાપ્તિના ઉપાયભૂત આ સન્માર્ગ સ્થાપેલ છે અને ભગવાનને બતાવેલ સન્માર્ગ સર્વ કલ્યાણનું કારણ છે. આ પ્રકારની સ્થિર શ્રદ્ધા મુનિને હોય છે.

**(૨) મુનિની ધૃતિ :**

વળી, સર્વથા સંગ વગરની અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય ભગવાનનું વચન છે, તેથી ધૈર્યપૂર્વક મુનિ ભગવાનનાં વચનનું અવલંબન લઈને તે પ્રકારે યત્ન કરે છે અને તે પ્રકારના યત્નને અનુકૂળ એવું જે ધૈર્ય છે તે મુનિની ધૃતિ છે.

**(૩) મુનિની ક્ષાન્તિ :**

વળી, ક્રોધના પ્રતિપક્ષભૂત ક્ષમાની પરિણતિ જીવ માટે એકાંત હિતકારી

છે, તેથી કોઈ નિમિત્તને પામીને ઈષદ્ પણ દ્વેષનો પરિણામ ન થાય એવી ક્ષમાની પરિણતિને મુનિ વહન કરે છે.

**(૪-૫) મુનિની દયા અને મુનિની સુમેધા :-**

વળી, છ જીવનિકાય પ્રત્યે મુનિનું ચિત્ત દયાવાળું હોય છે. વળી, ભગવાનના વચનના પરમાર્થને જોવાને અનુકૂળ સુમેધા મુનિમાં છે તેથી શાસ્ત્રનું અધ્યયન કરીને પ્રતિદિન નવા નવા તત્ત્વની પ્રાપ્તિ કરે છે. આ સર્વ મુનિ માટે વિલાસ કરવા અર્થે અપ્સરાઓ છે અને વૈરાગ્યની પરિણતિરૂપ સુંદર બગીચામાં મુનિ શ્રદ્ધાદિ ભાવોરૂપ અપ્સરાઓ સાથે સદા વિલાસ કરે છે તેથી વિકારી આનંદને આપનાર એવા શક્રના વિલાસ કરતાં પણ નિર્વિકારી આનંદને આપનાર મુનિનો આનંદ અધિક છે, તેથી શક્ર કરતાં પણ મુનિ અધિક સુખી છે. **॥૨૦॥**

**શ્લોક :-**

**रसान्तरस्येह कथा तथात्वं,**
**करोति भावैरुपनीयमानैः ।**
**बाह्यैः स्वमाभ्यन्तरशुद्धरूप-**
**मेकैव वैराग्यकथोपधत्ते ।।२१।।**

**શ્લોકાર્થ :-**

**અહીંયાં=આ જગતમાં, રસાન્તરની કથા=વૈરાગ્યરસથી અન્ય એવા રસની કથા ઉપનીયમાન એવા બાહ્ય ભાવો વડે=આવતી એવી બાહ્ય સામગ્રી વડે તથાત્વને કરે છે=જે કથાથી જે પરિણામો જીવમાં નિષ્પન્ન કરવાના છે તે પ્રકારના પરિણામને જીવમાં નિષ્પન્ન કરે છે. જ્યારે એક જ વૈરાગ્યકથા સ્વના આભ્યંતર શુદ્ધરૂપને આપે છે. ।।૨૧।।**

**ભાવાર્થ :-**

**વૈરાગ્યકથાથી સ્વના આભ્યંતર શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ :-**

કામાદિ નવ પ્રકારના રસો છે તેમાંથી વૈરાગ્યને છોડીને અન્ય રસને કહેનારી કથા કરવામાં આવે છે અને તે કથાને પોષક તેની બાહ્ય સામગ્રી પ્રાપ્ત થાય તો

તે તે પ્રકારના રાગાદિ ભાવોનો આનંદ જીવને પ્રાપ્ત થાય છે, જ્યારે એક જ પ્રકારની વૈરાગ્યકથા છે જે આત્માના અભ્યંતર એવા શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરે છે માટે આત્માના શુદ્ધભાવના અર્થીએ સર્વ ઉદ્યમથી વૈરાગ્યકથામાં જ યત્ન કરવો જોઈએ. **॥૨૧॥**

**શ્લોક :-**

**स्वतः सतामाचरगोचरत्वा-**
**दस्यां खलानामरुचेर्न दोषः ।**
**न कल्पवल्लिः करभानभीष्टे-**
**त्युपैत्यकीर्तिं विबुधोपसेव्या ।।२२।।**

**શ્લોકાર્થ :-**

**ખલોની અરુચિનો દોષ આમાં=વૈરાગ્યમાં, નથી; કેમ કે સંતપુરુષોનું આચારમાં ગોચરપણું સ્વતઃ છે=વૈરાગ્યમાં સંતપુરુષોનું આચાર વિષયપણું સ્વતઃ છે. વિબુધ ઉપસેવ્ય એવી કલ્પવલ્લી કરભો=ઊંટને અનભીષ્ટ છે એથી કરીને અપકીર્તિને પામતી નથી. ॥૨૨॥**

**ભાવાર્થ :-**

**સંતપુરુષોનો સ્વાભાવિક વૈરાગ્યમાં યત્ન :-**

વૈરાગ્યમાં ખલોની અરુચિનો દોષ નથી=વૈરાગ્યમાં ખલોની અરુચિ છે તેટલા માત્રથી વૈરાગ્ય ખરાબ છે એમ નથી; કેમ કે સંત પુરુષોની આચરણાનો વિષય સ્વતઃ વૈરાગ્ય છે અર્થાત્ સંતપુરુષો સ્વાભાવિક વૈરાગ્યમાં યત્ન કરે છે.

આશય એ છે કે સંસારી જીવોને વૈરાગ્ય એ નીરસ દેખાય છે, તેથી વૈરાગ્યની વાતો તેમને પ્રીતિ કરતી નથી, એટલા માત્રથી વૈરાગ્ય સુંદર નથી એમ કહી શકાય નહિ; કેમ કે સંસારના પારમાર્થિકસ્વરૂપને વિચાર કરનારા ઉત્તમ પુરુષને સ્વભાવથી જ આચરણાનો વિષય વૈરાગ્ય બને છે, તેથી નક્કી થાય છે કે વૈરાગ્ય એ જીવની સુંદર અવસ્થા છે પણ અસુંદર અવસ્થા નથી.

આમ છતાં ઊંટને કલ્પવેલી પ્રિય નથી એટલા માત્રથી કલ્પવેલી અપકીર્તિને પામતી નથી, તેમ તત્ત્વની વિચારણામાં જડ જેવા મૂર્ખ જીવોને વૈરાગ્ય નીરસ દેખાય એટલા માત્રથી વૈરાગ્ય સુંદર નથી એમ કહી શકાય નહિ. **॥૨૨॥**

**શ્લોક :-**

**उपक्रमो धर्मकथाश्रयो न,**
**त्याज्यः खलाप्रीतिभिया प्रबुद्धैः ।**
**नो चेन्मलोत्पत्तिभिया जनानां,**
**वस्त्रोपभोगोऽपि कथं घटेत?।।२३।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મકથા છે આશ્રય જેને એવો ઉપક્રમ અર્થાત્ પ્રારંભ, ખલની અપ્રીતિના ભયથી પ્રબુદ્ધો વડે ત્યાજ્ય નથી. જો ન માનો તો મલની ઉત્પત્તિના ભયથી લોકોનો વસ્ત્રોનો ઉપભોગ પણ કેવી રીતે ઘટે ? અર્થાત્ ન ઘટે. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા ધર્મકથાને અવલંબીને વૈરાગ્યના ઉપદેશનો ઉપક્રમ કરે તે ત્યાજ્ય નથી. અહીં કોઈને પ્રશ્ન થાય કે ખલપુરુષોને અર્થાત્ સંસારરસિયા જીવોને, વૈરાગ્યનો ઉપદેશ અપ્રીતિને કરનાર છે, તેથી કોઈને અપ્રીતિ થાય તેવી પ્રવૃત્તિ કેમ કરી શકાય એથી કહે છે –

ખલ જેવા અયોગ્ય જીવોને વૈરાગ્યમાં અપ્રીતિ થાય એટલા માત્રથી વૈરાગ્યના ઉપદેશનો પ્રારંભ પ્રબુદ્ધ પુરુષથી ત્યાજ્ય નથી. જો તેમ ન સ્વીકારવામાં આવે તો વસ્ત્રને ધારણ કરવાથી વસ્ત્રમાં મલની પ્રાપ્તિ થાય છે તે ભયથી લોકોએ વસ્ત્રનો પરિભોગ કરવો પણ કેમ ઘટે ? અર્થાત્ વસ્ત્રના પરિભોગથી વસ્ત્ર મલિન થાય છે તોપણ લોકો વસ્ત્રનો ઉપયોગ કરે છે અને તેની શુદ્ધિ કરે છે તેમ પ્રબુદ્ધ પુરુષોએ પણ ખલ પુરુષને છોડીને યોગ્ય જીવોને સામે રાખીને વૈરાગ્યના ઉપદેશનો ઉપક્રમ કરવો ઉચિત છે. **॥૨૩॥**

**શ્લોક :-**

**अस्पृष्टपूर्वे तमसां समूहै-**
**श्चारो यदि स्याद् गगने सुधांशोः ।**
**अदूषिते वर्त्मनि दुर्जनैः स्याद्,**
**गतिस्तदा साधुजनस्य वाचाम् ।।२४।।**

**શ્લોકાર્થ :-**

**અંધકારના સમૂહથી પૂર્વમાં અસ્પર્શાયેલા એવા ગગનમાં જો ચંદ્રનો ચાર અર્થાત્ ગતિ થાય તો દુર્જનો વડે અદૂષિત એવા માર્ગમાં સાધુજનની વાણીની ગતિ થાય. ।।૨૪।।**

**ભાવાર્થ :-**

સાધુ વૈરાગ્યને પોષક એવી વાણીનો પ્રયોગ કરે છે અને વૈરાગ્યની વાતો સંસારના રસિયા જીવોને અપ્રીતિ ઉત્પન્ન કરે છે, તેથી સંસારના રસિયા એવા દુર્જન જીવોને વૈરાગ્યની કથા સાર વગરની જણાય છે. તેને સામે રાખીને કોઈક કહે કે સાધુજનોએ તેવી જ વાણીનો પ્રયોગ કરવો જોઈએ કે જે વાણી દુર્જનને પણ પ્રીતિ કરે, તેને ગ્રંથકારશ્રી કહે છે કે અંધકારથી પૂર્વમાં નહિ સ્પર્શાયેલું એવું ગગન દિવસમાં હોય છે અને તે વખતે ગગનમાં ચંદ્રનો સંચાર હોતો નથી, પરંતુ જ્યારે દિવસ નષ્ટ થવા આવે ત્યારે કે ગાઢ રાત્રીમાં ચંદ્રનો સંચાર થાય છે, તેથી અંધકારથી નહિ સ્પર્શાયેલા એવા ગગનમાં જેમ ચંદ્રનું ગમન અશકય છે, તેમ દુર્જનોથી અદૂષિત એવા માર્ગમાં સાધુ પુરુષોની વાણી અશક્ય છે અર્થાત્ જો અંધકારના સ્પર્શ વગરના આકાશમાં ચંદ્રની ગતિ હોય તો જ દુર્જનોથી અદૂષિત માર્ગમાં સાધુજનની વાણીની ગતિ હોય; કેમ કે દુર્જનોથી અદૂષિત માર્ગ સંસારનો છે અને તેમાં સાધુજનની વાણીની ગતિ ક્યારેય હોતી નથી. **।।૨૪।।**

**શ્લોક :-**

**श्रव्ये खलानां न हि शास्त्रभावे,**
**बुद्धिः परं मज्जति कूटदोषे ।**

चञ्चूर्विहायैव हि पद्मखण्डं,
सद्यः पुरीषे पतति द्विकानाम् ।।२५।।

**શ્લોકાર્થ :-**

**શ્રવ્ય એવા શાસ્ત્રભાવોમાં=સાંભળવા યોગ્ય એવા શાસ્ત્રભાવોમાં, ખલોની=દુર્જનોની, બુદ્ધિ નથી જ, પરંતુ કૂટદોષમાં=ખોટા દોષોમાં, મજ્જન પામે છે, (જેમ) કાગડાઓની ચાંચ પદ્મખંડને=કમળના સમૂહને, છોડીને સદ્ય જ=તરત જ, વિષ્ટામાં પડે છે. ॥૨૫॥**

**ભાવાર્થ :-**

શાસ્ત્રો સર્વજ્ઞરચિત છે અને તેના ભાવો આત્માના સહજસુખને પ્રગટ કરવાના ઉપાયોને બતાવનાર છે. જેઓની બુદ્ધિ માર્ગાનુસારી નથી તેવા ખલ પુરુષોની બુદ્ધિ કોઈક ઉપદેશક શાસ્ત્રના ગંભીરભાવોને બતાવતા હોય ત્યારે પણ તે શાસ્ત્રના ગંભીરભાવોના મર્મને ગ્રહણ કરવા માટે પ્રવર્તતી નથી પરંતુ ઉપદેશકના વચનમાં કયા દોષો છે તે ખોટા દોષોને જોવા માટે પ્રવર્તે છે, તેથી મહાવૈરાગ્યની વૃદ્ધિ દ્વારા અંતરંગ સુખને આપનારા એવા ગ્રંથોના રસને છોડીને ખલોની બુદ્ધિ અન્યત્ર પ્રવર્તે છે. અર્થાત્ ઉપદેશના વચનમાંથી વૈરાગ્યને ગ્રહણ કરવાનું છોડીને અન્ય અન્ય ગ્રહણ કરવા પ્રવર્તે છે. જેમ ઉત્તમ એવા પદ્મખંડોને છોડીને જ કાગડાઓની ચાંચ તુરત વિષ્ટામાં જાય છે. **॥૨૫॥**

**શ્લોક :-**

न प्रत्ययार्हा प्रकृतिः खलानां,
न चारुरूपं समुपैति किञ्चित् ।
संस्कारहीनामिति तामपेक्ष्य,
को वा क्रियां साधयितुं यतेत ।।२६।।

**શ્લોકાર્થ :-**

**ખલોની પ્રકૃતિ પ્રત્યયાર્હા નથી અર્થાત્ વિશ્વાસ યોગ્ય નથી અને કંઈ સુંદર સ્વરૂપને પામતી નથી, એથી સંસ્કારહીન એવી તેની અર્થાત્**

**ખલોની પ્રકૃતિની, અપેક્ષા રાખીને કોણ જ ક્રિયા સાધવા યત્ન કરે ? અર્થાત્ કોઈ વિચારક ગ્રંથરચનાની ક્રિયા સાધવા માટે યત્ન કરે નહિ. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

ખલોની પ્રકૃતિ એવી હોય છે કે ઉપદેશ શાસ્ત્રના જે ગંભીર ભાવો કહે છે તેને ગ્રહણ કરવા માટે પ્રવર્તતી નથી, પરંતુ તેમાંથી પણ કંઈક ક્ષતિઓ કાઢીને દોષઉદ્ભાવન કરવા પ્રયત્ન કરે છે, તેથી તેવા ખલપુરુષોની પ્રવૃત્તિ વિશ્વાસયોગ્ય નથી.

વળી, તેઓ જે દોષ ઉદ્ભાવન કરે તે સર્વ યથાર્થ જ હોય તેવો નિયમ નથી. તેથી તેઓની પ્રકૃતિ કોઈ સુંદરરૂપને પ્રાપ્ત કરતી નથી, એથી તત્ત્વને જોવાના સંસ્કારથી રહિત એવી તેઓની પ્રકૃતિની અપેક્ષા રાખીને કોણ વિચારક પુરુષ શાસ્ત્ર રચવાનો યત્ન કરે ? અર્થાત્ કોઈ ન કરે. **॥૨૬॥**

**શ્લોક :-**

**गुणः खलस्याप्ययमग्र्य एव,**
**यद्दोषचिन्तादहनाभिलीढम् ।**
**तदाऽस्य शाणे परिघृष्यमाणं,**
**सतां वचःशस्त्रमुपैति दीप्तिम् ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**ખલનો પણ આ અગ્ર જ=પ્રધાન જ, ગુણ છે, જે કારણથી ખલના મોઢારૂપી શાણમાં ઘસાતું દોષના ચિંતારૂપી અગ્નિથી અભિલીઢ થયેલું= ખલના દોષઉદ્ભાવનની ચિંતારૂપી અગ્નિથી વ્યાપ્ત થયેલું, સંતોનું વચનરૂપી શસ્ત્ર દીપ્તિને પામે છે. ॥૨૭॥**

**ભાવાર્થ :-**

**ખલના મુખરૂપી શાણમાં ઘસાતું સંતોનું વચનરૂપી શસ્ત્ર દીપ્તિમંત :-**

શસ્ત્રની ધારને તીક્ષ્ણ કરવા માટે અગ્નિમાં તપાવવામાં આવે છે અને

ત્યારપછી શાણ ઉપર ઘસવામાં આવે છે તેથી તે શસ્ત્ર દીપ્તિને પામે છે, તેમ સંતપુરુષો કોઈ શાસ્ત્રરચના કરવા તૈયાર થયા હોય ત્યારે ખલપુરુષ આમાંથી કોઈ દોષ કાઢશે તેની ચિંતાવાળા હોય છે અને તે ચિંતારૂપી અગ્નિથી તપાવેલું વચનરૂપી શસ્ત્ર બને છે, જેથી શાસ્ત્રવચનની રચનામાં સ્ખલના થવાની સંભાવના ઓછી રહે છે.

વળી, ખલપુરુષોનાં મુખથી જે સંતપુરુષોનાં વચનમાં દોષો ઉદ્ભાવન કરાય છે તેનાથી તે સંતપુરુષોનાં વચનો ઘસાઈને અતિમાર્ગાનુસારી બને છે, તેથી સંતોની શાસ્ત્રરચનામાં ખલપુરુષોથી કરાયેલા દોષોના ઉદ્ભાવનથી તે શાસ્ત્રવચન વધારે દીપ્તિને પામે છે, તેથી ખલપુરુષ જે શાસ્ત્રવચનમાં દોષો કાઢે છે તે પણ એક ગુણરૂપ બને છે. **॥૨૭॥**

**શ્લોક :-**

**पीयूषसृष्टिर्न सतां स्वभावात्,**
**संसारसिन्धावधिकाऽस्ति धातुः ।**
**दोषैकदृष्टिव्यसनात् खलानां,**
**न कालकूटस्य परा च सृष्टिः ।।२८ ।।**

**શ્લોકાર્થ :-**

**સંસારરૂપી સમુદ્રમાં ધાતાની=વિધાતાની, સંતોના સ્વભાવથી અધિક પીયૂષસૃષ્ટિ નથી=અમૃતની સૃષ્ટિ નથી, અને ખલોના દોષમાત્ર એક દૃષ્ટિના વ્યસનથી પરા=અધિક, કાલકૂટની સૃષ્ટિ નથી. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

વિધાતાએ સંસારી જીવોની સૃષ્ટિ કરી છે તેમ લોકમાં કહેવાય છે તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે સંસારરૂપી સમુદ્રમાં સંતોના સ્વભાવથી અધિક કોઈ અમૃતની સૃષ્ટિ નથી; કેમ કે સંત પુરુષોનો સ્વભાવ છે કે જગતમાં સર્વ જીવોના હિતને અનુકૂળ પ્રવૃત્તિ કરે અને તેવા ઉત્તમ પુરુષોનું નિર્માણ તેમનાં ઉત્તમ કોટીનાં કર્મોરૂપ વિધાતાએ કરેલ છે. વળી, જગતમાં કાલકૂટ વિષ

સૌથી ખરાબ સૃષ્ટિ છે કે જેનાથી ખાનારનું તુરત જ મરણ થાય છે. તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે ખલોને દોષ જોવાની એક દૃષ્ટિ મળી છે તે રૂપ જે વ્યસન છે તેનાથી અધિક કાલકૂટવિષની સૃષ્ટિ નથી પણ તેનાથી ન્યૂન છે. અર્થાત્ તત્ત્વને જોવામાં મૂઢ એવા સંસારરસી જીવોનું નિર્માણ તેઓના તેવા પ્રકારનાં ક્લિષ્ટ કર્મોરૂપ વિધાતા છે જેનાથી તેઓની કાલકૂટથી અધિક ખરાબ પ્રકૃતિનું નિર્માણ થયું છે; કેમ કે કાલકૂટ વિષ માત્ર મૃત્યુ કરે છે, જ્યારે ખલપુરુષો તો સન્માર્ગને દૂષિત કરીને સન્માર્ગનો નાશ કરે છે. **॥૨૮॥**

**શ્લોક :-**

**ग्रन्थाम्बुराशौ मथिते परीक्षा-**
**मन्थाद्रिणा दोषविषं स्वकण्ठे ।**
**विरूपनेत्रेण धृतं खलेन,**
**गुणग्रहश्रीः पुरुषोत्तमेन ।।२९।।**

**શ્લોકાર્થ :-**

**પરીક્ષારૂપી રવૈયારૂપ પર્વત વડે ગ્રંથરૂપી સમુદ્ર મથિત કરાયે છતે વિરૂપનેત્રવાળા એવા ખલ વડે દોષરૂપી વિષ, સ્વકંઠમાં ધારણ કરાયું અને પુરુષોત્તમ વડે ગુણગ્રહશ્રી અર્થાત્ ગુણને ગ્રહણ કરનાર લક્ષ્મી ધારણ કરાઈ. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

અન્ય લોકમાં પ્રચલિત દૃષ્ટાંત છે કે દેવોએ મેરુરૂપી રવૈયાથી સમુદ્રનું મંથન કર્યું અને તેમાંથી જે વિષ પ્રગટ થયું તે વિષને વિરૂપનેત્રવાળા એવા મહાદેવે પોતાના કંઠમાં ધારણ કર્યું અને તે મંથનથી જે અમૃત નીકળ્યું તેનું પાન દેવોએ કર્યું તેથી તેઓ અમર થયા. તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કોઈ મહાપુરુષોથી રચાયેલા ગ્રંથરૂપી સમુદ્રને પરીક્ષારૂપી રવૈયાથી મંથન કરવામાં આવે તો તેમાંથી તત્ત્વની પ્રાપ્તિરૂપ ગુણશ્રેણી પ્રગટ થાય છે અને ક્વચિત્ કોઈક ભાષા આદિની ક્ષતિરૂપ દોષો પણ પ્રાપ્ત થાય તો વિરૂપનેત્રવાળા એવા

ખલપુરુષો તે ગ્રંથમાં રહેલા દોષવિષને કંઠમાં ધારણ કરે છે અને સર્વત્ર તે ગ્રંથનું અવમૂલ્ય કરે છે અને ઉત્તમ પુરુષો તે ગ્રંથમાં રહેલા અમૃત જેવા પારમાર્થિક ભાવોને ગ્રહણ કરે છે. જેથી તે ગ્રંથ ઉત્તમ પુરુષો માટે કલ્યાણનું કારણ બને છે અને ખલપુરુષો તે ગ્રંથનું અવમૂલ્યન કરીને પાપની પ્રાપ્તિ કરે છે. **॥૨૯॥**

**શ્લોક :-**

**विघृष्यमाणोऽपि खलापवादैः,**
**प्रकाशतां याति सतां गुणौघः ।**
**उन्मृज्यमाणः किमु भस्मपुञ्जै-**
**र्न दर्पणो निर्मलतामुपैति ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**ખલના અપવાદો વડે ઘસાતો એવો પણ સજ્જનોનો ગુણોનો સમુદાય પ્રકાશતાને પામે છે. શું ભસ્મપુંજો વડે કરીને સાફ કરાતું એવું દર્પણ નિર્મલતાને નથી પામતું ? અર્થાત્ પામે છે. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

સંતપુરુષોએ રચેલા શાસ્ત્રમાં ખલપુરુષો દોષો ઉદ્‌ભાવન કરે છે, તેનાથી જ લોકોને સંતપુરુષોના શાસ્ત્રોને જોવાની ઉત્સુક્તા થાય છે અને તે ગ્રંથને જોવાથી તેના ગુણોને જોઈને પ્રમુદિત થાય છે, તેથી તે ગ્રંથ લોકમાં વિસ્તારને પામે છે તેનું કારણ ખલપુરુષોનો અપવાદ જ છે. **॥૩૦॥**

**શ્લોક :-**

**कथाऽन्यथा स्यान्न खलप्रलापै-**
**र्या सज्जनेनानुगृहीतभावा ।**
**प्रयाति विश्वेऽर्ककृतः प्रकाशो,**
**न घूकपूत्कारपरम्पराभिः ।।३१।।**

**શ્લોકાર્થ :-**

**સજ્જનો વડે અનુગૃહીતભાવવાળી જે કથા છે તે ખલના પ્રલાપો વડે અન્યથા થતી નથી. જેમ વિશ્વમાં અર્કકૃત=સૂર્યથી કરાયેલો, પ્રકાશ ઘુવડના પૂત્કારની=‘ઘૂ’ ‘ઘૂ’ પોકારોની, પરંપરા વડે ચાલ્યો જતો નથી. ।।૩૧।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રના જાણનારા સજ્જન પુરુષો જિનવચનાનુસાર જે કથા હોય તે કથાની હંમેશાં પ્રશંસા કરે છે અને તે કથામાં જે વિશેષ સ્પષ્ટતાની આવશ્યકતા જણાય કે જેથી યોગ્યશ્રોતાને તેના તાત્પર્યની પ્રાપ્તિ થાય તદર્થે તે પ્રકારની સ્પષ્ટતા કરીને તે કથાને અનુગૃહીત કરે છે. આમ છતાં સ્વમતિ અનુસાર શાસ્ત્રના અર્થ કરનારા એવા ખલપુરુષો તે કથામાંથી પણ કંઈક દોષોનું ઉદ્ભાવન કરીને તે કથાના સ્વરૂપને અન્યથા કરવા પ્રયત્ન કરે છે. તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે, ખલના પ્રલાપથી જિનવચનાનુસાર કરાયેલી કથા ક્યારેય અન્યથા થતી નથી. જેમ જગતમાં સૂર્ય વડે કરાયેલો પ્રકાશ ઘૂવડના ‘ઘૂ’કારના અવાજની પરંપરાથી ક્યારેય દૂર થતો નથી, તેની જેમ સજ્જનોથી અનુગૃહીત કથા પણ યોગ્ય જીવોને અવશ્ય ઉચિત બોધ કરાવાનું કારણ બને છે, પરંતુ ખલનાં વચનોથી તે કથા વિપરીતરૂપે થતી નથી. **।।૩૧।।**

**શ્લોક :-**

**न दुर्जनैराकुलिता अपीह,**
**भिन्नस्वभावाः सुजना भवन्ति ।**
**प्रपद्यते वज्रमणिर्न भेद-**
**मयोघनैरप्युपभिद्यमानः ।।३२।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=જગતમાં, દુર્જનો વડે આકુલ કરાયેલા પણ સુજનો ભિન્ન સ્વભાવવાળા થતા નથી=પોતાના સુજનત્વ સ્વભાવને છોડીને વિપરીત**

**સ્વભાવવાળા થતા નથી. જેમ અયોધન વડે=હથોડા વડે, પણ ઉપભિદ્યમાન=ભેદાતું એવું, વ્રજમણિ ભેદને પામતું નથી. ।।૩૨।।**

**ભાવાર્થ :-**

સજ્જનોના સ્વભાવો દુર્જનો કરતાં ભિન્ન પ્રકારના છે, તેઓ હંમેશાં સર્વનું હિત થાય તેવી ઉત્તમ પ્રવૃત્તિ કરનારા છે અને તેઓની તે પ્રવૃત્તિ કરવામાં દુર્જનો હંમેશાં વિઘ્ન કરે છે. તે વિઘ્નોથી આકુળ થઈને પણ સજ્જનો ભિન્ન સ્વભાવવાળા થતા નથી અર્થાત્ સજ્જનો પોતાના સ્વભાવને છોડનારા થતા નથી. જેમ હથોડાથી ભેદવા માટે પ્રયત્ન કરાતો એવો વજ્રમણિ ભેદને પામતો નથી. **॥૩૨॥**

**શ્લોક :-**

**निगूढभावान् विशदीकरोति,**
**तमः समस्तं परिसंवृणोति ।**
**दोषोद्भवेऽप्यन्यगुणप्रदर्शि,**
**धाम प्रदीपस्य सतां च वृत्तम् ।।३३।।**

**શ્લોકાર્થ :-**

**અંધકાર સમસ્ત વસ્તુની આવૃતિ કરે છે, અને દીપકનો પ્રકાશ નિગૂઢભાવોને વિશદ કરે છે અને સંતોનો વૃત્ત=આચાર, દોષના ઉદ્ભવમાં પણ અન્યગુણપ્રદર્શી છે=દોષવાળી વસ્તુમાં રહેલા અન્ય ગુણને બતાવનાર છે. ।।૩૩।।**

**ભાવાર્થ :-**

અંધકાર સમસ્ત વસ્તુને આવરે છે જેથી ચક્ષુવાળાને પણ તે વસ્તુ દેખાતી નથી, જ્યારે દીપકનો પ્રકાશ અંધકારથી નિગૂઢ થયેલા ભાવોને જ વિશદ કરે છે અર્થાત્ અંધકારથી નહિ દેખાતા ભાવોને પ્રગટ કરે છે, તેમ સંતપુરુષનો આચાર છે કે કોઈ ગ્રંથ તત્ત્વના મર્મને બતાવનાર હોય ત્યારે શબ્દની મર્યાદાથી કોઈક દોષ એમાં દેખાય તોપણ તે દોષને આગળ કરીને તે ગ્રંથનું અવમૂલન

કરતા નથી પણ તે ગ્રંથમાં રહેલા તત્ત્વને બતાવનારા અન્ય ગુણોને બતાવે છે. **॥૩૩॥**

**શ્લોક :-**

> **नीचोऽपि नूनं सदनुग्रहेण,**
> **क्षतिं विहायाभ्युपयाति कीर्तिम् ।**
> **न निम्नगाऽपि प्रथिता सुराणां,**
> **नदीति किं शङ्करमौलिवासात् ।।३४।।**

**શ્લોકાર્થ :-**

**ખરેખર સદ્ના અનુગ્રહથી=સત્પુરુષોના અનુગ્રહથી, નીચ પણ ક્ષતિને છોડીને કીર્તિને પ્રાપ્ત કરે છે. જેમ શંકરના મુગટના વાસથી નિમ્નગા પણ=નીચે જનારી પણ નદી, સુરોની નદી એ પ્રમાણે શું પ્રખ્યાત ન થઈ ? અર્થાત્ પ્રખ્યાત થઈ. ॥૩૪॥**

**ભાવાર્થ :-**

જેમ શંકરના મુગટમાંથી નીકળેલી ગંગાનદી નીચે જનારી હોવા છતાં પણ "ગંગા સુરોની નદી છે" એ પ્રમાણે પ્રખ્યાત થઈ. તેમ સજ્જન પુરુષોના અનુગ્રહ વડે નીચ પુરુષ પણ પોતાના દોષોને છોડીને કીર્તિને પ્રાપ્ત કરે છે. તાત્પર્ય એ છે કે કેટલાક નીચ પુરુષો પણ સુધરે તેવા હોય છે અને તેઓના ઉપર સજ્જનોનો અનુગ્રહ થાય છે, તેથી તેઓની ક્ષતિનો નાશ થાય છે અને તે નીચ પુરુષ પણ મહાત્મા તરીકે કીર્તિને પામે છે, તેથી સજ્જનો નીચ પુરુષને પણ ઉત્તમ બનાવનારા હોય છે. તે રીતે સજ્જનના અનુગ્રહથી પ્રસ્તુત વૈરાગ્યકલ્પલતા ગ્રંથમાં કોઈક ક્ષતિ હશે તો તે પણ દૂર થઈને કીર્તિને પ્રાપ્ત કરશે. **॥૩૪॥**

**શ્લોક :-**

> **सूर्योदये ध्वान्तभरादिवोच्चै-**
> **स्तापादिवेन्दोः किरणप्रचारे ।**

अनुग्रहे साधुजनस्य भीति-
र्न काऽपि नो दुर्जनदोषवादात् ।।३५।।

**શ્લોકાર્થ :-**

**જેમ સૂર્યોદય હોતે છતે અંધકારના સમૂહથી (ભીતિ થતી નથી) અને જેમ ચંદ્રના કિરણનો પ્રચાર થયે છતે અત્યંત તાપથી (ભીતિ થતી નથી) તેમ સાધુજનનો અનુગ્રહ થયે છતે અમોને દુર્જનના દોષવાદથી કોઈપણ ભય નથી. ॥૩૫॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગ્રંથની રચનામાં સાધુજનનો ઉપગ્રહ જો પ્રાપ્ત થાય તો દુર્જન પુરુષો તે ગ્રંથ વિષયમાં દોષનું આપાદન કરે. તેનાથી ગ્રંથકારશ્રી કહે છે કે અમને ભય નથી. જેમ સૂર્યોદય થાય ત્યારે અંધકારથી ભય રહેતો નથી અથવા જેમ શીતલ એવા ચંદ્રનાં કિરણો હોય ત્યારે તાપનો ભય રહેતો નથી, તેમ સાધુજનોનો અનુગ્રહ થયે છતે ગ્રંથ જગતમાં ઉત્તમ છે એ નિર્ણીત થાય છે પછી દુર્જનના દોષવાદથી=દુર્જનો દોષ આપે તેથી, તે ગ્રંથ દુષ્ટ બને નહિ. **॥૩૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકોમાં વૈરાગ્યનું માહાત્મ્ય બતાવ્યું અને દુર્જનો તેને દૂષિત કરે છે તોપણ સજ્જન પુરુષોથી તે વૈરાગ્યને કહેનારો ગ્રંથ અનુગૃહીત થાય છે તે કારણથી 'तस्मात्'થી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

तस्मात् सदालम्बनतः खलाना-
मुपेक्षणादक्षतशुद्धपक्षैः ।
अभङ्गवैराग्यसमृद्धिकल्प-
वल्लीविवृद्धौ यतितव्यमार्यैः ।।३६।।

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=પૂર્વશ્લોકોમાં વૈરાગ્યનું માહાત્મ્ય બતાવ્યું અને સજ્જનોથી તે વૈરાગ્યના કથનને લાભ થાય છે અને દુર્જનોથી અનર્થ થાય છે તે કારણથી, અક્ષતશુદ્ધપક્ષવાળા એવા આર્યો વડે અભંગ વૈરાગ્યની સમૃદ્ધિવાળી એવી કલ્પવેલીની વિવૃદ્ધિમાં સત્પુરુષોના આલંબનથી અને ખલોની ઉપેક્ષાથી યત્ન કરવો જોઈએ. ॥૩૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકોમાં વૈરાગ્યનું સ્વરૂપ બતાવ્યું અને ખલપુરુષો તે વૈરાગ્યના કથનને કહેનારાં સદ્શાસ્ત્રોમાં દોષો બતાવનારા છે અને સત્પુરુષો વૈરાગ્યનાં શાસ્ત્રો પ્રત્યે આદરવાળા છે તે સર્વ કથનનું 'तस्मात्'થી નિગમન કરતાં કહે છે –

જેઓ આર્યભૂમિમાં જન્મેલા છે અને જેઓનો અક્ષતશુદ્ધપક્ષ છે અર્થાત્ આર્યભૂમિમાં જન્મેલા આર્યો યોગમાર્ગની ઉપાસના કરનારા હોય છે તે રૂપ આર્યનો પક્ષ જેમના જીવનમાં ક્ષતિવાળો નથી તેવા અક્ષતશુદ્ધપક્ષવાળા આર્યોએ સત્પુરુષોના આલંબનથી અને ખલપુરુષોની ઉપેક્ષાથી જે ગ્રંથમાંથી અભંગ વૈરાગ્યની સમૃદ્ધિ પ્રગટે તેવા ગ્રંથોનું અધ્યયન કરીને પોતાના આત્મામાં અભંગ વૈરાગ્યની સમૃદ્ધિવાળી એવી કલ્પવેલીની વૃદ્ધિમાં યત્ન કરવો જોઈએ. **॥૩૬॥**

**શ્લોક :-**

**यथेह कालः सुख(ष)मादिरूपः,**
**कल्पद्रुमोत्पत्तिकृदभ्युपेतः ।**
**बुधास्तथाऽस्याः खलु पुद्गलाना-**
**मावर्तमन्त्यं प्रवदन्ति हेतुम् ।।३७।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે અહીં=ભરતક્ષેત્ર આદિમાં, સુષમાદિરૂપ કાળ કલ્પવૃક્ષની ઉત્પત્તિ કરનારો સ્વીકારાયો છે, તે પ્રકારે બુધો આનો=વૈરાગ્ય કલ્પવેલીનો,**

**હેતુ પુદ્ગલોના આવર્તોના અંત્યને કહે છે=અંત્ય પુદ્ગલપરાવર્તને હેતુ કહે છે. ॥૩૭॥**

**ભાવાર્થ :-**

જીવો અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે અને ભાવમળના પ્રચુરના કારણે જીવે અનંત પુદ્ગલપરાવર્ત પસાર કર્યા, તોપણ જીવમાં વિવેક પ્રગટ્યો નહિ; કેમ કે ભોગમાં જ ઉત્કટ રાગ હોવાના કારણે વૈરાગ્યમાં સ્વસ્થતાનું સુખ છે તેની કલ્પના પણ તેઓ કરી શકતા નથી. પરંતુ જ્યારે ભાવમળની કંઈક અલ્પતા થવાથી જીવ ચરમપુદ્ગલપરાવર્તમાં આવે છે ત્યારે જીવને પ્રાપ્ત થયેલું ચરમપુદ્ગલપરાવર્ત વૈરાગ્યની સમૃદ્ધિની વૃદ્ધિમાં હેતુ છે તેમ બુધ પુરુષો કહે છે; કેમ કે ભોગ પ્રત્યે રાગ હોવા છતાં પણ ભોગજન્ય કર્મબંધ અને સંસારના પરિભ્રમણનો વિચાર કરીને ભોગની અસારતાનો વિચાર કરી શકે તેવું મિથ્યાત્વ મંદ થયેલ છે. વળી ભાવમળરૂપ મિથ્યાત્વ મંદ થાય છે ત્યારે જીવો વૈરાગ્યને અભિમુખ થાય છે તેમાં દૃષ્ટાંત આપે છે કે જેમ ભરતક્ષેત્રમાં છ આરાઓ છે તેમાં સુષમાદિરૂપ કાળ કલ્પવૃક્ષની ઉત્પત્તિમાં હેતુ છે તેમ વૈરાગ્યની સમૃદ્ધિની ઉત્પત્તિમાં ચરમ પુદ્ગલપરાવર્ત હેતુ છે એમ બુધ પુરુષો સ્વીકારે છે. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૭માં કહ્યું કે વૈરાગ્યની પ્રાપ્તિમાં ચરમપુદ્ગલપરાવર્ત હેતુ છે. તેથી હવે વૈરાગ્યની પ્રાપ્તિમાં ચરમ પુદ્ગલપરાવર્ત કઈ રીતે હેતુ છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**अस्मिंस्तथाभव्यतया मलस्य,**
**क्षयेण शुद्धः समुदेति धर्मः ।**
**यत्रान्यदा जन्तुरवैति हेयेतरादि-**
**भावान् हृदये यथास्थान् ।।३८ ।।**

**શ્લોકાર્થ :-**

**આમાં=ચરમપુદ્ગલપરાવર્તમાં, તથાભવ્યપણાને કારણે=યોગમાર્ગની સામગ્રી પામીને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તેવી યોગ્યતા પ્રગટેલી હોવાને કારણે, મલના ક્ષયથી શુદ્ધ ધર્મ ઉદયને પ્રાપ્ત કરે છે. જે કારણથી અન્યદા=ચરમપુદ્ગલપરાવર્તનથી પૂર્વના કાળમાં, જંતુ=જીવ, યથાસ્થ હેય ઈતરાદિ ભાવોને=જે પ્રમાણે આત્માને માટે જે ભાવ હેય છે અને જે પ્રમાણે જે ભાવ ઉપાદેય છે અને જે પ્રમાણે જે ભાવ ઉપેક્ષણીય છે તે પ્રકારે હેય-ઈતરાદિ ભાવોને, હૃદયમાં ધારણ કરતો નથી. ॥૩૮॥**

**ભાવાર્થ :-**

ચરમપુદ્ગલપરાવર્તમાં જીવમાં વર્તતી એવા પ્રકારની સિદ્ધિગમનની યોગ્યતારૂપ તથાભવ્યતાથી જીવમાં ભાવમળનો ક્ષય થાય છે અને ભાવમળના ક્ષયના કારણે જીવમાં શુદ્ધધર્મ પ્રગટે છે, તેથી ચરમપુદ્ગલપરાવર્ત વૈરાગ્યની વૃદ્ધિમાં હેતુ છે.

અહીં પ્રશ્ન થાય કે પૂર્વના પુદ્ગલપરાવર્તમાં શુદ્ધ ધર્મ કેમ ન પ્રગટ થયો ? તેથી કહે છે –

ચરમપુદ્ગલપરાવર્તથી અન્યપુદ્ગલપરાવર્તમાં જીવ હેય અને ઉપાદેય આદિ ભાવોને યથાસ્થિત જાણતો નથી અર્થાત્ ભાવમળની પ્રચુરતાને કારણે આત્માને માટે શું હેય છે, શું ઉપાદેય છે અને શું ઉપેક્ષણીય છે તેનો પરમાર્થ ચરમાવર્ત પૂર્વે જીવ જાણતો નથી, તેથી અન્ય પુદ્ગલપરાવર્તમાં વૈરાગ્ય કલ્પવેલીની વૃદ્ધિ થતી નથી.

અહીં વિશેષ એ છે કે દરેક જીવોનું સ્વરૂપ સિદ્ધ સદશ છે તે અપેક્ષાએ જીવોમાં કોઈ ભેદ નથી છતાં કેટલાક જીવો સિદ્ધિગમનને અયોગ્ય છે તો કેટલાક જીવો સિદ્ધિગમનને યોગ્ય છે એ પ્રકારનો સંસારઅવસ્થામાં જીવોનો પરસ્પર ભેદ છે તેમ ભવ્ય જીવોનો પણ પરસ્પર સ્વભાવભેદ છે. આથી બધા જીવો સમાન કાળમાં મોક્ષને અનુકૂળ પ્રયત્ન સમાન રીતે કરતા નથી તેથી ભવ્ય જીવોમાં પણ પરસ્પર તે પ્રકારનો સ્વભાવભેદ છે તેના કારણે તે તે જીવોનું સિદ્ધિગમન યોગ્યત્વરૂપ ભવ્યત્વ જ્યારે મોક્ષને અભિમુખ પરિણામ

કરી શકે તેવા પરિપાકને પામે ત્યારે તે જીવોને વૈરાગ્યની વાતો, સંસારના પરિભ્રમણની વાતો કંઈક રુચિનો વિષય બને છે તે વખતે તે જીવોમાં વિપર્યાસ કરે તેવું મિથ્યાત્વ મંદ થાય છે. તેથી આત્મા માટે હેય શું છે ? ઉપાદેય શું છે ? ઉપેક્ષણીય શું છે ? તેની કંઈક માર્ગાનુસાર વિચારણા ચરમાવર્તમાં શરૂ થાય છે. તેના પૂર્વે જીવોને ભોગમાત્રમાં જ સાર બુદ્ધિ હોય છે. તેથી તેઓ વૈરાગ્યને અભિમુખ પણ થતા નથી. માટે વૈરાગ્ય કલ્પવેલીની વૃદ્ધિ અન્ય પુદ્ગલપરાવર્તમાં થતી નથી. ॥૩૮॥

**અવતરણિકા :-**

**શ્લોક-૩૮માં કહ્યું કે ચરમપુદ્ગલપરાવર્તથી અન્ય પુદ્ગલપરાવર્તમાં જીવ હેય ઈતરાદિ ભાવોને યથાર્થ જાણતો નથી. તો કેવા સ્વરૂપે જાણે છે તે દૃષ્ટાન્તથી બતાવે છે –**

**શ્લોક :-**

**स्थिरान् यथार्थान् भ्रमणक्रियोत्थ-**
**शक्त्या चलान् पश्यति संयुतोऽङ्गी ।**
**तथोग्रजन्मभ्रमशक्तियुक्तः,**
**पश्यत्युपादेयतयैव हेयान् ।।३९।।**

**શ્લોકાર્થ :-**

**ભ્રમણક્રિયાથી ઉત્થ એવી શક્તિથી સંયુક્ત એવો અંગી=પુરુષ, જે પ્રકારે સ્થિર અર્થોને ફરતા જુએ છે તે પ્રકારે ઉગ્રજન્મના ભ્રમણની શક્તિથી યુક્ત એવો જીવ હેયપદાર્થોને ઉપાદેયપણાથી જ જુએ છે. ॥૩૯॥**

**ભાવાર્થ :-**

કોઈ પુરુષ ફેરફુદરડી ફરવાની ક્રિયા કરે તેનાથી ઉત્પન્ન થયેલી શક્તિથી યુક્ત તે પુરુષ બને છે અને તેના કારણે ગૃહાદિ સ્થિર ભાવો પણ તેને ફરતા દેખાય છે તે પ્રકારે ચરમપુદ્ગલપરાવર્ત પૂર્વે ઘણા જન્મના ભ્રમણની શક્તિથી યુક્ત એવો પુરુષ આત્માને માટે હેય એવા પણ ભાવોને ઉપાદેયરૂપે જુએ છે.

તેથી જ ચરમાવર્તની બહારના જીવોને વૈરાગ્યનો પ્રાદુર્ભાવ થતો નથી. કદાચ સંયમ ગ્રહણ કરે તોપણ તેને ઉપાદેય તો સંસારની શ્રેષ્ઠ ભોગસામગ્રી જ દેખાય છે. પરંતુ ભોગના સંક્લેશથી રહિત એવું આત્માનું સ્વરૂપ તેને ઉપાદેય દેખાતું નથી. ॥૩૯॥

**શ્લોક :-**

**तच्छक्तिनाशस्त्विह तत्त्वतः स्यात्,**
**कालानुभावाच्चरमे विवर्ते ।**
**हेत्वन्तरेणोपगतात् कथञ्चि-**
**द्धेतुव्रजो येन मिथोऽनुबद्धः ।।४०।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=સંસારમાં, ચરમવિવર્તમાં=ચરમપુદ્ગલપરાવર્તમાં, તત્ત્વથી=પરમાર્થથી, હેત્વંતરથી ઉપગત એવા કાળના અનુભાવથી=અન્ય કારણોથી યુક્ત એવા કાળના પરિપાકથી, તેની શક્તિનો નાશ થાય=ઉગ્ર જન્મભ્રમણની શક્તિનો નાશ થાય, જે કારણથી હેતુનો સમુદાય=કાળાદિ પાંચ કારણોનો સમુદાય, પરસ્પર અનુબદ્ધ છે. ॥૪૦॥**

**ભાવાર્થ :-**

કાર્ય માત્ર પ્રતિ પાંચ કારણો હેતુ છે. આમ છતાં, કોઈક સ્થાનમાં કોઈક હેતુ પ્રધાન હોય છે તેમ ઉગ્ર જન્મભ્રમણની શક્તિના નાશ પ્રત્યે કાળ પ્રધાન કારણ છે, તેથી કાળને મુખ્ય બતાવવા માટે કહ્યું કે હેત્વંતરથી ઉપગત એવા કાલના અનુભાવથી=અન્ય કારણોથી યુક્ત એવા કાળના પરિપાકથી, તત્શક્તિનો નાશ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલ કાળના પરિપાકથી તત્શક્તિનો નાશ થાય છે તેમ ન કહ્યું પરંતુ અન્ય હેતુઓથી યુક્ત એવા કાળના પરિપાકથી તત્શક્તિનો નાશ થાય છે એમ કેમ કહ્યું ? તેથી કહે છે –

જે કારણથી હેતુનો સમુદાય પરસ્પર અનુબદ્ધ છે અર્થાત્ ક્યારેય પણ કોઈ

એક કારણથી કાર્ય થતું નથી પરંતુ પરસ્પર અનુબદ્ધ એવા હેતુઓથી જ કાર્ય થાય છે અને તેથી જ હેત્વંતરથી ઉપગત એવા કાળના પરિપાકથી તત્શક્તિનો નાશ થાય છે એમ કહેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જીવ દરેક સમયે કોઈક અધ્યવસાય કરે છે તે વખતે કર્મના ઉદયથી કે ક્ષયોપશમથી યુક્ત જીવનો પરિણામ થાય છે તે અધ્યવસાયને અનુકૂળ જીવનો ત્યાં પ્રયત્ન છે છતાં ચાર ગતિઓમાં પરિભ્રમણ કરતાં કરતાં મિથ્યાત્વ મંદ થાય તેવો અધ્યવસાય જીવને ચરમાવર્તમાં જ થાય છે. તેની પૂર્વે દૂર દૂર પુદ્ગલપરાવર્તમાં મિથ્યાત્વ ગાઢગાઢતર વર્તે છે તેનો નાશ તે જીવ આ ક્રમથી કરે છે તેમાં તે જીવનો કાળપરિપાક મુખ્ય છે, પુરુષકાર ગૌણ છે. જેમ કોઈ સંસારી જીવે સ્ત્રીશરીરને અનુકૂળ આયુષ્ય બાંધેલ હોય તે જીવ માતાના ઉદરમાં આવીને સ્ત્રીશરીરને અનુકૂળ જ પ્રયત્ન કરે છે. પુરુષશરીરને અનુકૂળ યત્ન કરતો નથી તેમાં તે જીવનું કર્મ મુખ્ય કારણ છે. પુરુષકાર કર્મપ્રેરિત હોવાથી ગૌણ કારણ છે તેમ ચરમાવર્તની પ્રાપ્તિમાં અન્ય કારણો ગૌણ છે. કાળનો પરિપાક મુખ્ય કારણ છે તેથી અન્ય હેતુથી ઉપગત કાળના પરિપાકથી ભવભ્રમણની શક્તિ ક્ષીણ થાય છે એમ કહેલ છે. ॥૪૦॥

**શ્લોક :-**

**प्राहुस्तमेनं मुनयोऽत्र धर्म-**
**तारुण्यकालं खलु चित्ररूपम् ।**
**ततोऽवशिष्टं भवबाल्यकाल-**
**माच्छादिताभ्यन्तरभोगरागम् ।।४१।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=સંસારમાં, તેને=ચરમપુદ્ગલપરાવર્તને, ખરેખર ચિત્ર એવો ધર્મનો તારુણ્યકાળ=ચિત્રરૂપ ધર્મનો યૌવનકાળ, મુનિઓ કહે છે, તેનાથી અવશિષ્ટ એવા તેને=ચરમાવર્તથી અવશિષ્ટ એવો પૂર્વનો કાળ છે તેને, આચ્છાદિત આભ્યંતર ભોગરાગવાળો એવો ભવબાલ્યકાળ કહે છે. ।।૪૧।।**

**ભાવાર્થ :-**

**ચરમાવર્ત ધર્મની નિષ્પત્તિને અનુકૂળ યૌવનકાળ અને ચરમાવર્ત પૂર્વનો કાળ ભવભ્રમણને અનુકૂળ એવો બાલકાળ :-**

બાલ્યઅવસ્થા ભાવિના હિતાહિતની વિચારણા વગરની તત્કાળ ઊઠતી મનોવૃત્તિ પ્રમાણે પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરે છે, આથી જ બાળઅવસ્થામાં પોતાના ભાવિની ચિંતા હોતી નથી પરંતુ તત્કાળ જેમાંથી આનંદ જણાય તે પ્રકારે પ્રવૃત્તિ કરવાની મનોવૃત્તિ થાય છે અને યુવાનકાળમાં કાંઈક વિવેક પ્રગટેલો હોય છે તેથી ભાવિ અર્થે ધનાર્જનાદિ માટે ઉદ્યમ થાય છે. તેમ ચરમાવર્ત પૂર્વનો કાળ ભવના ભ્રમણને અનુકૂળ એવો બાલકાળ છે. જે કાળમાં આત્માના અભ્યંતર ગુણસમૃદ્ધિ પ્રત્યેનો રાગ આચ્છાદિત છે અને માત્ર બાહ્ય ઇન્દ્રિયથી દેખાતા તુચ્છ અને અસાર ભોગો પ્રત્યે રાગ વર્તે છે, તેથી આત્માની ચિંતા છોડીને બાહ્ય વિષયોના રાગમાં જ ચરમાવર્ત પૂર્વના જીવો વર્તે છે અને જેમ યુવાન અવસ્થામાં કંઈક ભાવિની ચિંતા પ્રગટે છે અને તેના માટે ધનાર્જનાદિ માટે ઉદ્યમ થાય છે તેમ બાહ્ય ભોગોનો રાગ કંઈક ઘટેલો હોય છે, તેથી ચરમાવર્તવર્તી જીવમાં કંઈક વિવેક પ્રગટે છે, માટે આત્માની અંતરંગ ગુણસમૃદ્ધિ પ્રત્યે તેનું વલણ થાય છે, તેથી ચરમાવર્તવાળા જીવો શુદ્ધ આત્માના પારમાર્થિકસ્વરૂપને પ્રગટ કરવા માટે યત્ન કરે તેવા હોય છે, તેથી ધર્મની નિષ્પત્તિને અનુકૂળ યૌવનકાળ ચરમાવર્તને યોગીઓ કહે છે.

વળી, આ ચરમાવર્ત ધર્મનો યુવાનકાળ ચિત્રરૂપ છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે ચરમાવર્તીજીવોમાંથી કેટલાક પ્રારંભિક ભૂમિકાના ધર્મમાં ઉદ્યમ કરનારા છે તો કેટલાક મહાઉદ્યમ કરીને શીઘ્ર સંસારનો અંત કરનારા છે, તેથી યોગમાર્ગના સેવનના અનેક પ્રકારોને આશ્રયીને ચરમાવર્ત ચિત્ર પ્રકારનો છે. **॥૪૧॥**

**શ્લોક :-**

**उत्पद्यते यस्त्वथ धर्मरागः,**
**क्रमाद् व्यतीते भवबाल्यकाले ।**

**तमेव वैराग्यसमृद्धिकल्प-**
**वल्ल्या बुधा बीजमुदाहरन्ति ।।४२।।**

**શ્લોકાર્થ :-**

**હવે ક્રમથી ભવબાલ્યકાળ વ્યતીત થયે છતે જે વળી, ધર્મરાગ ઉત્પન્ન થાય છે તેને જ બુધો વૈરાગ્યસમૃદ્ધિની કલ્પવલ્લીનું બીજ કહે છે. ।।૪૨।।**

**ભાવાર્થ :-**

**વૈરાગ્યસમૃદ્ધિની કલ્પવલ્લીનું બીજ ધર્મરાગ :-**

ભવના બાલ્યકાળરૂપ અચરમાવર્તકાળ ક્રમથી વ્યતીત થયે છતે જીવ ચરમાવર્તમાં પ્રવેશે છે અને ચરમાવર્તકાળ અવશ્ય ધર્મ માટે યોગ્ય કાળ છે. પરંતુ ચરમાવર્તકાળના પ્રારંભમાં જ દરેક જીવોને ધર્મ પ્રાપ્ત થાય જ એવો નિયમ નથી. આમ છતાં કોઈક જીવોને પ્રારંભમાં ધર્મ પ્રાપ્ત થઈ શકે છે તેથી જ્યારે ધર્મપ્રાપ્તિની બાહ્ય સામગ્રી અને ધર્મસામગ્રીનાં પ્રતિબંધક કર્મો ઉદયમાં ન હોય ત્યારે ચરમાવર્તમાં ગમે ત્યારે ધર્મરાગ થઈ શકે અને ધર્મરાગ જ વૈરાગ્યસમૃદ્ધિની કલ્પવેલીનું બીજ વિદ્વાનો કહે છે; કેમ કે ધર્મનો રાગ પ્રગટ થયા પછી જીવ સંસારના સ્વરૂપને યથાર્થ વિચારતો થાય છે અને તેના કારણે જ વૈરાગ્યનો પ્રાદુર્ભાવ થાય છે, તેથી વૈરાગ્યસમૃદ્ધિની કલ્પવલ્લીનું બીજ ધર્મરાગ છે.

અહીં ભવબાલ્યકાળ ક્રમથી વ્યતીત થયે છતે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે જીવ અનાદિકાળથી પુદ્ગલોનાં આવર્તોમાં વર્તે છે તે સર્વ ભવનો બાલ્યકાળ છે અને ક્રમે કરીને જે પુદ્ગલપરાવર્તો પૂરા થાય છે તે સર્વ ભવબાલ્યકાળના હ્રાસ તુલ્ય છે, તેથી જેમ જેમ પુદ્ગલપરાવર્તનો પૂરાં થાય છે તેમ તેમ ક્રમથી ભવબાલ્યકાળનો વ્યય થાય છે. અને જેમ જેમ પૂર્વપૂર્વનાં પુદ્ગલપરાવર્તનો પૂરાં થાય છે તેમ તેમ તેટલે અંશે કંઈક મિથ્યાત્વ મંદ થાય છે, છતાં ધર્મરાગની પ્રાપ્તિમાં કારણ બને તેટલા પ્રમાણમાં મિથ્યાત્વ મંદ ચરમાવર્ત પૂર્વે થતું નથી માટે તે સર્વ કાળ ભવબાલ્યકાળ છે. **।।૪૨।।**

**શ્લોક :-**

प्रवर्धमानाशुभभावधारा-
कादम्बिनीध्वंसनचण्डवातः ।
सद्धर्मरागो गदितो गुणाना-
मुत्पत्तिहेतुर्विपदां प्रमाथी ।।४३।।

**શ્લોકાર્થ :-**

**ગુણોની ઉત્પત્તિનો હેતુ, આપત્તિઓનો પ્રમાથી=આપત્તિઓને દૂર કરનાર, પ્રવર્ધમાન એવી અશુભભાવની ધારારૂપી મેઘમાળાને ધ્વંસ કરવા માટે ચંડવાત જેવો=પ્રચંડ વાયુ જેવો, સદ્ધર્મરાગ કહેવાયો છે. ॥૪૩॥**

**ભાવાર્થ :-**

**આત્મામાં પ્રવર્તતી અશુભભાવની ધારારૂપ મેઘમાળાને નાશ કરવા માટે પ્રચંડ વાયુ જેવો સદ્ધર્મરાગ :-**

અનાદિકાળથી જીવને બાહ્ય પદાર્થો પ્રત્યે ગાઢ પ્રતિબંધ છે અને તેના કારણે જીવમાં અશુભભાવોની ધારા ચાલે છે. તે અશુભભાવની ધારાથી સંસારની પ્રવૃત્તિઓ કરીને સંસારી જીવો અશુભભાવના સંસ્કારો આત્મામાં આધાન કરે છે, છતાં આત્મામાં અનાદિથી પ્રવર્તતી અશુભભાવની ધારારૂપી મેઘમાળાનો ધ્વંસ=નાશ, કરવા માટે ચંડવાતરૂપ સદ્ધર્મનો રાગ છે. ધર્મરાગ એટલે આત્માના શુદ્ધભાવને પ્રગટ કરવાને અનુકૂળ જીવમાં વર્તતો રાગ.

**ગુણોની ઉત્પત્તિનો હેતુ અને આપત્તિઓને દૂર કરનાર સદ્ધર્મરાગ :-**

આ સદ્ધર્મનો રાગ મોક્ષને અનુકૂળ એવા ગુણોની ઉત્પત્તિનો હેતુ છે. વળી, આ સદ્ધર્મ રાગને કારણે જીવ પુણ્યાનુબંધીપુણ્ય બાંધે છે, તેથી સંસારમાં પ્રાપ્ત થતી દુર્ગતિઓની પંરપરારૂપ આપત્તિઓનું પ્રમથન કરનાર=વિનાશ કરનાર, સદ્ધર્મ રાગ છે. **॥૪૩॥**

**શ્લોક :-**

दृष्ट्वा सदाचारपरान् जनान् या,
शुद्धप्रशंसान्विततच्चिकीर्षा ।
सद्धर्मरागः स हि मोक्षबीजं,
न धर्ममात्रप्रणिधानरूपः ।।४४।।

**શ્લોકાર્થ :-**

**સદાચાર પર એવા=સદાચારમાં તત્પર એવા, લોકોને જોઈને, જે શુદ્ધપ્રશંસા અન્વિત તત્ચિકીર્ષા=અંતરંગ હૈયાની બહુમાનની પરિણતિપૂર્વક પ્રશંસાથી સહિત સદાચારને સેવવાની ઇચ્છા, સદ્ધર્મનો રાગ છે, તે જ મોક્ષનું બીજ છે, ધર્મ માત્ર પ્રણિધાનરૂપ નહીં=ધર્મ માત્ર કરવાના સંકલ્પરૂપ ધર્મરાગ મોક્ષનું બીજ નથી. ।।૪૪।।**

**ભાવાર્થ :-**

**અંતરંગ હૈયાની બહુમાનની પરિણતિપૂર્વક પ્રશંસાથી સહિત સદાચારને સેવવાની ઇચ્છા સદ્ધર્મરાગ :-**

શાસ્ત્રોક્ત ઉચિત વિધિપૂર્વક સદાચારમાં તત્પર લોકોને જોઈને જે લોકોને તે સદાચારો પ્રત્યે અંતરંગ અત્યંત બહુમાનભાવ પેદા થાય છે અને તેના કારણે આ લોકો જ ધન્ય છે, આમનો જ જન્મ સફલ છે, એ પ્રકારની પ્રશંસા કરવાનું મન થાય છે અને તે પ્રશંસાથી સહિત તે સદાચારોને સેવવાની તીવ્ર ઇચ્છા તે સદ્ધર્મનો રાગ છે અને તે જ મોક્ષનું બીજ છે. પરંતુ સંસારનાં દુઃખોથી ભય પામીને આ લોકના કે પરલોકના હિતના ઉપાયરૂપે ધર્મ માત્રના પ્રણિધાનરૂપ અર્થાત્ ધર્મ માત્ર કરવાની ઇચ્છારૂપ જે ધર્મરાગ છે તે મોક્ષનું બીજ નથી. ॥૪૪॥

**શ્લોક :-**

बाह्यान्युदाराणि जिनेन्द्रयात्रा-
स्नात्रादिकर्माण्यत एव भक्त्या ।

**बुधैः समालोककलोकबीजा-**
**धानावहत्वादुपबृंहितानि ।।४५।।**

**શ્લોકાર્થ :-**

**આથી જ=ધર્મ માત્રના પ્રણિધાનરૂપ ધર્મરાગ મોક્ષનું બીજ નથી પરંતુ પૂર્વમાં કહેલ સ્વરૂપવાળો સદ્ધર્મરાગ મોક્ષનું બીજ છે આથી જ, ભક્તિથી બાહ્ય ઉદાર જિનેન્દ્રયાત્રા-સ્નાત્રાદિ કર્મો બુધો વડે ઉપબૃંહિત છે; કેમ કે સમાલોકક એવા લોકમાં બીજાધાનનું આવહપણું છે=બાહ્ય ઉદાર મહોત્સવોને સમ્યગ્ રીતે જોનારા લોકોમાં બીજાધાનને કરનાર છે. ।।૪૫।।**

**ભાવાર્થ :-**

**બાહ્ય ઉદારમહોત્સવોને સમ્યગ્ રીતે જોનારા લોકમાં બીજાધાન કરનાર હોવાથી ભક્તિથી બાહ્ય ઉદાર જિનેન્દ્રયાત્રા-સ્નાત્રમહોત્સવ બુધો વડે ઉપબૃંહિત :-**

શ્લોક-૪૪માં કહ્યું કે મારે ધર્મ કરવો છે એવો અભિલાષ થાય તે માત્ર મોક્ષનું બીજ નથી પરંતુ ઉત્તમ આચારોને જોઈને તેવા ઉત્તમ આચારો સેવવાની ઇચ્છારૂપ સદ્ધર્મરાગ મોક્ષનું બીજ છે, આથી જ તત્ત્વના જાણનારા એવા બુધ પુરુષો વિવેકવાળી ભગવાનની યાત્રા-સ્નાત્રાદિ ક્રિયાઓને ઉપબૃંહિત કરે છે અર્થાત્ શ્રાવકો આગળ તે કૃત્યની પ્રશંસા કરે છે અને કહે છે કે મનુષ્યજન્મનો આ જ સાર છે કે અતિવૈભવપૂર્વક ભગવાનની યાત્રાઓ કરવી, સ્નાત્રમહોત્સવ કરવા. ફક્ત તે કૃત્યો અન્ય કોઈ આશંસાથી કરવાં જોઈએ નહીં. પરંતુ વીતરાગ પ્રત્યેની ભક્તિથી કરવાં જોઈએ અને વીતરાગ પ્રત્યે ભક્તિથી આવાં ઉદાર વૈભવવાળાં કૃત્યો કેમ કરવાં જોઈએ તેમાં યુક્તિ આપે છે કે જેઓ કંઈક ભદ્રકપ્રકૃતિવાળા છે તેઓ સમ્યક્ આલોકક છે=સમ્યગ્ જોનારા છે, અને તેવા સમ્યગ્ જોનારા લોકોને આ ઉદાર કૃત્યથી ભગવાન પ્રત્યે બહુમાન થાય છે જેથી તેઓમાં બીજાધાન થાય છે, માટે કોઈને ભગવાન પ્રત્યે ભક્તિ થઈ હોય તેઓએ પણ અન્ય જીવોને બીજાધાન થાય તેવા શુભ આશયથી ઉદાર એવાં સ્નાત્રદિ કૃત્યો કરવાં જોઈએ. **।।૪૫।।**

**શ્લોક :-**

अन्ये तु धर्मप्रणिधानमात्रं,
बीजं जगुर्यन्न शिवाशयोऽपि ।
घने मलेऽनन्त्यविवर्तगे स्याद्,
वाच्यं पुनः किं तदुपायरागे ।।४६।।

**શ્લોકાર્થ :-**

**અન્ય વળી, ધર્મ પ્રણિધાનમાત્ર=મોક્ષ માટે ધર્મ કરવાની ઈચ્છામાત્ર, બીજ કહે છે=મોક્ષનું બીજ કહે છે, જે કારણથી શિવાશય પણ ઘનમળવાળા અનન્ત્યવિર્વતમાં અર્થાત્ અચરમાવર્તમાં ન થાય તો વળી તેના ઉપાયના રાગમાં શું કહેવું ?=મોક્ષના ઉપાયભૂત અનુષ્ઠાનના રાગમાં શું કહેવું ? અર્થાત્ મોક્ષના ઉપાયભૂત અનુષ્ઠાનમાં રાગ થાય નહિ. માટે મોક્ષના ઉપાયભૂત અનુષ્ઠાનમાં મોક્ષના આશયથી કરવાની ઈચ્છા છે તે પણ યોગબીજ છે એમ અન્વય છે. ॥૪૬॥**

**ભાવાર્થ :-**

**અચરમાવર્તમાં મોક્ષના આશયનો અભાવ મોક્ષના ઉપાયભૂત ક્રિયા-રાગનો પણ અભાવ :-**

શ્લોક-૪૪માં કહ્યું કે સદ્ધર્મનો રાગ મોક્ષનું બીજ છે પરંતુ ધર્મમાત્ર કરવાનું પ્રણિધાન મોક્ષનું બીજ નથી અને આથી જ બુધપુરુષો ભગવાનના શાસનની પ્રભાવના થાય તેવાં ઉદાર યાત્રામહોત્સવાદિ કૃત્ય કરે છે જેથી યોગ્યજીવોને તે ઉદાર પ્રવૃત્તિ જોઈને સદ્ધર્મનો રાગ થાય.

વળી, કેટલાક કહે છે કે સંસારના પરિભ્રમણથી ત્રાસ પામેલા જીવો ધર્મ કરવા માત્રની ઇચ્છા કરે છે તે પણ બીજ છે; કેમ કે જ્યાં સુધી જીવોમાં ઘનમળ હોય અર્થાત્ દીર્ઘ સંસાર ચલાવે તેવાં ગાઢ કર્મો હોય ત્યારે મોક્ષનો આશય પણ થતો નથી. આથી જ ચરમાવર્ત બહારના જીવો મોક્ષના આશયવાળા થતા નથી અને જેઓને મોક્ષનો આશય થાય નહિ તેને મોક્ષના ઉપાયભૂત

ક્રિયાનો પણ રાગ થાય નહિ, તેઓ ધર્મ કરવાની ઇચ્છા કરે છે તે પરમાર્થથી સંસારમાં ભોગાદિ સામગ્રીની પ્રાપ્તિની અર્થે જ કરે છે અને ભોગના ઉપાયરૂપે ધર્મની ઇચ્છા ક્યારેક વ્યક્તરૂપે ધર્મ કરતી વખતે હોય છે તો ક્યારેક વ્યક્તરૂપે તેવી ઇચ્છા ન હોય તોપણ જેઓને સંસારના ભોગમાં ઉત્કટ સારબુદ્ધિ છે અને તે ઉત્કટ સારબુદ્ધિના કારણે ભોગના સંક્લેશ વગરની મુક્ત અવસ્થા રુચે તેમ નથી તેવા જીવોની ધર્મની પ્રવૃત્તિ ધર્મરાગથી થતી નથી માટે મોક્ષનું બીજ નથી. પરંતુ જેઓને સંસારના પરિભ્રમણ પ્રત્યે ઉદ્વેગ થયો છે તેથી ધર્મ કરવાની ઇચ્છા થઈ છે તે પણ યોગનું બીજ છે; કેમ કે મુક્તિ પ્રત્યેના અદ્વેષથી કે મનાગ્=અલ્પ મુક્તિરાગથી પ્રેરિત તેઓનો ધર્મરાગ છે. ॥૪૬॥

**અવતરણિકા :-**

**શ્લોક-૪૪માં કહ્યું કે સદ્ધર્મનો રાગ મોક્ષનું બીજ છે, ધર્મ માત્ર કરવાની ઇચ્છા મોક્ષનું બીજ નથી. વળી, શ્લોક-૪૬માં કહ્યું કે કેટલાક ધર્મપ્રણિધાન માત્રને મોક્ષનું બીજ કહે છે; કેમ કે ઘનમળવાળા અચરમાવર્તકાળમાં જીવને મોક્ષનો આશય પણ થતો નથી. તેથી મોક્ષના ઉપાયમાં રાગ કેવી રીતે થાય ? માટે મોક્ષના ઉપાયના રાગપૂર્વક ધર્મ માત્ર કરવાની ઇચ્છા મોક્ષનું બીજ છે. તેની પુષ્ટિ કરવા અર્થે જ કહે છે –**

**શ્લોક :-**

धर्मस्य येष्टा विषयस्वरूपा-
नुबन्धनिष्ठा त्रिविधा विशुद्धिः ।
सर्वाऽपि मोक्षार्थमपेक्ष्य साक्षात्-
परम्पराहेतुतया शुभा सा ।।४७।।

**શ્લોકાર્થ :-**

**વિષય-સ્વરૂપ-અનુબંધનિષ્ઠ=વિષયનિષ્ઠ, સ્વરૂપનિષ્ઠ અને અનુબંધ-નિષ્ઠ ધર્મની જે ત્રણ પ્રકારની વિશુદ્ધિ ઈષ્ટ છે, તે સર્વ પણ મોક્ષ પ્રયોજનની અપેક્ષાએ સાક્ષાત્ કે પરંપરાએ હેતુપણાથી શુભ છે. ॥૪૭॥**

**ભાવાર્થ :-**

**વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાન મોક્ષ પ્રયોજનની અપેક્ષાએ સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષનું કારણ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે જેને મોક્ષનો રાગ ન થાય તેને મોક્ષના ઉપાયની ઇચ્છા થાય નહિ, પરંતુ મોક્ષની ઇચ્છાથી ધર્મમાત્રની ઇચ્છા મોક્ષનું બીજ છે. તેથી ધર્મની ત્રણ પ્રકારની શુદ્ધિ જે શાસ્ત્રમાં કહી છે તે પણ સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષનો હેતુ બને તેવી પ્રવૃત્તિને આશ્રયીને કહેવાયેલ છે.

આનાથી એ ફલિત થાય છે કે જે ક્રિયામાં મોક્ષના ઉપાયનો રાગ ન હોય તે ક્રિયા મોક્ષનું બીજ બને નહીં. આથી જ વિષયાદિ શુદ્ધ ત્રણે પ્રકારનાં અનુષ્ઠાનમાં મોક્ષનો રાગ છે માટે તે મોક્ષનું બીજ બને છે અને અનુષ્ઠાનની ત્રણ પ્રકારેની શુદ્ધિ આ પ્રમાણે છે.

**વિષયશુદ્ધ અનુષ્ઠાન :-**

જેઓને સંસારથી પર એવો મોક્ષ ઉપાદેય લાગે છે તેઓ મોક્ષના અર્થે મોક્ષના ઉપાયભૂત એવી ભૃગુપાત આદિ ક્રિયાઓ કરે છે. તેમની તે ક્રિયા મોક્ષને અનુકૂળ નહિ હોવા છતાં તે ક્રિયાનો વિષય અર્થાત્ તે ક્રિયાનું લક્ષ મોક્ષ છે તેથી તે ક્રિયા વિષયશુદ્ધ છે. આ પ્રવૃત્તિનો વિષય મોક્ષ હોવાથી ઉચિત જન્મની પ્રાપ્તિ કરાવીને પરંપરાએ મોક્ષનું કારણ બનશે માટે વિષયશુદ્ધ છે, પરંતુ સ્વરૂપથી શુદ્ધ નથી કે અનુબંધથી શુદ્ધ નથી.

**સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન :-**

વળી, જેઓ મોક્ષના આશયથી યમનિયમ આદિ આચારો પાળે છે, કદાગ્રહ વગરના છે, આમ છતાં ભગવાનના શાસનને પામેલા નથી તેવા અન્યદર્શનવાળા કે ભગવાનના શાસનને પામેલા સ્થૂલબોધવાળા અપુનર્બંધક જીવો જે ધર્મની આચરણા કરે છે તે આચરણા સ્વરૂપથી અહિંસાદિના પાલનરૂપ હોવાથી શુદ્ધ છે અને મોક્ષના આશયથી કરાતી હોવાના કારણે વિષયથી પણ શુદ્ધ છે. પણ સૂક્ષ્મ વિવેકવાળી પ્રવૃત્તિ નહિ હોવાથી અનુબંધથી શુદ્ધ નથી. આ પ્રવૃત્તિ પણ મોક્ષના આશયપૂર્વક સદાચારરૂપ હોવાથી પરંપરાએ મોક્ષનું કારણ છે માટે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન કહેવાયેલ છે.

**અનુબંધશુદ્ધ અનુષ્ઠાન :-**

વળી, જે ધર્મની પ્રવૃત્તિ સૂક્ષ્મ બોધપૂર્વક જિનવચન અનુસાર કરાય છે તે અનુબંધશુદ્ધ છે, આથી સમ્યગ્દષ્ટિ વગેરે જીવો પોતાની ભૂમિકાનું સમ્યગ્ સમાલોચન કરીને ઉત્તર ઉત્તરની ભૂમિકાનું કારણ બને એવી જે ધર્મની પ્રવૃત્તિ કરે છે તે અનુબંધશુદ્ધ છે.

આ પ્રવૃત્તિનો વિષય મોક્ષ છે અને આ પ્રવૃત્તિનું સ્વરૂપ શુદ્ધધર્મના આચારો છે અને આ સર્વ પ્રવૃત્તિ ઉત્તર ઉત્તરની ભૂમિકાનું કારણ બને તે રીતે વિવેકપૂર્વક સેવાય છે માટે વિષયશુદ્ધ છે, સ્વરૂપશુદ્ધ છે અને અનુબંધશુદ્ધ છે માટે સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને ધર્મનું પ્રણિધાનમાત્ર આ ત્રણે પ્રકારની શુદ્ધિથી રહિત હોય તો મોક્ષનું બીજ નથી અને સંસારના પરિભ્રમણથી ત્રાસ થવાના કારણે ધર્મ કરવાનું પ્રણિધાન હોય તો મોક્ષનું બીજ છે એમ પૂર્વશ્લોક-૪૬ સાથે સંબંધ છે. **॥૪૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૪માં કહેલ કે સદાચારપર એવા લોકોને જોઈને સદાચાર સેવવાની ઈચ્છા એ સદ્ધર્મરાગ છે અને તે મોક્ષનું બીજ છે, પરંતુ ધર્મમાત્રનું પ્રણિધાન નહિ. તેથી એ ફલિત થાય કે સદ્ધર્મનો રાગ એ વૈરાગ્ય-કલ્પવેલીનું બીજ છે. હવે બીજમાંથી જેમ અંકુરો થાય તેમ સદ્ધર્મરાગરૂપ બીજમાંથી અંકુરાસ્થાનીય કઈ પ્રવૃત્તિ છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**शुद्धक्रियेच्छाविषयोऽनुबन्धः,**
**स्थानेऽङ्कुरस्याभिहितोऽत्र बुद्धैः ।**
**असज्जिहासासदुपायलिप्सा-**
**बुद्धिद्विपत्रीपरिणामभाजः ।।४८ ।।**

**શ્લોકાર્થ :-**

**અસદ્‌ની જિહાસા=અસદ્‌નો ત્યાગ કરવાની ઈચ્છા, અને સદ્‌ઉપાયની**

**લિપ્સા એ રૂપ જે બુદ્ધિ તે બુદ્ધિસ્વરૂપ બે પત્રના પરિણામને ભજનાર શુદ્ધ ક્રિયાની ઇચ્છા છે વિષય જેને એવો અનુબંધ અહીં=વૈરાગ્યરૂપી કલ્પવેલીમાં, અંકુરના સ્થાને બુદ્ધો વડે કહેવાયો છે. ।।૪૮।।**

**ભાવાર્થ :-**

**અંકુરસ્થાનીય ધર્મનું સ્વરૂપ :-**

શ્લોક-૪૪માં મોક્ષનું બીજ શું છે તે બતાવ્યું. હવે તે બીજમાંથી અંકુરો થાય છે તે અંકુરસ્થાનીય ધર્મ કેવો છે તેનું સ્વરૂપ બતાવે છે –

સદ્ધર્મપરાયણ એવા લોકોના આચારને જોઈને તેના જેવા આચાર કરવાની ઇચ્છા થયા પછી અસદ્આચારોનો ત્યાગ કરવાની ઇચ્છા થાય છે અને સદ્આચારોના ઉપાયોને પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે. તે બે પ્રકારની બુદ્ધિ બીજમાંથી ઉત્પન્ન થયેલ બે પાંદડાં જેવા બે પ્રકારના પરિણામરૂપ છે અને આ બે પરિણામથી યુક્ત શુદ્ધ ક્રિયા કરવાની ઇચ્છાનો ચિત્તમાં પ્રવાહ ચાલે તેને બુદ્ધપુરુષો અંકુરના સ્થાને કહે છે. **।।૪૮।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બીજના વપનના ઉત્તરભાવી અંકુરાસ્થાનીય ધર્મનું સ્વરૂપ બતાવ્યું, હવે તે અંકુરામાંથી સ્કંધ બને છે, તે સ્કંધસ્થાનીય ધર્મનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**अन्वेषणा या तदुपायनिष्ठा,**
**तत्त्वेक्षणव्यापृतयोगदृष्ट्या ।**
**असद्ग्रहोत्तीर्णविचारचारु-**
**स्कन्धस्वरूपा प्रणिगद्यते सा ।।४९।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વને જોવામાં વ્યાપૃત એવી યોગદષ્ટિથી=કોઈ યોગી પુરુષ શુદ્ધ ક્રિયાના ઉપાયો બતાવતા હોય ત્યારે તે શુદ્ધ ક્રિયા કેવી રીતે લક્ષ્યવેધી**

**બને તેના તત્ત્વને જોવા માટે વ્યાપૃત એવી યોગદૃષ્ટિથી, તેના ઉપાયનિષ્ઠ જે અન્વેષણા=શુદ્ધ ક્રિયાના ઉપાયનિષ્ઠ "કઈ રીતે આ મારી ક્રિયા લક્ષ્યવેધી બને ?" એ પ્રકારની અન્વેષણા, તે અસદ્ગ્રહથી ઉત્તીર્ણ એવા વિચારથી સુંદર સ્કંધસ્વરૂપ કહેવાય છે=યથાતથા ક્રિયા કરવાની મનોવૃત્તિરૂપ જે અસદ્ગ્રહ તેનાથી રહિત એવો જે સુંદર વિચાર તત્સ્વરૂપ અન્વેષણા કહેવાય છે. ।।૪૯।।**

**ભાવાર્થ :-**

**સ્કંધસ્થાનીય ધર્મનું સ્વરૂપ :-**

સદાચારપરાયણ જીવોને જોઈને સદાચારની ઇચ્છા થઈ. ત્યાર પછી શુદ્ધ ક્રિયા કરવાની ઇચ્છાના વિષયવાળો પ્રવાહ શરૂ થયો જે અંકુરરૂપ છે. ત્યાર પછી તત્ત્વના અર્થી જીવો યોગીપુરુષ પાસે જઈને શુદ્ધ ક્રિયાના ઉપાયોની અન્વેષણા કરે છે અર્થાત્ શુદ્ધ ક્રિયાના ઉપાયને જાણવા ઉદ્યમ કરે છે. તે વખતે યોગી પુરુષોના વચનને તે રીતે જાણવા યત્ન કરે કે, જેથી પોતે આ ક્રિયા લક્ષ્યવેધી કરી શકે તેવો ક્ષયોપશમ થાય અને તે ક્રિયાની સમ્યગ્ નિષ્પત્તિ માટે તત્ત્વને જોવા માટે વ્યાપારવાળી એવી યોગમાર્ગની દૃષ્ટિથી તેના ઉપાયોને જાણવા માટે ઉદ્યમ કરે છે.

વળી, માત્ર તેના ઉપાયોને જાણવાથી તેમને સંતોષ થતો નથી પરંતુ યથાતથા ક્રિયા કરવાના અસદ્ગ્રહથી ઉત્તીર્ણ અને શુદ્ધ ક્રિયા કરવાના વિચારોથી સુંદર એવી તે સદ્ઉપાયોની અન્વેષણા ચિત્તમાં વર્તે છે, જેને સ્કંધસ્વરૂપ કહેવામાં આવે છે. **।।૪૯।।**

**શ્લોક :-**

**ततः प्रवृत्तिः शमसंयुता या,**
**वैराग्यहेतौ विविधे विचित्रा ।**
**सत्यक्षमाब्रह्मदयादिके सा,**
**पत्रप्रवालादिसमा पवित्रा ।।५०।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=શ્લોક-૪૯માં કહેલ અન્વેષણા કર્યા પછી, સત્ય, ક્ષમા, બ્રહ્મ અને દયા આદિ રૂપ વિવિધ પ્રકારના વૈરાગ્યના હેતુમાં વિચિત્ર=વિવિધ પ્રકારની, અને પવિત્ર એવી શમસંયુક્ત જે પ્રવૃત્તિ છે તે પત્રના પ્રવાલાદિ સમ છે=પાંદડાની નવી નવી કુંપળોવાળી ડાળીઓ સમાન છે. ॥૫૦॥**

**ભાવાર્થ :-**

**પાંદડાની નવી નવી કૂંપળોવાળી ડાળીઓ સમાન ધર્મનું સ્વરૂપ :-**

શ્લોક-૪૯માં શુદ્ધક્રિયાની નિષ્પત્તિના ઉપાયનિષ્ઠ અન્વેષણા બતાવી તે અન્વેષણા થયા પછી સદ્ઉપાયમાં પ્રવૃત્તિ થાય છે. તે પ્રવૃત્તિ સ્કંધ થયા પછી તે સ્કંધમાં ફૂટતા પત્રના પ્રવાલાદિ સમાન છે=ઝીણા ઝીણા પાંદડાના નવા અંકુરાદિ જેવી છે અને આ પ્રવૃત્તિનો વિષય સત્ય, ક્ષમા, બ્રહ્મચર્ય, દયા આદિ ઉચિત પ્રવૃત્તિઓ છે. આ પ્રવૃત્તિ અનેક પ્રકારની આચરણારૂપ છે અને આ આચરણા વિવિધ પ્રકારના વૈરાગ્યનો હેતુ છે અર્થાત્ જીવમાં જે સંગની પરિણતિ છે તેનાથી વિરુદ્ધ એવા અસંગભાવને અભિમુખ ઉત્તમ સંસ્કારો નાંખે તેવા વિરક્તભાવરૂપ જે વૈરાગ્ય છે તેનો હેતુ છે.

વળી, આ પ્રવૃત્તિ સમસંયુક્ત છે અર્થાત્ લક્ષ્યવેધી ઉપયોગમાં બાધક એવા કષાયોના શમનથી થયેલા શાંતપરિણામથી યુક્ત છે જેના ફળરૂપે વૈરાગ્યકલ્પલતા ઉત્તરોત્તર વૃદ્ધિવાળી બને છે. **॥૫૦॥**

**શ્લોક :-**

**संपद्यते संभृतमत्र चेति,**
**कर्तव्यताया उपनायकं यत् ।**
**भाग्योदयात् सद्गुरुधर्मबन्धु-**
**योगादिकं पुष्पभरोपमं तत् ।।५१।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=વૈરાગ્યના સદ્ઉપાયની પ્રવૃત્તિમાં, ભાગ્યોદયથી ઈતિકર્તવ્યતાનો**

**ઉપનાયક=વૈરાગ્યના ઉપાયો જે રીતે સમ્યગ્ કરવા યોગ્ય છે એ પ્રકારની કર્તવ્યતાને બતાવનાર, એવો જે સંભૃત=અનેકગુણોથી યુક્ત સદ્‌ગુરુધર્મ-બંધુ યોગાદિ=સદ્‌ગુરુનો યોગ અને કલ્યાણમિત્રના યોગ આદિ, જે પ્રાપ્ત થાય છે તે પુષ્પભર ઉપમાવાળો છે=વૈરાગ્યકલ્પલતામાં પુષ્પના સમૂહની ઉપમાવાળો છે. ।।૫૧।।**

**ભાવાર્થ :-**

**વૈરાગ્યકલ્પલતામાં પુષ્પના સમૂહસ્થાનીય યોગમાર્ગની પ્રાપ્તિનું સ્વરૂપ :-**

વૈરાગ્યની કલ્પવેલીના બીજાદિ ક્રમથી પત્રના પ્રવાલાદિની પ્રાપ્તિ પછી તે કલ્પવેલીમાં પુષ્પોની પ્રાપ્તિસ્થાનીય યોગમાર્ગની પ્રાપ્તિ શું છે તે બતાવે છે -

યોગમાર્ગમાં પ્રવૃત્ત એવા યોગીને પુણ્યના ઉદયથી ઉત્તમ ગુરુનો અને કલ્યાણમિત્રનો યોગ થાય કે જે સદ્‌ગુરુઆદિ પોતાની ભૂમિકા પ્રમાણે ઉત્તરોત્તર યોગમાર્ગની વૃદ્ધિના ઉપાયોના સેવન માટે ઉચિત કર્તવ્યતા શું છે તે બતાવનારા હોય છે. જેથી વૈરાગ્યના હેતુ એવા યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરનારા યોગીને પણ ઉત્તરોત્તર યોગમાર્ગની વૃદ્ધિ થાય.

વળી, તે સદ્‌ગુરુ અને ધર્મબંધુનો યોગ અનેક ગુણોથી સંભૃત છે તેથી ભાગ્યના ઉદયથી પ્રાપ્ત થયેલો એવો આ યોગ યોગ્યજીવોને ઉત્તર ઉત્તરના યોગમાર્ગની પ્રાપ્તિમાં પ્રબળ કારણ બને છે. તેથી જેમ કલ્પવેલીમાં પુષ્પોનું આગમન થાય ત્યારે કહી શકાય કે હવે નજીકમાં આ વેલીમાં ફળોની પ્રાપ્તિ થશે તેમ આ યોગીને સદ્‌ગુરુનો અને ધર્મબંધુનો યોગ થવાથી સર્વ ઉચિત પ્રવૃત્તિ સમ્યક્ કરીને સંસારના ઉચ્છેદનું કારણ બને તેવા સદ્‌વીર્યની પ્રાપ્તિરૂપ ફળ શીઘ્ર પ્રાપ્ત થશે તેવો નિર્ણય થાય છે. **।।૫૧।।**

**શ્લોક :-**

**मोहस्पृशां कुम्भकुटीप्रभात-**
**न्यायेन या स्याद् विफला प्रवृत्तिः**
**फलावहां कर्तुमिमां समर्थः,**
**सद्ज्ञानभानुर्गुरुरेव भानुः ।।५२।।**

**શ્લોકાર્થ :-**

**કુંભકુટીપ્રભાતન્યાયથી મોહને સ્પર્શનારાઓની જે વિફલ પ્રવૃત્તિ થાય એને ફલાવહ કરવા માટે સદ્જ્ઞાન ભાનુ છે જેને એવા ગુરુરૂપ જ ભાનુ સમર્થ છે. ।।પ૨।।**

**ભાવાર્થ :-**

**સદ્ગુરુનો યોગ કઈ રીતે ઉપકારક ? :-**

મોહના સ્પર્શવાળા જીવો જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે વિફલ થાય છે અને તેમની સંસારની પ્રવૃત્તિ તો આત્મકલ્યાણનું કારણ બનતી નથી પરંતુ ધર્મની પ્રવૃત્તિ પણ આત્મકલ્યાણનું કારણ બનતી નથી પણ વિફળ થાય છે.

કઈ રીતે વિફલ થાય છે ? તે બતાવે છે – કુંભ આકારની ઝૂંપડી હોય તેમાં ક્યારેક પ્રભાતનાં કિરણો પ્રાપ્ત થાય નહિ પણ સદા અંધકાર પ્રવર્તે તેમ મોહવશવર્તી જીવોના ચિત્તમાં સર્વજ્ઞના વચનરૂપ તત્ત્વનો પ્રકાશ ક્યારેય પ્રવેશ પામતો નથી તેથી તેઓની સર્વ પ્રવૃત્તિ વિફળ થાય છે. મોહવાળા જીવોની તે વિફળપ્રવૃત્તિને, શાસ્ત્રવચનનું જ્ઞાન છે જેને તેવા ગુરુરૂપી સૂર્ય જ સફલ કરવામાં સમર્થ છે અર્થાત્ તેવા ગુણવાન ગુરુની પ્રાપ્તિ કરીને યોગ્ય જીવોના ચિત્તમાં સર્વજ્ઞના વચનનો પ્રકાશ પ્રવેશ પામે છે તેથી પૂર્વમાં મોહને વશ થતી નિષ્ફળ પ્રવૃત્તિ સફળ બને છે. **।।પ૨।।**

**અવતરણિકા :-**

**શ્લોક-પ૧માં કહેલ છે ભાગ્યોદયથી સદ્ગુરુનો અને ધર્મબંધુનો યોગ થાય છે. તેથી પૂર્વશ્લોકમાં સદ્ગુરુનો યોગ કઈ રીતે ઉપકારક છે તે બતાવ્યું. હવે ધર્મબંધુનો યોગ કઈ રીતે ઉપકારક છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**अज्ञानभाजां विनिपातहेतु-**
**श्छन्नोऽस्ति यो मोहमहापदन्धुः ।**
**हस्ते गृहीत्वा विनिवार्य तस्मा-**
**ज्जनं नयत्यध्वनि धर्मबन्धुः ।।५३।।**

**શ્લોકાર્થ :-**

**અજ્ઞાનને ભજવનારા જીવોના વિનિપાતનો હેતુ, છન્ન એવો જે= આચ્છાદિત એવો જે, મોહ મહાપદ અંધુ છે=મોહના મહાસ્થાનરૂપ અંધકારવાળો કૂવો છે, તેનાથી ધર્મબંધુ હાથમાં પકડીને નિવારણ કરીને= મોહમહાપદ અન્ધુથી=મોહના સ્થાનરૂપ અંધકારવાળા કૂવાથી ધર્મબંધુ હાથમાં પકડીને નિવારણ કરીને, લોકને માર્ગમાં લઈ જાય છે. ॥૫૩॥**

**ભાવાર્થ :-**

**ધર્મબંધુનો યોગ કઈ રીતે ઇતિકર્તવ્યતાનો ઉપનાયક ? :-**

ભાગ્યોદયથી સદ્ગુરુનો અને ધર્મબંધુનો યોગ પ્રાપ્ત થાય છે એ શ્લોક-૫૧માં બતાવ્યું. તે ધર્મબંધુ યોગ્ય જીવોને કઈ રીતે ઇતિકર્તવ્યતાનો ઉપનાયક થાય છે ? તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે. યોગમાર્ગમાં પ્રસ્થિત પણ જીવો અજ્ઞાનને વશ વિપરીત પ્રવૃત્તિ કરીને અહિત સાધે છે. તેવા જીવોમાં વર્તતો મોહરૂપ જે મહાપદ તે રૂપ અંધકારવાળો કૂવો છે. વળી, તે કૂવો એવો છન્ન છે કે પોતાનામાં આ પ્રકારનો અંધકાર વર્તે છે તેવું પણ જ્ઞાન થતું નથી, તેથી તે કૂવો વિનિપાતનો હેતુ બને છે.

જેમ માર્ગમાં જનાર મુસાફરને કોઈક સ્થાનમાં ઘાસાદિથી આચ્છાદિત કૂવો હોય અને તે જનાર મુસાફરને જ્ઞાન ન હોય કે આ સ્થળે કૂવો છે અને અજ્ઞાનને વશ જાય તો તે કૂવો વિનિપાતનો હેતુ બને છે તેમ યોગમાર્ગમાં પ્રસ્થિત જીવોને કયા સ્થાને કઈ ઉચિત પ્રવૃત્તિ કરવી તે વિષયમાં મોહરૂપી મહાઅંધકાર વર્તે છે અને તે અંધકાર પોતાનામાં વર્તે છે તેવું પણ જ્ઞાન નથી. તેથી અજ્ઞાની એવા તે જીવો તેવી પ્રવૃત્તિ કરીને વિનિપાતને પામે છે. આમ છતાં ભાગ્યના ઉદયથી જેઓને ધર્મબંધુનો યોગ થયો છે તેઓ "આ ધર્મબંધુ ગુણોથી સંભૃત છે" એમ જાણીને સદા તેમના વચનઅનુસાર વર્તે છે, તેવા યોગ્ય જીવોને તે ધર્મબંધુ વિનિપાતના હેતુ એવા તે કૂવામાં પડવાથી નિવારણ કરવા હાથ પકડીને માર્ગમાં લઈ જાય છે તેથી અજ્ઞાનને વશ તે પ્રકારે અહિત થવાની સંભાવના હતી તેનાથી નિવારણ થાય છે. **॥૫૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૫૧માં વૈરાગ્યથી પ્રાપ્ત થતા પુષ્પોસ્થાનીય યોગમાર્ગની પ્રાપ્તિનું સ્વરૂપ બતાવ્યું. હવે વૈરાગ્યરૂપી કલ્પલતામાં પ્રાપ્ત થતા ફળનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**ततश्च सद्धर्मपथोपदेशात्,**
**सत्संगमाच्चोल्लसितस्ववीर्यात् ।**
**यो भावधर्मस्य रहस्यलाभः,**
**पचेलिमं तत्फलमामनन्ति ।।५४।।**

**શ્લોકાર્થ :-**

**અને ત્યાર પછી અર્થાત્ સદ્‌ગુરુનો યોગ અને ધર્મબંધુનો યોગ થયા પછી સદ્‌ધર્મના પથના ઉપદેશથી અને સત્સંગમથી ઉલ્લસિત થયેલા સ્વવીર્યને કારણે જે ભાવધર્મના રહસ્યનો લાભ થાય છે તેને પાકેલા ફળરૂપે બુધો કહે છે. ।।૫૪।।**

**ભાવાર્થ :-**

**વૈરાગ્યકલ્પલતાનાં ફળોનું સ્વરૂપ :-**

વૈરાગ્યકલ્પલતામાં પુષ્પો આવ્યા પછી સદ્‌ગુરુ પાસેથી સદ્‌ધર્મનો ઉપદેશ પ્રાપ્ત થાય છે. અને કલ્યાણમિત્રના સંગના કારણે સ્વવીર્ય ઉલ્લસિત થાય છે. તેથી ભાવધર્મનું રહસ્ય જીવને પ્રાપ્ત થાય છે અર્થાત્ માત્ર બાહ્ય ક્રિયા નહિ પરંતુ ઉચિત રીતે સેવાયેલી બાહ્ય ક્રિયાથી પ્રગટ થતો મોહના ઉચ્છેદને અનુકૂળ એવો નિર્મળ કોટીનો પરિણામ તે ભાવધર્મ છે અને તે ભાવધર્મના રહસ્યનો લાભ સદ્‌ઉપદેશથી અને કલ્યાણમિત્રના સંગથી ઉલ્લસિત થયેલા સ્વવીર્યથી થાય છે તે વૈરાગ્યકલ્પલતાનું પાકેલું ફળ છે.

જેમ જીવની યોગ્યતાને જોઈને કોઈ વિવેકી ગુરુ કે કલ્યાણમિત્ર કહે કે માત્ર બાહ્યક્રિયાથી અંતરંગ ગુણો પ્રગટ થતા નથી તેથી સ્વશક્તિ અનુસાર સર્વજ્ઞ

કથિત 'નવકાર આદિ સૂત્રો'ના વાચ્ય અર્થનો સ્વશક્તિ અનુસાર બોધ કરીને ઉચિત કાળે તે તે અર્થને સ્પર્શે એ રીતે જપ કરવાથી ચિત્ત વીતરાગના ગુણોને સ્પર્શે છે જેનાથી આત્મામાં કંઈક કંઈક સ્વઉપયોગ અનુસાર જે ભાવો સ્પર્શે છે તે આત્મામાં સંસ્કારરૂપે રહે છે અને તે પ્રકારના માનસવ્યાપારકાળમાં બંધાયેલું પુણ્ય જન્માંતરમાં તે પ્રકારની સામગ્રી આપીને ફરી તે સંસ્કારનો ઉદ્બોધ કરશે, જેથી ઉત્તરોત્તરના યોગમાર્ગની પ્રાપ્તિથી સંસારનો અંત થશે. આ પ્રકારના ભાવધર્મના રહસ્યનો લાભ એ પાકેલા ફળરૂપ છે. **॥૫૪॥**

**શ્લોક :-**

**प्रोक्तो जिनेन्द्रैरयमेव मोक्ष-**
**प्रसाधको निश्चयतोऽनुपाधिः ।**
**द्रव्यात्मको नीतिकुलादिभावी,**
**धर्मस्तु दत्त्वाऽभ्युदयं प्रयाति ।।५५।।**

**શ્લોકાર્થ :-**

**જિનેશ્વરો વડે કહેવાયેલો અનુપાધિસ્વરૂપ આ જ=શ્લોક-૫૪માં કહેલ ભાવધર્મ જ, નિશ્ચયથી=પરમાર્થથી, મોક્ષનો પ્રસાધક કહેવાયો છે. વળી, નીતિકુલાદિભાવિ=નીતિકુલાદિથી થનારો દ્રવ્યાત્મક ધર્મ અભ્યુદયને આપીને ચાલ્યો જાય છે. ।।૫૫।।**

❖ 'नीतिकुलादिं'માં 'आदि' પદથી શ્રાવકાચારનું, સાધ્વાચારનું ગ્રહણ કરવું,

**ભાવાર્થ :-**

**જિનેશ્વરોએ કહેલ અનુપાધિસ્વરૂપ ભાવધર્મ પરમાર્થથી મોક્ષસાધક :-**

શ્લોક-૫૧માં કહ્યું કે સદ્ગુરુનો અને ધર્મબંધુનો યોગ પુષ્પાદિભરની ઉપમાવાળો છે તે સદ્ગુરુનો અને ધર્મબંધુનો યોગ થયા પછી તે સદ્ગુરુ સદ્ધર્મના પથનો ઉપદેશ આપે છે અને ધર્મબંધુના સંગમથી યોગ્ય જીવોનું વીર્ય ઉલ્લસિત થાય છે, તેથી સ્વશક્તિ અનુસાર તેવા જીવો શુદ્ધધર્મને સેવે છે. તે શુદ્ધધર્મની પ્રાપ્તિ પરમાર્થથી મોક્ષની પ્રાપ્તિનું પ્રબળ કારણ છે. વળી, આ શુદ્ધધર્મની પ્રાપ્તિ

કર્મના વિગમનથી થયેલ આત્માની મૂળભૂત પ્રકૃતિસ્વરૂપ છે, તેથી તે પ્રકૃતિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષફળમાં પર્યવસન પામશે માટે ભગવાન આ ભાવધર્મને મોક્ષપ્રાપ્તિનું કારણ કહે છે.

**નીતિકુલાદિથી થનારો દ્રવ્યાત્મધર્મ અભ્યુદય આપનાર :-**

વળી, જેઓ નીતિપૂર્વક જીવે, કુલાચાર પાળે છે કે શ્રાવકાચાર કે સાધ્વાચાર પાળે છે તે સર્વથી થનારો દ્રવ્યાત્મક ધર્મ છે, તે ધર્મ અભ્યુદયને આપીને ચાલ્યો જાય છે, મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થતો નથી.

અહીં વિશેષ એ છે કે સદ્ગુરુ પાસેથી યોગમાર્ગના મર્મને સ્પર્શ કરે તેવા માર્ગાનુસારી બોધ થાય છે અને તે ઉપદેશથી જેઓનું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે તેઓ સ્વશક્તિ અનુસાર વીતરાગ ભાવની શક્તિનો સંચય થાય તે રીતે સર્વ પ્રવૃત્તિમાં ઉદ્યમ કરે છે તે ભાવધર્મની પ્રાપ્તિ છે. આ ભાવધર્મની પ્રાપ્તિ કર્મની ઉપાધિના વિગમનરૂપ અંશરૂપ છે અને આ અંશ જ ઉત્તરોત્તર અતિશયિત થઈને સર્વકર્મરહિત અવસ્થાકાલીન આત્માના ધર્મમાં વિશ્રાંત થાય છે. **॥૫૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૪માં મોક્ષનું બીજ શું છે તે બતાવ્યું, જે મોક્ષનું બીજ વૈરાગ્યકલ્પવલ્લીમાં બીજસ્થાનીય છે અને તે બીજ જ ક્રમસર વૃદ્ધિ પામીને વૈરાગ્યકલ્પવલ્લીનાં ફળસ્થાનીય ભાવધર્મની પ્રાપ્તિરૂપ થાય છે તે શ્લોક-૫૪ સુધી બતાવ્યું છે. હવે મોક્ષના બીજભૂત વૈરાગ્યકલ્પવલ્લીનું બીજ ચરમાવર્તમાં થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**बीजस्य संपत्तिरपीह न स्या-**
**दपश्चिमावर्तविवर्तकाले ।**
**एषाऽपि येनातिशयेन चार्वी,**
**भवाभिनन्दित्वनिवृत्तिलभ्या ।।५६।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=સંસારમાં, અપશ્ચિમ આવર્તના વિવર્તકાળમાં=ચરમાવર્તથી પૂર્વના પુદ્ગલ પરાવર્તન કાળમાં, બીજની પ્રાપ્તિ પણ થાય નહિ. જે કારણથી અતિશયથી સુંદર એવી આ પણ=બીજની પ્રાપ્તિ પણ, ભવાભિનંદિત્વની નિવૃત્તિથી લભ્ય છે. ॥૫૬॥**

**ભાવાર્થ :-**

**ચરમાવર્તકાળમાં વૈરાગ્યકલ્પલતાના બીજની પ્રાપ્તિ :-**

અચરમાવર્તકાળમાં વૈરાગ્યકલ્પલતાના બીજની પ્રાપ્તિ થતી નથી. કેમ પ્રાપ્ત થતી નથી ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે, જીવને ભવના ઉપાયો જ્યાં સુધી અતિ સારરૂપ લાગતા હોય ત્યાં સુધી જીવ ભવમાં આનંદ લેવાની વૃત્તિવાળો છે. જ્યારે ભવભ્રમણના કારણીભૂત ભોગાદિ પ્રત્યે કાંઈક રાગ ઓછો થાય છે ત્યારે જીવમાં કંઈક અંશથી ભવાભિનંદિપણાની નિવૃત્તિ થાય છે. આ ભવાભિનંદિપણાની નિવૃત્તિથી જ અતિસુંદર એવી આ વૈરાગ્યકલ્પલતાના બીજની પ્રાપ્તિ થાય છે અર્થાત્ બીજના ઉત્તરવર્તી ભાવો તો ભવાભિનંદિપણાની નિવૃત્તિથી થાય છે, પરંતુ બીજની પ્રાપ્તિ પણ કંઈક અંશથી ભવાભિનંદિપણાની નિવૃત્તિથી થાય છે. **॥૫૬॥**

**શ્લોક :-**

**उप्तेऽपि चास्मिन् विशदत्वमेति,**
**संसारिजीवस्य हि चित्तवृत्तिः ।**
**क्षोभं तदा गच्छति तामसानां,**
**वर्गो महामोहचमूचराणाम् ।।५७।।**

**શ્લોકાર્થ :-**

**આ ઉપ્ત હોતે છતે પણ=મોક્ષના બીજનું વપન કરાયે છતે પણ, સંસારી જીવની ચિત્તવૃત્તિ વિશદત્વને પામે છે=તત્ત્વાભિમુખ બને છે ત્યારે તામસભાવવાળા એવા મહામોહરૂપી ચમૂચરોનો વર્ગ=ચોરટાઓનો વર્ગ=મહામોહરૂપી યોદ્ધાઓનો વર્ગ, ક્ષોભને પામે છે. ॥૫૭॥**

**ભાવાર્થ :-**

**ચરમાવર્તમાં બીજની પ્રાપ્તિ થવાથી સંસારી જીવોની ચિત્તવૃત્તિ તત્ત્વાભિમુખ :-**

શ્લોક-૫૬માં કહ્યું કે ચરમાવર્તમાં બીજની પ્રાપ્તિ થાય છે. તેથી હવે બીજના વપનથી જીવનું ચિત્ત કેવું થાય છે ? તે બતાવે છે – મોક્ષમાર્ગનું બીજ જ્યારે ચિત્તમાં વપન થાય છે ત્યારે સંસારી જીવની ચિત્તવૃત્તિ વિશદપણાને પામે છે.

આશય એ છે કે ભાવમળ અલ્પ થવાને કારણે શુદ્ધધર્મને કરનારા જીવોને જોઈને જેઓને તે ધર્મ પ્રત્યે બહુમાનભાવ થાય છે ત્યારે તે જીવો તે ધર્મની પ્રશંસા કરીને પોતાના ચિત્તમાં તત્ત્વના પક્ષપાતરૂપ બીજનું વપન કરે છે, તે વખતે સંસારી જીવની ચિત્તવૃત્તિ કંઈક અંધકાર વગરની થાય છે અર્થાત્ પૂર્વમાં તે ચિત્તવૃત્તિમાં ગાઢ અંધકાર હતો તે કંઈક ઓછો થાય છે, તેથી ચિત્તવૃત્તિ તત્ત્વને અભિમુખ બને છે અને જ્યારે સંસારી જીવોની ચિત્તવૃત્તિ તત્ત્વને અભિમુખ બને છે ત્યારે તામસવાળા ભાવો=મહામોહના પરિણામો જીવમાં કંઈક ઓછા થાય છે, તેથી તેઓ ક્ષોભ પામ્યા છે એમ કહેવાય છે. આથી જ ભિખારીની યોગ્યતા જોઈને આર્યસુહસ્તિસૂરિજી મહારાજાએ દીક્ષા આપી જેનાથી તે ભિખારીને સંયમ પ્રત્યે ઓઘથી પક્ષપાત થાય છે જેના ફળરૂપે સંપ્રતિ મહારાજા થયા અને ભગવાનના શાસનના પરમાર્થને પામ્યા. **॥૫૭॥**

**શ્લોક :-**

> **तदैव तेषां स्फुरतीति चित्ते,**
> **क्षोभाय यद्बीजमपीदृशं नः ।**
> **वैराग्यवल्लिः फलिता दशां सा,**
> **कां कां न कर्तुं प्रभविष्यतीयम् ।।५८ ।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારે જ=સંસારી જીવની ચિત્તવૃત્તિમાં બીજ વપનને કારણે મહામોહરૂપી યોદ્ધાઓનો વર્ગ ક્ષોભ પામે છે ત્યારે જ, તેઓના ચિત્તમાં આ પ્રમાણે**

**સ્ફુરણ થાય છે – "આવા પ્રકારનું જેનું બીજ પણ અમારા ક્ષોભ માટે છે તે આ ફલિત થયેલી વૈરાગ્યવેલી કઈ કઈ દશાને કરવા માટે સમર્થ નહિ થાય ? અર્થાત્ આપણી ખરાબ દશાને કરવા માટે સમર્થ થશે." ॥૫૮॥**

**ભાવાર્થ :-**

**વૈરાગ્યકલ્પવેલીનું બીજ મોહના પરિણામના ક્ષોભ માટે હોવાથી ફલિત થયેલી વૈરાગ્યકલ્પવેલીથી મોહના પરિણામોનો ઘણો નાશ :-**

ભાવમળની અલ્પતાને કારણે ચરમાવર્તમાં આવેલા જીવો જ્યારે શુદ્ધધર્મ કરનારા જીવોને જોઈએ તે ધર્મને કરવાની ઇચ્છાથી યુક્ત તે ધર્મની પ્રશંસા કરે છે ત્યારે વૈરાગ્યકલ્પવેલીના બીજનું વપન થાય છે અને તે વપનને કારણે મોહના પરિણામો કંઈક ક્ષોભ પામે છે અર્થાત્ કંઈક અલ્પ થાય છે. જ્યારે આ બીજમાંથી વૈરાગ્યની વેલી પ્રગટ થશે ત્યારે મોહના પરિણામોનો ઘણો નાશ થશે અને જીવ મહાત્મા જેવો થશે એ પ્રકારનો ધ્વનિ પ્રસ્તુત શ્લોકથી વ્યક્ત થાય છે. **॥૫૮॥**

**શ્લોક :-**

**अल्पश्रमेणादित एव नाशः,**
**कर्तुं ततोऽस्याः खलु युज्यते नः ।**
**दुश्छेद्यतां यास्यति वर्धमाना,**
**चारित्रधर्मादिभटाश्रितेयम् ।।५९।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=શ્લોક-૫૮માં કહ્યું કે ફલિત થયેલી વૈરાગ્યવલ્લી કઈ કઈ દશાને કરવા માટે સમર્થ નહિ થાય ? તેથી, આદિથી જ=બીજ અવસ્થાથી જ, અલ્પશ્રમ દ્વારા આનો=વૈરાગ્યવલ્લીનો, નાશ કરવા માટે અમોને યુક્ત છે. ચારિત્રધર્માદિરૂપ ભટોથી આશ્રિત વધતી એવી આ= વૈરાગ્ય-વલ્લી, દુશ્છેધતાને પામશે. ॥૫૯॥**

**ભાવાર્થ :-**

**મોહના પરિણામોને કારણે બીજભૂત એવી વૈરાગ્યની વેલી નાશ થવાથી ફરી સંસારપરિભ્રમણ :-**

જીવ વૈરાગ્યકલ્પલતાનું બીજ વપન કરે અને ઉત્તમ યોગીઓનો સંપર્ક થાય તો તે બીજમાંથી અંકુરાદિના ક્રમે વૈરાગ્યકલ્પલતા પલ્લવિત થાય ત્યારે ચારિત્રધર્માદિ ભટોથી આશ્રિત બને છે અને સદ્ધર્મના સેવનથી પ્રતિક્ષણ વર્ધમાન બને છે. તે વખતે તે વેલીનો નાશ કરવો મોહને માટે અતિદુષ્કર બને છે; પરંતુ મોટાભાગના જીવોને બીજની પ્રાપ્તિ પછી કોઈક કોઈક નિમિત્તે મોહના કલ્લોલો થાય છે અને બીજરૂપે વપન થયેલી તે વૈરાગ્યવેલી નાશ પણ પામે છે તેને સામે રાખીને અહીં કહ્યું છે કે મોહરાજાના સુભટો વિચાર કરે છે કે આની વૃદ્ધિ થાય તે પહેલાં જ આનો નાશ કરવો જોઈએ. આથી જ યોગમાર્ગની પ્રાથમિક ભૂમિકા પામ્યા પછી જીવની ચિત્તવૃત્તિમાં વર્તતા મોહના પરિણામો તત્ત્વને અભિમુખ થયેલા ઉત્તમ સંસ્કારોના વિરુદ્ધ ભાવો કરીને તે સંસ્કારોનો નાશ કરે છે તેથી બીજભૂત એવી વેલી પણ નાશ થવાથી ફરી સંસારપરિભ્રમણ અવસ્થિત રહે છે. **॥૫૯॥**

**શ્લોક :-**

> **इत्थं समालोच्य निहत्य शक्त्या,**
> **निवारकानाशु शुभाशयादीन् ।**
> **उत्खन्यते तैः शुचिवल्लिबीजं,**
> **चारित्रधर्मस्य बलेऽनुपेते ।।६०।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે સમાલોચન કરીને=શ્લોક-૫૯માં કહ્યું એ રીતે સમાલોચન કરીને, નિવારક એવા શુભાશય આદિને=મોહનું નિવારણ કરનારા એવા શુભાશયાદિને, શક્તિથી શીઘ્ર નિહનન કરીને=મોહરાજા સ્વશક્તિથી શીઘ્ર હણીને, ચારિત્રધર્મની સેના નહિ આવ્યે છતે**

**પવિત્રવલ્લીના બીજને તેઓના વડે=મહામોહરૂપી યોદ્ધાઓ વડે, ઉત્ખનન કરાય છે=ઉખેડી નાંખવાનું શરૂ કરાય છે. ॥૬૦॥**

**ભાવાર્થ :-**

**બીજાધાન કર્યા પછી પણ મોહના પરિણામો ઊઠવાને કારણે ફરી સંસારની વૃદ્ધિ :-**

જીવ બીજાધાન કરે છે ત્યારપછી શુદ્ધધર્મ સેવવાનો શુભ આશય કરે છે તે શુભઆશય મોહનું નિવારણ કરવાનું કારણ છે. આમ છતાં જીવમાં અનાદિકાળથી વક્ર ચાલવાનો સ્વભાવ વર્તે છે, તેથી કોઈક રીતે બીજાધાન કર્યા પછી પણ પોતાના મોહના પરિણામને વશ થઈને યોગમાર્ગની પ્રવૃત્તિ પણ સ્વરુચિ અનુસાર યથા તથા કરીને પોતાના આગ્રહને જ દૃઢ કરે છે ત્યારે જીવમાં વર્તતા મોહના પરિણામો, તે શુભાશયોનો સ્વશક્તિથી નાશ કરે છે. જો તે શુભાશયો ઉત્તર ઉત્તર વૃદ્ધિ પામીને સદ્ગુરુના વચનનું સેવન કરે તો ચારિત્રધર્મનું બળ ઉપસ્થિત થઈ જાય જેથી તે વૈરાગ્યકલ્પલતાના બીજનો નાશ કરવો મોહને માટે અતિદુષ્કર બને, પરંતુ તે પૂર્વે જ જીવમાં મોહના કલ્લોલો ઊઠવાથી ધર્મની પ્રવૃત્તિ પણ અસદ્ગ્રહના પોષણનું કારણ બને તે રીતે સેવીને તે જીવ વૈરાગ્યકલ્પલતાના બીજનો નાશ કરે છે, તેથી આવા જીવો બીજાધાનને પ્રાપ્ત કરીને પણ ફરીથી અસદ્ગ્રહથી દૂષિત મતિવાળા થઈને સંસારની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. **॥૬૦॥**

**અવતરણિકા :-**

**કોઈ જીવ મોક્ષમાર્ગના બીજરૂપ વૈરાગ્યવલ્લીના બીજને વપન કરે ત્યારપછી મોહના પરિણામોનો કલ્લોલ શરૂ થાય તો તે બીજનો નાશ કરે છે એમ શ્લોક-૬૦માં બતાવ્યું.**

**હવે કોઈ જીવ યોગબીજનું વપન કર્યા પછી ગુણવાન ગુરુને પ્રાપ્ત કરીને, તેમને પરતંત્ર થઈને આરાધના કરે તે વખતે યોગબીજનો નાશ કરવા માટે તત્પર થયેલા મોહનીયકર્મથી શું સ્થિતિ થાય છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**संप्रेष्यते तत्र बलं यदा तु,**

**चारित्रधर्मेण नरेश्वरेण ।**

युद्धं तदा तेन सहाविमृश्य,
कुर्वन्ति ते दोर्बलदर्पभाजः ।।६१।।

**શ્લોકાર્થ :-**

**ત્યાં=શ્લોક-૬૦માં કહ્યું કે મોહનીયકર્મ પવિત્ર વૈરાગ્યકલ્પલતાના બીજને ઉત્ખનન કરવામાં પ્રવૃત્ત થાય છે તે વખતે, જ્યારે ચારિત્રધર્મરૂપ રાજા વડે બળ=સૈન્ય, મોકલાય છે ત્યારે બાહુના બળના ગર્વને ધારણ કરનારા એવા તેઓ=મહામોહના યોદ્ધાઓ, વિચાર્યા વગર તેની સાથે= ચારિત્રરાજાના સૈન્ય સાથે, યુદ્ધ કરે છે. ।।૬૧।।**

**શ્લોક :-**

धाम्नाऽथ भानोरिव तेन तूर्णं,
ध्वान्तप्रबन्धा इव दीर्यमाणाः ।
पलाय्य लीना गहनप्रदेशे,
तिष्ठन्ति ते कालमवेक्षमाणाः ।।६२।।

**શ્લોકાર્થ :-**

**હવે સૂર્યના પ્રકાશથી જેમ અંધકાર નાશ પામે તેમ તેના વડે=ચારિત્ર-ધર્મરૂપ રાજાના સૈન્ય વડે, હણાતા શીઘ્ર જાણે ધ્વાન્તપ્રબંધવાળા મોહના યોદ્ધાઓ=પોતાનું યુદ્ધ કરવાનું પ્રયોજન જાણે નષ્ટ થઈ ગયું હોય એવા અને ચારિત્રના સૈન્યથી હણાતા એવા મોહના યોદ્ધાઓ, ભાગીને ગહન પ્રદેશમાં લીન થયેલા કાળની અપેક્ષા રાખતા રહે છે. ।।૬૨।।**

**ભાવાર્થ :-**

કોઈ જીવ કોઈક નિમિત્તને પામીને વૈરાગ્યકલ્પલતાના બીજનું વપન કરે ત્યારપછી કોઈક નિમિત્તને પામીને મોહના પરિણામો જીવમાં ઉલ્લસિત થાય તો તે બીજ નાશ થવાનો સંભવ રહે, પરંતુ કોઈક નિમિત્તને પામીને કે જીવની તથાપ્રકારની યોગ્યતાને કારણે જીવને માર્ગાનુસારી ઊહ પ્રગટે તો સદ્ગુરુની

સાથે પરિચય કરે છે, કલ્યાણમિત્ર સાથે પરિચય કરે છે અને તેઓની પ્રેરણાથી સતત યોગમાર્ગના સેવન માટે યત્ન કરે છે તેવા જીવોમાં વર્તતા ચારિત્રની પરિણતિરૂપ રાજા વડે મોહને દૂર કરવા માટે સૈન્યને મોકલાયું એમ કહેવાય છે; કેમ કે ચારિત્રની પ્રાપ્તિને અનુકૂળ એવી ઉત્તર સામગ્રીને પામીને તે જીવ મોહને પરવશ થતો નથી પરંતુ સદ્‌ગુરુ આદિ પાસેથી વારંવાર તત્ત્વશ્રવણ કરીને પોતાનામાં વપન થયેલા બીજની વૃદ્ધિ કરે છે. વળી, તે વખતે તે જીવમાં અંતરંગ રીતે ક્યારેક મોહના પરિણામો પણ થાય છે. તે મોહના પરિણામો પોતાની શક્તિનો વિચાર કર્યા વગર ચારિત્રસૈન્યની સાથે યુદ્ધ કરવા તત્પર થાય છે.

વસ્તુત: મોહના સૈન્યના બળ કરતાં ચારિત્રના સૈન્યનું અધિક બળ છે. તેથી ક્યારેક મોહના પરિણામો ઊઠે તોપણ સદ્‌ગુરુ આદિના ઉપદેશના નિમિત્તને પામીને તે જીવ મોહને તત્કાળ દૂર કરે છે, જેમ સૂર્યનો પ્રકાશ આવે તો તત્કાળ અંધકાર દૂર થાય છે તેમ ચારિત્રના બળના કારણે મોહનું બળ શીઘ્ર ક્ષીણ થવા લાગે છે. તેથી જીવમાં વર્તતા મોહના ભાવો પોતાનું યુદ્ધ કરવાનું પ્રયોજન સાધવા માટે નષ્ટ થયેલા સામર્થ્યવાળા બને છે અને જીવમાં વર્તતા ચારિત્રના પરિણામોથી હણાયેલી શક્તિવાળા મોહના પરિણામો બને છે તેથી વ્યક્તરૂપે જીવમાં મોહના પરિણામો પ્રગટ પણ થતા નથી પરંતુ પલાયન થઈને જીવમાં સંસ્કારરૂપે કોઈક ગહન સ્થાનમાં પડ્યા રહે છે અને કાળની અપેક્ષા રાખીને બેઠેલા હોય છે. આથી જ્યારે જીવ ગફલતમાં હોય અને ચારિત્રના સૈન્યનો સહકાર ઓછો થાય ત્યારે ફરી પણ તે મોહના ભાવો જીવમાં કલ્લોલ કરતા થાય છે. **॥૬૧-૬૨॥**

**શ્લોક :-**

**व्यग्रेऽथ चारित्रबले स्वकार्ये,**
**भूयोऽपि ते लोकमुपद्रवन्ति ।**
**बीजाङ्कुराद्युत्खननक्रमेण,**
**वैराग्यवल्लीं प्रविनाशयन्ति ।।६३।।**

**શ્લોકાર્થ :-**

**હવે ચારિત્રબળ સ્વકાર્યમાં વ્યગ્ર થયે છતે ફરી પણ તેઓ=મોહના યોદ્ધાઓ, લોકને ઉપદ્રવ કરે છે=ચારિત્રના બળરૂપ લોકને, ઉપદ્રવ કરે છે, બીજ, અંકુર આદિના ઉત્ખનનના ક્રમથી વૈરાગ્યવલ્લીને નાશ કરે છે. ||૬૩||**

**ભાવાર્થ :-**

**ચારિત્રબળ સ્વકાર્યમાં વ્યગ્ર હોય ત્યારે મોહના યોદ્ધાઓ દ્વારા ચારિત્રબળને ઉપદ્રવ :-**

ચારિત્રબળ એટલે ચારિત્રનું સૈન્ય; ચારિત્રનું બહિરંગ સૈન્ય સદ્ગુરુ, કલ્યાણમિત્ર અને સત્શાસ્ત્રો છે અને અંતરંગ સૈન્ય ચારિત્રની પુષ્ટિ કરે એવા જીવના શુભભાવો છે.

મોહનું બળ એટલે મોહનું સૈન્ય; મોહનું બાહ્ય સૈન્ય કુગુરુઓ, અકલ્યાણમિત્ર અને કુશાસ્ત્રો છે અને મોહનું અંતરંગ સૈન્ય પાંચ ઇન્દ્રિય અને તેના વિષયો છે.

કોઈ યોગ્ય જીવ નિમિત્તને પામીને વૈરાગ્યકલ્પલતાના બીજનું વપન કરે અને તે વૈરાગ્યકલ્પવલ્લી અંકુરઆદિના ક્રમથી કંઈક વૃદ્ધિ પણ પામે ત્યારપછી તે જીવનું ચારિત્રબળ સ્વકાર્યમાં વ્યગ્ર હોય અર્થાત્ સદ્ગુરુ પોતાની અન્ય ઉચિત પ્રવૃત્તિમાં વ્યગ્ર હોય, કલ્યાણમિત્ર પણ તે વખતે પોતાની પાસે ન હોય અને તેની અન્ય ઉચિત પ્રવૃત્તિમાં વ્યગ્ર હોય અને જીવે સ્વીકારેલાં વ્રતોની પ્રવૃત્તિ જીવ બાહ્યથી કરતો હોય પણ મોહનું ઉન્મૂલન થાય તે રીતે કરતો ન હોય ત્યારે ચારિત્રના બળરૂપ ચારિત્રાચારની ક્રિયા પણ જીવ બાહ્યપ્રવૃત્તિમાં વ્યગ્ર હોવાથી શત્રુનો સામનો કરવામાં વ્યાપૃત ન હોય તે સ્થિતિનો લાભ લઈને જીવમાં વર્તતી મોહની સામગ્રી કે મોહને પેદા કરાવે તેવાં બાહ્ય નિમિત્તો ફરી પણ ચારિત્રની અંતરંગસેનાને ઉપદ્રવ કરે છે અર્થાત્ ચારિત્રને અનુકૂળ જે કાંઈ ઉત્તમ ભાવો થયા હોય તે મોહના બળથી નાશ પામે છે અને જો જીવ સાવધાન ન થાય તો તેનામાં પ્રગટ થયેલી વૈરાગ્યકલ્પવલ્લીનો મોહનું સૈન્ય ક્રમસર નાશ કરે છે, વળી કોઈક જીવ અત્યંત ગફલતમાં હોય તો જીવમાં વપન થયેલા વૈરાગ્યકલ્પવલ્લીના બીજનો પણ નાશ મોહનું સૈન્ય કરે છે.

આથી કેટલાક જીવો ચારિત્રને ગ્રહણ કરીને ચારિત્રાચારની ક્રિયા કરતા હોય છતાં મિથ્યાત્વને પ્રાપ્ત કરીને વૈરાગ્યકલ્પવલ્લીના બીજનો પણ નાશ કરે છે. ॥૬૩॥

**શ્લોક :-**

**ज्ञात्वा प्रवृत्तिं पुनरागतास्तां,**
**चारित्रधर्मस्य नृपस्य योधाः ।**
**पलायमानानपि तान् सुतीक्ष्णै-**
**र्बाणैर्भृशं मर्मणि ताडयन्ति ।।६४।।**

**શ્લોકાર્થ :-**

**તે પ્રવૃત્તિને જાણીને=શ્લોક-૬૩માં બતાવ્યું કે મોહના યોદ્ધાઓ વૈરાગ્યવલ્લીનો નાશ કરે છે તે પ્રવૃત્તિને જાણીને, ચારિત્રધર્મરાજાના યોદ્ધાઓ ફરી આવ્યા અને પલાયમાન થતા પણ તેઓને=મોહરાજાના સૈન્યને, સુતીક્ષ્ણ બાણો વડે મર્મમાં અત્યંત તાડન કરે છે. ॥૬૪॥**

**ભાવાર્થ :-**

**ચારિત્રધર્મરાજાના યોદ્ધાઓ દ્વારા મોહરાજાના સૈન્યને મર્મસ્થાનો ઉપર તાડન :-**

શ્લોક-૬૩માં કહ્યું એ રીતે કોઈ જીવ ચારિત્રાચારની ક્રિયા કરતો હોય આમ છતાં અંતરંગ રીતે મોહના ઉન્મૂલન માટે યત્ન ન કરે ત્યારે મોહનું સૈન્ય તેનામાં પ્રગટ થયેલી વૈરાગ્યકલ્પલતાને છિન્નભિન્ન કરવા લાગે છે. તે જીવની તેવી પ્રવૃત્તિને જોઈને કોઈ ઉપદેશક ગુરુ અથવા કોઈ કલ્યાણમિત્ર તેને સદ્બુદ્ધિ આપે અથવા સહજ રીતે તે જીવમાં વર્તાતો શાસ્ત્રનો બોધ તેને સદ્દિશા બતાવે તો ચારિત્રરાજાના યોદ્ધાઓ મોહથી નાશ પામતી વૈરાગ્યકલ્પવલ્લીને જોઈને તેના રક્ષણ માટે ઉપસ્થિત થાય છે અને તે જીવ પણ ગુરુઆદિના ઉપદેશને પામીને કે અંતરંગ જાગૃતિથી ઉત્થિત થઈને મોહના ઉન્મૂલન માટે ઉદ્યમ શરૂ કરે છે ત્યારે અંતરંગ કલકલ થતું મોહરાજાનું સૈન્ય પલાયમાન થવા માંડે છે

અને તે જીવ પણ મર્મભેદી એવાં શાસ્ત્રવચનોથી તત્ત્વનું તે રીતે અવલોકન કરે છે જેથી મોહનાં મર્મસ્થાનો પર ઘા પડે છે, જેથી ક્ષીણ થયેલો મોહનો પરિણામ ફરી ઊઠવા માટે સમર્થ બને નહિ. ॥૬૪॥

**શ્લોક :-**

**इत्थं छलात् ते कृतधर्मविघ्ना,**
**बलाच्च चारित्रनृपस्य भग्नाः ।**
**निर्विद्य तिष्ठन्ति जनापकारा-**
**न्नावृत्तिभाजस्तमसामिवौघाः ।।६५।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૬૩/૬૪માં કહ્યું એ રીતે, છલથી કર્યો છે ધર્મમાં વિઘ્ન જેણે એવા અને ચારિત્રરાજાના સૈન્યથી ભગ્ન થયેલા એવા તેઓ=મોહરાજાના યોદ્ધાઓ, લોકોના અપકારથી નિર્વેદ પામીને અંધકારના સમૂહની જેમ ન આવૃત્તિભાજ રહે છે=ફરી નહિ આવવાના પરિણામવાળા રહે છે. ॥૬૫॥**

**ભાવાર્થ :-**

**જીવમાં વિવેકચક્ષુ પ્રગટ થાય ત્યારે મોહના પરિણામો શાંત :-**

શ્લોક-૬૩માં કહ્યું એ પ્રમાણે ચારિત્રનું સૈન્ય સ્વકાર્યમાં વ્યગ્ર હોય પરંતુ મોહના ઉન્મૂલનમાં પ્રવૃત્ત ન હોય ત્યારે જીવના અંતરંગ પ્રમાદને જોઈને મોહરાજાનું સૈન્ય જીવને ધર્મની નિષ્પત્તિમાં વિઘ્ન કરનાર બને છે અર્થાત્ જીવ ધર્મની પ્રવૃત્તિ કરે છે તોપણ તે ધર્મની પ્રવૃત્તિથી ગુણસ્થાનકની વૃદ્ધિ થતી નથી પરંતુ જીવના પ્રમાદરૂપ છળને જોઈને મોહધારા વૃદ્ધિ પામે છે.

વળી, તેવા સમયે કોઈક ઉપદેશકના વચનથી કે કલ્યાણમિત્રના વચનથી કે જીવમાં અંતરંગ સહજ માર્ગાનુસારી બુદ્ધિ ઉલ્લસિત થવાથી જીવતત્ત્વ અભિમુખ બને છે ત્યારે ચારિત્રરાજાનું સૈન્ય ઉપસ્થિત થાય છે અને મોહનો નાશ કરવા લાગે છે. જીવની તેવી જાગૃતિના કારણે ભગ્ન થયેલા એવા મોહના પરિણામો

જીવને અપકાર કરવારૂપ ઉપદ્રવ કરવાના પરિણામથી નિર્વેદવાળા થાય છે. અને શ્લોક-૬૪માં બતાવ્યું તેમ ચારિત્રના સૈન્યથી મર્મભેદી તાડન થવાના કારણે તે મોહના પરિણામો ફરી ફરી ઊઠે નહિ તે પ્રમાણે શાંત થઈને બેસે છે, જેથી જીવ ચારિત્રસૈન્યના બળથી વિઘ્નરહિત ધર્મનું સેવન કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે છે.

વળી, મોહરાજાનું સૈન્ય ફરી ઊઠે નહિ તે રીતે શાંત થઈને બેસે છે તેમાં દૃષ્ટાંત બતાવે છે કે, જેમ અંધકારનો સમૂહ પ્રકાશનાં કિરણો આવે ત્યારે શાંત થઈને બેસે છે તેમ જીવમાં સદ્ઉપદેશઆદિના નિમિત્તથી કે માર્ગાનુસારી બુદ્ધિથી વિવેક પ્રગટે છે ત્યારે મોહરાજાના પરિણામો શાંત થઈને બેસે છે; કેમ કે પ્રકાશ વિદ્યમાન હોય ત્યારે અંધકારનો સમૂહ આવે નહિ તેમ જીવમાં વિવેક-ચક્ષુ પ્રગટ થયેલ હોય ત્યારે મોહના પરિણામો ઊઠતા નથી. **॥૬૫॥**

**શ્લોક :-**

**इत्थं पुरे सात्त्विकचित्तसंज्ञे,**
**गिरेश्च मूले गृहिधर्मदेशे ।**
**आटीकते यत् खलु मोहधाटी,**
**वैराग्यवाटी न विवर्धते तत् ।।६६।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે સાત્ત્વિકચિત્ત નામના નગરમાં ગિરિની તળેટીમાં ગૃહધર્મરૂપી દેશમાં જે કારણથી મોહની ધાટી=ટોળકી, ખરેખર આવે છે તે કારણથી વૈરાગ્યની વાટિકા વૃદ્ધિ પામતી નથી. ॥૬૬॥**

**ભાવાર્થ :-**

**મોહના ટોળા દ્વારા વૈરાગ્યવાટિકા છિન્નભિન્ન :-**

જીવ અનાદિકાળથી અત્યંત મોહને પરવશ ચાર ગતિઓમાં પરિભ્રમણ કરે છે તે વખતે તેનું ચિત્ત મોહથી અતિ આકુળ હોવાને કારણે અસાત્ત્વિક છે. જ્યારે કંઈક કર્મમળ ઘટે છે ત્યારે ચિત્ત સાત્ત્વિક બને છે, તેથી સંસારમાં પણ

કંઈક ઉચિત પ્રવૃત્તિ કરનાર બને છે. આ સાત્ત્વિકચિત્તને નગરની ઉપમા આપેલ છે અને તે સાત્ત્વિકચિત્તરૂપ નગરની પાસે વિવેક નામનો પર્વત છે, તે વિવેકપર્વતના મૂળ પાસે ગૃહસ્થધર્મનું સ્થાન છે; કેમ કે ગૃહસ્થધર્મ સેવનારા શ્રાવકોમાં કંઈક વિવેક પ્રગટેલો છે તોપણ મુનિ જેવો મહાવિવેક પ્રગટેલો નથી, તેથી તે ગૃહસ્થો પોતાની ભૂમિકા અનુસાર તત્ત્વાતત્ત્વનો વિવેક કરે છે. તેથી સાધુની જેમ આત્માને દેહથી પૃથક્ જાણીને સર્વ ઉદ્યમથી આત્માના ગુણો પ્રગટ કરવા યત્ન કરતા નથી, પરંતુ દેહથી પૃથક્ આત્મા છે તેમ જાણવા છતાં કંઈક દેહનાં સુખોની પણ લાલસાવાળા છે તેથી ધર્મ, અર્થ અને કામ પરસ્પર અવિરુદ્ધ સેવીને દેશવિરતિનું પાલન કરે છે, તેથી પૂર્ણ વિવેકવાળા સાધુધર્મના સેવનરૂપ વિવેકપર્વતના મૂળમાં રહેલ દેશવિરતિ ધર્મ છે. તે વિવેકપર્વતના મૂળમાં રહેલ ગૃહસ્થધર્મના સ્થાને વારંવાર મોહનું સૈન્ય આવે છે અને વૈરાગ્યવાટીને છિન્નભિન્ન કરે છે.

આશય એ છે કે શ્રાવકો કંઈક વિવેકવાળા હોય છે, મનુષ્યજન્મને પામીને કેવલ ધર્મ સેવવા જેવો છે તેવી બુદ્ધિ ધરાવે છે, આમ છતાં સંસારનો મોહ ગયો નથી તેથી કંઈક ધર્મ સેવે છે તો કંઈક સંસારની પ્રવૃત્તિ પણ કરે છે તેવા વિવેકી શ્રાવકો ભગવાનની ભક્તિ કરીને વીતરાગભાવને અનુકૂળ શક્તિનો સંચય કરે છે, સુપાત્રદાન કરીને સંયમની શક્તિનો સંચય કરે છે કે અન્ય પણ ઉચિત ધર્માનુષ્ઠાનો સેવીને સંયમની શક્તિનો સંચય કરે છે ત્યારે તેમના ચિત્તમાં વૈરાગ્યવાટી કાંઈક વૃદ્ધિને પામે છે તેથી ધનાદિનું કે દેહાદિનું મમત્વ ઘટે છે. તોપણ જ્યારે સંસારની પ્રવૃત્તિ કરે છે ત્યારે વિષયો પ્રત્યે કંઈક સંશ્લેષ પણ થાય છે તેથી વિષયને સેવવાના પરિણામરૂપ મોહનું ટોળું તે વૈરાગ્યવાટીને વૃદ્ધિ પામવા દેતું નથી, તેથી કંઈક પ્રયત્નથી વૈરાગ્યવાટી વૃદ્ધિ પામે છે તો મોહના પરિણામથી કંઈક છિન્નભિન્ન પણ થાય છે. **॥૬૬॥**

**શ્લોક :-**

**बीजाङ्कुरस्कन्धदलाद्यवस्था-**
**मुच्छिद्य पापाः खलु तस्करास्ताम् ।**

**गच्छन्ति तेषां न विवेकशैले,**

**पुनः प्रचारो भटकोटिपूर्णे ।।६७।।**

**શ્લોકાર્થ :-**

**પાપી એવા ચોરો=મોહના સુભટો, બીજ, અંકુર, સ્કંધ અને દલાદિ અવસ્થારૂપ તેનો=વૈરાગ્યવાટીનો, ઉચ્છેદ કરીને જાય છે. વળી, ભટકોટિથી પૂર્ણ એવા=ચારિત્રના સૈન્યથી પૂર્ણ એવા, વિવેકરૂપી પર્વતમાં તેઓનો=મોહરૂપી ચોરોનો, પ્રચાર નથી=મોહના સુભટોનું આગમન નથી. ।।૯૭।।**

**ભાવાર્થ :-**

**ચારિત્રના સૈન્યથી પૂર્ણ એવા વિવેકરૂપી પર્વતમાં મોહના ચોરોનું અનાગમન :-**

શ્લોક-૬૬માં બતાવ્યું એ રીતે સાત્ત્વિકનગર પાસે રહેલા વિવેકપર્વતના મૂળમાં=તળેટીમાં, સ્થિત એવા શ્રાવકધર્મરૂપી દેશમાં મોહના ચોરો આવે છે અને પાપી એવા તે ચોરો વૈરાગ્યવાટીમાં બીજ, અંકુર, સ્કંધ, દલાદિવાળી તે વાટીને ઉચ્છેદ કરીને જાય છે, તેથી તે સ્થાનમાં રહેલા શ્રાવકો તે વૈરાગ્યવાટીને વધારે છે અને તે મોહનું ટોળું તેનો વારંવાર ઉચ્છેદ કરે છે પરંતુ તે મોહનું ટોળું ચારિત્રસૈન્યથી પૂર્ણ એવા વિવેકરૂપી પર્વત ઉપર જઈ શકતું નથી.

આશય એ છે કે ચારિત્ર પાળનારા મુનિઓ છે અને તેઓમાં એવો વિવેક પ્રગટેલો છે જેથી ભગવાનનાં વચનનું સ્મરણ કરીને અસ્ખલિત મન-વચન-કાયાને પ્રવર્તાવે છે, તેથી તેઓના ચિત્તમાં વૈરાગ્ય ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને પોતાના વૈરાગ્યની વૃદ્ધિના રક્ષણ અર્થે મુનિઓ ચારિત્રની સર્વ ઉચિત આચરણાઓ સેવે છે તેથી તે વિવેકરૂપી પર્વત ચારિત્રની ઉચિત આચરણાઓરૂપ ચારિત્રના સૈન્યથી ભરપૂર છે તેથી તે વિવેકરૂપી પર્વત ઉપર મોહના સૈન્યનું આગમન થતું નથી, પરંતુ મોહનું સૈન્ય વિવેકરૂપી પર્વતની તળેટીમાં રહેલા શ્રાવકોના વૈરાગ્યને વૃદ્ધિ પામતાં સ્ખલના કરે છે, આમ છતાં ચારિત્રીના વૃદ્ધિ પામતા મુનિના વૈરાગ્યને સ્ખલના કરી શકતું નથી. **।।૯૭।।**

**શ્લોક :-**

तथा च वैराग्यसमृद्धिकल्प-

लतावितानैरमितः स शैलः ।

अलङ्कृतः शत्रुततेरगम्यो,

धत्ते धृतिं चेतसि धर्मभाजाम् ।।६८।।

**શ્લોકાર્થ :-**

**અને તે રીતે=શ્લોક-૬૭માં કહ્યું કે ભટકોટીથી પૂર્ણ એવા વિવેકરૂપી પર્વત ઉપર મોહનીયના સૈનિકોનો પ્રચાર નથી તે રીતે, વૈરાગ્યની સમૃદ્ધિરૂપી કલ્પલતાઓના વિસ્તારથી ચારેબાજુથી અલંકૃત થયેલો શત્રુના સમૂહથી અગમ્ય એવો તે પર્વત ધર્મને ભજનારાઓના ચિત્તમાં ધૃત્તિને આપે છે. ॥૬૮॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૬૭માં કહ્યું કે ચારિત્રના સૈન્યથી પૂર્ણ એવો વિવેકરૂપી પર્વત છે, તેથી ત્યાં મોહના સૈન્યનું આગમન નથી. તેથી એ ફલિત થાય કે સુસાધુઓ હંમેશાં શુદ્ધ આત્માના પારમાર્થિકસ્વરૂપને અને સંસારના સ્વરૂપને વિવેકરૂપી ચક્ષુથી જોનારા હોય છે અને સર્વ ઉદ્યમથી સંસારનો અંત કરવા માટે યત્ન કરનારા હોય છે, તેથી મોહના સૈન્યનું તેમના ચિત્તમાં આગમન નથી. જેથી ઉચિત પ્રવૃત્તિઓ કરીને સાધુઓ વૈરાગ્યની સમૃદ્ધિરૂપ કલ્પલતાનો વિસ્તાર કરે છે. તે વિવેકરૂપી પર્વત વૈરાગ્યના ભાવોથી ચારેબાજુ અલંકૃત છે અને શત્રુના વિસ્તારથી અગમ્ય છે અર્થાત્ મોહનીયના પરિણામો વિવેકપર્વત ઉપર આવી શકતા નથી, તેથી ધર્મને સેવનારા એવા સુસાધુઓના ચિત્તમાં વૈરાગ્યની સમૃદ્ધિથી યુક્ત એવો વિવેકરૂપી પર્વત ધૃતિને આપે છે. જેમ સુંદર બગીચો સંસારી જીવોને આનંદ આપે છે તેમ વૈરાગ્યની સમૃદ્ધિવાળો એવો અંતરંગ બગીચો મુનિઓને આનંદનું કારણ બને છે. **॥૬૮॥**

શ્લોક :-

चारित्रधर्मस्य नृपस्य तस्य,
साम्राज्यभाजः प्रबलप्रभावात् ।
स्थले स्थले तत्र वसन्ति लोका,
वैराग्यवाटीसुखभग्नशोकाः ।।६९।।

શ્લોકાર્થ :-

**સામ્રાજ્યને ભજનારા એવા તે ચારિત્રધર્મરાજાના પ્રબળ પ્રભાવથી વૈરાગ્યવાટીના સુખને કારણે ભગ્ન થયેલા શોકવાળા લોકો ત્યાં= વિવેકપર્વત ઉપર, સ્થળે સ્થળે વસે છે. ।।૬૯।।**

ભાવાર્થ :-

**ચારિત્રધર્મરાજાના પ્રબળ પ્રભાવથી વૈરાગ્યવાટીના સુખને કારણે ભગ્ન શોકવાળા લોકોનો વિવેકપર્વત ઉપર વસવાટ :-**

શ્લોક-૬૮માં કહેલ વૈરાગ્યની સમૃદ્ધિવાળો એવો વિવેકરૂપી પર્વત સાધુઓના ચિત્તમાં ધૃતિને આપે છે. વળી, તે વૈરાગ્યપર્વત ઉપર ચારિત્રધર્મરાજાનું સામ્રાજ્ય વર્તે છે, તેથી ત્યાં મોહનીયકર્મનો ઉપદ્રવ સર્વથા નથી અને તેને કારણે વૈરાગ્યવાટી પૂર્ણ ખીલેલી છે. તે વૈરાગ્યવાટીના સુખના અનુભવને કારણે શોક જેમનો ભગ્ન થઈ ગયો છે એવા સાધુઓ વિવેકરૂપી પર્વતમાં સ્થળે સ્થળે રહેલા છે અર્થાત્ જેમ બગીચામાં લોકો પોતાની પ્રીતિ અનુસાર તે તે વૃક્ષો નીચે સુખે બેસે છે તેમ વૈરાગ્યવાટીમાં મુનિઓ પોતપોતાની ભૂમિકા અનુસાર તે તે સ્થળમાં સુખે બેઠા છે અને ઉત્તર ઉત્તરની ભૂમિકાને નિષ્પન્ન કરે છે, તેથી વૈરાગ્યની સમૃદ્ધિ વધે અને સંસારનો અંત થાય તે રીતે સદા યત્ન કરે છે. આથી જ મુનિઓના ચિત્તમાં ખેદ, વિશાદ, શોક, ઉદ્વેગ આદિ કોઈ ભાવો થતા નથી પરંતુ દેહના પ્રતિકૂળ સંયોગમાં પણ તત્ત્વથી ભાવિત મતિવાળા તેઓના ચિત્તમાં સદા આનંદ જ વર્તે છે. **।।૬૯।।**

**શ્લોક :-**

शुद्धात्मनां तत्र विसारि दत्ते,
तत्सौरभं हर्षभरं प्रकृत्या ।
अतुच्छमूर्च्छां कुरुते तदेव,
व्यक्तं महामोहचमूभटानाम् ।।७०।।

**શ્લોકાર્થ :-**

**ત્યાં=વિવેકપર્વત ઉપર, વિસ્તારને પામતી એવી તેની સૌરભ= વૈરાગ્યવાટીની સૌરભ, પ્રકૃતિથી શુદ્ધ આત્માઓના હર્ષના સમૂહને આપે છે અને વ્યક્ત એવી તે જ=વૈરાગ્યવાટીની સૌરભ જ, મહામોહરૂપી ચોરના સુભટોને અતુચ્છમૂર્ચ્છાને કરે છે=અતિશય મૂર્ચ્છાને કરે છે. ।।૭૦।।**

**ભાવાર્થ :-**

**વૈરાગ્યવાટીની સૌરભ પ્રકૃતિથી શુદ્ધ આત્માઓને આનંદ આપનાર અને મહામોહરૂપી ચોરના સુભટોને અતિશય મૂર્ચ્છા આપનાર :-**

જ્યારે જીવમાં વિવેક પ્રગટે છે ત્યારે જીવ વિવેકરૂપી પર્વત પર હોય છે. વિવેક જીવને પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ બતાવે છે, તેથી વિવેકવાળી અવસ્થામાં જીવમાં વૈરાગ્ય પૂર્ણ રીતે ખીલે છે, તેથી કહ્યું કે વિવેકપર્વત ઉપર વૈરાગ્યવાટી છે અને તે વિવેકપર્વત ઉપર રહેલ વૈરાગ્યવાટીની સુગંધ જેઓનો આત્મા કર્મના વિગમનથી શુદ્ધ બનેલ છે તેઓને પ્રકૃતિથી આનંદ આપે છે તેથી વૈરાગ્યવાળા જીવો સદા આનંદને અનુભવનારા છે.

વળી, વૈરાગ્યવાટીમાંથી પ્રસરતી સુગંધ મોહરૂપી સુભટોને અત્યંત મૂર્ચ્છા કરે છે; કેમ કે જેમ જેમ જીવમાં વિરક્તભાવ વધે છે તેમ તેમ મોહના પરિણામો અત્યંત નષ્ટપ્રાયઃ થાય છે અને સત્તામાં રહેલા મોહના સંસ્કારો પણ ક્રમસર ક્ષીણ ક્ષીણતર થાય છે તેથી મોહના સૈન્ય માટે વૈરાગ્યવાટીની સૌરભ અત્યંત મૂર્ચ્છાનું કારણ છે. આથી જ અસંગભાવમાં વર્તતા મુનિના ચિત્તમાં મોહનાં નિમિત્તોથી પણ મોહના કલ્લોલો થઈ શકતા નથી. **।।૭૦।।**

**શ્લોક :-**

लोकानतस्तत्र पराबुभूषु-
श्छलादुपेतोऽपि हि मोहसैन्यः ।
अमारितोऽपि म्रियते हतेन,
घ्राणेन तेन प्रतिलब्धमूर्च्छः ।।७१।।

**શ્લોકાર્થ :-**

**આથી=શ્લોક-૭૦માં કહ્યું કે વૈરાગ્યની સૌરભ મોહના સૈન્યને અત્યંત મૂર્છા આપે છે આથી, ત્યાં=વિવેકપર્વત ઉપર, લોકોને પરાભવ કરવાની ઈચ્છાવાળું=વૈરાગ્યના સૈન્યને પરાભવ કરવાની ઈચ્છાવાળું, છળથી આવેલું પણ મોહનું સૈન્ય તેના વડે=વૈરાગ્યની ગંધ વડે, પ્રાપ્ત થયેલી મૂર્છાવાળું હણાયેલી ઘ્રાણેન્દ્રિયને કારણે અમારિત પણ મરી જાય છે=વગર માર્યે પણ મરી જાય છે. ॥૭૧॥**

**ભાવાર્થ :-**

**વિવેકપર્વત ઉપર વૈરાગ્યના સૈન્યને પરાભવ કરવાની ઇચ્છાવાળું આવેલું મોહનું સૈન્ય વૈરાગ્યથી નષ્ટ :-**

શ્લોક-૭૦માં કહ્યું કે વિવેકપર્વત ઉપર રહેલ વૈરાગ્યવાટીમાંથી પ્રસરતી આત્માના ઉત્તરગુણોની સુગંધથી મોહનું સૈન્ય અત્યંત મૂર્ચ્છિત થાય છે, આથી કોઈક રીતે તે પર્વત ઉપર મોહનું સૈન્ય આવેલું હોય તોપણ તે વૈરાગ્યની સુંગધથી મૂર્ચ્છિત થઈને ક્રમે કરીને મૃત્યુને પામે છે. આશય એ છે કે વૈરાગ્યથી વાસિત એવા સાધુઓ પણ ક્યારેક પ્રમાદવશ થાય છે ત્યારે તેઓના ચિત્તમાં મોહના પરિણામો પ્રગટ થાય છે, તેથી વિવેકપર્વત ઉપર રહેલા તેવા સાધુમાં વર્તતા ચારિત્રનો પરિણામનો નાશ કરવા માટે મોહનું સૈન્ય આવે છે આમ છતાં તે સાધુના ચિત્તમાં વર્તતા વૈરાગ્યના પરિણામના કારણે તે મોહનું સૈન્ય કંઈક પ્રમાદ કરાવીને પણ મૂર્ચ્છિત થઈ જાય છે અર્થાત્ તે સાધુના ચિત્તમાં તે મોહના પરિણામો પ્રવર્તી શકતા નથી અને વૈરાગ્યની સુંગધથી જ મોહના સૈન્યની ઘ્રાણેન્દ્રિય ઉપહત થવાને કારણે ક્રમે કરીને મોહને મારવાને અનુકૂળ

સાધુના પ્રયત્ન વગર પણ તે મોહના પરિણામો નાશ પામે છે; કેમ કે વિવેકી સાધુ જેમ જેમ તત્ત્વનું સમાલોચન કરીને વૈરાગ્યને સ્થિર કરે છે તેમ તેમ મોહના પરિણામો સ્પંદન કરતા બંધ થાય છે અને વૈરાગ્યના પ્રકર્ષને કારણે અંતે મોહનો સર્વથા નાશ છે, જેથી તે મહાત્મા વીતરાગ બને છે. ॥૭૧॥

**શ્લોક :-**

**हेतोरतः पर्वतकल्पवल्ली-**
**विसृत्वरामोदविशङ्किकतास्ते ।**
**आयान्ति चौरा गृहिधर्मदेशे-**
**ऽप्यालस्यवस्त्रेण निबद्ध्य नासाम् ।।७२।।**

**શ્લોકાર્થ :-**

**આ હેતુથી=શ્લોક-૭૨માં કહ્યું કે વૈરાગ્યની ગંધથી હણાયેલી ઘ્રાણેન્દ્રિયવાળું મોહનું સૈન્ય અમારિત પણ મરે છે એ હેતુથી, પર્વત ઉપર રહેલી કલ્પવલ્લીની વિસ્તાર પામતી ગંધથી વિશંકિત થયેલા એવા તે ચોરો ગૃહસ્થધર્મરૂપ દેશમાં પણ આળસરૂપી વસ્ત્ર વડે નાસિકાને બાંધીને આવે છે. ॥૭૨॥**

**ભાવાર્થ :-**

**નિમિત્તને પામીને શ્રાવકો ધર્મ કરવામાં આળસવાળા થાય છે ત્યારે મોહના પરિણામો ઉત્થિત :-**

વિવેકરૂપી પર્વત ઉપર વૈરાગ્યની વાટી વૃદ્ધિ પામેલી છે અને તેની ગંધ મોહરાજાને અત્યંત પ્રતિકૂળ છે; કેમ કે જેમ જેમ જીવ વિષયોથી વિરક્ત થાય અને આત્મિક સુખમાં મગ્ન થાય તેમ તેમ મોહના પરિણામો નાશ પામે છે. આ વિવેકપર્વતની નજીકની ભૂમિકામાં ગૃહસ્થધર્મને પાળનારા શ્રાવકો છે, તેથી તેઓમાં સાધુ જેવો વિશિષ્ટ વિવેક નથી તોપણ સાધુની નજીકની ભૂમિકાની પરિણતિવાળા છે. આથી જ વિવેકી શ્રાવકો પ્રતિદિન સાધુસામાચારીનું પરિભાવન કરીને સતત વિશેષ વિશેષ વિવેક પ્રગટ કરવા યત્ન કરે છે. તેથી સાધુધર્મના પરિભાવનના બળથી વિવેકપર્વતમાં વર્તતા વૈરાગ્યના પરિણામની સુગંધ શ્રાવકોના

ચિત્તમાં પણ વર્તે છે, તેથી પર્વતની તળેટીમાં રહેલ ગૃહસ્થધર્મના સ્થાનમાં પણ મોહના પરિણામો ઊઠી શકતા નથી, આમ છતાં ગૃહસ્થના હૈયામાં ભોગાદિની ઇચ્છા થાય છે, ધનસંચય આદિની ઇચ્છા થાય છે ત્યારે મોહના પરિણામો કંઈક ઊઠે છે તોપણ શ્રાવકના ચિત્તમાં વૈરાગ્યને અભિમુખ પરિણતિ હોવાને કારણે તે મોહના પરિણામો શ્રાવકના ચિત્તમાં લાંબો સમય ટકી શકતા નથી, છતાં નિમિત્તને પામીને શ્રાવકો જ્યારે ધર્મ કરવામાં આળસવાળા થાય છે ત્યારે કંઈક મોહનો પરિણામ તેમના ચિત્તમાં થાય છે તે બતાવવા માટે કહ્યું કે આળસરૂપી વસ્ત્રથી નાસિકાને બાંધીને મોહરૂપી ચોરો ગૃહીધર્મરૂપી દેશમાં આવે છે. **॥૭૨॥**

**શ્લોક :-**

**तत्तादृगप्यद्रिसमृद्धिशर्म**
**चारित्रधर्मस्य मनःप्रसादम् ।**
**शत्रुप्रचाराप्रतिरोधदुःस्थं,**
**दत्ते न पङ्कोपहतं यथाऽम्भः ॥७३॥**

**શ્લોકાર્થ :-**

**શત્રુના પ્રચારના અપ્રતિરોધથી દુઃસ્થ એવું તેવા પ્રકારનું પણ પર્વતની સમૃદ્ધિનું સુખ ચારિત્રધર્મના મનના પ્રસાદને કરતું નથી. જે પ્રકારે કાદવથી ઉપહત થયેલું પાણી મનના પ્રસાદને કરતું નથી. ॥૭૩॥**

**ભાવાર્થ :-**

**સર્વવિરતિધરને અને દેશવિરતિધરને પોતાના ચિત્તમાં આવતા મોહના પરિણામોના નિવારણની સદા ચિંતા :-**

સાધુઓ વિવેકપર્વત ઉપર રહેલા છે અને વિવેકપર્વત ઉપર વૈરાગ્યવાટી ઘણી સમૃદ્ધિથી ખીલેલી છે અને તે સમૃદ્ધિનું સુખ ચારિત્રધર્મના મનને પ્રસાદ કરનારું છે અર્થાત્ ચારિત્રપરિણત આત્માને સુખ કરનાર છે, તોપણ વારંવાર તે વિવેકપર્વત ઉપર પણ મોહનું સૈન્ય આવે છે.

વળી, જેમ ચારિત્રનું સામ્રાજ્ય વિવેકપર્વત ઉપર છે તેમ વિવેકપર્વતની તળેટીસ્થાનમાં રહેલા દેશવિરતિધરચારિત્રીના સ્થાનમાં પણ ચારિત્રનું સામ્રાજ્ય છે અને ત્યાં વૈરાગ્યવાટીની સુગંધ વર્તે છે, તેથી મોહનું સૈન્ય વિવેકપર્વત ઉપર કે વિવેકપર્વતની તળેટીમાં આવતાં ભય પામે છે, તોપણ જ્યારે શ્રાવકો આળસમાં હોય છે ત્યારે મોહનું સૈન્ય ત્યાં આવીને ઉપદ્રવ કરે છે અર્થાત્ શ્રાવકના ચિત્તમાં ઉપદ્રવ કરે છે અને વિવેકપર્વત ઉપર ચડેલા મહાત્માઓ પણ જ્યારે પ્રમાદમાં હોય છે ત્યારે તેઓના પ્રમાદ જોઈને મોહનું સૈન્ય તેમની વૈરાગ્યવાટીને છિન્નભિન્ન કરે છે, તેથી ચારિત્રવાળા મુનિઓને અને દેશવિરતિધરશ્રાવકોને સંતોષ નથી; કેમ કે વારંવાર શત્રુનું આગમન થાય છે તેનો પ્રતિરોધ કરવો હજુ તેના માટે શક્ય નથી, તેથી તેઓ હંમેશાં ચિંતા કરે છે અને વિચારે છે કે કાદવથી હણાયેલું પાણી જેમ મનપ્રસાદનું કારણ નથી, તેમ શત્રુના આગમનના અપ્રતિરોધને કારણે હણાયેલી એવી પોતાની સમૃદ્ધિ તેવા પ્રકારના મનના આનંદને આપતી નથી. તે પ્રમાણે શ્રાવકો અને સાધુઓ પોતાના ચિત્તમાં આવતા મોહના પરિણામોના નિવારણની ચિંતા સદા કરતા હોય છે. ॥૭૩॥

**શ્લોક :-**

**ततः स्वशैलस्य समृद्धिशर्म,**
**स भूमिशक्रोऽबहुमन्यमानः ।**
**उपद्रवात् स्वाश्रितमण्डलानां,**
**बोधः प्रतीत्थं सचिवं ब्रवीति ।।७४।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=શ્લોક-૭૩માં કહ્યું કે શત્રુઓના પ્રચારના અપ્રતિરોધથી દુ:સ્થ હોવાને કારણે તે પર્વતની સમૃદ્ધિનું સુખ ચારિત્રધર્મના મનના પ્રસાદને આપતું નથી તેથી, સ્વઆશ્રિતમંડલોના ઉપદ્રવથી પોતાના પર્વતની સમૃદ્ધિના સુખને અબહુમન્યમાન=અલ્પ માનતો એવો, તે ભૂમિનો રાજા બોધરૂપી સચિવના પ્રત્યે આ પ્રમાણે=હવે પછીના શ્લોકમાં કહેવાશે એ પ્રમાણે, કહે છે. ॥૭૪॥**

❖ શ્લોકમાં 'बोधः' છે તે સ્થાને 'बोधं' પાઠ જોઈએ.

**ભાવાર્થ :-**

**સ્વાશ્રિતમંડલોના ઉપદ્રવથી પોતાના પર્વતની સમૃદ્ધિના સુખને અલ્પ માનતા તે ભૂમિના રાજાની બોધરૂપી મંત્રીને પૃચ્છા :-**

વિવેકપર્વત અને તેની તળેટી સુધી ચારિત્રધર્મનું એકછત્રી સામ્રાજ્ય છે; કેમ કે વિવેકપર્વત ઉપર મુનિઓ રહેલા છે અને તેની તળેટીમાં દેશવિરતિધર શ્રાવકો છે. તે સર્વ જીવોમાં ચારિત્રની પરિણતિ વર્તે છે, તેથી તે સર્વ જીવોમાં ક્ષયોપશમાદિ ભાવનું ચારિત્ર વર્તે છે. આ સર્વ જીવોના ચિત્તમાં વૈરાગ્યની સૌરભ પણ વર્તે છે, છતાં નિમિત્તને પામીને મોહના ઉપદ્રવ પણ થાય છે; કેમ કે ક્ષયોપશમભાવનું ચારિત્ર અપ્રમાદપૂર્વકના યત્નથી જીવે છે અને અનાદિના અભ્યાસને કારણે સાધુઓ કે શ્રાવકો પણ પ્રમાદ કરે છે ત્યારે મોહનો ઉપદ્રવ થાય છે. વિવેકવાળા સાધુઓ કે શ્રાવકો પોતાને થતા મોહના ઉપદ્રવને જોઈને સદા ચિંતા કરે છે કે, જો સાવચેત નહિ રહેવાય તો મોહના ઉપદ્રવથી આપણી ચારિત્રની સમૃદ્ધિ ગમે ત્યારે નાશ પામશે, તેથી તેઓ શત્રુના વિનાશ અર્થે શું કરવું ઉચિત છે ? તેના માટે શ્રુતજ્ઞાનનું પર્યાલોચન કરે છે. તે શ્રુતજ્ઞાનનું પર્યાલોચન એ જ બોધરૂપી મંત્રીને ઉપદ્રવોથી રક્ષણના ઉપાયની પૃચ્છારૂપ છે. તે પૃચ્છા શું છે ? તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ કહે છે. **॥૭૪॥**

**શ્લોક :-**

**दुर्वादिपक्षा इव कूटलक्ष्या,**
**मलीमसाः प्राञ्जलमाश्रितं नः ।**
**निवार्यमाणा अपि मोहसैन्याः,**
**पुनः पुनर्लोकमुपद्रवन्ति ।।७५।।**

**શ્લોકાર્થ :-**

**દુર્વાદીના પક્ષ જેવા ફૂટલક્ષ્યવાળાં, મલિન હૈયાવાળાં, નિવારણ કરાતાં પણ મોહનાં સૈન્યો આપણને આશ્રિત એવા પ્રાંજલ=સરળ, લોકને ફરી ફરી ઉપદ્રવ કરે છે. ।।૭૫।।**

**ભાવાર્થ :-**

**ચારિત્રપરિણામને આશ્રય કરીને રહેલા સાધુઓ અને શ્રાવકો સહેજ પ્રમાદમાં પડે તો ચિત્તવૃત્તિમાં તરત મોહના પરિણામો ઉત્થિત :-**

શ્લોક-૭૪માં કહ્યું કે ચારિત્રપરિણામવાળા સાધુઓ કે શ્રાવકો શ્રુતજ્ઞાનથી મોહના ઉપદ્રવને નિવારવા માટે કઈ રીતે વિચારણા કરે છે, તે બતાવવા માટે બોધરૂપી મંત્રી પ્રત્યે ચારિત્રધર્મરાજા પોતાના આશ્રિત મંડલના ઉપદ્રવનું કથન કરે છે. તે કથન કરતાં કહે છે કે, મોહનું સૈન્ય દુર્વાદીઓના પક્ષ જેવું કૂટ લક્ષ્યવાળું છે અર્થાત્ જેમ ખરાબવાદીઓ વાદમાં છળપ્રપંચ કરતા હોય તેવા કૂટલક્ષ્યવાળા મોહના પરિણામો છે. વળી, યત્નપૂર્વક નિવારણ કરવા છતાં પણ મોહનું સૈન્ય આપણને આશ્રિત એવા સરળલોકને ઉપદ્રવ કરે છે અર્થાત્ ચારિત્રપરિણામને આશ્રય કરીને રહેલા સાધુઓ અને શ્રાવકો સહેજ પ્રમાદમાં પડે છે કે તરત મોહના પરિણામો ચિત્તવૃત્તિમાં ઊઠે છે અને તેઓના ચિત્તમાં રહેલા વૈરાગ્યના ભાવોનો નાશ કરે છે. આ પ્રમાણે ચારિત્રના પક્ષપાતી એવા શ્રાવકો અને સાધુઓ સદા વિચારીને સદ્બોધનું દૃઢ અવલંબન લઈને મોહથી પોતાના રક્ષણના ઉપાયોનો વિચાર કરે છે. **॥૭૫॥**

**શ્લોક :-**

**अस्मद्बलं तिष्ठति चित्तवृत्तौ,**
**वैराग्यवल्लीं न विना प्रवृद्धाम् ।**
**छलान्विषस्ते च विनाशयन्ति,**
**बीजाङ्कुरस्कन्धदशामपीमाम् ।।७६।।**

**શ્લોકાર્થ :-**

**(વળી, બોધમંત્રી પ્રત્યે ચારિત્રધર્મરાજા કહે છે –) ચિત્તવૃત્તિમાં પ્રવૃદ્ધ થયેલી વૈરાગ્યવલ્લી વગર આપણું સૈન્ય રહેતું નથી=જીવતું નથી અને છલાન્વેષી એવા તેઓ અર્થાત્ મોહના સૈનિક બીજ, અંકુર, સ્કંધ દશાવાળી પણ આને=વૈરાગ્યવલ્લીને, નાશ કરે છે. ॥૭૬॥**

ભાવાર્થ :-

**પ્રમાદનું આલંબન લઈને ઉત્થિત થયેલા મોહના પરિણામોથી ચારિત્રવલ્લીનાં બીજ-અંકુર આદિનો નાશ :-**

કલ્યાણના અર્થી એવા શ્રાવકો અને સાધુઓ શ્રુતના બળથી વિચારે છે કે ચારિત્રનું સૈન્ય ચિત્તવૃત્તિમાં પ્રવૃદ્ધ થયેલી એવી વૈરાગ્યવલ્લી ઉપર જીવે છે અને જો તેનો નાશ થાય તો ચારિત્રસૈન્ય જીવી શકે નહિ અને આપણા પ્રમાદનું આલંબન લઈને મોહના પરિણામો ઊઠે છે તે ચારિત્રવલ્લીનાં બીજ-અંકુરઆદિ દશાનો પણ નાશ કરે છે અર્થાત્ આત્મામાં જે વૈરાગ્યના બીજરૂપ સંસ્કારો પડેલા છે તે સંસ્કારોને પણ આપણો પ્રમાદ નાશ કરે છે, માટે આ મોહના ઉપદ્રવથી, આત્માનું રક્ષણ કરવા માટે પોતાના માર્ગાનુસારી બોધથી તેઓ વિચાર કરે છે, તે બોધમંત્રી પ્રત્યે ચારિત્રરાજાનું કથન છે એમ જાણવું. **॥૭૬॥**

શ્લોક :-

**निजाश्रितानामिति मानवाना-**
**मुपद्रवोऽधस्तनमण्डलेषु ।**
**अयं प्रतापक्षतये भवेन्मे,**
**रवेरिवाम्भोधरसन्निरोधः ।।७७।।**

શ્લોકાર્થ :-

**(વળી, બોધમંત્રી પ્રત્યે ચારિત્રરાજા કહે છે –) જેમ વાદળા વડે કરાયેલો સદ્નિરોધ સૂર્યના પ્રતાપના ક્ષય માટે થાય છે તેમ इति=આ પ્રકારે=શ્લોક-૭૬માં કહ્યું એ પ્રકારે, અધસ્તન મંડલોમાં=વિવેકપર્વતની તળેટીમાં રહેલા ગૃહીધર્મ દેશરૂપ અધસ્તનમંડલોમાં, નિજઆશ્રિત એવા માનવોનો=ચારિત્રરાજાને આશ્રિત એવા શ્રાવકોનો, આ ઉપદ્રવ=મોહનો ઉપદ્રવ, મારી પ્રતાપક્ષતિ માટે થાય છે=ચારિત્રની શક્તિની ક્ષતિને કારણે થાય છે. ॥૭૭॥**

**ભાવાર્થ :-**

**વિવેકવાળા શ્રાવકો અને માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવોના ચિત્તમાં થતા મોહના ઉપદ્રવથી ચારિત્રની શક્તિમાં ક્ષતિ :-**

ચારિત્રનું સામ્રાજ્ય વિવેકપર્વત ઉપર છે તેમ વિવેકપર્વતના નીચેના સ્થાનમાં રહેલ ગૃહસ્થધર્મ પાળનારા શ્રાવકોના ચિત્તમાં પણ છે અને માર્ગાનુસારી પ્રવૃત્તિ કરનારા જીવોના ચિત્તમાં પણ છે. તેવા જીવો જે કાંઈ ઉચિત પ્રવૃત્તિ કરે છે તેનાથી ચારિત્રના પ્રતાપની વૃદ્ધિ થાય છે. તે જીવોના ચિત્તમાં જે મોહના ઉપદ્રવો થાય છે તેનાથી ચારિત્રની શક્તિની ક્ષતિ થાય છે, તેથી વિવેકવાળા શ્રાવકો અને માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવો તેઓના ચિત્તમાં થતા મોહના ઉપદ્રવને જોઈને વિચારે છે કે જો આ રીતે આપણા ચિત્તમાં મોહનો ઉપદ્રવ ચાલુ રહેશે તો આપણા ચિત્તમાં ચારિત્રનું સ્થાન નાશ પામશે અને આપણામાં પ્રગટ થયેલી ઉચિત પ્રવૃત્તિઓ નાશ પામશે તો ફરી આ સંસારનું પરિભ્રમણ થશે, માટે મોહના પરિણામના ઉન્મૂલન માટે ઉચિત પ્રયત્ન કરવો જોઈએ. તેથી પોતાના માર્ગાનુસારી બોધથી વિચારે છે – તે બોધમંત્રી પ્રત્યે ચારિત્રરાજાનું કથન છે એમ જાણવું. **॥૭૭॥**

**શ્લોક :-**

**विचार्य मे ब्रूहि तदार्य ! तेषा-**
**मात्यन्तिकं विघ्नविनाशहेतुम् ।**
**भूयान्मनीषा तव भूरिचिन्ता-**
**महार्णवोत्तारकरी तरीव ।।७८ ।।**

**શ્લોકાર્થ :-**

**(વળી, ચારિત્રરાજા બોધમંત્રીને કહે છે –) તે કારણથી=શ્લોક-૭૫થી ૭૭ સુધી ચારિત્રરાજાએ બોધરૂપ મંત્રીને ઉપદ્રવનું જે કથન કર્યું તે કારણથી, હે આર્ય ! તેઓના આત્યન્તિક વિઘ્નના વિનાશના હેતુને વિચારીને તું મને કહે. ઘણી ચિંતારૂપી મોટા સમુદ્રમાંથી ઉત્તારને કરનાર= પાર કરનાર, તરી જેવી=નાવ જેવી, તારી બુદ્ધિ થાઓ. ॥૭૮॥**

**ભાવાર્થ :-**

**વિવેકવાળા સાધુઓ અને શ્રાવકોની પોતાના ચિત્તમાં વર્તતા સદ્બોધ સાથે પર્યાલોચન કરી મોહના ઉપદ્રવના નાશની વિચારણા :-**

શ્લોક-૭૫થી ૭૭ સુધી ચારિત્રરાજાએ બોધમંત્રીને મોહના ઉપદ્રવનું વર્ણન કર્યું. ત્યાર પછી મંત્રીને કહે છે કે મોહના વિઘ્નના અત્યંત વિનાશનો હેતુ જે હોય તે વિચારીને તું મને કહે. આનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુઓ અને જે શ્રાવકો વિવેકવાળા છે તે પોતાનામાં વર્તતા સદ્બોધ સાથે પર્યાલોચન કરે છે અને પોતાને થતાં પ્રમાદથી જે ઉપદ્રવો થાય છે તેનું સમાલોચન કરે છે અને શાસ્ત્રવચન અનુસાર પોતાનો જે બોધ વર્તે છે તે બોધવચન અનુસાર મોહના ઉપદ્રવના અત્યંત નાશનો તેઓ વિચાર કરે છે.

શ્લોકના ઉત્તરાર્ધમાં ચારિત્રરાજાએ કહ્યું કે ઘણી ચિંતારૂપી મોટા સમુદ્રમાંથી ઉત્તારને કરનાર નાવ જેવી તારી મતિ થાઓ. તેથી એ પ્રાપ્ત થાય કે યોગમાર્ગમાં પ્રવૃત્ત એવા સાધુઓ અને શ્રાવકોના ચિત્તમાં જે ચારિત્રનો પરિણામ વર્તે છે તે પરિણામથી પ્રેરિત તેઓમાં વર્તતો શાસ્ત્રાનુસારી બોધ મોહના અત્યંત નાશના ઉચિત ઉપાયનો નિર્ણય કરવા સમર્થ છે. **॥૭૮॥**

**શ્લોક :-**

**इतीरिते भूमिभुजा ब्रवीति,**
**सद्‌बोधमन्त्री कलितोरुनीतिः ।**
**बलस्य कार्यं न हि तेषु राजं-**
**स्त्राणं कला येषु पलायनस्य ।।७९।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રમાણે=પૂર્વશ્લોકોમાં કહ્યું એ પ્રમાણે, રાજા વડે સદ્બોધમંત્રી પ્રેરિત કરાયે છતે, જાણી છે વિશાલ નીતિ જેણે=જાણી છે શુદ્ધ વિશાલ નીતિ જેણે, એવો સદ્બોધમંત્રી કહે છે – હે રાજન, જેઓમાં=જે મોહરાજાના સૈન્યમાં, પલાયનની કલા ત્રાણ છે=રક્ષણ છે, તેઓમાં**

**બળનું કાર્ય નથી=તેઆના નાશ કરવાનો ઉપાય તેઓની સાથે બળપૂર્વક યુદ્ધ કરવું ઉચિત નથી. ||૭૯||**

**ભાવાર્થ :-**

**મોહના કલ્લોલોને શાંત થવાનો ઉપાય શું ? તે માટે સદ્‌બોધમંત્રીનું કથન :-**

પૂર્વશ્લોકમાં ચારિત્રરાજા સદ્‌બોધમંત્રીને મોહના અત્યંત નાશનો ઉપાય પૂછે છે, તેથી યુદ્ધની નીતિને સારી રીતે જાણનાર એવો સદ્‌બોધમંત્રી રાજાને કહે છે – જે મોહરાજાના સૈન્યની પલાયન થવાની કળા તેઓનું રક્ષણ છે, તેઓની સામે બળથી કાર્ય કરવામાં આવે તો તેઓ પલાયન થઈ જશે, પરંતુ તેઓનો અત્યંત વિનાશ થશે નહિ અને તેમ થવાથી ફરી ફરી તેઓનો ઉપદ્રવ પ્રાપ્ત થશે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે વિવેકી શ્રાવક પોતાને થતા મોહના ઉપદ્રવોના નાશનો ઉપાય સદ્‌બોધને પૂછે છે અને સદ્‌બોધ તેને મતિ આપે છે કે માત્ર ચારિત્રના આચારના પાલનથી ક્ષણભર મોહના કલ્લોલો બંધ થશે તોપણ તેઓનો અત્યંત નાશ થશે નહિ, તેથી ક્રિયા કરવાથી ક્ષણભર શાંત થયેલા મોહના પરિણામો ફરી ઉપદ્રવ કરવા આવશે, તેથી તેના નાશનો ઉપાય બળ કરીને ચારિત્રની ક્રિયા કરવી એ નથી. તો શું ઉપાય છે તે આગળના શ્લોકમાં બતાવે છે. **||૭૯||**

**શ્લોક :-**

**उपद्रवस्यास्य विनाशहेतुः,**
**पूजाऽस्ति पूता परमेश्वरस्य ।**
**स्वसैन्यसंमर्दमृतेऽपि हन्त,**
**हतो यया स्याद् द्विषतां प्रचारः ।।८०।।**

**શ્લોકાર્થ :-**

**(વળી, ચારિત્રરાજાને બોધમંત્રી કહે છે –) આના=મોહના સૈન્યના,**

**ઉપદ્રવના વિનાશનો હેતુ પરમેશ્વરની પવિત્ર પૂજા છે. ખરેખર જેનાથી= પૂજાની ક્રિયાથી, સ્વસૈન્યના સંમર્દન વગર પણ=ચારિત્રના સૈન્યના નાશ વગર પણ, શત્રુઓનો પ્રચાર=મોહના સૈન્યનું આગમન, હણાયેલું થાય છે. ॥૮૦॥**

**ભાવાર્થ :-**

**પવિત્ર એવી ભગવાનની પૂજા મોહના ઉપદ્રવના વિનાશનો હેતુ :-**

પોતાના આશ્રિત એવા દેશવિરતિ મંડળો પ્રત્યે મોહના ઉપદ્રવના નિવારણનો ઉપાય શું છે ? તે વિચારીને ચારિત્રરાજાએ બોધમંત્રીને કહેવા કહેલ. તેના નિવારણનો ઉપાય બતાવતાં બોધમંત્રી કહે છે કે, પવિત્ર એવી ભગવાનની પૂજા મોહના ઉપદ્રવના વિનાશનો હેતુ છે.

આનથી એ ફલિત થાય કે શ્રાવકો ગૃહસ્થ અવસ્થામાં છે, તેથી વારંવાર મોહની સામગ્રીથી ઉપદ્રવ પામતા હોય છે, માટે શ્રાવકોના ચિત્તમાં ચારિત્રને અનુકૂળ બળ સંચય દુષ્કર બને છે, પરંતુ જો તેઓ ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક, શક્તિ અનુસાર, ભગવાનની પૂજા કરે તો પૂજાકાળમાં ભગવાનના ગુણોથી ચિત્ત રંજિત થાય છે, જેથી મોહની સાથે યુદ્ધ કરવાના પ્રયાસ વગર સ્વાભાવિક મોહના પરિણામો ચિત્તમાં ઊઠતા નથી, વળી શ્રાવકના ચિત્તમાં સંસાર ખરેખર ઇન્દ્રજાળ જેવો છે, પારમાર્થિક તો વીતરાગ ભાવ જ જીવ માટે હિતરૂપ છે તેવા પ્રકારની નિર્મળ બુદ્ધિ ભગવાનની પૂજાથી સ્થિર સ્થિરતર થાય છે, તેથી મોહના ઉપદ્રવો નષ્ટપ્રાયઃ થાય છે. આથી જ વિવેકી શ્રાવકો જ્યાં સુધી સર્વવિરતિને અનુકૂળ અંતરંગ બળસંચય થયો નથી ત્યાં સુધી સર્વવિરતિને સ્વીકારીને મોહ સામે લડવાનો સાક્ષાત્ યત્ન કરતા નથી. પરંતુ નિપુણ પ્રજ્ઞા હોવાને કારણે જાણે છે કે ભગવાનના ગુણોનું નિત્ય સ્મરણ કરીને ઉત્તમ સામગ્રીથી ભગવાનની પૂજા કરવાથી ક્રમશઃ ચિત્તમાં મોહના ઉપદ્રવો સ્વયં જ નાશ પામે છે જેથી સુખપૂર્વક સર્વવિરતિને અનુકૂળ બળસંચય થાય છે. **॥૮૦॥**

**શ્લોક :-**

**तेषां रिपूणां पदशृङ्खलेयं,**
**स्वमण्डलक्षेमविधानदक्षा ।**

**क्रन्दन्ति बद्धा ह्यनया नितान्तं,**
**भवन्ति न स्पन्दितुमप्यलं ते ।।८१।।**

**શ્લોકાર્થ :-**

**સ્વમંડલના ક્ષેમને કરવામાં દક્ષ એવી આ=ભગવાનની પૂજા, તે શત્રુઓની પદશૃંખલા છે, હિ=જે કારણથી, આના વડે=પૂજારૂપી પદશૃંખલા વડે, બંધાયેલા એવા શત્રુઓ અત્યંત ક્રન્દન કરે છે, તેઓ સ્પંદન કરવા માટે પણ સમર્થ થતા નથી. ॥૮૧॥**

**ભાવાર્થ :-**

**ભગવાનની પૂજા મોહના સૈન્યને સ્પંદન કરવા માટે અસમર્થ કરે તેવી પદશૃંખલા :-**

શ્રાવકો ભગવાનના ગુણના પરિજ્ઞાનવાળા હોય છે, તેથી ભગવાની પૂજા કરવા માટે પ્રવૃત્ત થાય છે ત્યારે ભગવાનની કર્મકાયઅવસ્થાથી અને તત્ત્વકાય-અવસ્થાથી તેઓનું અંતઃકરણ વાસિત થાય છે અને જેમ જેમ ભગવાનની કર્મકાયઅવસ્થા અને તત્ત્વકાયઅવસ્થા પ્રત્યેના રુચિના સંસ્કારો આત્મામાં વૃદ્ધિ પામે છે તેમ તેમ ચારિત્રના સૈન્યની કુશળતાની પ્રાપ્તિ થાય છે; કેમ કે ભગવાનની અવસ્થાથી વાસિત ચિત્ત ચારિત્રને અનુકૂળ એવા કુશળભાવવાળું બને છે, તેથી ચિત્તમાં મોહનાં સ્પંદનો થતાં અટકે છે, માટે ભગવાનની પૂજા મોહના સૈન્યને સ્પંદન કરવા માટે અસમર્થ કરે તેવી પદશૃંખલા બને છે અને તે પદશૃંખલાથી બંધાયેલા મોહના સંસ્કારો જીવવા માટે અસમર્થ થયેલ હોવાથી જાણે અત્યંત ક્રંદન કરતા ન હોય એવા જણાય છે તેથી તે મોહના પરિણામો સંસારનાં નિમિત્તને પામીને શ્રાવકના ચિત્તમાં સ્પંદન કરવા સમર્થ બનતા નથી; કેમ કે શ્રાવકને ભગવાનના ગુણો પ્રત્યે જેવું આકર્ષણ હોય છે તેવું આકર્ષણ બાહ્ય વૈભવ પ્રત્યે હોતું નથી, તેથી ભગવાનની પૂજા દ્વારા ભગવાનના ગુણોથી રંજિત થયેલું ચિત્ત હોવાથી બાહ્ય નિમિત્તોની પ્રાપ્તિકાળમાં પણ મોહના કલ્લોલો ઊઠી શકતા નથી, તેથી શ્રાવકો માટે મોહથી રક્ષણનો બળવાન એક ઉપાય ભગવાનની પૂજા છે. **॥૮૧॥**

**શ્લોક :-**

उक्ता विशुद्धा त्रिविधा क्रमात् सा,
प्रकृष्टमध्याधिकविघ्नहर्त्री ।
व्यापारसारा निजकायवाणी-
मनोविशुद्धैरुपचारभेदैः ।।८२।।

**શ્લોકાર્થ :-**

**પોતાના કાય, વાણી અને મનના વિશુદ્ધ એવા ઉપચારના ભેદોથી વ્યાપાર છે પ્રધાન જેમાં એવી, વિશુદ્ધ ત્રણ પ્રકારવાળી તે=પૂજા, ક્રમથી પ્રકૃષ્ટ, મધ્યમ, અધિક વિઘ્નને હણનારી કહેવાયેલી છે=પ્રકૃષ્ટ, પ્રકૃષ્ટતર, પ્રકૃષ્ટતમ વિઘ્નને હણનારી કહેવાયેલી છે. ।।૮૨।।**

**ભાવાર્થ :-**

**ત્રણ પ્રકારની પૂજાનું સ્વરૂપ અને તેનાથી પ્રકૃષ્ટ, પ્રકૃષ્ટતર, પ્રકૃષ્ટતમ વિઘ્નોનો નાશ :-**

શ્રાવક ભૂમિકા અનુસાર ભગવાનની પૂજા કરે છે તે ત્રણ પ્રકારની છે :-

(૧) કાયયોગસારા (૨) વાગ્યોગસારા (૩) મનોયોગસારા.

**(૧) કાયયોગસારા :** ભગવાનના ગુણોથી રંજિત થયેલા શ્રાવકો પોતાની કાયાથી ભગવાનની પૂજાની ઉત્તમ સામગ્રી એકઠી કરે છે અને તેના દ્વારા ભગવાનની ભક્તિ કરે છે.

**(૨) વાગ્યોગસારા :** ભગવાનના ગુણોથી રંજિત થયેલા શ્રાવકો પોતાની કાયાથી ઉત્તમ સામગ્રી મેળવીને સંતોષ પામતા નથી, તેથી અન્યત્ર ઉપલબ્ધ એવી ઉત્તમ સામગ્રી વાણી દ્વારા પણ બીજા પાસેથી મંગાવે છે અને તેનાથી લોકોત્તમ પુરુષોની ભક્તિ કરે છે.

**(૩) મનોયોગસારા :** સ્વકાયાથી ઉત્તમ સામગ્રી મેળવીને, બીજા પાસેથી ઉત્તમ સામગ્રી મંગાવીને, પણ શ્રાવકને સંતોષ થતો નથી અને વિચારે છે કે લોકોત્તમ પુરુષોની ભક્તિ માટે નંદનવનઆદિમાં પ્રાપ્ત થતાં સહસ્રકમળઆદિ

દ્રવ્યો જ ઉચિત છે અને તે પોતાની કાયા કે વાણી દ્વારા મેળવવાં અશક્ય જણાય છે, તેથી મન દ્વારા જ તેને ગ્રહણ કરીને લોકોત્તમ પુરુષની ભક્તિને અનુરૂપ એવા લોકોત્તમ દ્રવ્યોથી તેઓ પૂજા કરે છે, જે પૂજા મનોયોગપ્રધાન છે.

આ ત્રણે પ્રકારની પૂજા ભગવાનની કર્મકાયઅવસ્થા અને ભગવાનની તત્ત્વકાય-અવસ્થા પ્રત્યેના આકર્ષણથી યુક્ત માનસવાળી હોવાથી વિશુદ્ધ છે અને આ ત્રણે પૂજા શ્રાવકની યોગમાર્ગની પ્રવૃત્તિમાં ક્રમસર પ્રકૃષ્ટ, પ્રકૃષ્ટતર અને પ્રકૃષ્ટતમ વિઘ્નોને હણનારી છે અર્થાત્ પ્રથમ પૂજા યોગમાર્ગના બાધક પ્રકૃષ્ટ વિઘ્નોનો નાશ કરે છે, બીજી પૂજા યોગમાર્ગના બાધક પ્રકૃષ્ટતર વિઘ્નોનો નાશ કરે છે અને ત્રીજી પૂજા યોગમાર્ગના બાધક પ્રકૃષ્ટતમ વિઘ્નોનો નાશ કરે છે. જેથી તે પૂજા કરીને શ્રાવકો શીઘ્ર ભાવચારિત્ર પાળવાની શક્તિવાળા બને છે, જેથી સુખે સુખે સંસારસાગરના પારને પામે છે. **॥૮૨॥**

**શ્લોક :-**

**समन्तभद्रा प्रथमाऽत्र पूजा,**
**प्रोक्ता द्वितीया खलु सर्वभद्रा ।**
**मरोर्भवस्याध्वनि सर्वसिद्धि-**
**फला तृतीयाऽमृतदीर्घिकाभा ।।८३।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=ત્રણ પ્રકારની પૂજામાં, પ્રથમ પૂજા સમન્તભદ્રા, બીજી પૂજા સર્વભદ્રા અને ત્રીજી (પૂજા) મરુ જેવા ભવના માર્ગમાં=ઉજ્જડ એવા ભવરૂપી માર્ગમાં, અમૃતની વાવડી સરખી સર્વસિદ્ધિના ફલવાળી કહેવાયેલી છે. ॥૮૩॥**

**ભાવાર્થ :-**

**સમંતભદ્રા, સર્વભદ્રા અને સર્વસિદ્ધિફલા પૂજાનું સ્વરૂપ :-**

પૂર્વમાં શ્રાવકની ત્રણ પ્રકારની પૂજા બતાવી. હવે તે ત્રણ પ્રકારની પૂજા કેવા ફળવાળી છે તે બતાવતાં કહે છે –

**(૧) સમંતભદ્રાપૂજા :** પ્રથમ પૂજા સમંતભદ્રા છે અર્થાત્ પ્રથમ પ્રકારની પૂજા કરનાર શ્રાવકોનું ચારેબાજુથી કલ્યાણ થાય છે અર્થાત્ આ પૂજાના બળથી શ્રાવકો ઉત્તમ ભોગાદિ સામગ્રીથી યુક્ત ભવ પામે છે અને ભગવાન પ્રત્યે ભક્તિના માનસવાળા થાય છે, જેથી સંસારમાં તેઓને ચારે બાજુથી ભદ્રપણું પ્રાપ્ત થાય છે.

**(૨) સર્વભદ્રાપૂજા :** પ્રથમ પ્રકારની પૂજા કરનાર શ્રાવકો કરતાં કંઈક અધિક વિવેકવાળા શ્રાવકો બીજા પ્રકારની પૂજા કરે છે તેઓનું સર્વ રીતે ભદ્ર થાય છે. પ્રથમ સમન્તભદ્રા પૂજા કરતાં બીજી સર્વભદ્રા પૂજા કરીને શ્રાવકો ઊંચી સામગ્રી યુક્ત ઉત્તમ ભવોને પામીને કલ્યાણની પરંપરાને પામે છે.

**(૩) સર્વસિદ્ધિફલાપૂજા :** ત્રીજી પૂજા સર્વસિદ્ધિના ફલને આપનારી છે. જેમ મરુભૂમિમાં કોઈને અમૃતની વાવડીઓ મળે તો તે મરુભૂમિમાં મહાઆનંદનું સ્થાન બને છે, તેમ સંસારી જીવો માટે ભવ અનેક વિડંબણાનું કારણ હોવાથી મરુભૂમિ જેવો છે, તેવી મરુભૂમિમાં પણ અમૃતની વાવડીઓ જેવી ત્રીજા પ્રકારની લોકોત્તમપુરુષની પૂજા છે. જેમાં શ્રાવકને લોકોત્તમ પુરુષની પૂજા અર્થે સામાન્ય દ્રવ્યથી સંતોષ થતો નથી, પરંતુ વિચાર આવે છે કે જગતમાં લોકોત્તમ પુરુષની પૂજા લોકોત્તમ દ્રવ્યથી થાય અને કાયાઆદિથી તેની પ્રાપ્તિનો અસંભવ હોવાથી મનથી લોકોત્તમ દ્રવ્યને ગ્રહણ કરીને લોકોત્તમપુરુષની લોકોત્તમતાના સ્મરણપૂર્વક જે તેમની પૂજા કરે છે તે વીતરાગતા આદિ ભાવોમાં નિમજ્જન કરવારૂપ હોવાથી અમૃતની વાવડી જેવી તે પૂજા છે, તેથી આવા ઉત્તમ ભાવોના કારણે તે શ્રાવકને સર્વસિદ્ધિની પ્રાપ્તિ થાય છે અર્થાત્ શીઘ્ર આ સંસારનો અંત કરવા માટે મહાશક્તિને પ્રાપ્ત કરાવે તેવી ઉત્તમભવની પ્રાપ્તિ થાય છે, જેથી સારી રીતે યોગમાર્ગ સેવીને સંસારનો શીઘ્ર અંત કરી શકે છે. **॥૮૩॥**

**શ્લોક :-**

**तत्रादिमा सर्वगुणाधिकेषु,**
**जिनेषु सर्वोत्तमवस्तुजातैः ।**
**कर्पूरपुष्पागुरुचन्दनाद्यैः,**
**स्वयं वितीर्णैः परितोषमूला ।।८४।।**

तेषां जनैरानयनेन वाचा-
माचारसंचारपवित्रितेन ।
भवेद् द्वितीयाऽधिकतोषहेतुः,
स्वशक्तिविस्फारितभूरिभक्तिः ।।८५।।

अनन्तसंतोषकरी तृतीया,
स्वशक्तिसिद्धेऽर्चनसंविधाने ।
भवत्यविश्रम्य सुरादिसाध्य-
विधौ विधित्साप्रसरोऽपि यस्याम् ।।८६।।

आद्याऽऽदिमावञ्चकयोगतः स्यात्,
सम्यग्दृशामुत्तरसद्गुणौघम् ।
युज्येत पूजा दधतां द्वितीया,
द्वितीयतद्योगपवित्रितानाम् ।।८७।।

तथा तृतीयाऽतिशयात् तृतीयात्,
संजायतेऽवञ्चकयोगरूपात् ।
श्राद्धस्य शुद्धस्य निजोचितस्य,
श्रुतोदिताचारपरायणस्य ।।८८ ।।

**શ્લોકાર્થ :-**

ત્યાં=ત્રણ પ્રકારની પૂજામાં, સ્વયં વિતીર્ણ એવા કર્પૂર, પુષ્પ, અગરુ, ચંદન આદિ સર્વોતમ વસ્તુના સમુદાય વડે સર્વગુણથી અધિક એવા જિનેશ્વરોમાં પરિતોષમૂલવાળી પ્રથમ પૂજા છે. ।।૮૪।।

લોકો વડે વાણીના આચારના સંચારથી પવિત્રિત એવા તેઓના આનયન વડે=બાહ્ય સામગ્રીના આનયન વડે, સ્વશક્તિથી વિસ્ફારિત એવી ભૂરિ ભક્તિવાળી અધિકતોષના હેતુવાળી બીજી પૂજા છે. ।।૮૫।।

સ્વશક્તિસિદ્ધ એવા અર્ચનના સંવિધાનમાં અવિશ્રામ કરીને જે

**પૂજામાં સુરાદિસાધ્યવિધિવિષયક વિધિત્સાનું પ્રસર પણ છે એવી અનન્તસંતોષને કરનારી ત્રીજી પૂજા છે. ॥૮૬॥**

**સમ્યગ્દૃષ્ટિને આદિમ અવંચકના યોગથી=યોગાવંચકયોગથી આદ્યપૂજા થાય છે. દ્વિતીય તદ્યોગથી પવિત્રિત=દ્વિતીય ક્રિયાવંચકયોગથી પવિત્રિત, ઉત્તર સદ્ગુણના ઓઘને ધારણ કરનાર એવા જીવોને=ગુણવ્રત અને શિક્ષાવ્રતરૂપ ઉત્તરગુણના સમૂહને ધારણ કરનારા એવા શ્રાવકોને, બીજી પૂજા ઘટે છે. ॥૮૭॥**

**અને પોતાને ઉચિત શ્રુતમાં કહેવાયેલ આચારમાં પરાયણ શુદ્ધ શ્રાવકને ત્રીજા અવંચકયોગરૂપ અતિશયથી=ફલાવંચકયોગરૂપ અતિશયથી, ત્રીજી પૂજા થાય છે. ॥૮૮॥**

**ભાવાર્થ :-**

**યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચકયોગથી ત્રણ પ્રકારની પૂજા :-**

મોહના ઉપદ્રવના વિનાશના હેતુ એવી ત્રણ પ્રકારની પૂજા શ્લોક-૮૩માં બતાવી. તે કઈ રીતે થાય છે ? તે બતાવે છે –

પ્રથમ પૂજા સર્વગુણોથી અધિક એવા જિનવિષયક સમ્યગ્દૃષ્ટિ જીવો કરે છે. તે સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની શક્તિ અનુસાર કર્પૂર, પુષ્પ, અગરુ, ચંદન આદિ ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરે છે અને તે રીતે ભક્તિ કરીને તેઓને પરિતોષ થાય છે. આ પૂજા કરનારા સમ્યગ્દૃષ્ટિ જીવો આદ્ય અવંચકયોગથી પૂજા કરે છે અર્થાત્ ગુણવાનના ગુણોને જાણીને ગુણવાનના ગુણો પ્રત્યે પક્ષપાત કરાવે એવા યોગાવંચક નામના યોગથી ભગવાનની પૂજા કરે છે.

બીજી પૂજામાં પોતાની ભગવાનની ભક્તિ કરવાની જે શક્તિ છે તે અતિશયિત થઈ છે જેમાં એવા ઉત્તરગુણધારી શ્રાવકો ભગવાનની ભક્તિની ઉત્તમ સામગ્રી અન્ય ક્ષેત્રમાંથી પણ અત્યંત વિધિપૂર્વક બીજા પાસેથી મંગાવીને ભગવાનની ભક્તિ કરે છે અને ક્રિયાવંચક નામના યોગના કારણે ઉત્તરગુણધારી શ્રાવકો આ બીજા પ્રકારની પૂજા કરે છે અને ક્રિયાવંચક યોગને કારણે તેઓની પૂજા શાસ્ત્રથી અત્યંત નિયંત્રિત થાય છે, તેથી પ્રથમ પૂજા કરનારા સમ્યગ્દૃષ્ટિ કરતાં ઉત્તરગુણધારી એવા શ્રાવકોની પૂજા અધિક વિશુદ્ધ હોય છે.

ત્રીજી પૂજામાં પોતાની શક્તિથી જે ઉત્તમ સામગ્રી મળે છે તેનાથી સંતોષ નહિ પામેલા અને સુરાદિથી સાધ્ય એવી ઉત્તમ સામગ્રીથી ભગવાનની ભક્તિનો અભિલાષ થયો છે જેમને એવા ઉત્તમ શ્રાવકોને અનંત સંતોષોને કરનારી એવી ત્રીજી પૂજા હોય છે. વળી, શાસ્ત્રમાં કહેવાયેલા પોતાની ભૂમિકાને ઉચિત આચારોમાં પરાયણ એવા શુદ્ધ શ્રાવકો આ ત્રીજી પૂજા કરનાર છે અને તે શ્રાવકો ફલાવંચક નામના યોગથી આ ત્રીજી પૂજા કરે છે, તેથી તેઓને ઉત્તમ પુરુષના યોગથી પ્રાપ્ત થયેલો જે ઉત્તમ પુરુષનો ઉપદેશ તે સમ્યક્ પરિણમન પામે તેવા ફલાવંચકયોગથી તેઓ ભગવાનની ભક્તિ કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાનની ભક્તિ વીતરાગભાવથી આત્માને વાસિત કરવાના અત્યંત ઉપયોગથી કરવાની છે અને તે પ્રકારના ફલને પ્રાપ્ત કરી શકે તેવા વીર્યના પ્રકર્ષથી આ ત્રીજી પૂજા કરનારા શ્રાવકો હોય છે; કેમ કે આ શ્રાવકો શાસ્ત્રમાં કહેવાયેલા સર્વશુદ્ધ આચારોમાં પરાયણ છે, તેથી ભગવાનની પૂજાકાળમાં અત્યંત શાસ્ત્ર નિયંત્રિત મતિ હોવાથી ભગવાનની પૂજાથી નિરતિચાર ચારિત્રને અનુકૂળ મહાશક્તિનો સંચય કરે છે. **॥૮૪-૮૫-૮૬-૮૭-૮૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં ત્રણ પ્રકારની પૂજા ક્રમસર ત્રણ અવંચકયોગથી થાય છે તેમ બતાવ્યું. તેથી તે ત્રણ પ્રકારનો અવંચકયોગ શું છે ય તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**योगा इहोक्तास्त्रिविधाश्च योग-**
**क्रियाफलावञ्चकभेदभाजः ।**
**सत्साधुसंगात्परिणामभाग्भ्यां,**
**क्रियाफलाभ्यां च तदाश्रयाभ्याम् ।।८९।।**

**શ્લોકાર્થ :-**

**સત્‌સાધુના સંગથી અને તદ્‌આશ્રયભૂત=સત્‌સાધુના આશ્રયભૂત, પરિણામને ભજનારા એવા ક્રિયા અને ફલથી, યોગ, ક્રિયા, અને**

**ફલના અવંચકના ભેદને ભજનારા ત્રણ પ્રકારના યોગો અહીંયાં= શાસ્ત્રમાં, કહેવાયા છે. ॥૮૯॥**

**ભાવાર્થ :-**

**સત્સાધુના સંગથી, સત્સાધુના આશ્રયભૂત પરિણામને ભજનાર એવી ક્રિયાથી અને સત્સાધુના આશ્રયભૂત ફળથી યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક ત્રણ પ્રકારના યોગો :-**

સત્સાધુના સંગથી યોગાવંચક નામનો યોગ છે, સત્સાધુને આશ્રયીને પરિણામને ભજનાર ક્રિયાથી ક્રિયાવંચક નામનો બીજો યોગ છે અને સત્સાધુને આશ્રયીને પરિણામને ભજનાર ફલથી ફલાવંચક નામનો ત્રીજો યોગ છે. આ પ્રમાણે ત્રણ યોગો શાસ્ત્રમાં કહેવાયેલા છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ઉત્તમ પુરુષને ઉત્તમ ગુણોથી ઉત્તમ પુરુષરૂપે જાણીને જે ઉત્તમ પુરુષનો યોગ છે તે યોગાવંચક નામનો યોગ છે; કેમ કે ઉત્તમ પુરુષનો યોગ ઉત્તમ ગુણો પ્રત્યે પક્ષપાત કરાવવાથી અવંચક બને છે.

ઉત્તમ પુરુષને આશ્રયીને કરાતી વંદનાદિ ક્રિયા ઉત્તમ પુરુષના ગુણને અભિમુખ દૃઢ યત્ન કરાવે તેવી હોય તો તે વંદનક્રિયા અવંચક યોગ છે, તેથી તે રીતે વંદન કરનારને ક્રિયાવંચક યોગની પ્રાપ્તિ થાય છે.

ઉત્તમ પુરુષનો યોગ તેમના ઉપદેશની પ્રાપ્તિ દ્વારા ઉત્તમ ફળને પ્રાપ્ત કરાવે એવો બને તો તે ફલાવંચકયોગ કહેવાય છે અર્થાત્ ઉત્તમ પુરુષોનો ઉપદેશ જેમને સમ્યક્ પરિણમન પામે તે યોગીઓને ઉત્તમ પુરુષોના ઉપદેશનું ફલ પ્રાપ્ત થયું છે, તેથી તેઓ ફલાવંચકયોગી છે.

અહીં વિશેષ એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ ગુણવાન એવા ભગવાનનો ગુણવાનરૂપે બોધ છે અને જેવો સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રજ્ઞાવાળો હોય તેવી સમાન પ્રજ્ઞાવાળો ઉત્તરગુણધારી શ્રાવક હોય તો તેને પણ ગુણવાન એવા ભગવાનની ગુણવાનરૂપે સમ્યગ્દૃષ્ટિ તુલ્ય જ બોધ હોય છે. વળી, ઉત્તરગુણધારી નિરતિચાર દેશવિરતિ પાળનાર શ્રાવકને પણ સમ્યગ્દૃષ્ટિ જેવી જ પ્રજ્ઞા હોય તો તેને પણ ભગવાનના સ્વરૂપનો પ્રથમ બે શ્રાવકો જેવો જ બોધ હોય છે અને આ ત્રણે

પ્રકારના જીવો અપ્રમાદથી ભગવાનની ભક્તિ કરતા હોય તો ભગવાનના ગુણો પ્રત્યેના રાગસ્વરૂપ ઉપયોગ ત્રણેયમાં સમાન વર્તે છે. આમ છતાં પ્રથમ પૂજા કરનાર અવિરત સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ વિરતિના સર્વથા સંશ્લેષ વગરનો હોવાથી નીચલી ભૂમિકાનો છે. તેથી ઉત્તરના બે શ્રાવકો કરતાં કાયયોગસારા પૂજા કરનાર તેની પૂજા પ્રકૃષ્ટ વિઘ્નને હરનાર કહી છે પરંતુ પ્રકૃષ્ટતર, પ્રકૃષ્ટતમ વિઘ્નને હરનારી કહી નથી. અર્થાત્ તે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ મોક્ષમાર્ગમાં બાધક એવા વિરતિ આવારક કર્મો જે યોગમાર્ગમાં વિઘ્નભૂત છે તેને પૂજાકાળમાં જિનગુણના પ્રણિધાનથી નાશ કરે છે. પરંતુ દેશવિરતિધર શ્રાવકની જેમ ઉપરના ગુણસ્થાનકનાં આવારકકર્મો અત્યારે નાશ કરતો નથી તેથી તેની પૂજાને પ્રકૃષ્ટતર પ્રકૃષ્ટતમ વિઘ્નને હરનારી કહી નથી.

વળી, બીજી પૂજા કરનાર શ્રાવક પૂજાકાળમાં કંઈક વિરતિના પરિણામથી સંવલિત ભગવાનના ગુણોના ઉપયોગવાળો હોવાથી અવિરત સમ્યગ્દૃષ્ટિ કરતાં અધિક શુભ અધ્યવસાયવાળો હોવાથી સર્વવિરતિને આસન્ન એવાં વિરતિનાં આવરક કર્મોનો નાશ કરીને સર્વવિરતિને આસન્નતર થાય છે, તેથી પ્રથમ પૂજા કરનાર કરતાં બીજી પૂજામાં પ્રકૃષ્ટતર વિઘ્નનો નાશ થાય છે તેમ કહેલ છે.

વળી, ત્રીજી પૂજા કરનાર નિરતિચાર શ્રાવકપણું પાળનારા મહાત્માઓનું ચિત્ત સર્વ પ્રવૃત્તિકાળમાં જિનવચનના પ્રણિધાનપૂર્વક પ્રવૃત્તિ કરનાર છે, તેથી અત્યંત સંવૃત છે અને એવો સંવરભાવ પ્રકૃતિરૂપ થયો હોવાથી પૂજાકાળમાં જ્યારે તે મહાત્મા ભગવાનના ગુણોના પ્રણિધાનવાળા છે, ત્યારે પણ તે પ્રકારના સંવરભાવથી યુક્ત પૂજામાં ઉપયોગ તે મહાત્માને વર્તે છે. તેવો ઉપયોગ સ્થૂલથી પ્રથમ બે પૂજા કરનારા શ્રાવકોનો સમાન દેખાય તોપણ વિશિષ્ટ સંવરયુક્ત નહીં હોવાથી ત્રીજી પૂજા કરનાર મહાત્મા વિશિષ્ટતમ વિઘ્નોનો નાશ કરે છે એવો વિઘ્નોનો નાશ પ્રથમ બે શ્રાવકો કરી શકતા નથી, આથી ત્રીજી પૂજા કરનાર શ્રાવક સર્વવિરતિનાં પ્રતિબંધક વિશિષ્ટતમ વિઘ્નોનો નાશ કરીને સર્વવિરતિને અનુકૂળ મહાબળ સંચય કરી શકે છે. તેથી તેમની પૂજા પ્રકૃષ્ટતમ વિઘ્નને હરનારી કહી છે. ॥૮૯॥

**શ્લોક :-**

सम्यक्त्वभाजां त्रिविधाऽपि सेय-

मेकातपत्रप्रभुताविधात्री ।

मिथ्यात्वभाजामपि विघ्नहर्त्री,

धर्माप्तिकृद् ग्रन्थिसमीपगानाम् ।।९०।।

**શ્લોકાર્થ :-**

**સમ્યગ્દષ્ટિઓને ત્રણે પ્રકારની પણ તે આ=પૂર્વશ્લોકોમાં કહેલી ત્રણે પ્રકારની પૂજા, એક આતપત્રવાળી=એકછત્રી સામ્રાજ્યવાળી પ્રભુતાને કરનારી છે, ગ્રંથિ સમીપ રહેલા એવા મિથ્યદષ્ટિઓને પણ વિઘ્નને હરનારી અને ધર્મની પ્રાપ્તિને કરનારી છે. ।।૯૦।।**

**ભાવાર્થ :-**

**સમ્યગ્દષ્ટિઓને ત્રણે પ્રકારની પૂજા એકછત્રી સામ્રાજ્યવાળી પ્રભુતાને કરનારી :-**

બોધમંત્રીએ મોહના ઉપદ્રવના વિનાશના હેતુ એવી ત્રણ પ્રકારની પરમેશ્વરની પૂજા છે તેમ કહેલ. આ ત્રણ પ્રકારની પૂજા સમ્યગ્દષ્ટિ જીવો કરે છે, તેઓને માટે આ પૂજા એકછત્રવાળી પ્રભુતાને કરનારી છે.

આશય એ છે કે ઉત્તરગુણવ્રતધારી શ્રાવક અને શુદ્ધ શ્રાવક તે બન્ને પણ સમ્યગ્દષ્ટિ છે, તેથી પૂર્વમાં વર્ણન કરાયેલી ત્રણે પૂજાઓ સમ્યગ્દષ્ટિ કરી શકે છે અને તે ત્રણે પ્રકારના સાધકો સ્વભૂમિકા અનુસાર પરમેશ્વરના પારમાર્થિક સ્વરૂપને જાણનારા છે અને પરમેશ્વરના પારમાર્થિક બોધપૂર્વક સ્વભૂમિકા અનુસાર તેમની ભક્તિ કરે છે તેનાથી તેઓમાં પ્રભુતા પ્રગટે છે, જેના કારણે મોહથી તેઓ ઉપદ્રવ પામી શકતા નથી તે તેમની પ્રભુતા એકછત્રી સામ્રાજ્યવાળી છે; કેમ કે ભગવાનની પૂજા કરનાર સમ્યગ્દષ્ટિના ચિત્તમાં હંમેશાં વીતરાગભાવનું એકછત્રી સામ્રાજ્ય વર્તે છે, તેથી તેઓ મોહથી સુરક્ષિત રહે છે અને ઉત્તર ઉત્તરની ભૂમિકાને પામીને સંસારનો અંત કરવા સમર્થ બને છે.

**ગ્રંથિ સમીપ રહેલા મિથ્યાદષ્ટિઓને પણ વિઘ્નને હરનારી અને ધર્મની પ્રાપ્તિને કરનારી :-**

વળી, જેઓ હજુ સમ્યક્ત્વ પામ્યા નથી પણ ગ્રંથિની સમીપમાં રહેલા છે અર્થાત્ સૂક્ષ્મબોધ થયો નથી છતાં તત્ત્વને જાણવાને અભિમુખ ભાવવાળા છે, તેથી ભદ્રકભાવથી ભગવાનની ભક્તિ કરે છે, તેવા મિથ્યાદષ્ટિ જીવોની પણ ભગવાનની પૂજા યોગમાર્ગની પ્રાપ્તિમાં વિઘ્નોને હણનારી છે અને તેવા ભદ્રકજીવોને ભગવાનની આ પૂજા ધર્મની પ્રાપ્તિ કરાવનાર છે. **॥૯૦॥**

**શ્લોક :-**

**भवस्थितेर्भङ्गकरीयमिष्टा,**
**विशोधनी मोक्षमहापथस्य ।**
**जीवायसश्चाक्षयभावराग-**
**रसायनात् काञ्चनभावकर्त्री ।।९१।।**

**શ્લોકાર્થ :-**

**ઈષ્ટ એવી આ=મોહના ઉપદ્રવના નાશ કરવાના ઉપાયરૂપે ઈષ્ટ એવી ત્રણ પ્રકારની પૂજા, ભવસ્થિતિના ભંગને કરનારી છે=દીર્ઘસંસાર ચાલે એ પ્રકારની ભવને અનુકૂળ જીવમાં વર્તતી કર્મની સ્થિતિના ભંગને કરનારી છે, મોક્ષના મહાપથના વિશોધનને કરનાર છે=મોક્ષને અનુકૂળ એવા ક્ષપકશ્રેણીરૂપ જે મહાપથ તે પથ પ્રત્યે પ્રયાણ કરવાને પ્રતિકૂળ એવી જે જીવમાં મલિનતા વર્તે છે તે મલિનતાને વિશોધન કરનારી છે, અને અક્ષયભાવના રાગરૂપ રસાયણથી=આત્માનો સિદ્ધઅવસ્થારૂપ જે અક્ષયભાવ છે તે ભાવ પ્રત્યેના રાગરૂપ રસાયણથી, જીવરૂપી લોખંડને=કર્મથી મલિન થયેલા એવા જીવરૂપી લોખંડને, કાંચનભાવને કરનારી છે=સોનાસદશ શુદ્ધઆત્માના પારમાર્થિક સ્વરૂપને પ્રગટ કરનારી છે. ॥૯૧॥**

**ભાવાર્થ :-**

ભગવાનના પારમાર્થિક સ્વરૂપને યથાર્થ જોનારા એવા સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વભૂમિકા અનુસાર જે ત્રણ પ્રકારની પૂજા કરે છે તે ત્રણ પ્રકારની પૂજાનાં કાર્યોને ગ્રંથકારશ્રી બતાવે છે –

**(૧) ભવસ્થિતિનો ભંગ કરનારી :-**

મોહના ઉપદ્રવથી રક્ષણ માટે ઇષ્ટ એવી આ પૂજા ભવસ્થિતિના ભંગને કરનારી છે. આશય એ છે કે સંસારી જીવોને અનાદિકાળથી ભવ પ્રત્યેનો રાગ વર્તે છે અને તેથી તે તે ભવોને પામીને સંસારીજીવો ભોગસામગ્રી પ્રત્યે આકર્ષણવાળા રહે છે, તેથી તે જીવોની ભવની સ્થિતિ અવિચ્છિન્ન ચાલે છે અને તેવા જીવો સમ્યક્ત્વ પામે છે ત્યારે ભગવાનની પૂજા કરીને અવિચ્છિન્ન ભવની સામગ્રીરૂપ સંગના પરિણામને બદલે ભવના ઉચ્છેદની સામગ્રીરૂપ અસંગના પરિણામરૂપ યોગમાર્ગ પ્રત્યેના આકર્ષણવાળા બને છે, તેથી યોગમાર્ગને સેવીને પૂર્ણતાને પામેલા અને જગતના જીવોને યોગમાર્ગ બતાવનારા પૂર્ણપુરુષ પ્રત્યે ભક્તિવાળા બને છે અને તેવા પૂર્ણપુરુષ એવા ભગવાનની ભક્તિ કરીને તે જીવો પોતાની ભવસ્થિતિનો ભંગ કરે છે, તેથી ભગવાનની પૂજા ભવસ્થિતિના ભંગને કરનારી છે.

**(૨) મોક્ષના મહાપથના વિશોધનને કરનારી :-**

જીવો સંગના પરિણામથી કર્મો બાંધે છે અને અસંગના પરિણામથી કર્મોનો નાશ કરે છે, તેથી સર્વકર્મના નાશરૂપ મોક્ષનો મહાપથ જીવમાં અત્યંત સ્ફુરાયમાન થતો અસંગનો પરિણામ છે. જ્યારે સાધક યોગી ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે સંચિત થયેલા વીર્યવાળા એવા તે યોગી સંગના કારણભૂત કર્મો વિદ્યમાન હોવા છતાં મહાપરાક્રમથી ક્ષયોપશમભાવના અસંગભાવનો ત્યાગ કરીને ક્ષાયિકભાવના અસંગભાવને પ્રગટ કરવા યત્ન કરે છે, જે મોક્ષપ્રાપ્તિનો મહાપથ છે, અને સમ્યગ્દૃષ્ટિ જીવો મોક્ષના અત્યંત અર્થી છે, તેથી મોક્ષપ્રાપ્તિને અનુકૂળ એવા મહાપથ પ્રત્યે પ્રયાણ કરવાના બળવાન અભિલાષવાળા છે, છતાં અંતરંગ એવી વિશુદ્ધિ નહિ થયેલી હોવાથી ક્ષપકશ્રેણીરૂપ મોક્ષના મહાપથ ઉપર પ્રયાણ કરી શકતા નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની ભૂમિકા અનુસાર

ત્રણ પ્રકારમાંથી યથાયોગ્ય પૂજાને કરીને તે મહાપથમાં પ્રયાણ કરવાને અનુકૂળ ચિત્તની વિશુદ્ધિને પ્રાપ્ત કરવાનું કારણ બને તેવા સંચિતવીર્યવાળા બને છે તેથી પરમેશ્વરની આ પૂજા મોક્ષના મહાપથના વિશોધનને કરનારી છે.

**(૩) જીવરૂપી લોખંડને સુવર્ણભાવરૂપે કરનારી :-**

સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની ભૂમિકા પ્રમાણે ત્રણ પ્રકારની જે પૂજા કરે છે તે વખતે ભગવાનની તત્ત્વકાયઅવસ્થા પ્રત્યે=આઠ કર્મના ક્ષયથી પ્રગટ થયેલી નિષ્ફલ અવસ્થા એ રૂપ જે જીવની તત્ત્વકાયઅવસ્થા તેના પ્રત્યે, તેઓને અત્યંત રાગ વર્તે છે અને તત્ત્વકાયઅવસ્થા તે જીવનો અક્ષયભાવ છે. અને તે અક્ષયભાવનો રાગ રસાયણ જેવો છે, તેથી જેમ લોખંડ ઉપર વિશિષ્ટ પ્રકારનું રસાયણ નાખવામાં આવે તો તે લોખંડ સુવર્ણભાવને પામે છે, તેમ કષાયોથી આકુળ એવો જીવ લોખંડ તુલ્ય છે અને તેના ઉપર અક્ષયભાવના રાગરૂપ રસાયણ પડે તો વીતરાગતારૂપ કાંચનભાવને તે જીવ પ્રાપ્ત કરે છે, માટે ભગવાનની પૂજા અક્ષયભાવના રાગરૂપ રસાયણથી જીવરૂપ લોખંડને સુવર્ણભાવરૂપે કરે છે. આથી વિવેકી શ્રાવકોને ભગવાનની પૂજા કર્યા પછી સતત ભગવાનની તત્ત્વકાયઅવસ્થા સ્મરણમાં રહે છે જેથી સંસારીની પ્રવૃત્તિ સતત શિથિલ શિથિલતર થાય છે. **॥૯૧॥**

**શ્લોક :-**

**आत्यन्तिकोपद्रववारणेन,**
**तदेतया देव! जनास्त्वयाऽमी ।**
**संरक्षणीयास्तव काऽत्र चिन्ता,**
**सर्वेऽप्युपायाः खलु यस्य वश्याः ।।९२।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=પૂર્વમાં શ્લોક-૯૦માં કહ્યું કે આ ત્રણે પ્રકારની પૂજા સમ્યગ્દૃષ્ટિ જીવોને એક આતપત્રરૂપ પ્રભુતાને કરનારી છે અને ત્યારપછી શ્લોક-૯૧માં કહ્યું કે આ પૂજા ભવસ્થિતિના ભંગ આદિને કરનારી છે**

**તે કારણથી, આના વડે=પરમેશ્વરની પૂજા વડે, આ લોકો=વિવેકપર્વતના અધસ્તલ મંડળમાં રહેલા શ્રાવકો, તમારા વડે=ચારિત્રના પરિણામ વડે, આત્યંતિક ઉપદ્રવના વારણથી=મોહના અત્યંત ઉપદ્રવના વારણથી, રક્ષણીય છે. જેને સર્વ પણ ઉપાયો વશ્ય છે એવા તમને, અહીં=અધસ્તલ મંડળના, તેવા પ્રકારના મોહના ઉપદ્રવના વિષયમાં, શું ચિંતા છે ? ॥૯૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં બોધમંત્રીએ વિવેકપર્વતના અધસ્તલ મંડળમાં રહેલા શ્રાવકોને થતા મોહના ઉપદ્રવથી રક્ષણનો ઉપાય ત્રણ પ્રકારની પૂજા છે એમ બતાવ્યું. હવે કહે છે કે આ ત્રણ પ્રકારની પૂજા કરવાની પ્રેરણા કરવા દ્વારા મોહના અત્યંત ઉપદ્રવથી શ્રાવકોનું તમારે રક્ષણ કરવું જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે વિવેકવાળા શ્રાવકોના ચિત્તમાં ચારિત્રનો પક્ષપાત છે અને ભગવાનના વચન અનુસાર બોધ છે, તેથી ચારિત્રના પક્ષપાતપૂર્વક ભગવાનના વચનના બોધથી વિવેકી શ્રાવકો વિચારે છે કે મોહના ઉપદ્રવથી પોતાનો અત્યંત રક્ષણ કરવાનો ઉપાય આ ત્રણ પ્રકારની પૂજા છે અને જેના ચિત્તમાં ચારિત્રનો પક્ષપાત છે એવા શ્રાવકોને ચારિત્રની પરાકાષ્ઠાએ પહોંચેલા ભગવાનની પૂજા કરવા પ્રત્યેનો બદ્ધરાગ વર્તે છે, તેથી મોહના ઉપદ્રવના રક્ષણનો ઉપાય તેમને સ્વવશ છે તેમ જણાય છે. તેથી તેઓને ચિંતા કરવાનું પ્રયોજન નથી, પરંતુ જો વિવેકપૂર્વક તે શ્રાવકો ભગવાનની પૂજા કરે તો અવશ્ય મોહના ઉપદ્રવથી રક્ષિત બને છે અને મહાપથના પ્રયાણને અનુકૂળ એવા સંચિતવીર્યવાળા થાય છે, જેથી સંસારમાં હોવા છતાં સર્વ ભય રહિત થઈને સુખે સુખે આત્મહિત સાધી શકે છે. **॥૯૨॥**

**શ્લોક :-**

**स्वीकृत्य सन्मन्त्रिवचस्तदेत-**
**च्चारित्रधर्मो विनियोज्य लोकान् ।**
**पूजाविधौ तीर्थकृतां समग्र-**
**मुपद्रवं शत्रुकृतं निहन्ति ।।९३।।**

ततश्च तेषां निरुपद्रवत्वाद्,
वैराग्यवल्ली परिवृद्धिमेति ।
तदीयपुष्पोत्करसौरभश्रीः,
सर्वत्र संमूर्च्छति चित्तवृत्तौ ।।९४।।

**શ્લોકાર્થ :-**

**તે આ=પૂર્વશ્લોકમાં બોધમંત્રીએ કહ્યું તે આ, સદ્‌મંત્રીનું વચન સ્વીકારીને ચારિત્રધર્મરાજા તીર્થંકરની પૂજાની વિધિમાં લોકોને વિનિયોજન કરીને શત્રુકૃત સમગ્ર ઉપદ્રવને=મોહકૃત સમગ્ર ઉપદ્રવને, હણે છે.**

**અને તેથી=પૂર્વશ્લોકમાં કહ્યું કે લોકોને પૂજાની વિધિમાં જોડીને ચારિત્રધર્મ શત્રુકૃત સમગ્ર ઉપદ્રવને હણે છે તેથી, તેઓનું નિરુપદ્રવપણું હોવાથી=પૂજા કરનારા, શ્રાવકોનું નિરુપદ્રવપણું હોવાથી, વૈરાગ્યવલ્લી, પરિવૃદ્ધિને પામે છે. તત્સંબંધી પુષ્પોના સમૂહના સૌરભની લક્ષ્મી= પરિવૃદ્ધિને પામેલી એવી વૈરાગ્યવલ્લી સંબંધી પુષ્પોના સમૂહના સૌરભની લક્ષ્મી, સર્વત્ર ચિત્તવૃત્તિમાં ઊછળે છે. ।।૯૩-૯૪।।**

**ભાવાર્થ :-**

**પૂજા કરનાર શ્રાવકોનું નિરુપદ્રવપણું હોવાથી વૈરાગ્યવલ્લી પરિવૃદ્ધિ પામીને તત્સંબંધી પુષ્પોના સમૂહના સૌરભની લક્ષ્મીનો સર્વત્ર ચિત્તવૃત્તિમાં ફેલાવો :-**

વિવેકી શ્રાવકમાં વર્તતો ચારિત્રનો પક્ષપાત એ ચારિત્રધર્મસ્થાને છે અને ભગવાનના વચનનો બોધ એ સદ્‌મંત્રી સ્થાને છે, તેથી ચારિત્રધર્મના પક્ષપાતને કારણે વિવેકી શ્રાવક સદ્‌મંત્રીના વચન તુલ્ય ભગવાનના વચનનો સ્વીકાર કરીને તીર્થંકરની પૂજામાં યત્ન કરે છે, તેથી તેઓના ચિત્તમાં તીર્થંકરના ચારિત્રાદિ ગુણો પ્રત્યેનો પક્ષપાત અત્યંત વૃદ્ધિ પામે છે, જેથી સંસારીના પ્રવૃત્તિકાળમાં પણ તેઓને પ્રાયઃ મોહના ઉપદ્રવો થતા નથી. પરંતુ પરમાત્માના સ્વરૂપનું જ વારંવાર સ્મરણ થાય છે તેથી તે શ્રાવકના ચિત્તમાં મોહના ઉપદ્રવો નહિ થવાથી વૈરાગ્યની વલ્લી અત્યંત વૃદ્ધિને પામે છે જેના કારણે તેમની ચિત્તવૃત્તિમાં

વૈરાગ્યનાં પુષ્પો જેવા ઉત્તમભાવોની સૌરભ સદા વર્તે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે શ્રાવકો સ્વભૂમિકા અનુસાર ભગવાનની પૂજા કરે છે તેમની ચિત્તવૃત્તિમાં ચારિત્રના પરિણામો પ્રતિદિન પ્રવર્ધમાન થાય છે. તેથી સતત વૈરાગ્યની વૃદ્ધિ થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરીને તે શ્રાવકો પ્રતિદિન સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. જેથી આ ભવમાં કદાચ સર્વવિરતિની શક્તિનો સંચય ન થયો હોય તેથી ચારિત્ર ગ્રહણ ન કરે તોપણ જન્માંતરમાં સર્વવિરતિને પ્રાપ્ત કરીને તે શ્રાવકો અવશ્ય અલ્પ ભવોમાં સંસારનો અંત કરશે. **II૯૩-૯૪II**

**શ્લોક :-**

**नितान्तभीता निखिला हताशा,**
**व्रजन्ति दूरे रिपवस्तदानीम् ।**
**तत्रैव तिष्ठन्ति च धार्ष्ट्यतो ये,**
**ते शृङ्खलायां निपतन्ति तस्याम् ।।९५।।**

**શ્લોકાર્થ :-**

**નિતાન્ત ભય પામેલા=અત્યંત ભય પામેલા અને હતાશાવાળા એવા નિખિલશત્રુઓ ત્યારે=જ્યારે ચિત્તવૃત્તિમાં વૈરાગ્યવલ્લીનાં પુષ્પોની સૌરભ સર્વત્ર ઊછળે છે ત્યારે, દૂર જઈને બેસે છે અને જે લોકો ધૃષ્ટતાથી ત્યાં જ રહે છે તેઓ તે શૃંખલામાં પડે છે=ભગવાનની પૂજારૂપી શૃંખલામાં પડે છે. ।।૯૫।।**

**ભાવાર્થ :-**

**શ્રાવકનું દ્રવ્યસ્તવ સર્વવિરતિના પરિણામરૂપ ભાવસ્તવનું કારણ :-**

વિવેકસંપન્ન શ્રાવકો ભગવાનની પૂજા કરે છે ત્યારે તેઓના ચિત્તમાં ભગવાનના ગુણોની સૌરભ વર્તે છે, જે સૌરભ મોહના પરિણામના વિનાશનું કારણ છે. તેથી શ્રાવકના ચિત્તમાં જે અત્યારસુધી મોહના પરિણામો વર્તતા હતા તે ભય પામીને દૂર ચાલ્યા ગયા છે કારણ કે વૈરાગ્યની સૌરભમાં મોહના પરિણામ જીવી શકે તેમ નથી. આમ છતાં શ્રાવકનો વૈરાગ્ય તીવ્ર થયેલો હોવા છતાં

સર્વવિરતિના પરિણામને સ્પર્શ્યો નથી, તેથી હજુ કુટુંબની લાગણી, ધનાદિ પ્રત્યે રાગ વગેરે વર્તે છે તે મોહના પરિણામો શ્રાવકની ચિત્તવૃત્તિમાં ધૃષ્ટતા ધારણ કરીને બેઠેલા છે, તોપણ ભગવાનની પૂજાથી થયેલા ઉત્તમભાવોને કારણે જે વૈરાગ્યની વૃદ્ધિ થઈ રહી છે, તેના સંસ્કારો તે શ્રાવકોના ચિત્તમાં અત્યંત વૃદ્ધિ પામે છે. તે સંસ્કારો વિદ્યમાન મોહના ભાવો પ્રત્યે શૃંખલા જેવા છે, તેથી ઉત્તમ સંસ્કારોની શૃંખલામાં પડેલા એવા મોહના પરિણામો સ્પંદન કરી શકતા નથી અને શ્રાવકનું ચિત્ત પ્રતિદિન ભગવાનની પૂજા કરીને વૈરાગ્યની વૃદ્ધિ કરે છે, તેથી ભગવાનના ગુણોનો પક્ષપાત વધતો જાય છે અને સંસારના ભાવો ઇન્દ્રજાલ જેવા દેખાય છે, તેથી મોહની શક્તિ નષ્ટ નષ્ટતર થતી જાય છે અને શ્રાવકના ચિત્તમાં ચારિત્રનું સામ્રાજ્ય અધિક અધિક થાય છે. આથી શ્રાવકના દ્રવ્યસ્તવને સર્વવિરતિના પરિણામરૂપ ભાવસ્તવનું કારણ શાસ્ત્રકારો કહે છે. **॥૯૫॥**

**શ્લોક :-**

**छायासु वैराग्यलताश्रयासु,**
**बद्ध्वा निवासानथ सावधानाः ।**
**आगन्तुकोपद्रववारणाय,**
**तिष्ठन्ति चारित्रनृपस्य योधाः ।।९६।।**

**શ્લોકાર્થ :-**

**હવે વૈરાગ્યલતાના આશ્રયરૂપ છાયામાં નિવાસોને બાંધીને સાવધાન થયેલા ચારિત્રરાજાના યોદ્ધાઓ આગન્તુક ઉપદ્રવના વારણ માટે બેઠા છે. ॥૯૬॥**

**ભાવાર્થ :-**

**વિવેકસંપન્ન શ્રાવકો સંસારમાં હોવા છતાં મોહના ઉપદ્રવથી રક્ષણ પામેલા અને પ્રતિદિન પ્રવર્ધમાન એવી ચારિત્રની શક્તિનો સંચય કરનારા :-**

વિવેકપર્વત ઉપર વૈરાગ્યની લતાઓ વર્તે છે. જ્યાં સંયમમાં ઉત્થિત પરિણામવાળા એવા સુસાધુઓ વર્તે છે અને વિવેકપર્વતની તળેટીમાં પણ

વૈરાગ્યની લતાના આશ્રયવાળી છાયા વર્તે છે. જ્યાં ચારિત્રના પરિણામ પ્રત્યે બદ્ધરાગવાળા સુશ્રાવકો વર્તે છે, આથી સાધુઓના ચિત્તમાં જગતના સર્વ ભાવો પ્રત્યે જેવો વિરક્ત ભાવ છે, તેવો વિરક્ત ભાવ શ્રાવકોના ચિત્તમાં નથી તોપણ વૈરાગ્યની લતાના આશ્રયવાળી છાયા શ્રાવકના ચિત્તમાં વર્તે છે, આથી શ્રાવકો જ્યારે જ્યારે ભગવાનની પૂજા કરે છે ત્યારે ત્યારે મહાસંવેગના પરિણામને સ્પર્શે છે. તે વખતે તેઓના ચિત્તમાં ચારિત્રરાજાના યોદ્ધાઓ સ્થાન જમાવે છે. અર્થાત્ ચારિત્રના શક્તિસંચય અર્થે ઉચિત વિચારણાઓનો પ્રવાહ શ્રાવકના ચિત્તમાં વર્તે છે, અને તે પરિણામ આગંતુક એવા મોહના ઉપદ્રવના વારણ માટે શ્રાવકને સદા સાવધાન કરે છે, તેથી વિવેકસંપન્ન શ્રાવકો સંસારમાં હોવા છતાં મોહના ઉપદ્રવથી રક્ષણ પામેલા છે અને પ્રતિદિન પ્રવર્ધમાન એવી ચારિત્રની શક્તિનો સંચય કરનારા બને છે. **॥૯૬॥**

**શ્લોક :-**

**छिन्दन्ति वासांश्च विषद्रुमांस्ते,**
**पापात्मनां भावमहारिपूणाम् ।**
**ते भग्नवासा विषमेषु नंष्ट्वा,**
**व्रजन्ति विच्छेदनगान्तरेषु ।।९७।।**

**શ્લોકાર્થ :-**

**તેઓ=ચારિત્રનૃપના યોદ્ધાઓ, પાપાત્મા એવા ભાવમહાશત્રુઓનાં વિષવૃક્ષરૂપ નિવાસ્થાનોને છેદી નાખે છે અને ભગ્નવાસવાળા તેઓ= ભાવશત્રુઓ, નાસીને વિચ્છેદનગાન્તરવાળાં એવાં વિષમસ્થાનોમાં જાય છે. ॥૯૭॥**

**ભાવાર્થ :-**

**ભગવાનની તત્ત્વકાયઅવસ્થાના વારંવાર સ્મરણથી વૈરાગ્યભાવની પુષ્ટિ થવાથી ચિત્તવૃત્તિમાં રહેલા ભાવશત્રુઓ નષ્ટપ્રાયઃ :-**

શ્રાવકો સ્વશક્તિ અનુસાર ભગવાનની ત્રિકાળ પૂજા કરે છે, તેથી તેઓનું ચિત્ત વીતરાગતા આદિ ગુણોથી અત્યંત વાસિત થાય છે. ભગવાનની

તત્ત્વકાયઅવસ્થાનું વારંવાર સ્મરણ થવાથી વૈરાગ્યભાવોની પુષ્ટિ થાય છે, તેથી ચારિત્રને અનુકૂળ ઉત્તમભાવોનો સંચય થાય છે, જે ઉત્તમભાવોને કારણે ચિત્તવૃત્તિમાં રહેલા ભાવશત્રુ એવા મોહના સંસ્કારો નષ્ટપ્રાયઃ થાય છે. મોહના સંસ્કારો નષ્ટપ્રાયઃ થવાના કારણે તે શ્રાવકના ચિત્તમાં તેઓને સ્થાન નહિ મળવાથી સૂક્ષ્મ રીતે શ્રાવકના કોઈ ગુહ્યભાગમાં સંસ્કારરૂપે તે મોહના પરિણામો રહેલા હોય છે, જે ભગ્નવાસવાળા એવા મોહનાં સૈન્યો વિષમ એવા સ્થાનમાં છુપાઈને રહેલાં છે તેવાં જાણવાં.

આથી કોઈક નિમિત્તને પામીને તે સંસ્કારોનો સળવળાટ થાય તો શ્રાવકના ચિત્તમાં પણ તેઓનો ઉપદ્રવ થાય છે. ફક્ત ભગવાનની પૂજાથી ઉત્પન્ન થયેલા ચારિત્રના પરિણામથી સંયમનું બળ અત્યંત થવાથી તે મોહના સંસ્કારો વ્યક્તરૂપે પ્રગટ થતાં નથી. **II૯૭II**

**શ્લોક :-**

**चारित्रधर्मेण वशीकृताऽथ,**
**सर्वाऽपि जन्तोरिह चित्तवृत्तिः ।**
**शुष्काटवीत्वं प्रविहाय लीला-**
**रामत्वमेति प्रविसृत्वरश्रीः ।।९८ ।।**

**શ્લોકાર્થ :-**

**હવે અહીં=સંસારમાં, ચારિત્રધર્મથી વશ કરાયેલી અને વિસ્તાર પામતી એવી લક્ષ્મીવાળી જંતુની સર્વ પણ ચિત્તવૃત્તિ શુષ્ક અટવીપણાને છોડીને લીલા કરવાને માટે આરામપણાને પામે છે=બગીચાના ભાવને પામે છે. II૯૮II**

**ભાવાર્થ :-**

**ચારિત્રધર્મથી વશ કરાયેલી અને વિસ્તાર પામતી એવી લક્ષ્મીવાળી પ્રાણીની સર્વ ચિત્તવૃત્તિ શુષ્ક અટવીપણાનો ત્યાગ કરીને આત્માને સ્વસ્થતારૂપ લીલા કરવા માટે બગીચા જેવી :-**

પૂર્વમાં કહ્યું કે શ્રાવકો પોતાની ભૂમિકા પ્રમાણે પરમેશ્વરની પૂજા કરે છે

તેથી શ્રાવકના ચિત્તમાં ચારિત્રના પરિણામને અભિમુખ ભાવો સ્ફુરાયમાન થાય છે, જેથી મોહનું સૈન્ય દૂર જાય છે અને ચિત્તવૃત્તિમાં કોઈક વિષમસ્થાનમાં સંસ્કારરૂપે રહે છે. આ રીતે વિવેકપૂર્વક પ્રતિદિન પૂજા કરવાને કારણે શ્રાવકના ચિત્તમાં પ્રતિદિન ચારિત્રને અભિમુખ ભાવો વૃદ્ધિ પામે છે, તેથી તે શ્રાવકોની ચિત્તવૃત્તિ ચારિત્રધર્મથી વશ કરાયેલી થાય છે અને તેના કારણે પૂર્વમાં મોહના પરિણામથી તે ચિત્તવૃત્તિ શુષ્ક અટવી જેવી હતી તે શુષ્ક ભાવને છોડીને વિસ્તાર પામતી એવી ગુણલક્ષ્મીવાળી બને છે તેથી આત્માને સ્વસ્થતારૂપ લીલા કરવા માટે બગીચા જેવી તે ચિત્તવૃત્તિ જણાય છે; કેમ કે ભગવાનની પૂજાને કારણે આત્મામાં અક્લેશ ભાવના ગુણો સતત વધતા જણાય છે અને શુષ્ક અટવી જેવા ક્લેશના ભાવો ક્ષીણ થતા જણાય છે. **॥૯૮॥**

**શ્લોક :-**

**सर्वे हताशाः परिघर्षयन्तः,**
**करौ स्वगेहस्थितिमात्रनाशात् ।**
**अथारयोऽस्य प्रतिकूलवृत्त्यै,**
**कुर्वन्ति संभूय रहस्यवार्ताम् ।।९९।।**

**શ્લોકાર્થ :-**

**સ્વગૃહની સ્થિતિ માત્રના નાશથી બે હાથને ઘસતા હતાશ થયેલા સર્વ શત્રુઓ હવે આની પ્રતિકૂળ વૃત્તિ માટે=ચારિત્રની પ્રતિકૂળ વૃત્તિ માટે, એકઠા થઈને રહસ્યવાર્તાને કરે છે અર્થાત્ ગુપ્ત વાતોને કરે છે. ॥૯૯॥**

**ભાવાર્થ :-**

**શ્રાવકની ચિત્તવૃત્તિમાં મોહના પરિણામો પોતાનું કોઈ સ્થાન નહિ હોવાથી હતાશ થયેલા એવા તેમની શ્રાવકના ચિત્તમાં સ્થાન મેળવવા માટે વિચારણા :-**

ભગવાનની ભક્તિથી વાસિત થયેલી મતિવાળા જીવો ભગવાનની

તત્ત્વકાયઅવસ્થાને યાદ કરે છે અને તેની પ્રાપ્તિના ઉપાયરૂપે સર્વવિરતિની શક્તિના સંચય માટે સદા યત્ન કરે છે, તેવા શ્રાવકો મોહનું સ્થાન પ્રાપ્ત થાય તેવા અસદ્આલંબન ગ્રહણ કરતા નથી, તેથી તેવા શ્રાવકોના ચિત્તમાં રહેવાના સ્થાનરૂપ ગૃહનો નાશ થયેલો હોવાથી મોહના પરિણામો હાથ ઘસતા રહે છે. અર્થાત્ કોઈ પ્રવૃત્તિ કરવા અસમર્થ બને છે અને શ્રાવકની ચિત્તવૃત્તિમાં પોતાનું કોઈ સ્થાન નહિ હોવાથી હતાશ થયેલા હોય છે તોપણ શ્રાવકના આત્મામાં મોહના સંસ્કારો સુષુપ્ત પડેલા છે જે નિમિત્તની અપેક્ષા રાખીને બેઠેલા છે. તેથી એકાંતમાં મોહની પ્રકૃતિઓ એકઠી થઈને શ્રાવકના ચિત્તમાં સ્થાન મેળવવા માટે વિચારણા કરે છે એમ કહેલ છે.

આથી જ્યારે જ્યારે શ્રાવકનું ચિત્ત ભગવાનના ગુણોની સ્મૃતિથી અત્યંત ભાવિત નથી ત્યારે ત્યારે નિમિત્તને પામીને મોહના સંસ્કારો જાગ્રત થાય છે. ॥૯૯॥

**અવતરણિકા :-**

**શ્લોક-૯૯માં કહેલ કે મોહનું સૈન્ય પોતાના સ્થાન વગરનું થવાથી એકઠું થઈને ચારિત્રના સૈન્યને પ્રતિકૂળ થવા માટેની વિચારણા કરે છે. તે કેવા પ્રકારની વિચારણા કરે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**संकोचयन् यत्फलमब्जखण्डं,**
**सूर्याश्रितं प्रातरुपैति चन्द्रः ।**
**उपद्रवद्भिर्महदाश्रितान्न,**
**प्राप्तं किमस्माभिरतर्कितं तत् ।।१००।।**

**શ્લોકાર્થ :-**

**સૂર્યને આશ્રિત એવા કમલખંડને સંકોચન કરતો અર્થાત્ કમલોના વનને સંકોચન કરતો એવો ચંદ્ર સવારના જે ફળને પામે છે, તે મોટાને આશ્રિત=ભગવાનને આશ્રિત, શ્રાવકને ઉપદ્રવ કરનારા એવા અમારા વડે અતર્કિત એવું શું પ્રાપ્ત ન કરાયું ? ।।૧૦૦।।**

**ભાવાર્થ :-**

**મોહના સૈન્યની સ્થાનભ્રષ્ટ થવાથી ચારિત્રના સૈન્યને પ્રતિકૂળ થવા માટેની વિચારણા :-**

કમલોનો સમૂહ સૂર્યને આશ્રિત થઈને ખીલે છે અને રાત્રે ચંદ્રનો ઉદય થાય છે ત્યારે તે ચંદ્ર સર્વ કમલોનો સંકોચ કરે છે, તેને આશ્રયીને કવિ ઉપમા આપે છે કે મોટા એવા સૂર્યને આશ્રિત કમલોના સમૂહને ચંદ્રે સંકોચ કર્યો જેના ફળરૂપે સવારના સૂર્યનો ઉદય થવાથી ચંદ્રનું તેજ હણાઈ ગયું તેમ જે શ્રાવકો લોકોત્તમ એવા તીર્થંકરને આશ્રિત છે તેઓને ઉપદ્રવ કરનારા એવા મોહના સૈન્યો વડે વિચારણા પણ ન કરી હોય તેવા અતર્કિત અનર્થની પ્રાપ્તિ કરાઈ.

આશય એ છે કે કોઈક નિમિત્તને પામીને શ્રાવકના ચિત્તમાં મોહના પરિણામો થાય છે ત્યારે તે વિચારે છે કે આ મોહના પરિણામોથી રક્ષણનો ઉપાય અત્યંત ઉપયોગપૂર્વક કરાયેલી ભગવાનની પૂજા છે, તેથી મોહના ઉપદ્રવથી આકુળ થયેલા શ્રાવકો અત્યંત ઉપયોગપૂર્વક ભગવાનની પૂજા કરે છે, તેથી ભગવાનના ગુણોથી વાસિત થયેલું તેઓનું ચિત્ત મોહના નિમિત્તોને આલંબન લેવાને અભિમુખ પણ થતું નથી, તેથી મોહનું સૈન્ય સ્થાનભ્રષ્ટ થાય છે જેના કારણે બાહ્ય નિમિત્તો પણ શ્રાવકના ચિત્તમાં મોહના ભાવો કરવા સમર્થ બનતાં નથી, પણ વૈરાગ્યની વૃદ્ધિનું કારણ બને છે અને સંસારની બધી સ્થિતિ શ્રાવકોને ઇન્દ્રજાળ જેવી દેખાય છે, તેથી શ્રાવકના ચિત્તમાં મોહના સંસ્કારોની સ્થિતિ ઘણી વિષમ થાય છે. તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે મોટાને આશ્રિતને ઉપદ્રવ કરનારા એવા અમને અતર્કિત એવી વિષમ સ્થિતિ પ્રાપ્ત થઈ, એમ મોહનું સૈન્ય વિચારે છે. **॥૧૦૦॥**

**શ્લોક :-**

**अतिप्रकाशादपि जृम्भमाण-**
**मसंवृतं धाम किलोद्धतेषु ।**
**दीपाङ्कुरस्येव महानिलेषु,**
**धीरस्य सद्यो निधनं प्रयाति ।।१०१।।**

**શ્લોકાર્થ :-**

**જેમ મહાપવનોના વિષયમાં અતિપ્રકાશથી પણ જૃંભમાણ=અતિપ્રકાશથી પણ પ્રવર્તતો, અસંવૃત એવો દીપાંકુરનો પ્રકાશ શીઘ્ર વિનાશને પામે છે, તેમ ધીરનું ખરેખર ઉદ્ધતોને વિષે અતિશયથી પણ પ્રવર્તતું એવું અસંવૃત બળ શીઘ્ર વિનાશને પામે છે. ।।૧૦૧।।**

**ભાવાર્થ :-**

**મોહના સૈન્યની વિચારણા :-**

કોઈ દીવાઓ અત્યંત પ્રકાશથી પ્રકાશતા હોય અને તેની ચારેબાજુથી ઢાંકવામાં આવેલ ન હોય અને તે દીવાઓ મોટા પવનની વચમાં રહેલા હોય તો શીઘ્ર નાશ પામે છે, તેમ મોહનું સૈન્ય વિચારે છે કે ચારિત્રના સૈન્યનો નાશ કરવા માટે અમે ધીર છીએ તોપણ મોટા પવન જેવા ઉદ્ધત એવા પરમેશ્વરનું શ્રાવકોને આલંબન હોવાથી અતિબળથી પણ શત્રુનો નાશ કરવા માટે અમે યત્ન કરતા હોઈએ છતાં અમારા રક્ષણનો કોઈ ઉપાય ન હોય ત્યારે અમારો શીઘ્ર નાશ થાય છે. વળી, વર્તમાનમાં શ્રાવકના ચિત્તમાં ભગવાનનાં વચનોરૂપી પવન ઘણો વાઈ રહ્યો છે, તેથી ધીર એવા પણ અમારો નાશ થાય તેમ છે, માટે અત્યારે યુદ્ધનો અવસર નથી. આ પ્રમાણે શ્રાવકના ચિત્તમાં વર્તતા મોહના સંસ્કારો વિચાર કરીને સુષુપ્ત રહે છે.

આથી જ જ્યાં સુધી કષાયો ક્ષયોપશમભાવવાળા છે ત્યાં સુધી શ્રાવકના ચિત્તમાં તે કષાયોરૂપી શત્રુઓ ચાલ્યા ગયા નથી, પરંતુ સામગ્રીની રાહ જોઈને સુષુપ્ત રહેલા છે, તેથી જો તે શ્રાવક ઉત્તરોત્તરથી મોહનાશની પ્રવૃત્તિ દૃઢ રીતે ન કરે તો નિમિત્તને પામીને ક્ષયોપશમભાવરૂપે રહેલા કષાયો ફરી ઉદયને પ્રાપ્ત કરીને શ્રાવકનો કે સાધુનો વિનાશ પણ કરે છે. માટે ક્ષાયિકભાવની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સતત જિનવચનનું દૃઢ અવલંબન લેવું જોઈએ જેથી વિનાશ થાય નહીં. **।।૧૦૧।।**

**શ્લોક :-**

**अथेदृशानामपि नः कथंचिद्,**
**विचारयोगादवलम्ब्य धैर्यम् ।**

निजं बलं स्फोरयितुं सुधांशु-
समानकीर्त्यभ्युदयाय युक्तम् ।।१०२।।

**શ્લોકાર્થ :-**

**હવે આવા પ્રકારના પણ અમોને કોઈક રીતે વિચારના યોગથી ધૈર્યનું અવલંબન કરીને ચંદ્રના સમાન કીર્તિના અભ્યુદય માટે=ચંદ્રના સમાન કીર્તિની પ્રાપ્તિ માટે, નિજ બળને સ્ફોરવવું યુક્ત છે. ।।૧૦૨।।**

**ભાવાર્થ :-**

**નિમિત્તને પામીને મોહના સંસ્કારો ફરી એકછત્રી સામ્રાજ્યવાળા થવા તત્પર :-**

વળી, શ્રાવકના ચિત્તમાં વર્તતા સુષુપ્ત મોહના સંસ્કારો વિચારે છે કે મહાપવનરૂપ ભગવાનનું વચન શ્રાવકના ચિત્તમાં વર્તે છે ત્યારે શીઘ્ર આપણે વિનાશ પામીએ તેવી સ્થિતિ છે, આવી સ્થિતિવાળા પણ આપણે કોઈક વિચારના યોગથી ધૈર્યનું અવલંબન લેવું જોઈએ અર્થાત્ આ શ્રાવકો ભલે અત્યારે ભગવાનનું આલંબન લે છે પણ આપણી સાથે તેમને ઘણા કાળની મૈત્રી છે, તેથી જરૂર એક દિવસ આપણા પ્રત્યે પણ પક્ષપાતવાળા થશે. આ પ્રકારના વિચારના યોગથી ધૈર્યનું અવલંબન લેવું જોઈએ અને ફરી આપણી ચંદ્ર જેવી નિર્મળ કીર્તિનો ઉદય થાય તેના માટે પોતાની શક્તિનો સંચય કરવો યુક્ત છે અર્થાત્ અત્યારે યુદ્ધનો અવસર નથી પણ સુષુપ્ત રીતે જ પોતે સર્વથા નાશ ન પામી જાય તે રીતે પોતાનું રક્ષણ કરવું જોઈએ, તેથી જ્યારે પણ શ્રાવક ફરી પોતાના પ્રત્યેના પક્ષપાતવાળો થશે ત્યારે આપણું બળ વધશે અને ફરી ચંદ્ર જેવી આપણી નિર્મળ કીર્તિ પ્રસરશે અર્થાત્ શ્રાવકના ચિત્તમાં મોહનું એકછત્રી સામ્રાજ્ય વર્તશે, તેથી અત્યારે તો સુષુપ્ત રહીને પોતાની શક્તિનો સંચય કરવો જોઈએ. આ પ્રકારના સુષુપ્ત સંસ્કારો પરામર્શ કરી રહ્યા છે તેમ બતાવીને નિમિત્તને પામીને ફરી તે મોહના સંસ્કારો એકછત્રી સામ્રાજ્યવાળા થઈ શકે તેવા છે, માટે શ્રાવકે સદા જાગ્રત રહેવું જોઈએ એમ ગ્રંથકારશ્રીએ સૂચન કરેલ છે. **।।૧૦૨।।**

**શ્લોક :-**

क्षीणोऽपि संश्रित्य विचारपक्षं,
शशीव शुक्लं खलु योऽभ्युदेति ।
सर्वाः प्रजास्तं प्रणमन्ति भक्त्या,
कृतार्थपूजाः पुनराहिताशाः ।।१०३।।

**શ્લોકાર્થ :-**

**ક્ષીણ થયેલા પણ શશીની જેમ શુક્લ એવા વિચારપક્ષને આશ્રયીને ખરેખર જે અભ્યુદયને પામે છે તેને કૃતાર્થની પૂજા કરનાર ફરી આહિત આશાવાળી સર્વપ્રજા ભક્તિથી નમસ્કાર કરે છે. ।।૧૦૩।।**

**ભાવાર્થ :-**

**શ્રાવકની ચિત્તવૃત્તિમાં ભગવાનની ભક્તિ વર્તી રહી છે, તે વખતે પણ નષ્ટ જેવા મોહના સૈન્યની ફરી પોતાને રાજ્યપ્રાપ્તિની અપેક્ષા :-**

કોઈ રાજા બળવાન રાજાથી પરાજિત થયેલો હોય ત્યારે તે ક્ષીણશક્તિવાળો છે, આમ છતાં વિચારને આશ્રયીને તે મોટી આશાવાળો છે. તે રાજા વિચારે છે કે જેમ કૃષ્ણપક્ષમાં શશી ક્ષીણ થયેલ છે તોપણ ફરી શુક્લપક્ષ આવશે ત્યારે તે શશી ખીલશે તેમ અત્યારે મારો કાળ કૃષ્ણપક્ષ જેવો હોવાથી હું ક્ષીણ છું તોપણ જે દિવસે શુક્લપક્ષ જેવો કાળ આવશે ત્યારે હું ફરી સમૃદ્ધ થઈશ, આ પ્રકારનો વિચાર કરીને જે રાજા ધૈર્યપૂર્વક પોતાના બળનો સંચય કરે છે તે રાજાને તેની પ્રજા ભક્તિથી પ્રણામ કરે છે.

કઈ પ્રજા ભક્તિથી પ્રણામ કરે છે, તેથી કહે છે –

જે પ્રજા કૃતાર્થની પૂજા કરનાર છે અર્થાત્ જે રાજાએ રાજ્યની પ્રાપ્તિરૂપ પોતાનું પ્રયોજન પ્રાપ્ત કર્યું છે તેવા રાજાની પૂજા કરનાર છે અને અત્યારે પોતાનો રાજા રાજ્ય વગરનો હોવા છતાં ફરી રાજ્ય પ્રાપ્ત કરશે તેવી આશાવાળી પ્રજા છે, તે પ્રજા ક્ષીણ થયેલી શક્તિવાળા પણ તે રાજાને ભક્તિથી નમસ્કાર કરે છે. તેમ વર્તમાનમાં મોહનું સૈન્ય વિચારે છે કે આપણે ક્ષીણશક્તિવાળા છીએ પણ ફરી આપણે પોતાનું સામ્રાજ્ય મેળવશું, તે પ્રકારના વિચારપક્ષનો

આશ્રય કરીને રહેવાથી ફરીથી આપણે અભ્યુદયને પામીશું, આવો પોતાનો ઉત્સાહ જોઈને તેનો આશ્રય કરનાર મોહનું સૈન્ય પણ પ્રસંગે તે રાજાને ભક્તિથી નમે છે અને સહાય કરે છે, તેથી શ્રાવકની ચિત્તવૃત્તિમાં ભગવાનની ભક્તિ વર્તી રહી છે તે વખતે નષ્ટ જેવું પણ મોહનું સૈન્ય સર્વથા નાશ પામ્યું નથી, પરંતુ ફરીથી પોતાના રાજ્યની પ્રાપ્તિની અપેક્ષા રાખીને બેઠેલું છે. ॥૧૦૩॥

**અવતરણિકા :-**

**શ્રાવકની ભગવાનની પૂજાથી હણાયેલું મોહનું સૈન્ય એકાંતમાં જઈને શું વિચારણા કરે છે ? તે શ્લોક-૯૯થી કહેવાનું શરૂ કરેલ. હવે તે અન્ય શું વિચારે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**जीवन् जनो मा स भटाभिमानी,**
**वैराविशुद्धेः खलु योऽधमर्णः ।**
**निन्द्यः स पङ्कादपि मर्द्यमाना-**
**न्मालिन्यकर्तुः परिमर्दकाङ्गे ।।१०४।।**

**શ્લોકાર્થ :-**

**તે જીવતો જન ભટાભિમાની નથી, જે વૈરની અવિશુદ્ધિથી ખરેખર કરજદાર છે, તે પરિમર્દકના અંગમાં માલિન્ય કરનાર એવા મર્દ્યમાન કાદવથી પણ નિન્દ્ય છે. ॥૧૦૪॥**

**ભાવાર્થ :-**

**શ્રાવકની ભગવાનની પૂજાથી હણાયેલા મોહના સૈન્યની અન્ય વિચારણા :-**

જે સુભટો જીવતાં છતાં પણ સુભટના અભિમાનવાળા નથી, જેઓ શત્રુથી જિતાયા પછી વૈરની અશુદ્ધિથી કરજદાર છે અર્થાત્ શત્રુનો વેરનો બદલો લેવા માટે તત્પર નથી, તેવા સુભટો હારને કારણે કાદવથી ખરડાયેલા અંગવાળા છે; એટલું જ નહિ પણ મલિન કરનારા એવા મર્દન કરાતા કાદવથી પણ નિન્દ્ય છે અર્થાત્ કોઈ પુરુષ કાદવને મર્દન કરતો હોય ત્યારે તે કાદવ તેને

મલિન કરે છે, આથી તે કાદવ નિન્દ્ય બને છે તેના કરતાં પણ શત્રુનો બદલો નહીં લેવાની વૃત્તિવાળા અધિક નિન્દ્ય છે, આમ વિચારીને જેમ હારેલું સૈન્ય પોતાની સુભટશક્તિનો સંચય કરે છે તેમ શ્રાવકના ચિત્તમાં પરાજય પામેલા મોહના સુષુપ્ત સંસ્કારો પોતાની અંતરંગ બળશક્તિનો સંચય કરવા અર્થે વિચાર કરી રહ્યા છે. **॥૧૦૪॥**

**અવતરણિકા :-**

**વળી, ચારિત્રસૈન્યથી પરાજય પામેલું મોહનું સૈન્ય સ્વબળની શક્તિના સંચય માટે અન્ય શું વિચારે છે ? તે કહે છે –**

**શ્લોક :-**

मुखं विशुष्यत्यरंतिश्च यस्या-
मुदेति दाहः प्रसरीसरीति ।
तस्या धनुर्दर्पभृतां हि वैरा-
प्रतिक्रियायाः परमो ज्वरः कः ।।१०५।।

**શ્લોકાર્થ :-**

**જેમાં મુખ શોષાય છે, અરતિનો ઉદય થાય છે અને દાહ અત્યંત પ્રસરે છે, તે વૈરની અપ્રતિક્રિયાથી, ધનુર્ધારીના દર્પને ધારણ કરનારને બીજો ક્યો જ્વર છે ? ॥૧૦૫॥**

**ભાવાર્થ :-**

**ચારિત્રસૈન્યથી પરાજય પામેલા મોહના સૈન્યની સ્વબળની શક્તિના સંચય માટે અન્ય વિચારણા :-**

શરીરમાં જ્વર આવે છે ત્યારે મુખ શોષાય છે, અરતિ થાય છે અને શરીરમાં દાહ અત્યંત પ્રસરે છે, તેમ જેઓ પોતે મહાધર્નુધર છે તેઓ દર્પ ધારણ કરનારા હોય અને શત્રુથી પરાજય પામેલા હોય અને શત્રુના વેરનો પ્રતિકાર ન કરતા હોય તો તેઓને આનાથી કયો અન્ય પરમ જ્વર છે ? અર્થાત્ આ જ તેઓના માટે પરમજ્વર છે.

આ પ્રમાણે વિચારીને શ્રાવકના ચિત્તમાં નષ્ટપ્રાયઃ થયેલા મોહના સંસ્કારો પોતાની શક્તિસંચયનું બળ કેળવે છે, આથી જ્યારે જ્યારે શ્રાવક પ્રમાદમાં પડે છે, ત્યારે નષ્ટ થયેલા એ સંસ્કારો ફરી સુભટની જેમ ચારિત્રના સૈન્યને નાશ કરવા ઉદ્યમવાળા થાય છે. **॥૧૦૫॥**

**અવતરણિકા :-**

**શત્રુથી હારેલું સૈન્ય જે રીતે બળસંચય માટે વિચારણા કરે છે, તે રીતે શ્રાવકના ચિત્તમાં પરાભવ પામેલું મોહનું સૈન્ય શક્તિસંચય માટે અન્ય શું વિચારે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**दैवान्निलीयापि निशि स्थितं यत्,**
**प्रोत्थाय भूयो द्विषतः पिनष्टि ।**
**तेजस्विजातौ गणनाऽधिकारे,**
**तदेव धाम प्रथमं निमित्तम् ।।१०६।।**

**શ્લોકાર્થ :-**

**દૈવથી=ભાગ્યથી, રાત્રિમાં નિલીન થઈને પણ રહેલું એવું જે=તેજ, (પ્રકાશ) ફરી ઊઠીને શત્રુઓને પીસે છે=અંધકારનો નાશ કરે છે, તે જ તેજ (પ્રકાશ) તેજસ્વી જાતિના ગણનાના અધિકારમાં પ્રથમ નિમિત્ત છે. ॥૧૦૬॥**

**ભાવાર્થ :-**

**શ્રાવકના ચિત્તમાં પરાભવ પામેલા મોહના સૈન્યની શક્તિના સંચય માટે અન્ય વિચારણા :-**

દિવસનો પ્રકાશ તેજસ્વી હોય છે, તે પ્રકાશ ભાગ્યથી રાત્રિમાં ક્યાંક છુપાઈને પણ રહેલો હોય છે અને તે તેજ દિવસે ફરીથી ઊઠીને પોતાના શત્રુભૂત અંધકારને પીસી નાખે છે, આથી તેજસ્વી જાતિની ગણનાના અધિકારમાં તેવું તેજ પ્રથમ ગણનાનું નિમિત્ત છે; કેમ કે તે તેજ અંધકારથી પરાભવ પામ્યા

પછી ક્યારેય અંધકારનો નાશ કરવા માટે યત્ન કરતું નથી એમ નહીં, તેમ જે તેજસ્વી હોય તેણે શત્રુના નાશ માટે અવશ્ય ઉદ્યમ કરવો જોઈએ અને આત્મામાં મોહના સંસ્કારો અનાદિના દૃઢ થયેલા હોવાથી તેજસ્વી જેવા છે તોપણ અત્યારે શ્રાવકના ચિત્તમાં પરાભવને પામેલા છે, તેથી તેઓ અત્યારે વિચારે છે કે જેમ તેજસ્વી એવું તેજ પોતાના શત્રુભૂત અંધકારનો નાશ કરીને ફરી ઉદયને પામે છે, તેમ આપણે પણ ચારિત્રના સૈન્યનો નાશ કરીને ફરી પોતાનું સ્થાન મેળવવું જોઈએ, આથી જ શ્રાવકના ચિત્તમાં પ્રમાદનું નિમિત્ત પામીને મોહનું સામ્રાજ્ય ખળભળાટ કરી મૂકે છે. **॥૧૦૬॥**

**અવતરણિકા :-**

**વળી, મોહનું સૈન્ય અન્ય શું વિચારે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**अस्माभिरोजस्विकुलप्रसूतै-**
**र्वैरस्य शुद्धिस्तदियं विधेया ।**
**गन्तुं च शक्यं विषये न तस्मिन्,**
**यत्र ध्रुवा सा पदशृङ्खला नः ।।१०७।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી અર્થાત્ શ્લોક-૧૦૬માં કહ્યું કે જે ફરી ઊઠીને શત્રુઓનો નાશ કરે છે તે તેજસ્વી જાતિમાં પ્રથમ છે તે કારણથી, ઓજસ્વી કુળમાં પ્રસૂત એવા અમોએ વૈરની આ શુદ્ધિ કરવી જોઈએ=શત્રુઓએ જે આપણને પરાસ્ત કર્યા છે તેનો બદલો લેવો જોઈએ અને જ્યાં અમોને તે=ભગવાનની પૂજા, પદશૃંખલા ધ્રુવ છે તે દેશમાં જવું શક્ય નથી. ॥૧૦૭॥**

**ભાવાર્થ :-**

**મોહના સૈન્યની અન્ય વિચારણા :-**

મોહનું સૈન્ય વિચારે છે કે આપણે ઓજસ્વી કુલમાં જન્મ્યા છીએ, આથી

અનાદિથી આપણું એકછત્રી સામ્રાજ્ય ચાલ્યું આવે છે. અત્યાર સુધી આપણા સામ્રાજ્ય ઉપર સ્થાન જમાવનાર કોઈ ન હતું, આમ છતાં ભાગ્યયોગે આપણું રાજ્ય ચારિત્રના સૈન્યે લઈ લીધું છે, તેથી તેના વેરની શુદ્ધિ આપણે કરવી જોઈએ અર્થાત્ તેના સૈન્યનો નાશ કરીને આપણું સામ્રાજ્ય પાછું મેળવવું જોઈએ.

વળી, તેઓ વિચારે છે કે તે સ્થાનમાં જવાથી ભગવાનની પૂજા પદશૃંખલા જેવી છે, તેથી તે સ્થાનમાં જવાનું પણ શક્ય નથી, માટે ત્યાં જઈને શત્રુનો નાશ કરવાનો વિચાર આપણે કરી શકીએ તેમ નથી.

આશય એ છે કે શ્રાવક વીતરાગની તત્ત્વકાયઅવસ્થાને અને કર્મકાયઅવસ્થાને પ્રતિદિન સ્મૃતિમાં લાવીને ભગવાનની પૂજા કરે છે, તેથી શ્રાવકનું ચિત્ત વીતરાગના તે તે ગુણોથી અત્યંત રંજિત છે, જેથી મોહના કોઈ સંસ્કારો તેના ચિત્તમાં ઊઠી શકે તેમ નથી, તેથી મોહના સંસ્કાર માટે ભગવાનની પૂજા પગમાં નખાયેલી બેડી જેવી છે, પરંતુ જે સંસ્કારો ચિત્તવૃત્તિમાં દૂર જઈને પડેલા છે, તે સંસ્કારો વ્યક્તરૂપે આવતા નથી; કેમ કે તે સ્થાનમાં જવાથી પોતે બંધનને પ્રાપ્ત કરશે તેવો ભય છે, આમ છતાં અમે તેજસ્વી કુળના છીએ, એમ વિચારીને શત્રુનો નાશ કરવાનો દૃઢ સંકલ્પ કરીને મોહના સંસ્કારો શ્રાવકની ચિત્તવૃત્તિમાં રહેલા છે. આથી પ્રમાદના નિમિત્તને પામીને તે સંસ્કારો સારા પણ શ્રાવકની વિડંબનાનું કારણ બને છે. **॥૧૦૭॥**

**અવતરણિકા :-**

**શત્રુના નાશ માટે તે સ્થાનમાં જવાથી પદશૃંખલા પ્રાપ્ત થાય છે માટે જવું શક્ય નથી આમ વિચારીને હવે શું કરવું જોઈએ, તેના માટે જે મોહનું સૈન્ય વિચારે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**अत्र स्थितैरेव परन्तु मन्त्र-**
**प्रतिक्रिया काचन चालनीया ।**

दूरस्थितानामपि या रिपूणा-
मुच्चाटनात् तद्विधिघातिनी स्यात् ।।१०८ ।।

**શ્લોકાર્થ :-**

**પરંતુ અહીં રહેલા જ એવા આપણા વડે કોઈક મંત્રપ્રતિક્રિયા ચલાવવી જોઈએ. જે=જે મંત્રપ્રતિક્રિયા, ઉચ્ચાટનથી દૂર રહેલા પણ શત્રુઓના તદ્‌વિધિની ઘાતિની થાય=ભગવદ્ પૂજાની વિધિની નાશ કરનારી થાય. ।।૧૦૮।।**

**ભાવાર્થ :-**

**મોહના સૈન્યની અન્ય વિચારણા :-**

મોહનું સૈન્ય વિચારે છે કે પોતાના દેશમાં ચારિત્રના સૈન્યે સ્થાન જમાવ્યું છે અર્થાત્ પૂર્વમાં જે કષાય આપાદક કર્મો જીવે બાંધેલા તે વિદ્યમાન જ કર્મ શ્રાવકે સ્વપરાક્રમના બળથી ક્ષયોપશમભાવને પ્રાપ્ત કર્યા છે તેથી તે સ્થાનમાં ચારિત્રની પરિણતિ પ્રગટ વર્તે છે તેથી મોહનું સ્થાન ચારિત્રના સૈન્યે લઈ લીધું છે તેમ કહેવાય છે. મોહ વિચારે છે કે તે સ્થાનમાં જઈને આપણે આપણું રાજ્ય મેળવી શકીએ તેમ નથી; કેમ કે શત્રુ દ્વારા કરાતી પરમેશ્વરની પૂજા આપણા માટે પદશૃંખલારૂપ છે, તેથી દૂર રહેલા આપણા વડે કોઈ મંત્રપ્રતિક્રિયા ચલાવવી જોઈએ, જેથી દૂર રહેલા પણ શત્રુભૂત એવા ચારિત્રસૈન્યનું ઉચ્ચાટન થાય, તેથી તે ચારિત્રરાજા ભગવાનની પૂજા કરાવીને આપણા પગમાં શૃંખલા નાખે છે, તેની=પૂજાની, વિધિનો વિઘાત થાય. તે પૂજાની વિધિનો વિઘાત થાય તો જ આપણે તે સ્થાનમાં જઈને શત્રુનો નાશ કરવા માટે યત્ન કરી શકીએ.

આશય એ છે કે શ્રાવક પ્રતિદિન ભગવાની પૂજા કરીને ભગવાનના ગુણોથી અત્યંત રંજિત થાય છે, તેથી શ્રાવકની ચિત્તવૃત્તિમાં સમ્યક્ત્વની પ્રતિદિન પ્રવર્ધમાન શુદ્ધિ થાય છે અને સમ્યક્ત્વની પ્રતિદિન પ્રવર્ધમાન શુદ્ધિ હોય તે સ્થાનમાં મોહને પ્રવેશ કરવો અતિદુષ્કર છે, તેથી મોહનું સૈન્ય સુષુપ્ત સંસ્કારરૂપે રહીને શ્રાવકના ચિત્તમાં મિથ્યાત્વ ઉત્પન્ન થાય તેવી કોઈક મંત્રપ્રતિક્રિયા

કરવાનો વિચાર કરે છે અને શ્રાવકના ચિત્તમાં વિપર્યાસ થાય તો ભગવાનની પૂજાની વિધિનો વ્યાઘાત થાય. કદાચ તે શ્રાવક બાહ્યથી ભગવાનની પૂજા કરતો હોય તોપણ પૂર્વે જે પ્રમાણે ભગવાનના પારમાર્થિક સ્વરૂપનું સમાલોચન કરીને દર્શનશુદ્ધિનું કારણ બને તે રીતે પૂજા કરતો હતો તે પૂજાવિધિનો વ્યાઘાત થાય તો મોહના સૈન્યને ત્યાં પ્રવેશનું સ્થાન મળે. તેથી શ્રાવકના ચિત્તમાં ઉચ્ચાટન કરવાનો વિચાર મોહ કરે છે અને જે શ્રાવકનું ચિત્ત તેનાથી સ્ખલના પામે છે તે શ્રાવકના ચિત્તમાં ફરી મોહનું સામ્રાજ્ય પ્રગટ થવા માંડે છે. **॥૧૦૮॥**

**શ્લોક :-**

**सर्वेऽपि संचिन्त्य हृदीत्थमुच्चै-**
**रनाद्यविद्याख्यमहानिशायाम् ।**
**विपाकवस्त्राणि विहाय मिथ्या-**
**संस्कारमन्त्रं प्रयता जपन्ति ।।१०९।।**
**पापानुरूपा जपमालिकाश्च,**
**गृह्णन्ति पाणौ ददते दशांशे ।**
**रागप्रथाभिः पृथुगारवाख्य-**
**त्रिकोणकुण्डे कणवीरहोमम् ।।११०।।**
**अमर्षणा जागरयन्ति रोष-**
**भूमिश्मशानान्यभिचारकामाः ।**
**उत्कृत्य चोत्कृत्य निजाङ्गमेव,**
**प्रेतप्रसत्त्यै बलिमुत्क्षिपन्ति ।।१११।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રમાણે હૃદયમાં અત્યંત ચિંતવન કરીને=પૂર્વમાં કહ્યું કે ભગવાનની પૂજાથી તે દેશમાં જવા માટે અસમર્થ થયેલા મોહના સૈનિકો ભગવાનની પૂજાની વિધિમાં વિઘાત કરનાર એવી પ્રતિક્રિયા કરવાનો વિચાર કરે છે**

**એ રીતે હૃદયમાં અત્યંત ચિંતવન કરીને, અનાદિ અવિદ્યા નામની મહારાત્રીમાં=અનાદિકાળથી તત્ત્વના વિષયમાં વર્તતા અજ્ઞાનરૂપી મહારાત્રીમાં, વિપાક વસ્ત્રોનો ત્યાગ કરીને પ્રયત્નવાળા સર્વ પણ મોહના સૈનિકો મિથ્યા સંસ્કારરૂપ મંત્રનો જાપ કરે છે. ॥૧૦૯॥**

**અને હાથમાં પાપ અનુરૂપ જપમાલિકા ગ્રહણ કરે છે અને દશ અંશો છે જેને એવા અગ્નિવાળા પૃથુગારવ નામના ત્રિકોણ કુંડમાં રાગ પ્રથાથી= રાગના વિસ્તારરૂપ કડછીથી, કણવીરના હોમને આપે છે. ॥૧૧૦॥**

**રોષભૂમિરૂપ શ્મશાનમાં ઈર્ષ્યાથી અભિચારની કામનાવાળા એવા= મંત્રજાપ કરનારા મોહના સૈન્યને વિઘ્ન કરવાની કામનાવાળા એવા, પ્રેતો જાગ્રત થાય છે અને પ્રેતોને સંતોષ આપવા માટે મોહના સૈનિકો પોતાના અંગને જ કાપી કાપીને બલિરૂપે ફેંકે છે. ॥૧૧૧॥**

**ભાવાર્થ :-**

**ભગવાનની પૂજા કરનારા શ્રાવકોની પૂજાના ભંગના અર્થે મોહના સૈન્યની ઉચ્ચાટન ક્રિયાનું વર્ણન :-**

ભગવાનની પૂજા કરનારા શ્રાવકોની પૂજાના ભંગના અર્થે શ્લોક-૧૦૮માં બતાવ્યું એ રીતે ઉચ્ચાટનની ક્રિયા કરવાની અભિલાષાવાળું એવું મોહનું સૈન્ય કઈ રીતે ઉચ્ચાટન ક્રિયા કરે છે તેનું વર્ણન શ્લોક-૧૦૯/૧૧૦/૧૧૧થી કરેલ છે. તેમાં અવિદ્યા નામની મહારાત્રીમાં મોહનું સૈન્ય સાધના કરવા બેસે છે, એ કથનથી એ ફલિત થાય છે કે અનાદિકાળથી આત્માના વિષયમાં અજ્ઞાન વર્તે છે, તેથી આત્મા પોતાના હિતની ઉપેક્ષા કરીને તુચ્છ ઐહિક સુખો પાછળ પોતાની શક્તિનો વ્યય કરે છે, આમ છતાં કોઈક રીતે વિવેક પ્રગટ થયેલો છે એવા શ્રાવકો જ્યારે વીતરાગની પૂજા કરે છે ત્યારે વીતરાગની મૂર્તિનાં દર્શનથી અને વીતરાગને કહેનારા શાસ્ત્રવચનથી વીતરાગનું સ્વરૂપ જાણીને આત્માના વીતરાગ સ્વરૂપ પારમાર્થિકભાવને પ્રગટ કરવા અભિમુખ થાય છે, તેથી ભગવાનની પૂજા કરે છે અને ભગવાનની પૂજા દ્વારા ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરીને અને તેમના પ્રત્યેનો પૂજ્યભાવ અતિશયિત કરીને આત્માના પારમાર્થિક સ્વરૂપને અભિમુખ-અભિમુખતર થઈ રહ્યા છે, તે વખતે

પણ કોઈક નિમિત્તને પામીને અનાદિના અભ્યાસને કારણે શ્રાવકના આત્મામાં અવિદ્યાના સંસ્કારો ઊઠે છે. જે સંસ્કારકાળમાં દર્શનમોહનીયના ક્ષયોપશમરૂપ શુભ કર્મોના વિપાકરૂપ વસ્ત્રોને દૂર કરીને આત્મામાં અનાદિના જે મિથ્યા સંસ્કારો છે તે સંસ્કારોને જાગ્રત કરવાને અનુકૂળ મોહનીયકર્મનું સૈન્ય પ્રવૃત્ત થાય છે, જેથી તે મિથ્યા સંસ્કારોના બળથી આત્માના વીતરાગ ભાવને અનુકૂળ પૂજાની ક્રિયામાં સ્ખલનાઓ થાય છે અર્થાત્ તે વખતે મોહને ઉત્પન્ન કરનારી પાપ પ્રકૃતિઓ જાગ્રત થાય છે. તેથી આત્મામાં રસગારવ આદિભાવો ઉલ્લસિત થાય છે, તેથી ભગવાનની પૂજામાં સ્ખલનાઓ થાય છે. વળી, મોહના આ પ્રકારના પ્રયત્નોને સ્ખલિત કરવા માટે પ્રેતો ઊભા થાય છે એમ કહ્યું તેનાથી એ પ્રાપ્ત થાય કે તે શ્રાવકોના હૈયામાં વર્તતા ઉત્તમ ભાવો પૂજામાં થતી સ્ખલનાને દૂર કરવા માટે પ્રયત્ન કરે છે. વળી તે વખતે મોહનીયકર્મ તે પ્રેતોને બલિ આપવા માટે યત્ન કરે છે, જેથી શ્રાવકના હૈયામાં થયેલો કંઈક શુભ ભાવ પણ ફરી મોહને વશ થાય છે; કેમ કે શ્રાવકના શુભભાવોરૂપ પ્રેતને મોહ પોતાના દેહનું બલિ આપીને શાંત કરે છે જેનાથી ફરી મોહના ભાવો શ્રાવકના ચિત્તમાં ઉત્પન્ન થાય છે. આ રીતે ભગવાનની પૂજામાં વિઘ્ન થાય તો શ્રાવકની પૂજાથી મોહના સૈનિકોને જે પદશૃંખલા પ્રાપ્ત થતી હતી તેનું નિવારણ થાય છે, જેથી શ્રાવકોના ચિત્તમાં ઉપદ્રવ કરીને મોહ પોતાનું સ્થાન મેળવી શકે છે.

આથી જ વિવેકી શ્રાવકો ઉપયોગપૂર્વક ભગવાનની પૂજા કરતા હોય ત્યારે પણ પ્રમાદને વશ ઇન્દ્રિયો અન્ય અન્ય વ્યાપારવાળી થાય છે ત્યારે તે તે ઇન્દ્રિયજન્ય ગારવનો પરિણામ થાય છે જેથી શ્રાવકોનો ભગવાનના ગુણોમાં દૃઢ ઉપયોગ સ્ખલના પામે છે ત્યારે કંઈક કંઈક અંશે મોહના સૈન્યનું શ્રાવકોના ચિત્તમાં સંચરણ થાય છે, જે મોહના સૈન્યએ કરેલ અભિચારમંત્રનું રૂપ છે. **||૧૦૯-૧૧૦-૧૧૧||**

**અવતરણિકા :-**

**પૂર્વમાં શ્લોક-૧૦૯-૧૧૦-૧૧૧થી કહ્યું કે ભગવાનની પૂજામાં પ્રવૃત્ત એવા શ્રાવકોને ઉચ્ચાટન કરવા અર્થે મોહનું સૈન્ય મંત્રજાપ કરે છે. હવે**

મોહના સૈન્યને તે મંત્ર સિદ્ધ થાય ત્યારે મંત્રના ફળરૂપે શું થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

શ્લોક :-

सिद्धेऽथ तेषामभिचारमन्त्रे,
स्याद् यातना सात्त्विकमानसादौ ।
विवेकशैलेऽपि विकल्पधारा-
धूमःसमुत्सर्पति दुर्निवारः ।।११२।।

શ્લોકાર્થ :-

**હવે તેઓને=મોહના સૈન્યને, અભિચારમંત્ર સિદ્ધ થયે છતે સાત્ત્વિક-માનસ આદિમાં યાતના થાય છે=ભગવાનની ભક્તિમાં રહેલી તન્મયતામાં સ્ખલનારૂપ પીડા થાય છે, વિવેકરૂપી પર્વતપર પણ દુર્નિવાર એવો=દુઃખે કરીને નિવારણ કરી શકાય એવો, વિકલ્પની ધારારૂપ ધૂમ પ્રસરણ પામે છે. ।।૧૧૨।।**

ભાવાર્થ :-

**મોહના સૈન્યને ઉચ્ચાટન કરવા અર્થે કરાયેલા મંત્રજાપથી શું ફળ પ્રાપ્ત થાય છે તેની સ્પષ્ટતા :-**

શ્લોક-૧૧૨માં પૂર્વમાં ત્રણ શ્લોકોથી વર્ણન કર્યું એ પ્રમાણે મોહનું સૈન્ય ઉચ્ચાટનની ક્રિયા કરે છે અને જો તેઓ વિઘ્નરહિત અભિચારમંત્ર સિદ્ધ કરી શકે તો શું થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

અભિચારમંત્ર એટલે ભગવાનની પૂજામાં પ્રવૃત્ત શ્રાવકોની સ્ખલના કરવામાં કારણ એવો મોહનો મંત્ર. એ મંત્ર સિદ્ધ થાય એટલે જે જીવો સાત્ત્વિક-માનસનગરમાં રહે છે અને જે જીવો વિવેકરૂપી પર્વતની તળેટીમાં રહેલા ગૃહીધર્મરૂપી દેશમાં રહે છે, તે બન્ને પ્રકારના જીવોના ચિત્તમાં જે વીતરાગના ગુણોમાં લીનતારૂપ નિરાકુળતા હતી તેમાં કષાયોની યાતના પ્રગટે છે, જેથી ભગવાનની પૂજાના ક્રિયાકાળમાં સ્વબોધને અનુરૂપ વીતરાગની પૂજા દ્વારા

મોહના ઉન્મૂલન માટે તે જીવોથી કરાતો યત્ન સ્ખલના પામે છે અને ભગવાનના પૂજાકાળમાં ચિત્ત સંસારની વિચારણાઓથી કે અન્ય કોઈ વિચારણાઓથી સ્ખલનાઓ પામ્યા કરે છે, તેથી તેઓની ભગવાનની પૂજાથી જે મોહના સંસ્કારોને પદશૃંખલા પ્રાપ્ત થતી હતી તે સમ્યગ્ થઈ શકતી નથી

વળી, સાધુઓ તો વિવેકપર્વત ઉપર ચઢેલા છે આમ છતાં મોહના સૈન્યને ઉચ્ચાટનની ક્રિયાથી અભિચારમંત્ર સિદ્ધ થાય તો તે મંત્રની અસરથી સાધુઓના ચિત્તમાં પણ કંઈક મોહના પરિણામો ઊઠે છે અને મોહને અભિચારમંત્ર સિદ્ધ થયેલો હોવાના કારણે તેનાથી ઊઠેલા વિકલ્પોની ધારારૂપ જે ધૂમ પ્રવર્તે છે તેનું વારણ સાધુઓ માટે પણ દુષ્કર બને છે અને મોહના સંસ્કારોને કારણે થયેલા વિકલ્પોની ધારારૂપ ધૂમને કારણે વિવેકપર્વત ઉપર રહેલી વૈરાગ્યની વેલીઓ કંઈક મ્લાન થાય છે.

આશય એ છે કે સુસાધુઓ સદા વિવેકપર્વત ઉપર રહેલા છે, તેથી તેઓ સદા ભગવાનના વચનનું સ્મરણ કરીને અપ્રમાદભાવથી આત્માને તત્ત્વથી ભાવિત કરે છે, આના કારણે તેઓના ચિત્તમાં સદા વૈરાગ્ય અતિશયિત થતો જાય છે, તેથી તેઓનું ચિત્ત હંમેશાં સ્વસ્થ અને નિરાકુળ હોય છે, આમ છતાં મોહના સૈન્યના અભિચારમંત્રની અસર તેમના ચિત્તમાં થાય તો તેમને સંયમના કષ્ટના વિકલ્પો ઊઠે છે. વળી, તેઓને નિમિત્તો પ્રમાણે બાહ્ય પદાર્થોના વિકલ્પો ઊઠે છે, જેથી ભગવાનની આજ્ઞાના પાલનથી થતી તેઓના વૈરાગ્યની વૃદ્ધિમાં મ્લાનિ આવે છે અને તેઓનું અંતરંગ રમ્ય ચિત્ત પણ મોહના વિકલ્પોના બળથી કંઈક અરમ્ય બને છે. જીવમાં રહેલ અનાદિ અવિદ્યાનાં આ સર્વ કાર્યો છે.

અહીં વિશેષ એ છે કે સાત્ત્વિકમાનસનગરમાં અપુનર્બંધક જીવો રહેલા છે, વિવેકપર્વતની તળેટીમાં ગૃહીધર્મદેશમાં શ્રાવકો રહેલા છે અને તે બન્ને પ્રકારના જીવો ભગવાનની પૂજા કરે છે અને તેઓમાં વર્તતા મોહને સિદ્ધ થયેલ અભિચારમંત્ર તેઓની પૂજાની ક્રિયામાં સ્ખલના કરે છે. વળી, સાધુઓ વિવેકપર્વત પર ચઢેલા છે. તેથી સદા જિનવચન અનુસાર આત્માને તત્ત્વથી ભાવિત કરે છે, આમ છતાં તેઓમાં વર્તતા મોહને અભિચારમંત્ર સિદ્ધ થાય તો તેઓના ચારિત્રમાં અતિચારો લાગે છે. તેથી તેઓના સંયમની મ્લાનિ થાય છે. **॥૧૧૨॥**

**શ્લોક :-**

व्रजन्ति वैराग्यलतासु तस्मात्,
फलानि पुष्पाणि च कालिमानम् ।
निःश्रीकता गच्छति भावराज्ये,
विभावराज्ये च यियासति श्रीः ।।११३।।

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=શ્લોક-૧૧૨માં કહ્યું કે મોહના સૈન્યને અભિચારમંત્ર સિદ્ધ થાય તો સાત્ત્વિકમાનસ આદિમાં યાતના થાય છે અને વિવેકપર્વત ઉપર ધુમાડો ફેલાય છે તે કારણથી, વૈરાગ્યલતાઓમાં=વિવેકપર્વત ઉપર રહેલી વૈરાગ્યલતાઓમાં, ફળો અને પુષ્પો કાલિમાને પામે છે, ભાવરાજ્યમાં=આત્માના અંતરંગ સામ્રાજ્યમાં, અશોભા પ્રાપ્ત થાય છે અને લક્ષ્મી=શોભા, વિભાવરાજ્યમાં જવાની ઈચ્છા કરે છે. ।।૧૧૩।।**

**ભાવાર્થ :-**

**મોહના સૈન્યને અભિચારમંત્ર સિદ્ધ થવાથી થતાં કાર્યો :-**

ભગવાનની પૂજા કરતી વખતે જે શ્રાવકોના ચિત્તમાં રહેલા મોહના સંસ્કારો પૂજામાં વિક્ષેપ પેદા કરાવી શકે છે, તે શ્રાવકો ભગવાનની પૂજાકાળમાં વીતરાગના સ્વરૂપનું અવલંબન લઈને વીતરાગભાવને અભિમુખ જવા સમર્થ બનતા નથી, પરંતુ મોહના સંસ્કારોથી તેઓની પૂજાની ક્રિયા વિક્ષિપ્ત બને છે અને તેના કારણે પૂર્વમાં તે શ્રાવકોએ આત્મામાં જે વૈરાગ્ય સ્થિર કરેલ તે વૈરાગ્યલતાઓમાં જે પુષ્પો અને ફળો આવેલાં તે કાલિમાને પામે છે અર્થાત્ વૈરાગ્યલતાના વિકસવાના કારણે આત્મા સંયમના પરિણામને અભિમુખ થયેલ અને જે તત્ત્વભાવિતમતિવાળા થયેલા તે સર્વભાવો મ્લાન થાય છે અને ભગવાનની પૂજાનું અવલંબન લઈને તે શ્રાવકો આત્માના શુદ્ધભાવોમાં જવા માટે જે ઉદ્યમ કરતા હતા તે ભાવો ઝાંખા થવા લાગે છે અને તેઓના ચિત્તમાં વિભાવદશાનું સામ્રાજ્ય ખીલવા માંડે છે અર્થાત્ સંસારના ભોગાદિ પ્રત્યે અને ધનાદિ પ્રત્યે આકર્ષણ વધે તેવું તેમનું ચિત્ત થાય છે.

વળી, જે મહાત્માઓએ સંયમને ગ્રહણ કર્યું છે અને ચિત્તને અત્યંત નિર્લેપ બનાવ્યું છે, તેઓના ચિત્તમાં પણ સુષુપ્ત રહેલા મોહના સંસ્કારો જાગ્રત થવાથી તેઓના ચિત્તમાં વર્તતા વૈરાગ્યના ભાવો મ્લાન થાય છે અને વૈરાગ્યના ભાવો મ્લાન થવાને કારણે શાસ્ત્રઅધ્યયન અને તત્ત્વના ભાવનરૂપ પુષ્પો અને ફળો પણ તેઓના ચિત્તમાં કાલિમાને પ્રાપ્ત કરે છે અને પૂર્વ તે મહાત્માઓના ચિત્તમાં જે આત્માના શુદ્ધભાવોનું સામ્રાજ્ય વર્તતું હતું તે પણ શોભા વગરનું બને છે, તેથી પૂર્વની જેમ મુનિભાવની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી અટકે છે અને ચિત્તમાં વિભાવદશાનું સામ્રાજ્ય શોભાવાળું બને છે, તેથી તે મહાત્માઓના ચિત્તમાં વારંવાર બાહ્ય નિમિત્તો અતિચારોને ઉત્પન્ન કરીને વિભાવદશાની સમૃદ્ધિને વધારે છે. **॥૧૧૩॥**

**શ્લોક :-**

**उपद्रवं तं पुनरप्युदीक्ष्य,**
**समुत्थितं स्मारितधूमकेतुम् ।**
**समाधिमन्त्रं पठति क्षितीश-**
**श्चारित्रधर्मोऽथ रिपून् विजेतुम् ।।११४।।**

**શ્લોકાર્થ :-**

**સ્મરણ કરાવાયું છે ધૂમકેતુને જેને એવા ફરી ઉત્થિત થયેલા તે ઉપદ્રવને જોઈને પૃથ્વીપતિ એવો ચારિત્રધર્મ શત્રુઓના વિજય માટે સમાધિમંત્રને ભણે છે. ॥૧૧૪॥**

**ભાવાર્થ :-**

**ધૂમકેતુના ઉપદ્રવની જેવા મોહના ઉપદ્રવની શાંતિ માટે ચારિત્રરાજા દ્વારા સમાધિમંત્રનો પાઠ :-**

પૂર્વમાં મોહના ઉપદ્રવથી પોતાના સામ્રાજ્યની વિનાશવાળી સ્થિતિ જોઈને ચારિત્રરાજાએ સદ્બોધમંત્રીને ઉપાય પૂછેલ અને મોહના ઉપદ્રવના નિવારણના ઉપાયરૂપે સદ્બોધમંત્રીએ ભગવાનની પૂજા બતાવેલ. તે પ્રકારની ભગવાનની

પૂજાથી મોહનો ઉપદ્રવ શાંત થવા લાગ્યો, ચારિત્રનું સામ્રાજ્ય શોભાયમાન થવા લાગ્યું, તે સ્થિતિ જોઈને મોહના સૈન્યમાં ચિંતા ઉત્પન્ન થઈ, તેથી ભેગા થઈને મોહનું સૈન્ય ભગવાનની પૂજામાં ઉચ્ચાટન પેદા કરવા અર્થે અભિચારમંત્રને સાધવા લાગ્યું અને અભિચારમંત્રની સિદ્ધિ થવાથી ફરી ચારિત્રના સામ્રાજ્યમાં ઉપદ્રવો થવા લાગ્યા અને તે ઉપદ્રવો ધૂમકેતુને યાદ કરાવે તેવા હતા. અર્થાત્ ધૂમકેતુનો ઉપદ્રવ થાય છે ત્યારે લોકોમાં મોટો કોલાહલ મચે છે અને તેવો ઉપદ્રવ મોહરાજાથી ચારિત્રના સામ્રાજ્યમાં થયો છે તેને જોઈને ચારિત્રધર્મ તે ઉપદ્રવને શમાવવા માટે સમાધિમંત્રનો પાઠ કરે છે.

જેમ સંસારમાં ધૂમકેતુનો ઉપદ્રવ થાય ત્યારે લોકો ઇષ્ટદેવતાનું સ્મરણ કરીને તે ઉપદ્રવથી પોતાનું રક્ષણ કરવા પ્રયત્ન કરે છે, તેમ શ્રાવકોના ચિત્તમાં અને સાધુઓના ચિત્તમાં વર્તતો મોહનો ઉપદ્રવ નિવારવા માટે તેઓ પોતાના ચિત્તમાં સમાધિ ઉત્પન્ન થાય તેના અર્થે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા આદિરૂપ સમાધિમંત્રનો પાઠ કરે છે. **॥૧૧૪॥**

**અવતરણિકા :-**

**વળી સમાધિમંત્રનો પાઠ જે શ્રાવકો કે સાધુઓ અત્યંત ઉપયોગપૂર્વક કરે છે તેઓના તે સમાધિમંત્રના પાઠથી મોહરાજાનું જોર ક્રમસર ઘટે છે, તે કઈ રીતે ઘટે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**सर्वां कुविद्यां स च पाठसिद्धः,**
**सांस्कारिकीं हन्ति महारिपूणाम् ।**
**ततश्च नागा इव मन्त्रबद्धा,**
**मूर्च्छन्ति तेऽन्तर्ज्वलिता मृताभाः ।।११५।।**

**શ્લોકાર્થ :-**

**અને પાઠસિદ્ધ એવો તે=સમાધિમંત્ર, મહારિપુઓની=ચારિત્રરાજાના મહાશત્રુરૂપ મોહરાજાની, સાંસ્કારિકી એવી સર્વ કુવિદ્યાને હણે છે. અને તેનાથી=તે મંત્રપાઠના કારણે હણાયેલી કુવિદ્યાથી, મંત્ર પ્રતિબદ્ધ**

**નાગની જેમ અંતરમાં જ્વલિત એવા તેવો=આત્મામાં ઊઠેલ એવા મોહના પરિણામો, મરેલા જેવા મૂર્ચ્છાને પામે છે. ॥૧૧૫॥**

**ભાવાર્થ :-**

પોતાના આત્મામાં ઊઠેલા મોહના ઉપદ્રવને જોઈને જે સાધુઓના અને શ્રાવકોના ચિત્તમાં વર્તતો ચારિત્રનો પરિણામ પોતાના રક્ષણ માટે ચતુઃશરણગમન આદિરૂપ સમાધિમંત્રનો પાઠ કરવા પ્રેરણા કરે છે અને તે પ્રેરણાથી તે શ્રાવકો કે સાધુ સમાધિમંત્રનો જાપ કરે છે, તે સમાધિમંત્ર તેઓને પાઠમાત્રથી સિદ્ધ છે.

જેમ કેટલાક મંત્રો તેનો પાઠ કરવામાં આવે કે તરત જ સિદ્ધ થાય છે તેમ જે શ્રાવકો કે સાધુઓ અંતરંગ રીતે ઉપયુક્ત થઈને આત્મામાં સમાધિને નિષ્પન્ન કરનાર એવા ચતુઃશરણગમન આદિરૂપ સમાધિમંત્રનો પાઠ કરે છે કે તરત જ તે મંત્ર મોહના ઉપદ્રવને શાંત કરે છે, તેથી આત્માના શત્રુભૂત એવા મોહના જે સંસ્કારો આત્મામાં રહેલા તે સર્વ સંસ્કારોરૂપ કુવિદ્યાઓ તે મંત્રથી તત્કાળ હણાય છે અર્થાત્ તે શ્રાવકોનું કે સાધુઓનું ચિત્ત તે મંત્રપાઠને કારણે શાંત થયેલ હોવાથી મોહના પરિણામરૂપ ઉચ્ચાટન બંધ થાય છે અને વીતરાગગામી એવા સંસ્કારો જાગ્રત થાય છે, તેથી અવીતરાગગામી એવા મોહના સંસ્કારોરૂપ કુવિદ્યા મૂર્ચ્છિત જેવી થાય છે.

જેમ કોઈ મંત્રથી નાગોને પ્રતિબદ્ધ કરવામાં આવે તો તે નાગો તદ્દન સ્થિર થઈ જાય છે, પરંતુ કરડવા માટે સન્મુખ આવતા નથી, તેમ મોહરાજાની ઉચ્ચાટનની ક્રિયાને કારણે ચિત્તમાં ઉત્પન્ન થયેલા મોહના પરિણામો તે સમાધિમંત્રના પાઠથી મરેલા જેવા મૂર્ચ્છિત થઈને રહે છે અર્થાત્ જ્યાં સુધી જીવ વીતરાગ ન થાય ત્યાં સુધી તે મોહના પરિણામો સંપૂર્ણ નાશ પામતા નથી, પરંતુ સમાધિમંત્રના કારણે ચિત્તમાં ઊઠીને ચિત્તનું માલિન્ય કરે તેવી શક્તિ વગરના મૂર્ચ્છિત થયેલા રહે છે. **॥૧૧૫॥**

**શ્લોક :-**

**निजाश्रितानामपि दिव्यमन्त्रं,**
**समाधिमाभ्यासिकमेष दत्त्वा ।**

निवारयत्युग्रमुपद्रवं तं,
विस्तारयत्युत्तमसौख्यलीलाम् ।।११६।।

**શ્લોકાર્થ :-**

**આ=ચારિત્રધર્મ, નિજાશ્રિત એવા પણ જીવોને આભ્યાસિક એવા સમાધિરૂપ દિવ્યમંત્રને આપીને તે ઉગ્ર ઉપદ્રવનું=મોહના સૈન્યએ કરેલ ઉચ્ચાટન ક્રિયાથી થયેલ એવા ઉગ્ર ઉપદ્રવનું, નિવારણ કરે છે અને ઉત્તમસુખની લીલાને વિસ્તારે છે. ।।૧૧૬।।**

**ભાવાર્થ :-**

**ચારિત્રધર્મરાજા વડે સમ્યગ્દૃષ્ટિ અને અપુનર્બંધક જીવોને અપાયેલ આભ્યાસિક સમાધિરૂપ દિવ્યમંત્રથી મોહના તીવ્ર ઉપદ્રવનું નિવારણ :-**

વળી, આ ચારિત્રધર્મરાજા પોતાના સામ્રાજ્યમાં વર્તતા એવા દેશવિરતિશ્રાવકોને અને સર્વવિરતિવાળા સાધુઓને તો પાઠસિદ્ધ મંત્ર આપીને મોહરાજાના ઉચ્ચાટનના સામર્થ્યને હણે છે, પરંતુ જેઓ ચારિત્રધર્મરાજાના સામ્રાજ્યમાં રહેલા નથી તોપણ તેઓને આશ્રિત છે, આથી અવિરત સમ્યગ્દૃષ્ટિ અને અપુનર્બંધક જીવો સ્વભૂમિકા અનુસાર ચારિત્રની પ્રધાનદ્રવ્યક્રિયાની આચરણા કરીને રહેલા છે, તેથી ચારિત્રધર્મરાજાના આશ્રિત એવા સામ્રાજ્યમાં વર્તનારા છે, તેવા સ્વાશ્રિત જીવોને આ ચારિત્રધર્મરાજા આભ્યાસિક દિવ્યમંત્ર આપે છે અર્થાત્ ચારિત્રધર્મરાજા જેમ સ્વમંડલમાં રહેનારા જીવોને પાઠસિદ્ધ મંત્ર આપે છે તેવો મંત્ર નિજાશ્રિતોને આપતા નથી, પરંતુ અભ્યાસથી સાધી શકાય તેવો દિવ્યસમાધિ મંત્ર તેઓને આપે છે. જે મંત્રના જાપથી તે નિજાશ્રિતોને થતો શત્રુઓનો અતિઉપદ્રવ નિવારણ પામે છે અર્થાત્ ઉપદ્રવ સર્વથા નિવારિત થતો નથી પરંતુ ઉગ્રઉપદ્રવનું નિવારણ થાય છે, તેથી પોતાના સામ્રાજ્યમાં અને પોતાના નિજાશ્રિતના સામ્રાજ્યમાં ઉત્તમસુખની લીલા ચારિત્રધર્મરાજા વિસ્તાર કરે છે.

અહીં વિશેષ એ છે કે દેશવિરતિધર શ્રાવકો અને સર્વવિરતિધર સાધુઓ અત્યંત ઉપયોગપૂર્વક અને સૂક્ષ્મબોધથી અનુવિદ્ધ એવું ચતુ:શરણગમન આદિ કરે છે, જે પાઠસિદ્ધ મંત્ર જેવું છે, તેથી તત્કાળ તે પાઠસિદ્ધ મંત્રના જાપથી

મોહનો ઉપદ્રવ નિવારણ પામે છે, પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવો કે અપુનર્બંધક જીવો તે પ્રકારે મંત્રજાપ કરી શકતા નથી, તેથી તેઓને ચારિત્રધર્મરાજા ચતુ:શરણગમન આદિરૂપ આભ્યાસિક સમાધિ દિવ્યમંત્ર આપે છે; કેમ કે અવિરતિના ઉદયથી અવિરત સમ્યગ્દૃષ્ટિ તે પ્રકારની ગુપ્તિને ધારણ કરી શકતા નથી, તેથી તેઓનો ચતુ:શરણગમન આદિરૂપ મંત્ર આભ્યાસિક બને છે અને અપુનર્બંધક જીવો સ્થૂલબોધવાળા હોવાથી તેઓને ચતુ:શરણગમન આદિરૂપ મંત્ર આભ્યાસિક બને છે, તેથી પુન: પુન: તે મંત્રના અભ્યાસના સેવનના બળથી તેઓ કંઈક મોહના ઉપદ્રવનું નિવારણ કરી શકે છે, તેથી આભ્યાસિક સમાધિમંત્રથી તીવ્ર ઉપદ્રવનું નિવારણ થાય છે પરંતુ સર્વથા મોહના ઉપદ્રવનું નિવારણ થતું નથી. **॥૧૧૬॥**

**શ્લોક :-**

**इति प्रथाभाजि समाधिमन्त्रे,**
**संसारिजीवः प्रभुतामुपैति ।**
**भवन्ति वैराग्यसमृद्धिकल्प-**
**वल्लीविलासाश्च निरन्तरायाः ॥११७॥**

**શ્લોકાર્થ :-**

**આ પ્રકારે પ્રથાભાજિ=આ પ્રકારની ખ્યાતિને ભજનારો, સમાધિમંત્ર હોતે છતે સંસારીજીવ પ્રભુતાને પામે છે અને વૈરાગ્યસમૃદ્ધિરૂપ કલ્પવલ્લીના વિલાસો અંતરાય વગરના થાય છે. ॥૧૧૭॥**

**ભાવાર્થ :-**

**સમાધિમંત્રના જાપથી સંસારી જીવને સમૃદ્ધિરૂપ પ્રભુતાની પ્રાપ્તિ અને વૈરાગ્યસમૃદ્ધિરૂપ કલ્પવલ્લીના વિલાસો નિરંતરાય :-**

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે ખ્યાતિને ભજનારો સમાધિમંત્ર હોતે છતે= સમાધિ મંત્રનો જાપ કરવામાત્રથી શત્રુનો ઉપદ્રવ નિવર્તન પામે એ પ્રકારનો ખ્યાતિવાળો સમાધિમંત્ર હોતે છતે, સંસારી જીવ સમૃદ્ધિરૂપ પ્રભુતાને પામે છે

અને તેના કારણે ચારિત્રધર્મરાજાના સામ્રાજ્યમાં વર્તતી વૈરાગ્યની સમૃદ્ધિરૂપ કલ્પવેલડીના વિલાસો અંતરાય વગરના થાય છે અર્થાત્ ચારિત્રના સામ્રાજ્યમાં વર્તતા જીવો શત્રુઓના ઉપદ્રવ વગરના થવાને કારણે સદા પોતાના પ્રદેશમાં વર્તતા વૈરાગ્યની સમૃદ્ધિરૂપ કલ્પવેલડીના વિલાસોને કરે છે. **॥૧૧૭॥**

**શ્લોક :-**

**नोत्पातमीष्टे प्रबलोऽपि शत्रु-**
**र्मोहादिकः कोऽपि पुनर्विधातुम् ।**
**प्रक्षीणशक्तिर्विषमोऽपि कूटैः,**
**शैलो यथा वज्रविलूनपक्षः ।।११८ ।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે ફૂટો વડે=શિખરો વડે, વિષમ પણ પર્વત વજ્રથી વિલૂન-પક્ષવાળો=નાશ પામેલા શિખરવાળો, બને છે, તે પ્રમાણે સમાધિમંત્રના જાપથી પ્રક્ષીણ શક્તિવાળો એવો પ્રબળ પણ મોહાદિક કોઈ પણ શત્રુ ફરી ઉત્પાતને કરવા માટે સમર્થ થતો નથી. ।।૧૧૮।।**

**ભાવાર્થ :-**

**સમાધિમંત્રના જાપથી પ્રક્ષીણ શક્તિવાળો પ્રબળ પણ મોહાદિક કોઈ પણ શત્રુ ફરી ઉત્પાત કરવા અસમર્થ :-**

જેમ કોઈ પર્વતમાં અનેક ફૂટો હોય, તેથી તે અત્યંત વિષમ દેખાતો હોય અને ઇંદ્રના વજ્રથી તેના ફૂટોને છેદી નાંખવામાં આવે તો તે પર્વત વજ્રથી વિલૂન=નાશ પામેલા શિખરવાળો દેખાય છે, તેમ અનાદિકાળથી આત્મામાં દૃઢસંસ્કારરૂપે રહેલ હોવાથી પ્રબળ પણ મોહાદિક શત્રુ સમાધિમંત્ર જાપને કારણે પ્રક્ષીણ શક્તિવાળા=નાશ પામેલી શક્તિવાળા, બને છે, તેથી તે મોહાદિક શત્રુમાંથી કોઈપણ શત્રુ ચારિત્રધર્મરાજાના સામ્રાજ્યમાં આવીને ઉત્પાત કરવા માટે સમર્થ બનતા નથી.

આશય એ છે કે જે મહાત્માઓ પોતાના આત્મામાં વર્તતા મોહાદિના

ઉપદ્રવને જાણીને તે મોહાદિના ઉપદ્રવને દૂર કરવા માટે સદ્બોધમંત્રીની સલાહથી સમાધિમંત્રનો જાપ કરે છે, એમાંથી જેઓ દેશવિરતિવાળા અને સર્વવિરતિવાળા મહાત્માઓ છે, તે પાઠસિદ્ધ સમાધિમંત્રનો જાપ કરે છે અને તેના સિવાયના અપુનર્બંધકજીવો, સમ્યગ્દષ્ટિ જીવો સદ્બોધમંત્રીની સલાહ અનુસાર આભ્યાસિક સમાધિમંત્રનો જાપ કરે છે. તે જાપમાં તેઓ ચતુઃશરણગમન આદિભાવો કરીને અંતરંગ ઉત્તમ સંસ્કારો પોતાના આત્મામાં આધાન કરે છે. તે ઉત્તમ સંસ્કારોના આધાનને કારણે આત્મામાં અનાદિના મોહના સંસ્કારો ગાઢ થઈને પડેલા તે સર્વ પ્રક્ષીણશક્તિવાળા બને છે અને તેના કારણે અનાદિના મોહના સંસ્કારો તેમના આત્મામાં ઉત્પાત કરવાને માટે સમર્થ બનતા નથી.

અહીં વિશેષ એ છે કે પર્વતને ભેદવો અતિદુષ્કર છે, પરંતુ ઇન્દ્રનું વજ્ર અતિસમર્થ છે, તેથી તે પર્વતના શિખર ઉપર પડે કે તરત જે તે શિખર નાશ પામે છે, તેમ આત્મામાં મોહાદિના સંસ્કારો દૃઢ થઈને રહેલા છે; કેમ કે અનાદિકાળથી મોહના ભાવોને સેવીને આત્માએ તે મોહાદિના સંસ્કારોને આત્મભાવરૂપે સ્થિર કર્યા છે, તેથી તેનો નાશ કરવો અતિદુષ્કર છે, આથી મોહનો ઉચ્છેદ મહાવીર્યવાળા પુરુષો જ કરી શકે છે, અન્ય કોઈ કરી શકતું નથી. તોપણ ઇન્દ્રના વજ્ર જેવા ચતુઃશરણગમન આદિરૂપ સમાધિમંત્રથી તે મોહના સંસ્કારો પ્રક્ષીણ શક્તિવાળા બને છે, તેથી આત્મામાં મોહના સંસ્કારો પડેલ હોવા છતાં ચતુઃશરણગમન આદિથી ભાવિત મહાત્મામાં તે મોહના સંસ્કારો જાગ્રત થતા નથી, તેથી ઉપદ્રવ વગરના તે મહાત્માઓ સંસારમાં સુખપૂર્વક વૈરાગ્યના ભાવોમાં વિલાસ કરે છે. **॥૧૧૮॥**

**શ્લોક :-**

**चारित्रधर्मस्य नरेश्वरस्य,**
**प्रतापभानुः प्रबलत्वमेति ।**
**दिक्चक्रमाक्रामति तद्यशश्च,**
**प्रत्यर्थिचक्राक्रमणादुदितम् ।।११९।।**

**શ્લોકાર્થ :-**

**ચારિત્રધર્મરાજાનો પ્રતાપભાનુ પ્રબળપણાને પામે છે અને પ્રત્યર્થિચક્રના આક્રમણથી=ચારિત્રધર્મરાજાની ભૂમિને ગ્રહણ કરવાના અર્થી એવા શત્રુના સૈન્ય ઉપર કરાયેલા ચારિત્રધર્મરાજાના આક્રમણથી ઉદિત થયેલો તેનો યશ દિક્ચક્રને=બધી દિશાઓને વ્યાપ્ત થાય છે. ।।૧૧૯।।**

**ભાવાર્થ :-**

**સમાધિમંત્રના પાઠથી ચારિત્રધર્મરાજાનો પ્રતાપભાનુ પ્રબળ, ચારિત્રધર્મ-રાજાના આક્રમણથી ઉદિત થયેલા યશથી દિક્ચક્ર વ્યાપ્ત :-**

પૂર્વમાં કહ્યું એ પ્રમાણે સદ્બોધમંત્રીના વચન અનુસાર ચારિત્રધર્મના સામ્રાજ્યમાં વર્તનારા જીવો સમાધિમંત્રનો પાઠ કરે છે, તેથી શત્રુની સેનાની શક્તિ પ્રક્ષીણ થાય છે અને તેના કારણે ચારિત્રધર્મરાજાનો પ્રતાપભાનુ પ્રબળ બને છે અર્થાત્ તે મંત્રજાપ કરનારા જીવોના ચિત્તમાં ચારિત્રનો પરિણામ અતિપ્રબળ બને છે અને તે ચારિત્રધર્મની ભૂમિને ગ્રહણ કરવાના અર્થી એવા પરચક્રરૂપ મોહ ઉપર ચારિત્રસેનાએ આક્રમણ કરીને તેઓને શક્તિહીન કર્યા તેનાથી ઉત્થિત થયેલો એવો ચારિત્રધર્મનો યશ બધી દિશાઓમાં વ્યાપ્ત બને છે. આથી જે મહાત્માઓ સદ્બોધમંત્રીના વચન અનુસાર સદા ઉચિત ઉપાયો સેવે છે તેઓ ચારિત્રની ભૂમિને ગ્રહણ કરવાના પ્રત્યર્થી એવા મોહના ઉપર આક્રમણ કરીને તે મોહને શક્તિ વગરનો કરે છે, તેથી તે મહાત્માઓના ચિત્તમાં ચારિત્રનું સામ્રાજ્ય અતિશયિત બને છે, તેથી તે ચારિત્રનો યશ સર્વદિશાઓમાં વ્યાપેલો થાય છે, આથી તે મહાત્માઓમાં વર્તતું ચારિત્ર જોઈને દેવો, ઇન્દ્રો વગેરે પણ તેમનાં ગુણગાન કરે છે. **।।૧૧૯।।**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે સદ્બોધમંત્રીની સલાહથી ચારિત્રધર્મરાજાના દેશમાં થતા ઉપદ્રવના નિવારણ માટે ત્યાંના વાસી લોકોએ સમાધિમંત્રનો જાપ કર્યો અને તેનાથી ચારિત્રધર્મરાજાનો પ્રતાપભાનુ પ્રબળ બને છે અને તેનો યશ બધી દિશાઓમાં વ્યાપ્ત થાય છે. અને તેના કારણે ચારિત્રધર્મરાજાનું લોકોમાં યશોગાન કઈ રીતે થાય તે શ્લોક-૧૨૪ સુધી બતાવે છે –**

શ્લોક :-

मरुत्पथे दुन्दुभयो ध्वनन्ति,
पुरः स्फुरन्त्येव च मङ्गलानि ।
उद्घोषयन्तो जयशब्दमुच्चैः,
कुर्वन्ति देवाः शुचिपुष्पवृष्टिम् ।।१२०।।
गायन्ति रामा मधुरं सुराणां,
नृत्यन्ति चित्राभिनयाभिरामाः ।
मुक्ताफलौघान् विकिरन्ति नम्राः,
पाणिक्वणत्कङ्कणराजिकम्राः ।।१२१।।
प्रतिक्रमन्यासममर्त्यसार्थाः,
संचारयन्तः कनकाम्बुजानि ।
तदाश्रितायाः स्वरसाधिकत्वं,
श्रियो नु भक्तेरनुमापयन्ति ।।१२२।।
हतातपक्लान्तिकमातपत्रं,
तिष्ठन्ति धृत्वा शुचिमूर्धदेशे ।
क्षीराब्धिवीचीचलचारुकान्तीन्,
सुचामरौघान् परिवीजयन्ति ।।१२३।।
इयं समृद्धिः सकला समाधि-
प्रभावजन्येति जिनागमज्ञैः ।
अत्रैव कार्यः सुदृढप्रयत्नो,
वैराग्यसर्वस्वमिदं विदन्ति ।।१२४।।

શ્લોકાર્થ :-

મરૂત્પથમાં=આકાશપથમાં, દુંદુભિઓ વાગે છે, આગળ મંગળો

**સ્ફુરાયમાન થાય છે, જયશબ્દને અત્યંત ઉદ્‌ઘોષણા કરતા દેવો પવિત્ર પુષ્પવૃષ્ટિને કરે છે, દેવોની સ્ત્રીઓ મધુર (ગીતો) ગાય છે, ચિત્ર અભિનયથી સુંદર એવી સ્ત્રીઓ નૃત્ય કરે છે, હાથમાં રહેલાં ઝંકાર કરતાં કંકણની રાજીથી શોભતી એવી નમ્ર સ્ત્રીઓ મુક્તાફળના સમૂહને વિકિરણ કરે છે, દરેક પગલાના સ્થાપનને આશ્રયીને=ચારિત્રના પ્રકર્ષવાળા તીર્થંકરના દરેક પગલાના સ્થાપનને આશ્રયીને, સુવર્ણકમળોને સંચાર કરતા દેવોના સમૂહો તેઓને આશ્રિત એવી લક્ષ્મીનું=ચારિત્રના પ્રકર્ષવાળા તીર્થંકરોને આશ્રિત એવી લક્ષ્મીનું, ભક્તિથી સ્વરસઅધિકપણું અનુમાપન કરે છે, દેવોનો સમૂહ હણાયેલા આતપની ક્લાન્તિવાળું આતપત્ર=છત્ર પવિત્ર એવા મસ્તકના દેશમાં=ચારિત્રના પ્રકર્ષવાળા એવા તીર્થંકરોના મસ્તકના દેશમાં ધારણ કરીને રહે છે અને ક્ષીરસમુદ્રના મોજા જેવા ચલ એવા સુંદર કાંતિવાળા ચામરોના સમૂહને વીંઝે છે= તીર્થંકરોને વીંઝે છે, આ સકલ સમૃદ્ધિ=શ્લોક-૧૨૦થી અત્યાર સુધી બતાવી એ સકલસમૃદ્ધિ સમાધિના પ્રભાવથી જન્ય છે=શત્રુઓના ઉપદ્રવના નિવારણ માટે જે સમાધિમંત્રનો જાપ કર્યો તેનાથી પ્રગટ થયેલી સમાધિ તેના પ્રભાવથી જન્ય છે, એથી જિનાગમના જાણનારાઓએ આમાં જ=સમાધિમંત્રમાં જ, સુદૃઢ પ્રયત્ન કરવો જોઈએ. આને= સમાધિમંત્રને, વૈરાગ્યનું સર્વસ્વ જાણે છે=તત્ત્વના જાણનારાઓ જાણે છે. ||૧૨૦-૧૨૧-૧૨૨-૧૨૩-૧૨૪||**

**ભાવાર્થ :-**

**ચારિત્રધર્મરાજાનું લોકોમાં યશોગાન થાય છે તેનું વર્ણન :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે સમાધિમંત્રના જાપને કારણે મોહનું સૈન્ય પ્રક્ષીણ શક્તિવાળું થયું અને તેથી ચારિત્રધર્મરાજાનો પ્રતાપ પ્રબળપણાને પામે છે. આવો ચારિત્રધર્મનો પ્રબળ પ્રતાપભાનુ તીર્થંકરોમાં પ્રાપ્ત થાય છે અને જ્યારે તે મહાત્માઓ તીર્થંકર થાય છે ત્યારે તેઓની કેવી ઉત્તમ સમૃદ્ધિ હોય છે અને તેઓનો યશ ચારે દિશાઓમાં કેવી રીતે વિસ્તાર પામે છે તેનું વર્ણન પ્રસ્તુત શ્લોકોમાં કરેલ છે.

તીર્થંકરો જ્યારે શત્રુઓનો જય કરવા માટે સંયમ ગ્રહણ કરે છે અને સંયમ ગ્રહણ કરીને શત્રુઓનો નાશ કરે છે ત્યારે તેઓને કેવલજ્ઞાન થાય છે તે વખતે આકાશપથમાં દુંદુભિઓ વાગે છે અને તીર્થંકરોની આગળ આઠ પ્રાતિહાર્યરૂપ મંગળો સ્ફુરાયમાન થાય છે અને દેવો 'જય જય' શબ્દ વડે અત્યંત ઉદ્ઘોષણા કરતા પવિત્ર પુષ્પવૃષ્ટિઓ કરે છે, દેવીઓ મધુર ગીતો ગાય છે, અનેક પ્રકારના અભિનયોપૂર્વક નૃત્યો કરે છે અને હાથમાં કંકણરાજિ શોભી રહી છે તેવી અને નમેલી દેવીઓ મુક્તાફળના સમૂહને ત્યાં તીર્થંકરોની આગળ વેરે છે અને તીર્થંકરો ચાલતા હોય ત્યારે તેમના દરેક પગને સ્થાપન કરવા અર્થે દેવતાઓ સુવર્ણકમળની રચના કરે છે. આ રીતે તીર્થંકરોનો મહિમા કરીને દેવતાઓ ભક્તિથી જાણે બતાવતા ન હોય કે અમારી પાસે જે સમૃદ્ધિ છે તેના કરતાં અધિક સમૃદ્ધિ તીર્થંકરોની છે. વળી, ભગવાનના મસ્તકે તાપ ન પડે તેવું છત્ર ધારણ કરે છે. ક્ષીરસમુદ્રના મોજા જેવા ચાલતા એવા સુંદર ચામરોના સમૂહથી ભગવાનને વીંઝે છે. આ સર્વ સમૃદ્ધિ ભગવાને પૂર્વભવમાં સમાધિમંત્રનો જાપ કરેલ, તેનાથી ઉત્પન્ન થયેલી શ્રેષ્ઠકોટિની સમાધિથી જન્ય છે, એથી જિનાગમના જાણનારાઓએ આ સમાધિમંત્રમાં સુદઢ યત્ન કરવો જોઈએ; કેમ કે આ સમાધિમંત્ર વૈરાગ્યનું સર્વસ્વ છે. એ પ્રમાણે શાસ્ત્રના જાણનારાઓ જાણે છે.

આનાથી એ ફલિત થાય છે કે મોહના નાશ માટે પૂર્વમાં સદ્બોધમંત્રીએ ઉપાય બતાવતાં કહ્યું કે ચતુઃશરણગમનપૂર્વક દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના એ શ્રેષ્ઠકોટિનો સમાધિમંત્ર છે. તે વચનને ગ્રહણ કરીને દેશવિરતિધર અને સર્વવિરતિધર મહાત્માઓ પાઠસિદ્ધ એવા તે સમાધિમંત્રનો જાપ કરે છે અને તેના સિવાયના અવિરતસમ્યગ્દષ્ટિ કે અપુનર્બંધક જીવો આભ્યાસિક સમાધિમંત્રનો જાપ કરે છે જેથી શત્રુઓનો ઉપદ્રવ દૂર થાય છે. તે સમાધિમંત્રનો જાપ જે મહાત્માઓ અત્યંત ઉપયોગપૂર્વક અને સુપ્રણિધાનપૂર્વક સદા કરે છે તેઓના હૃદયમાં ચતુઃશરણગમનથી ગુણના સ્થાનરૂપ એવા તીર્થંકરો, સિદ્ધભગવંતો. સુસાધુઓ અને કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ પ્રત્યેનો તીવ્ર પક્ષપાત થાય છે અને તે પક્ષપાતપૂર્વક દુષ્કૃતની નિંદાથી દુષ્કૃતનો વિમુખભાવ થાય છે અને સુકૃતની અનુમોદનાથી જગત્‌વર્તી તીર્થંકર આદિ સર્વગુણવાન પુરુષોનાં સુકૃતો પ્રત્યે

અત્યંત પક્ષપાત થાય છે. તે પક્ષપાતના બળથી સુકૃતની અનુમોદના કરનાર મહાત્માઓનો મોહ નષ્ટ નષ્ટતર થાય છે જે સમાધિરૂપ છે. આ સમાધિનો પ્રકર્ષ થાય તો જીવો તીર્થંકરનામકર્મ બાંધે છે અને તીર્થંકરના ભવમાં ફરી તે સમાધિનો સુઅભ્યાસ કરીને કેવલજ્ઞાનને પામે છે અને શત્રુના નાશથી કેવલજ્ઞાન કાળમાં તીર્થંકરોમાં પ્રગટ થયેલી પરમ સમાધિ તેના માહાત્મ્યથી દેવતાઓ દ્વારા કરાયેલી આ સર્વ બાહ્ય સમૃદ્ધિ છે માટે જિનાગમને જાણનારાઓએ આ સમાધિમંત્રના જાપમાં સર્વપ્રકર્ષથી પ્રયત્ન કરવો જોઈએ.

વળી આ સમાધિમંત્ર માત્ર દુષ્કૃતગર્હા અને સુકૃતની અનુમોદનાની ક્રિયામાં વિશ્રાંત થતો નથી, પરંતુ દુષ્કૃત પ્રત્યે ગર્હા કરીને અને સુકૃતનો પક્ષપાત કરીને સુકૃતના સેવનના અતિશયયત્નમાં વિશ્રાંત થાય છે, તેથી તે સમાધિમંત્રનો જાપ કરનાર મહાત્માઓ પોતાની શક્તિના પ્રકર્ષથી દુષ્કૃતના ત્યાગપૂર્વક સુકૃતનું સેવન કરે છે જે સર્વ સમાધિમંત્રરૂપ છે. તેથી અહીં કહ્યું કે આ સમાધિ વૈરાગ્યનું સર્વસ્વ છે; કેમ કે વિરક્ત આત્માઓ શક્તિના પ્રકર્ષથી સમાધિને સેવનારા હોય છે માટે સમાધિનું સેવન એ વૈરાગ્યનું સર્વસ્વ છે, એ પ્રમાણે શાસ્ત્રના જાણનારાઓ જાણે છે. **॥૧૨૦-૧૨૧-૧૨૨-૧૨૩-૧૨૪॥**

**અવતરણિકા :-**

**આ રીતે સમાધિમંત્રથી આત્મામાં સમાધિ પેદા થાય છે તે બતાવીને તે સમાધિ વૈરાગ્યરૂપ છે તેમ પૂર્વમાં સ્થાપન કર્યું અને તે વૈરાગ્યને બતાવવા માટે ગ્રંથકારશ્રીએ વૈરાગ્યકલ્પલતા નામનો ગ્રંથ રચ્યો છે, તેથી હવે આવો વૈરાગ્ય જિનશાસનમાં જ છે. અન્યશાસનમાં જે કંઈ વૈરાગ્યનાં વચનો દેખાય છે તે પણ જિનશાસનનાં વચનોથી ઉદ્ધૃત છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सिद्धं हि वैराग्यमिदं समाधि-**
**सुधास्वरूपं जिनशासनाब्धौ ।**
**अस्योद्धृतैर्बिन्दुभिरेव शास्त्रा-**
**ण्यास्वाद्यतां यान्ति पराणि लोके ।।१२५।।**

**શ્લોકાર્થ :-**

**આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, સમાધિઅમૃતસ્વરૂપ વૈરાગ્ય જિનશાસન-સમુદ્રમાં સિદ્ધ છે, આનાં ઉદ્ધૃત બિંદુઓ વડે જ=જિનશાસનરૂપી સમુદ્રમાં રહેલાં વૈરાગ્યનાં ઉદ્ધૃત બિંદુઓ વડે જ, લોકમાં અન્ય શાસ્ત્રો આસ્વાદ્યતાને=આસ્વાદપણાને, પામે છે. ॥૧૨૫॥**

**ભાવાર્થ :-**

**સમાધિઅમૃતસ્વરૂપ વૈરાગ્ય જિનશાસનસમુદ્રમાં સિદ્ધ, જિનશાસનમાંથી ઉદ્ધૃત એવાં વૈરાગ્યનાં બિંદુઓથી જ અન્ય દર્શનનાં શાસ્ત્રોમાં પણ મધુરતાનું આસ્વાદન :-**

જીવમાં જેમ જેમ મોહની અનાકુળતા પ્રગટ થાય છે, તેમ તેમ સમાધિ પ્રગટે છે અને આ સમાધિ જીવ માટે અમૃતતુલ્ય છે. અમૃતના પાનથી અમર અવસ્થાની પ્રાપ્તિ થાય છે, તેમ મોહની અનાકુલતારૂપ સમાધિથી આત્માને ક્યારેય મરવું ન પડે તેવી મુક્તઅવસ્થાની પ્રાપ્તિ થાય છે. આ સમાધિરૂપ અમૃત વૈરાગ્યસ્વરૂપ છે અને આવું વૈરાગ્યરૂપી અમૃત જિનશાસનરૂપી સમુદ્રમાં સિદ્ધ છે; કેમ કે જિનશાસનમાં રહેલા મહાત્માઓ જિનશાસનથી ભાવિતમતિવાળા થઈને વૈરાગ્યવાસિત અંતઃકરણવાળા થાય છે અને આ જિનશાસનમાંથી ઉદ્ધૃત એવાં વૈરાગ્યનાં બિંદુઓથી જ અન્યદર્શનનાં શાસ્ત્રોમાં પણ મધુરતાનું આસ્વાદન પ્રાપ્ત થાય છે. આથી જ ભગવાનના વચનમાંથી નિષ્પન્ન થયેલ માર્ગાનુસારી પદાર્થો જે કાંઈ અન્યદર્શનમાં છે તેના બળથી અન્યદર્શનમાં રહેલા યોગીઓ પણ યોગમાર્ગની ચાર દૃષ્ટિ સુધીના ભાવોને સ્પર્શે છે, એથી ફલિત થાય છે કે ભગવાનનું શાસન સમાધિ નિષ્પત્તિનું એક કારણ છે અને ભગવાનના એકેક વચનને ગ્રહણ કરીને અનંતા જીવો સમાધિને પામીને અમરઅવસ્થારૂપ મોક્ષને પામ્યા છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનનું એક પણ વચન સર્વનયોના તાત્પર્યને સ્પર્શનાર છે અને સર્વનયની દૃષ્ટિથી તે વચનને જાણવામાં આવે તો તે વચન પૂર્ણ યોગમાર્ગના સ્વરૂપને બતાવનાર બને છે. જેમ 'સાવદ્યની નિવૃત્તિ'ને

કહેનારું એકપણ ભગવાનનું વચન એવંભૂતનયથી કર્મબંધની નિવૃત્તિને સ્વીકારે છે તેથી 'સાવદ્ય એટલે કર્મબંધ' એ પ્રકારે અર્થ કરીને યોગનિરોધ અવસ્થામાં સર્વ પાપની નિવૃત્તિ સ્વીકારે છે. માટે પૂર્ણ માર્ગને કહેનાર ભગવાનના શાસનના દરેક વચનો છે. જ્યારે અન્ય દર્શનકારો કોઈ એક નયને અવલંબીને જ સ્વદર્શનનું કથન કરે છે તેથી તેઓનું સાવદ્યની નિવૃત્તિને કહેનારું વચન પણ પૂર્ણ અંશને કહેનાર નથી. પરંતુ ભગવાનના વચનનાં બિંદુઓથી જ તેઓ વૈરાગ્યરસને બતાવે છે, તેથી તેટલા જ સ્વાદનાં કારણ તે તે દર્શનનાં વચનો બને છે. **॥૧૨૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૨૫માં કહ્યું કે સમાધિરૂપી અમૃત જિનશાસનમાં સિદ્ધ છે, તેથી હવે તે સમાધિરૂપ અમૃતના પાનથી શું પ્રાપ્ત થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**समुद्धृतं पारगतागमाब्धेः,**
**समाधिपीयूषमिदं निपीय ।**
**महाशयाः पीतमनादिकालात्,**
**कषायहालाहलमुद्वमन्तु ।।१२६।।**

**શ્લોકાર્થ :-**

**પારગતના આગમરૂપી સમુદ્રમાંથી ઉદ્ધૃત એવા આ સમાધિરૂપી અમૃતનું અત્યંત પાન કરીને મહાશયવાળા ઉત્તમજીવો અનાદિકાળથી પીધેલા કષાયરૂપી હાલાહલઝેરને ઉદ્ગમન કરો. ॥૧૨૬॥**

**ભાવાર્થ :-**

**સમાધિરૂપી અમૃત જિનશાસનમાં સિદ્ધ હોવાથી સમાધિરૂપ અમૃતના પાનથી પ્રાપ્ત થતું ફળ :-**

સંસારમાં જીવો અનાદિકાળથી કષાયોરૂપી ઝેરનું પાન કરીને ચારગતિઓની

અનેક વિડંબણા પામે છે અને તેવા જીવો ભગવાનના શાસનના પરમાર્થને જાણનારા બને ત્યારે મહાશયવાળા બને છે અર્થાત્ આ ભગવાનનું વચન એકાંત કલ્યાણને કરનારું છે માટે મનુષ્યજન્મને પામીને સતત ભગવાનના વચનનું રહસ્ય જાણવા માટે ઉદ્યમ કરવો જોઈએ અને ભગવાનના વચનથી ભાવિત થઈને સતત આત્મહિત સાધવું જોઈએ એવા ઉત્તમ આશયવાળા થાય છે. સંસારના પારને પામેલા એવા તીર્થંકરોના આગમરૂપી સમુદ્રમાંથી ઉદ્ધૃત થયેલો એવો વૈરાગ્યકલ્પલતા નામનો આ ગ્રંથ છે. જે સમાધિના અમૃતથી ભરપૂર છે, તેથી તેવા ઉત્તમ મહાશયવાળા મહાત્માઓ આ અમૃતનું અત્યંત પાન કરીને કષાયના હાલાહલઝેરને વમન કરો. એ પ્રમાણે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગ્રંથની રચના દ્વારા અપેક્ષા રાખે છે. **॥૧૨૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૨૬માં કહ્યું કે મહાશયવાળા ઉત્તમ જીવો સમાધિ અમૃતનું પાન કરીને કષાયોરૂપી ઝેરનું વમન કરો. તેથી હવે કષાયોનું વમન કરવા પ્રત્યે એકહેતુ સમાધિ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अनल्पसंकल्पविकल्पलोल-**
**कल्लोलमालाकुलितस्य जन्तोः ।**
**ऐकान्तिकः कोऽपि विना समाधि-**
**स्तैमित्यमन्यो न हि तस्य हेतुः ॥१२७॥**

**શ્લોકાર્થ :-**

**અનલ્પસંકલ્પરૂપ વિકલ્પો=ઘણા સંકલ્પરૂપ વિકલ્પો, તેના લોલ કલ્લોલની માલાથી આકુલિત એવા જીવને સમાધિરૂપ સ્તૈમિત્ય વગર= સમાધિના સ્થિરભાવ વગર, તેનો=કષાયના વમનનો, અન્ય કોઈપણ એકાંતિક હેતુ નથી જ. ॥૧૨૭॥**

**ભાવાર્થ :-**

**ઘણા સંકલ્પરૂપ વિકલ્પોના લોલકલ્લોલની માલાથી આકુલિત એવા જીવને સમાધિજન્ય સ્થિરભાવ કષાયવમનનો એકાંતિક હેતુ :-**

જીવમાં અનાદિકાળથી આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે, એ પ્રકારના સંખ્યાતીત સંકલ્પો વર્તે છે અને તે સંકલ્પોને કારણે ઇષ્ટપદાર્થો પ્રત્યે રાગના અને અનિષ્ટ પદાર્થો પ્રત્યે દ્વેષના વિકલ્પો ઊઠે છે અને આવા વિકલ્પોના લોલકલ્લોલની=ચપળ એવા કલ્લોલની, હારમાળાથી આકુલિત એવો જીવ છે. તેવા જીવોમાં જે કષાયરૂપી ઝેર વર્તે છે, તે ઝેરના નાશનો અન્ય કોઈ હેતુ સમાધિના સ્થિરભાવ સિવાય એકાંતે નથી જ.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે ઉપદેશાદિની સામગ્રી સદ્ગુરુનો યોગ, મનુષ્યભવની પ્રાપ્તિ આદિ પણ કષાયવમન પ્રત્યે હેતુ હોવા છતાં તે સર્વ હેતુઓ એકાંતિક હેતુઓ નથી, પરંતુ સમાધિજન્ય સ્થિરભાવ એ કષાયવમન પ્રત્યે એકાંતિક હેતુ છે, માટે સંસારની વિડંબણાના પ્રબળ કારણભૂત એવા કષાયોના વમન અર્થે મહાશયવાળા જીવોએ સમાધિજન્ય સ્થિરભાવમાં યત્ન કરવો જોઈએ. **॥૧૨૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૨૭માં બતાવ્યું કે કષાયોરૂપી ઝેરનું વમન સમાધિના સ્તૈમિત્ય= સ્થિરભાવ, વગર થઈ શકે નહીં. હવે સમાધિનું સ્વરૂપ બતાવીને તે સમાધિથી વિષયોરૂપી વિષવૃક્ષનું છેદન પણ થઈ શકે છે તે બતાવવા અર્થે કહે છે -**

**શ્લોક :-**

**परेषु न स्यात् परिणामयोगो,**<br>
**न जन्म तेषु ग्रहणं न तेषाम् ।**<br>
**अखण्डसौख्यानुभवस्वभाव-**<br>
**श्चिन्मात्रमस्मीति समाधिवृत्तेः ।।१२८ ।।**<br>
**रागादिभिः पल्लवितानविद्या-**<br>
**संस्कारसिक्तान् विषयान् विषद्रून् ।**

छेत्तुं क्षमस्तीव्रविचारधारः,

समाधिरूपः कठिनः कुठारः ।।१२९।।

**શ્લોકાર્થ :-**

**પરમાં=આત્માથી ભિન્ન એવા પરપદાર્થોમાં, પરિણામનો યોગ ન થાય=સંશ્લેષના પરિણામનો યોગ ન થાય, તેઓમાં=આત્માથી ભિન્ન એવા પરપદાર્થોમાં, જન્મ=એકત્વપરિણામરૂપ જન્મ, ન થાય. તેઓનું ગ્રહણ ન થાય=આત્માથી ભિન્નપદાર્થોનું ગ્રહણ ન થાય, એવા અખંડ સુખત્વના અનુભવના સ્વભાવવાળો ચિન્માત્ર=જ્ઞાનમાત્ર, હું છું એ પ્રકારની સમાધિની વૃત્તિનો=એ પ્રકારની સમાધિની પ્રવૃત્તિનો, તીવ્ર વિચારધાર સમાધિરૂપ કઠિનકુઠાર રાગાદિથી પલ્લવિત અવિદ્યાના સંસ્કારોથી સિંચાયેલ વિષયોરૂપી વિષવૃક્ષોને છેદવા માટે સમર્થ છે. ।।૧૨૮-૧૨૯।।**

**ભાવાર્થ :-**

**વિષયોરૂપી વિષવૃક્ષનું છેદન સમાધિથી કઈ રીતે થાય છે તે કથન :-**

સમાધિની પ્રાપ્તિ માટે કેવો મનોવિચાર આવશ્યક છે, તે શ્લોક-૧૨૮માં બતાવેલ છે – આત્માથી ભિન્ન એવાં સર્વદ્રવ્યો સાથે પરમાર્થથી જીવને કોઈ સંબંધ નથી તોપણ અનાદિકાળથી જીવ આત્માથી ભિન્ન એવા પરપદાર્થોને અવલંબીને રાગના કે દ્વેષના પરિણામનો યોગ કરે છે તેના નિવારણ માટે સમાધિની પ્રવૃત્તિ કરવા અર્થે મહાત્મા વિચારે છે કે મારાથી ભિન્ન એવા પદાર્થોની સાથે મારો સંશ્લેષના પરિણામનો યોગ ન થાય.

વળી, પરપદાર્થોને ગ્રહણ કરીને જ જીવ તે રૂપે જન્મ પામે છે, આથી જ ઔદારિકાદિ પુદ્ગલોને ગ્રહણ કરીને તે તે ભવમાં જન્મે છે. પરમાર્થથી પરપદાર્થોમાં પોતાનો જન્મ ન થાય તેવો મારો સ્વભાવ છે.

વળી પરપદાર્થોનું ગ્રહણ સંસારી જીવો કરે છે છતાં પરમાર્થથી પરપદાર્થોને અગ્રહણનો=ગ્રહણ નહિ કરવાનો, મારો સ્વભાવ છે, તેથી સમાધિના અર્થી એવા મહાત્મા વિચારે છે કે પરપદાર્થોમાં મારો સંશ્લેષનો યોગ ન થાય. પરપદાર્થોમાં મારો જન્મ ન થાય અને પરપદાર્થોનું ગ્રહણ ન થાય એવો

અખંડસુખના અનુભવના સ્વભાવવાળો ચિન્માત્ર હું છું. આ પ્રકારની જે માનસવિચારણા છે તે સમાધિની નિષ્પત્તિને અનુકૂળ મનોવ્યાપાર છે

વળી આ સમાધિને અનુકુલ મનોવ્યાપાર જ્યારે હૈયાને અત્યંત સ્પર્શે તેવો તીવ્ર બને છે, ત્યારે તે વિચારરૂપી તીવ્રધાર વિષયોરૂપી વિષવૃક્ષને છેદવા માટે સમર્થ થાય છે.

તે વિષયોરૂપી વૃક્ષો કેવાં છે તે સ્પષ્ટ કરતાં કહે છે – રાગાદિભાવોથી પલ્લવિત થયેલાં છે અને અવિદ્યાના સંસ્કારોથી=અજ્ઞાનના સંસ્કારોથી, સિંચાયેલાં છે અને તેવાં વિષયોરૂપી વૃક્ષોને છેદવા માટે સમાધિની પ્રવૃત્તિનો હૈયાને સ્પર્શે એવો તીવ્ર વિચારધાર સમર્થ છે.

આશય એ છે કે જીવે અનાદિકાળથી પરપદાર્થો પ્રત્યે રાગાદિ ભાવોને કરીને વિષવૃક્ષોને પલ્લવિત કર્યાં છે. વળી, જીવમાં આ રાગાદિભાવો અને આ વિષવૃક્ષો પોતાના અનર્થનું કારણ છે તેનું અજ્ઞાન વર્તે છે, તે અજ્ઞાનના સંસ્કારોથી પ્રવૃત્તિ કરીને જીવ તે વિષવૃક્ષોને સિંચિત કરે છે, તેથી વિષયોરૂપી વિષવૃક્ષો સદા લીલાંછમ રહે છે, તે વિષયોનું સેવન કરીને જીવ ચારગતિની વિડંબણાને પ્રાપ્ત કરે છે, તેથી જીવ માટે આ વિષવૃક્ષોનું છેદન અતિઉપકારક છે.

જેઓ ભગવાનના વચનના પરમાર્થને જાણનારા થયા છે, તેવા મહાત્માઓ સદા વિચારે છે કે જેમ સિદ્ધના જીવો અખંડસુખના અનુભવને કરવાના સ્વભાવવાળા છે તેવો અખંડસુખના અનુભવને કરવાનો મારો સ્વભાવ છે અને તે જ્ઞાનમાત્રસ્વરૂપ છે, પરપદાર્થોમાં સંશ્લેષ પામવાના સ્વભાવરૂપ નથી. આ પ્રકારે હૈયાને સ્પર્શે તે રીતે મહાત્મા વિચાર કરે તો સમાધિરૂપી કઠિન કુઠાર તે વિષવૃક્ષોને છેદી શકે અને વિષવૃક્ષોનો નાશ થાય તો નિર્લેપ થયેલા તે યોગીનું સંસારના અનર્થોથી રક્ષણ થાય છે. **॥૧૨૮-૧૨૯॥**

**અવતરણિકા :-**

**વળી સમાધિ વગર સંયમની સર્વક્રિયાઓ કર્મનાશ કરવા માટે સમર્થ નથી, માટે કર્મનાશના અર્થીએ સમાધિનું કારણ બને તે રીતે ક્રિયાઓ કરવી જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

विना समाधिं परिशीलितेन,
क्रियाकलापेन न कर्मभङ्गः ।
शक्तिं विना किं समुपाश्रितेन,
दुर्गेण राज्ञो द्विषतां जयः स्यात् ।।१३०।।

**શ્લોકાર્થ :-**

**સમાધિ વગર પરિશીલન કરાયેલા ક્રિયાના સમૂહથી=સારી રીતે સુઅભ્યસ્ત કરાયેલી સંયમની બાહ્ય આચરણારૂપ ક્રિયાકલાપથી, કર્મભંગ નથી=કર્મનો નાશ નથી, સમુપાશ્રિત એવા દુર્ગથી=શત્રુના નાશ અર્થે પ્રવૃત્ત એવા રાજા વડે આશ્રય કરાયેલા દુર્ગથી, શક્તિ વગર=શત્રુના નાશને અનુકૂલ શક્તિ વગર, રાજાના શત્રુનો જય શું થાય ? અર્થાત્ થાય નહીં. ।।૧૩૦।।**

**ભાવાર્થ :-**

**સમાધિ વગર સંયમની સર્વ ક્રિયાઓ કર્મનાશ કરવા માટે અસમર્થ હોવાથી કર્મનાશના અર્થીએ વૈરાગ્યના પરિપાકરૂપ સમાધિમાં યત્ન કરવો જરૂરી :-**

જેમ કોઈ રાજા પોતાના શત્રુના જય અર્થે શત્રુરાજાના ઉપદ્રવથી પોતાના રક્ષણના પ્રસંગે દુર્ગનો આશ્રય કરે અને પોતાની શક્તિનો સંચય થયો હોય ત્યારે ઉચિતકાળે શત્રુનો જય કરવા માટે ઉદ્યમ કરે તો તે શત્રુનો જય કરી શકે છે, પરંતુ જે રાજામાં શત્રુનો જય કરવાની અનુકૂલ શક્તિ નથી, તે રાજા શત્રુના ઉપદ્રવને ખાળવા માટે ક્યારેક દુર્ગનો આશ્રય લે તોપણ જો તે રાજા શત્રુના જયની શક્તિનો સંચય કરી શકે નહીં તો ક્યારેય શત્રુને જીતી શકે નહીં, તેમ મોહનીયકર્મરૂપ શત્રુના નાશ અર્થે કોઈ મહાત્મા દુર્ગસ્થાને શાસ્ત્રાનુસારી એવી સમ્યક્ ક્રિયાનો આશ્રય કરે આમ છતાં, મોહનીયકર્મરૂપ શત્રુના જયને અનુકૂલ અંતરંગ સમાધિરૂપ શક્તિ ન હોય તો દુર્ગસ્થાનીય સારી રીતે સેવાયેલી ક્રિયાના સમૂહમાત્રથી મોહનીયકર્મનો ક્ષય થતો નથી, માટે જેમ શત્રુના તીવ્રઉપદ્રવને ખાળવા માટે દુર્ગનો આશ્રય આવશ્યક છે, તેમ મોહનીયકર્મના ઉપદ્રવને

ખાળવા માટે પરિશીલિત ક્રિયાનો સમૂહ આવશ્યક છે, તોપણ શત્રુના જય અર્થે શત્રુ કરતાં પોતાના સૈન્યની શક્તિ અધિક હોય તો જ શત્રુનો જય થાય છે, તેમ મોહનીયકર્મના ભંગ અર્થે મોહનીયકર્મની શક્તિથી અધિક એવી અંતરંગ સમાધિની શક્તિ આવશ્યક છે, માટે કર્મનાશના અર્થીએ વૈરાગ્યના પરિપાકરૂપ સમાધિમાં યત્ન કરવો જોઈએ, જેથી શત્રુના જયની શક્તિનો સંચય થાય. **॥૧૩૦॥**

**શ્લોક :-**

**समाधिशुद्धे हृदये मुनीनां,**
**शङ्कादिपङ्काविलता न जातु ।**
**न मिश्रमोहौघतमिस्त्रदृष्टि-**
**र्न क्वापि मिथ्यात्वपुरीषगन्धः ।।१३१।।**
**न दोषदर्शिष्वपि रोषपोषो,**
**गुणस्तुतावप्यवलिप्तता नो ।**
**न दम्भसंरम्भविधेर्लवोऽपि,**
**न लोभसंक्षोभजविप्लवोऽपि ।।१३२।।**
**कन्दर्पमन्यस्य न भूरि हास्य-**
**क्रीडारुचिं कस्यचिदीरयन्ति ।**
**समाधिभाजः कुदृशां मतेऽपि,**
**स्वयं न हास्यप्रथने रताः स्युः ।।१३३।।**
**आक्रोशहास्यादिकमन्यधर्मे-**
**ऽप्यपक्वभावं ब्रुवते समाधेः ।**
**निसर्गसंसारविचारदृष्टि-**
**रव्युच्छितिर्वा परिपाकरूपम् ।।१३४।।**

**શ્લોકાર્થ :-**

**મુનિઓના સમાધિશુદ્ધ હૃદયમાં શંકા આદિ કાદવની મલિનતા ક્યારેય નથી, મિશ્રમોહનીયકર્મના સમૂહરૂપ અંધકારની દૃષ્ટિ નથી, ક્યાંય પણ મિથ્યાત્વરૂપી વિષ્ટાની ગંધ નથી, દોષદર્શી એવા પણ જીવોમાં રોષનું પોષણ નથી=રોષનો પરિણામ નથી, ગુણસ્તુતિમાં પણ અવલિપ્તતા નથી=પ્રીતિનો સંશ્લેષ નથી, દંભ સંરંભ વિધિનો=દંભની પ્રવૃત્તિનો, લવ પણ નથી, લોભસંક્ષોભથી જન્ય વિપ્લવ પણ નથી, સમાધિવાળા મહાત્માઓ અન્ય કોઈની હાસ્ય-ક્રીડા ની રુચિરૂપ કંદર્પની અત્યંત ઉદીરણા કરતા નથી, કુદૃષ્ટિઓના મતમાં પણ સ્વયં હાસ્યના વિસ્તારમાં રત થતા નથી, અન્યધર્મના મતમાં પણ આક્રોશ હાસ્યાદિકને સમાધિનો અપક્વભાવ કહે છે અને અવ્યુચ્છિત્તિ=વિચ્છેદ વગરની નિસર્ગ એવી=સ્વાભાવિક એવી, સંસારની વિચારદૃષ્ટિને પરિપાકરૂપ કહે છે=સમાધિના પરિપાકરૂપ કહે છે. ||૧૩૧-૧૩૨-૧૩૩-૧૩૪||**

**ભાવાર્થ :-**

**સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિઓ શંકા આદિ કાદવની મલિનતા રહિત :-**

જે મુનિઓ શ્લોક-૧૨૮માં બતાવેલી સિદ્ધાવસ્થાના સ્વરૂપવાળી સમાધિની પ્રવૃત્તિના વિચારને તીવ્ર કરે છે, તેઓનું ચિત્ત સિદ્ધાવસ્થાના સ્વરૂપથી અત્યંત ભાવિત થાય છે, તેથી તેવા મુનિઓના હૃદયમાં શુદ્ધ સમાધિ સદા વર્તે છે અને શુદ્ધ સમાધિ હૃદયવાળા એવા તે મહાત્માઓને જિનવચનમાં શંકા આદિરૂપ કાદવની કલુષતા ક્યારેય થતી નથી; કેમ કે જેમ પ્રત્યક્ષથી દેખાતા પદાર્થમાં આ વસ્તુ છે કે નહીં તેમ ક્યારેય શંકા થતી નથી, તેમ મોહથી અનાકુળ અને કર્મોની વિડંબનાથી રહિત એવી આત્માની અવસ્થા સ્વબુદ્ધિથી સુંદર જણાતી હોય તેવા મહાત્માઓને મોહના ઉચ્છેદને અનુકૂળ સર્વ ઉચિત આચારોને બતાવનાર જિનવચનમાં ક્યારેય શંકા થતી નથી, પરંતુ સ્થિર નિર્ણય હોય છે કે જિનવચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિના બળથી જ સંસારના સર્વ ઉપદ્રવોનો ઉચ્છેદ સંભવી શકે છે.

**સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિઓ મિશ્રમોહનીયકર્મના સમૂહરૂપ અંધકારની દૃષ્ટિ રહિત :-**

વળી સમાધિશુદ્ધ મુનિઓના હૈયામાં મિશ્રમોહનીયકૃત કર્મથી થતી એવી અંધકારની દૃષ્ટિ ક્યારેય પણ વર્તતી નથી; કેમ કે મોહના ઉપદ્રવથી રહિત અને પરપદાર્થના ઉપદ્રવ રહિત આત્માની અવસ્થા જ રમ્યઅવસ્થા છે, તેવી પ્રકાશવાળી નિર્મળદૃષ્ટિ તેઓમાં સદા વર્તે છે.

**સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિઓ મિથ્યાત્વરૂપી વિષ્ઠાની ગંધરહિત :-**

વળી, તેવા સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિમાં ક્યારેય પણ મિથ્યાત્વરૂપી વિષ્ટાની ગંધ નથી ; કેમ કે તત્ત્વ સ્પષ્ટ દેખાતું હોય ત્યાં બુદ્ધિના વિપર્યાસરૂપ મિથ્યાત્વની દુર્ગંધ ક્યાંથી પ્રવેશ પામે ?

**સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિઓ દોષદર્શી એવા પણ જીવોમાં રોષના પરિણામ રહિત :-**

વળી, જેઓએ સમાધિનું ભાવન કરી આત્માના પારમાર્થિકસ્વરૂપથી આત્માને ભાવિત કર્યો છે તેવા મુનિઓના દોષ જોનારા કોઈ જીવો જગતમાં હોય અને તેવા મુનિઓની તેઓ નિંદા કરતા હોય, તોપણ તે મહાત્માઓને સહેજ પણ રોષનો પરિણામ થતો નથી.

**સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિઓ ગુણસ્તુતિમાં પણ પ્રીતિના સંશ્લેષ રહિત :-**

વળી, તે મહાત્માઓના ગુણોથી આવર્જિત થઈને કોઈક તેઓના ગુણોની સ્તુતિ કરતા હોય, તો તે સ્તુતિ પ્રત્યે પણ તે મહાત્માઓને લેશ પણ પ્રીતિ ઉત્પન્ન થતી નથી.

**સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિઓ દંભની પ્રવૃત્તિના લવ રહિત :-**

વળી, સમાધિથી ભાવિતમતિવાળા હોવાને કારણે તેઓના જીવનમાં દંભની પ્રવૃત્તિનો લવ પણ નથી, તેથી તેઓના હૈયામાં જેવો અંતરંગભાવ છે તેવી જ બાહ્ય પ્રવૃત્તિ કે વચનની પ્રવૃત્તિ વર્તે છે.

**સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિઓ લોભસંક્ષોભથી જન્ય વિપ્લવ રહિત :-**

વળી, ચિત્તમાં તુચ્છ બાહ્યપદાર્થોના લોભના સંક્ષોભથી જનિત કોઈ વિપ્લવ પણ નથી અર્થાત્ લેશ પણ કોઈ બાહ્ય પદાર્થની પ્રાપ્તિની ઇચ્છાજન્ય ચિત્તમાં અસ્થૈર્યરૂપ સંક્ષોભનો વિલ્વળ ભાવ નથી.

**સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિઓ અન્ય કોઈની હાસ્યક્રીડાની રુચિરૂપ કંદર્પની ઉદીરણા કરવાથી રહિત :-**

વળી, સમાધિવાળા મુનિઓ અત્યંત ગંભીર પરિણામવાળા હોય છે, તેથી ગંભીરતાથી આત્માના પારમાર્થિકસ્વરૂપને જોનારા હોય છે, તેને કારણે પોતાના સહવર્તી એવા અન્ય કોઈની હાસ્યક્રીડા કરવાની રુચિરૂપ જે કંદર્પ ભાવ છે તે લેશ પણ ઉદીરણા ન પામે તે રીતે જ સર્વ ઉચિત વર્તન કરે છે.

**સમાધિશુદ્ધ હૃદયવાળા મુનિઓ કુદૃષ્ટિઓના મતમાં પણ સ્વયં હાસ્યના વિસ્તારમાં રત થવાથી રહિત :-**

વળી, સમાધિવાળા મહાત્માઓ કુત્સિતદર્શનવાળાના મતવિષયક પણ સ્વયં ક્યારેય હાસ્યના વિસ્તાર કરવામા રત થતા નથી અર્થાત્ આ દર્શનવાળા આત્માને માટે હિતનો ઉપદેશ આપી રહ્યા છે, પરંતુ તેઓની આ કુત્સિતદૃષ્ટિ કેવી હાસ્યાસ્પદ છે, એમ કહીને પણ અન્યદર્શન પ્રત્યે તે પ્રકારના પોતાના અરોચકભાવને અભિવ્યક્ત કરવા પ્રયત્ન કરતા નથી.

**અન્ય ધર્મવિષયક મતમાં આક્રોશ, હાસ્યાદિક એ સમાધિનો અપક્વભાવ :-**

વળી, સમાધિથી શુદ્ધ અંતઃકરણવાળા મુનિઓ કહે છે કે અન્ય ધર્મવિષયક મતમાં પણ આક્રોશ, હાસ્યાદિક એ સમાધિનો અપક્વભાવ છે અર્થાત્ સમાધિ સ્થિર થયેલી નથી, આથી જ અન્યદર્શન પ્રત્યે આક્રોશનો પરિણામ થાય છે કે અન્યદર્શન પ્રત્યે હાસ્ય કરવાનું મન થાય છે.

વળી, સમાધિનો પક્વભાવ કેવો હોય ? તે બતાવતાં કહે છે –

**સ્વાભાવિક સંસારના સ્વરૂપના વિચારને જોનારી નિર્મળદૃષ્ટિનો અવ્યવચ્છેદ એ સમાધિનો પરિપાક :-**

સ્વાભાવિક સંસારના સ્વરૂપના વિચારને જોનારી નિર્મળદૃષ્ટિની અવ્યુચ્છિતિ= નિર્મળદૃષ્ટિનો અવ્યવચ્છેદ, એ સમાધિનો પરિપાક છે.

આશય એ છે કે સ્વાભાવિક સંસારનું કર્મજનિત આ સ્વરૂપ છે, એ પ્રકારની નિર્મળ વિચારદૃષ્ટિ તેઓમાં વર્તે છે, અને તેવી નિર્મળ વિચારદૃષ્ટિનો સતત અવિચ્છેદ હોવાથી તેઓને અન્યધર્મની કોઈપણ પ્રવૃત્તિ જોઈને પણ તેઓ પ્રત્યે આક્રોશનો પરિણામ થતો નથી, હાસ્યનો પરિણામ થતો નથી, પરંતુ સંસારનું કર્મજનિત આ સ્વરૂપ છે તેવું જણાવાથી જીવમાત્રના હિતને ઉચિત પ્રયત્ન કરવા તેઓની સમાધિ તેમને પ્રેરણા કરે છે તે સમાધિના પરિપાકરૂપ છે. **॥૧૩૧-૧૩૨-૧૩૩-૧૩૪॥**

**શ્લોક :-**

**शरीररूपप्रविलोकनायां,**
**वस्त्रादिनेपथ्यविधौ च रम्ये ।**
**रतिर्ध्रुवं पौद्‌गलिके न भावे,**
**समाधिलब्धात्मरतिस्थितीनाम् ।।१३५।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિથી પ્રાપ્ત થયેલી આત્મરતિમાં સ્થિત મુનિઓને શરીરના રૂપના વિલોકનમાં, રમ્ય એવા વસ્ત્રાદિ નેપથ્યની પ્રવૃત્તિમાં અને પૌદ્‌ગલિક ભાવોમાં ધ્રુવ=બિલકુલ, રતિ નથી. ॥૧૩૫॥**

**ભાવાર્થ :-**

**સમાધિથી પ્રાપ્ત થયેલી આત્મરતિમાં સ્થિર એવા મુનિઓને શરીરના રૂપના વિલોકનમાં, રમ્ય એવા વસ્ત્રાદિ ધારણ કરવાની પ્રવૃત્તિમાં અને અન્ય કોઈ પૌદ્‌ગલિક ભાવોમાં ધ્રુવરતિનો અભાવ :-**

સામાન્ય રીતે જીવોને કોઈનાં સુંદર રૂપો દેખાય તો તેને જોવામાં પ્રીતિ થાય છે. અતિ અસુંદર રૂપો દેખાય તો જોવાનો વિમુખભાવ થાય છે. વળી, રમ્ય એવા વસ્ત્રાદિના શણગારોની પ્રવૃત્તિમાં સંસારી જીવો સ્થિર રતિવાળા હોય છે. પૌદ્‌ગલિક રસ ગંધ આદિ ભાવોમાં સંસારીજીવોને રતિ હોય છે, પરંતુ જેઓએ સિદ્ધોનું પારમાર્થિક સ્વરૂપ ભાવન કરીને સમાધિ મેળવી છે અને તેના

કારણે આત્માની નિરાકુળ અવસ્થામાં જ રતિ વર્તે છે, તેવી આત્માની રતિમાં સ્થિર રહેલા મુનિઓને કોઈ પણ પ્રકારના રૂપ આદિ અવલોકનમાં કે રમ્ય એવાં વસ્ત્રાદિ ધારણ કરવાની પ્રવૃત્તિમાં કે અન્ય કોઈ પૌદ્ગલિક ભાવોમાં ધ્રુવરતિ વર્તતી નથી, અર્થાત્ ક્યારેય રતિ થતી નથી; કેમ કે સર્વભાવોથી પર આત્મિક ભાવોમાં રતિવાળા એવા તે મહાત્માઓ આત્મિક ભાવોને છોડીને અન્યત્ર રતિ ક્યાંથી કરે ? ॥૧૩૫॥

**શ્લોક :-**

**अन्तः समाधेः सुखमाकलय्य,**
**बाह्ये सुखे नो रतिमेति योगी ।**
**अटत्यटव्यां क इवार्थलुब्धो,**
**गृहे समुत्सर्पति कल्पवृक्षे ।।१३६।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિના અંતરંગ સુખને જાણીને યોગી બાહ્યસુખમાં રતિને પામતા નથી. ગૃહમાં કલ્પવૃક્ષ વિદ્યમાન હોતે છતે અર્થનો લોભી એવો કોણ અટવીમાં ભમે ? ॥૧૩૬॥**

**ભાવાર્થ :-**

**સમાધિવાળા યોગીઓ બાહ્યસુખથી વિમુખ રહીને અંતરંગ સમાધિના સુખમાં મગ્ન :-**

જેમ કોઈ પુરુષ અર્થનો લોભી હોય અને પોતાના ઘરમાં કલ્પવૃક્ષ વિદ્યમાન હોય જેનાથી પોતાને ઇષ્ટ સર્વ અર્થોની પ્રાપ્તિ થતી હોય તેવો અર્થલુબ્ધપુરુષ અટવીમાં અર્થપ્રાપ્તિ માટે ભટકે નહીં, તેમ જે યોગીઓ સમાધિનું અંતઃસુખ સ્વસંવેદનથી દેખાતું હોય તેવા સુખના અર્થી એવા યોગીઓ બાહ્યસુખમાં ક્યાંથી રતિને પામે ? અર્થાત્ પામે નહીં, જેમ અર્થને માટે અટવીમાં ભમવાની ક્રિયા દુઃખરૂપ છે તેમ સુખની પ્રાપ્તિ માટે બાહ્યવિષયોમાં પ્રવૃત્તિ કરવી એ ભ્રમરૂપ હોવાથી દુઃખરૂપ છે, છતાં જેઓની પાસે ગૃહમાં ધન નથી તેઓ ધન પ્રાપ્તિ માટે અટવીમાં પણ જાય, તેમ જેઓ પાસે સમાધિનું અંતરંગ સુખ નથી તેવા

સંસારીજીવો શ્રમસાધ્ય એવા બાહ્યસુખમાં રતિને પામે છે, પરંતુ યોગી તો બાહ્યસુખથી વિમુખ રહીને અંતરંગ સમાધિના સુખમાં મગ્ન રહે છે. **॥૧૩૬॥**

**શ્લોક :-**

**नातिप्रहर्षश्च न वा विशिष्टा,**
**निष्ठा प्रतिष्ठार्जनमात्र एव ।**
**रतिर्न वा स्वादरसक्रियादौ,**
**समाहितानामणुशल्यरूपा ।।१३७।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિને પામેલા મહાત્માઓને અતિપ્રહર્ષ નથી અર્થાત્ સમાધિની પ્રાપ્તિકૃત હર્ષ હોવા છતાં સંસારી જીવો જેવો અતિપ્રહર્ષ નથી અને પ્રતિષ્ઠાના અર્જનમાત્રમાં વિશિષ્ટ નિષ્ઠા નથી=ધર્મોપદેશ આદિની ક્રિયા દ્વારા પોતે લોકમાં વિખ્યાત થાય તે પ્રકારની પ્રતિષ્ઠાના અર્જનમાત્રમાં જ વિશિષ્ટ નિષ્ઠા નથી અને સ્વાદરસની ક્રિયા આદિમાં અણુશલ્યરૂપ રતિ નથી. ॥૧૩૭॥**

**ભાવાર્થ :-**

**સમાધિને પામેલા મહાત્માઓને સમાધિની પ્રાપ્તિકૃત હર્ષ હોવા છતાં સંસારી જીવો જેવો અતિપ્રહર્ષનો અભાવ :-**

સમાધિને પામેલા મુનિઓ રાગાદિના પ્રતિપક્ષભાવો આત્મામાં નિષ્પન્ન થાય તે રીતે શ્રુતનું પારાયણ કરીને આત્માને ભાવિત કરનારા હોય છે. તેવા મહાત્માઓને શ્રુતથી ભાવિત મતિ હોવાને કારણે ઉત્પન્ન થયેલા શાંતરસકૃત હર્ષ વર્તે છે તોપણ સંસારીજીવોના જેવો બાહ્ય રમ્યપદાર્થોની પ્રાપ્તિકૃત કોઈ હર્ષ નથી.

**સમાધિને પામેલા મહાત્માઓને યોગ્ય જીવો ધર્મ પામે તેવી પ્રવૃત્તિ હોવા છતાં પ્રતિષ્ઠાર્જનની પ્રવૃત્તિનો અભાવ :-**

વળી, તેઓ ભગવાનના શાસનની ઉન્નતિ અર્થે ઉપદેશાદિની પ્રવૃત્તિ કરે છે

ત્યારે ભગવાનના શાસનના માર્ગને યોગ્ય જીવો પામે તે પ્રકારની તેઓની પ્રવૃત્તિ હોવા છતાં સંસારી જીવોની જેમ લોકો આગળ વિદ્વત્તાની ખ્યાતિરૂપ પ્રતિષ્ઠાર્જનમાં તેઓની પ્રવૃત્તિ નથી.

**સમાધિ પામેલા મહાત્માઓને સ્વાદરસની ક્રિયા આદિમાં આત્મિકભાવમાં શલ્યરૂપ બને તેવી રતિનો અભાવ :-**

વળી, આત્માના પારમાર્થિક સ્વરૂપથી ભાવિત હોવાને કારણે સમાધિને પામેલા મહાત્માઓને સ્વાદરસની ક્રિયા આદિમાં અણુશલ્યરૂપ રતિ નથી=આત્મિક ભાવોમાં શલ્યરૂપ બને તેવી અણુમાત્ર રતિ નથી. **II૧૩૭II**

**શ્લોક :-**

**रतेः समाधावरतिः क्रियासु,**
**नात्यन्ततीव्रास्वपि योगिनां स्यात् ।**
**अनाकुला वह्निकणाशनेऽपि,**
**न किं सुधापानगुणाच्चकोराः ।।१३८ ।।**

**શ્લોકાર્થ :-**

**યોગીઓને સમાધિમાં રતિ હોવાથી અત્યંત તીવ્રક્રિયામાં પણ= સમાધિની પ્રાપ્તિને અનુકૂલ એવી અત્યંત તીવ્રક્રિયામાં પણ, અરતિ થતી નથી. (જેમ) સુધાપાનના ગુણને કારણે ચકોરપક્ષીને અગ્નિના કણના અશનમાં પણ=તીવ્ર ઉનાળાની ગરમીમાં પણ, શું અનાકુળતા નથી ? અર્થાત્ છે. ।।૧૩૮।।**

**ભાવાર્થ :-**

**સુધાપાનના ગુણને કારણે ચકોર પક્ષીને તીવ્ર ઉનાળાની ગરમીમાં પણ અનાકુળતા તેની જેમ સમાધિની પ્રાપ્તિને અનુકૂળ એવી તીવ્રક્રિયામાં પણ યોગીઓને અનાકુળતા :-**

કાર્યના અર્થીને તેના ઉપાયભૂત કારણમાં રતિ હોય છે અને વર્ષાઋતુનું પ્રબળ કારણ અગ્નિના કણ જેવો અતિશય ગરમીવાળો ઉનાળો છે અને

ચકોરપક્ષીને વર્ષાના પાણીનું પાન કરવામાં અત્યંત પ્રીતિ હોય છે, તેથી વરસાદની પૂર્વે સખત ગરમી વર્તે છે ત્યારે પણ તેને આકુળતા નથી, પરંતુ તે ચકોરપક્ષી વિચારે છે કે આ ગરમીને કારણે જ સુધાના પાનતુલ્ય વર્ષા આવશે, તેથી જેમ ચકોર પક્ષીને તે ગરમીમાં અનાકુળતા વર્તે છે, તેમ સમાધિમાં રતિવાળા યોગીઓને સમાધિની પ્રાપ્તિના એક ઉપાયભૂત જિનવચનાનુસાર અત્યંત તીવ્રક્રિયાઓમાં પણ અરતિ થતી નથી.

આશય એ છે કે અનાદિથી મોહવાસિત આત્મા છે, તેથી આત્મામાં મોહના સંસ્કારો આધાન થયેલા છે તેનો નાશ કરવા અર્થે યોગીઓ જિનવચનનું અવલંબન લઈને અત્યંત સુપ્રણિધાનપૂર્વક મોહથી વિરુદ્ધ ભાવો ઉલ્લસિત થાય તે પ્રકારના અંતરંગ યત્નપૂર્વક સર્વસંયમની ક્રિયાઓ કરે છે, તેથી તે સંયમની ક્રિયાઓ અત્યંત અપ્રમાદથી સાધ્ય હોવાને કારણે અતિ તીવ્રક્રિયાઓ છે અને તેવી તીવ્રક્રિયાઓમાં સામાન્ય જીવોને અરતિ થાય છે, તેથી સ્વભૂમિકા અનુસાર ધર્મઅનુષ્ઠાનની તે તે પ્રવૃત્તિમાં પણ દોષના પરિહારપૂર્વક યત્ન સામાન્ય જીવો કરી શકતા નથી, પરંતુ આ ક્રિયાઓ કષ્ટસાધ્ય છે તેમ માનીને યથાતથા કરે છે. જ્યારે યોગીઓ તો સમાધિમાં રતિવાળા હોવાથી સમાધિનું કારણ બને તે રીતે સર્વક્રિયાઓ અત્યંત સાવધાનતાપૂર્વક કરે છે અને તે ક્રિયાના બળથી અવશ્ય સમાધિ પ્રગટશે તેવો સ્થિર નિર્ણય હોવાથી કષ્ટસાધ્ય એવી પણ ક્રિયાઓમાં યોગીઓને અરતિ થતી નથી. **॥૧૩૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે યોગીઓને સમાધિમાં રતિ હોવાથી અત્યંત તીવ્રક્રિયામાં પણ અરતિ થતી નથી. તેથી હવે જે યોગીઓ અત્યંત તીવ્રક્રિયાઓનું સેવન કરીને સમાધિશુદ્ધિને પામે છે, ત્યારે તેઓનું ચિત્ત કેવું હોય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**विविच्य नैव प्रसरेदरत्या-**

**नन्दावभासोऽपि समाधिशुद्धौ ।**

श्यामत्वशोणत्वकृतो विभागः,
स्वरूपशुद्धौ स्फटिकस्य किं स्यात् ।।१३९।।

**શ્લોકાર્થ :-**

**સમાધિની શુદ્ધિ થયે છતે વિભાગ કરીને અરતિ અને આનન્દનો અવભાસ પણ પ્રસરણ પામતો નથી જ. (જેમ) સ્ફટિકના સ્વરૂપની શુદ્ધિ થયે છતે શ્યામત્વ અને શોણત્વકૃત વિભાગ શું થાય ? અર્થાત્ સ્ફટિકમાં તેવો વિભાગ થાય નહિ. ।।૧૩૯।।**

**ભાવાર્થ :-**

સ્ફટિક નિર્મળ સ્વરૂપવાળું છે. તેની એક બાજુ શ્યામપુષ્પ મૂકવામાં આવે, બીજીબાજુ રક્તપુષ્પ મૂકવામાં આવે તો તે સ્ફટિકનો અમુકભાગ શ્યામ જેવો દેખાય છે. અને અમુકભાગ રક્ત દેખાય છે. તેથી સ્ફટિકમાં શ્યામત્વ રક્તત્વ-કૃત વિભાગ વર્તે છે અને જ્યારે તે સ્ફટિક સન્મુખ કોઈ પુષ્પ નથી ત્યારે સ્ફટિકનું સ્વરૂપ શુદ્ધ બને છે. ત્યારે તે સ્ફટિકમાં શ્યામત્વ અને રક્તત્વકૃત કોઈ વિભાગ નથી. તેમ સંસારીજીવોમાં સમાધિની શુદ્ધિ વર્તતી નથી ત્યારે સ્ફટિક જેવા પણ તેમના આત્મામાં બાહ્યપદાર્થોનો સંશ્લેષભાવ વર્તે છે તેથી શ્યામ પુષ્પ જેવા કોઈ પ્રતિકૂળ સંયોગો બહારથી પ્રાપ્ત થાય ત્યારે તેઓને અરતિ વર્તે છે અને પુણ્યના સહકારથી કોઈ અનુકૂળ બાહ્યપદાર્થો પ્રાપ્ત થાય ત્યારે તેના સંયોગથી તેઓમાં આનંદ વર્તે છે. તેથી સ્ફટિક જેવા સંસારીજીવોના આત્મામાં 'આ અરતિનો પરિણામ છે' 'આ આનંદનો પરિણામ છે' એ પ્રકારે વિભાગ પ્રતીત થાય છે અને જ્યારે તે સંસારી જીવોને માર્ગાનુસારીબોધ થાય છે ત્યારે તેઓને જણાય છે કે સમાધિમાં રતિ કરવાથી જ આત્માનું એકાંત હિત છે, માટે સમાધિમાં રતિના અર્થી એવા તે મહાત્માઓ અતિતીવ્રક્રિયા કરીને સમાધિને નિષ્પન્ન કરે છે. આ રીતે અતિતીવ્રક્રિયામાં દૃઢ યત્ન કરીને જ્યારે તેઓ અતિતીવ્રક્રિયા દ્વારા સમાધિના પ્રકર્ષને પામે છે ત્યારે તેઓમાં સમાધિની શુદ્ધિ પ્રાપ્ત થાય છે અને સમાધિની શુદ્ધિના કાળમાં તેઓનું ચિત્ત જિનવચનથી ભાવિત હોવાને કારણે સમાધિમાં એકરતિવાળું છે તેથી આ

અરતિનો પરિણામ છે અને આ આનંદનો પરિણામ છે એ પ્રકારનો વિભાગ કરીને અરતિનો અને આનંદનો અવભાસ તે મહાત્માઓના ચિત્તમાં પ્રસાર પામતો નથી.

આશય એ છે કે સમાધિની પ્રારંભિક ભૂમિકાવાળા મહાત્માઓને સંસારી ભાવોમાં અરતિ છે અને આત્મિકભાવોમાં આનંદ છે. તેથી અપ્રમાદથી સાંસારિક ભાવોમાં પરિહાર માટે યત્ન કરે છે અને આત્મિકભાવોમાં સ્થિર થવા યત્ન કરે છે તોપણ સમાધિમાં એકરતિવાળું જેમનું માનસ છે તેવા મહાત્માઓને સંસારી અવસ્થામાં અરતિને અભિવ્યક્ત કરે અને સિદ્ધ અવસ્થામાં આનંદને અભિવ્યક્ત કરે તેવું વિભાગવાળું માનસ નથી. પરંતુ મોહની અનાકુળતામાં આનંદના અનુભવને કરનારું તેઓનું એકમાનસ વર્તે છે. આથી જ સમાધિની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરતાં મહાત્માઓને જ્યારે જ્યારે સમાધિને અનુકૂલ યત્નમાં સ્ખલના થાય ત્યારે ત્યારે અરતિ વર્તે છે અને જ્યારે જ્યારે સમાધિને અનુકૂળ ક્રિયાઓમાં દૃઢ યત્ન થાય છે ત્યારે ત્યારે આનંદ વર્તે છે તેવો અરતિનો અને આનંદનો વિભાગ સમાધિની શુદ્ધિમાં પ્રાપ્ત થતો નથી. **॥૧૩૯॥**

**અવતરણિકા :**

**વળી, સમાધિની શુદ્ધિવાળા મહાત્માઓનું માનસ કેવું હોય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

क्लेशेषु शीतातपतृड्बुभुक्षा-
दिकेषु वेद्योदयकल्पितेषु ।
शान्ताः समाधिप्रतिसंख्ययैव,
त्यजन्ति ये रत्यरती स्तुमस्तान् ।।१४०।।

**શ્લોકાર્થ :-**

**વેધના ઉદયથી કલ્પિત એવા શીત, આતપ, તૃષા, ક્ષુધા આદિ ભાવોરૂપ ક્લેશોમાં=અશાતાવેદનીયકર્મના ઉદયથી કલ્પિત એવા પ્રતિકૂલ**

**ભાવોરૂપ ક્લેશોમાં અને શાતાવેદનીયના ઉદયથી કલ્પિત એવા અનુકૂલ ભાવોરૂપ ક્લેશોમાં, સમાધિની પ્રતિસંખ્યા વડે જ=સમાધિની નિર્મળબુદ્ધિ વડે જ, શાંત થયેલા એવા જેઓ રતિ અને અરતિનો ત્યાગ કરે છે તેઓની અમે સ્તુતિ કરીએ છીએ. ||૧૪૦||**

**ભાવાર્થ :-**

આત્મા ઉપર આઠ કર્મો લાગેલાં છે. તેમાં વેદનીયકર્મ બે વિભાગવાળું છે. એક શાતાવેદનીય અને બીજું અશાતાવેદનીય. અને વેદનીયકર્મના ઉદયથી થનારું શાતાનું સુખ કે વેદનીયકર્મના ઉદયથી થનારું અશાતાનું અસુખ એ જીવનું પારમાર્થિક સ્વરૂપ નથી પરંતુ દેહની સાથે સંસર્ગવાળા જીવને દેહની સાથે સંશ્લેષની બુદ્ધિને કારણે 'આ મને ઇષ્ટ છે' અને 'આ મને અનિષ્ટ છે' તેવી કલ્પના થાય છે. તેથી દેહને પ્રતિકૂલ એવા શીત આતપ આદિ ભાવોમાં સંસારી જીવોને અરતિરૂપ ક્લેશ થાય છે અને દેહને અનુકૂળ એવા ભાવોમાં રતિરૂપ કલેશ થાય છે અને જે મહાત્માઓમાં વિવેકચક્ષુ પ્રગટેલ છે તેઓને શાતા-અશાતાના ભાવોમાં જે રતિ-અરતિના ભાવો થાય છે તેના બદલે તે શાતા-અશાતાના સંયોગોમાં જ સમાધિકૃત એવા ઉત્તમ ભાવોમાં યત્ન કરે તો તે શાતા-અશાતાના કારણભૂત ક્લેશોમાં આત્માને રતિ-અરતિ થતી નથી. પરંતુ તે સર્વકાળમાં સમાધિમાં જ રતિ વર્તે છે. તેથી તેવા યોગીઓ શાતા-અશાતા કાળમાં વર્તતા ભાવોની વિરુદ્ધ એવા સમાધિના ભાવોમાં ઉદ્યમ કરીને શાંતરસવાળા બનેલા છે. જેઓ શાતા-અશાતાના ભાવોમાં રતિ-અરતિનો ત્યાગ કરે છે તેઓની ગ્રંથકારશ્રી સ્તુતિ કરે છે. **||૧૪૦||**

**અવતરણિકા :-**

**વળી સમાધિવાળા મુનિઓ કેવા હોય છે તે બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**न रत्यरत्यभ्युदयाय दृष्टा,**
**क्रिया यतीनामशनादिकाऽपि ।**

अंगारधूमादिकदोषहाना-
दिष्टा समाधिस्थितये तु शश्वत् ।।१४१।।

**શ્લોકાર્થ :-**

**રતિના અને અરતિના અભ્યુદય માટે=રતિના અરતિના ઉદય માટે યતિઓની=સાધુઓની અશનાદિ પણ ક્રિયા જોવાઈ નથી=શાસ્ત્રમાં બતાવાઈ નથી; કેમ કે અંગાર અને ધૂમાદિ દોષનો ત્યાગ છે. વળી, શાશ્વત સમાધિની સ્થિતિ માટે ઈષ્ટ છે=અશનાદિક ક્રિયા શાસ્ત્રસંમત છે. ।।૧૪૧।।**

**ભાવાર્થ :-**

**સમાધિવાળા મુનિઓનું સ્વરૂપ :-**

સાધુઓને અનુકૂળ આહારગ્રહણની ક્રિયા રતિ અનુભવ માટે નથી અને પ્રતિકૂળ આહારગ્રહણની ક્રિયા અરતિના અનુભવ માટે નથી. સાધુ આહારમાં રતિ કરે તો અંગારદોષની પ્રાપ્તિ થાય અને આહારમાં અરતિ કરે તો ધૂમદોષની પ્રાપ્તિ થાય ઇત્યાદિનું શાસ્ત્રમાં કથન છે. તેથી ઇષ્ટઆહાર કે અનિષ્ટ આહાર રતિ-અરતિ વગર સાધુ વાપરે તો જ અંગારાદિ દોષોનો પરિહાર થાય. તેથી ફલિત થાય છે કે સમાધિવાળા સાધુઓની અશનાદિ ક્રિયા પણ રતિ-અરતિના અનુભવ માટે નથી તો પ્રશ્ન થાય કે જો રતિ-અરતિનું કોઈ પ્રયોજન ન હોય તો સાધુ આહાર કેમ વાપરે છે ? તેથી કહે છે. શાશ્વત સમાધિ માટે સાધુને આહારગ્રહણ કરવું એ શાસ્ત્રસંમત છે.

આશય એ છે કે શાશ્વત સમાધિ સિદ્ધ અવસ્થામાં છે અને તેની પ્રાપ્તિનો ઉપાય યોગનિરોધ છે અને યોગનિરોધ કેવલજ્ઞાનથી જ થઈ શકે અને કેવલજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય વીતરાગતા છે; કેમ કે વીતરાગ થયા વગર કોઈને કેવલજ્ઞાન થતું નથી અને વીતરાગતાની પ્રાપ્તિ માટે અસંગભાવની પરિણતિ આવશ્યક છે અને અસંગભાવની પરિણતિ માટે શક્તિસંચય કરવા અર્થે અસંગભાવને અભિમુખ પરિણામને બાધક ન થાય તે રીતે રતિ-અરતિના પરિહારપૂર્વક સાધુ આહાર વાપરે તો તે આહારના ઉપષ્ટંભથી દેહ ટકે અને તે દેહના

બળથી અસંગભાવની વૃદ્ધિ માટે યત્ન થાય તો વીતરાગભાવની પ્રાપ્તિ થાય. માટે વીતરાગભાવના અર્થી એવા સાધુ દેહનું પાલન કરે છે. પરંતુ રતિ-અરતિની પ્રાપ્તિ અર્થે ઇષ્ટ કે અનિષ્ટ આહાર ગ્રહણ કરતા નથી. **॥૧૪૧॥**

**અવતરણિકા :-**

**વળી, સમાધિવાળા મુનિઓ કેવા હોય છે તે અન્ય રીતે બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

जनापवादेऽप्यसमे समाधि-
रतं मनो नारतिमेति साधोः ।
तमिस्रगूढेऽपि भजेत मार्गे,
दिव्याञ्जनोपस्कृतमक्षि नान्ध्यम् ।।१४२।।

**શ્લોકાર્થ :-**

**અસમ એવા જનાપવાદમાં પણ=અત્યંત અસમંજસ એવી લોકનિંદામાં પણ સમાધિમાં રત એવું સાધુનું મન અરતિને પામતું નથી. તમિસ્રાથી ગૂઢ પણ માર્ગમાં દિવ્યાંજનથી ઉપસ્કૃત એવી ચક્ષુ અંધપણાને ભજતી નથી=પ્રાપ્ત કરતી નથી. ।।૧૪૨।।**

**ભાવાર્થ :-**

સામાન્ય જીવોની ચક્ષુ પ્રકાશમાં અંધભાવને પામતી નથી પરંતુ ગાઢ અંધકારથી ગૂઢમાર્ગમાં તે ચક્ષુ અંધભાવને પામે છે અને જેઓએ અંધકારમાં પણ વસ્તુને જોવા માટે ચક્ષુ સમર્થ બને તેવું દિવ્ય અંજન ચક્ષુમાં આંજેલું હોય તો તેની ચક્ષુ ગાઢ અંધકારવાળા માર્ગમાં પણ અંધપણાને પામતી નથી, પરંતુ તે માર્ગને સ્પષ્ટ જોઈ શકે છે. તેમ જે સાધુ જિનવચનના પરમાર્થના મર્મને જાણનારા છે તેઓની તત્ત્વને જોનારી અંતરંગ ચક્ષુ દિવ્ય અંજનથી અંજિત છે. તેથી આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવા માટેનો અંતરંગમાર્ગ જ્યાં ગાઢ અંધકાર વર્તી રહ્યો છે તેવા સ્થાનમાં પણ તે મહાત્માને જિનવચનના પરમાર્થના બોધને કારણે કઈ

દિશામાં યત્ન કરવો તે સ્પષ્ટ દેખાય છે. તેથી સુખપૂર્વક અંતરંગ એવા આત્માના સમાધિના માર્ગમાં અસ્ખલિત ગમન કરે છે અને તેના કારણે તેઓના આત્મામાં સમાધિની પરમ સ્વસ્થતા વર્તે છે. તેથી તેઓનું મન હંમેશાં સમાધિમાં રત છે અને તેના કારણે પોતે ન કર્યું હોય એવા અસમંજસ લોકના અપવાદમાં પણ તે મહાત્માને અરતિ થતી નથી પરંતુ સર્વસંયોગમાં પરમ સ્વસ્થતાપૂર્વક અંતરંગ સમાધિની વૃદ્ધિ માટે તે મહાત્મા સદા યત્ન કરે છે.

અહીં વિશેષ એ છે કે જીવમાત્ર સુખના અર્થી છે અને સુખ અંતરંગ સમાધિથી પ્રાપ્ત થાય છે. આમ છતાં સંસારીજીવોમાં આત્માની સમાધિની દિશામાં જવા માટેનો માર્ગ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી ગાઢ આચ્છાદિત વર્તે છે તેથી સુખના અર્થી જીવો સુખના પરમ ઉપાયભૂત સમાધિના માર્ગને જોઈ શકતા નથી. માત્ર બાહ્યચક્ષુ દ્વારા બાહ્યસુખસામગ્રીમાં સુખનો માર્ગ જોઈ શકે છે અને બાહ્ય વિષમ સામગ્રીમાં દુઃખનો માર્ગ જોઈ શકે છે. તેથી બાહ્ય ઇષ્ટસામગ્રીને પામીને રતિ અનુભવ કરે છે અને બાહ્ય અનિષ્ટ સામગ્રીને પામીને અરતિનો અનુભવ કરે છે, જ્યારે દિવ્ય અંજનવાળી ચક્ષુ છે જેમને એવા મુનિ તો સર્વજ્ઞના વચનના બળથી અંતરંગ સમાધિના પરમાર્થને જોનારા છે અને સદા સ્વપરાક્રમના બળથી તે સમાધિની વૃદ્ધિ માટે જ ઉદ્યમ કરનારા છે. તેવા મહાત્માઓને લોકના અપવાદમાં પણ અરતિ થવાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી પરંતુ સદા સમાધિનું સુખ જ વૃદ્ધિ પામે છે. **॥૧૪૨॥**

**અવતરણિકા :-**

**મોક્ષમાર્ગમાં અભ્યુત્થિત વ્યક્તિને જ્ઞાન-ક્રિયા કરતાં સામ્યપરિણામ કઈ રીતે વિશેષ ઉપકારક છે તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**ज्ञानक्रियाऽश्वद्वययुक्समाधि-**
**रथाधिरूढः शिवमार्गगामी ।**
**न ग्रामपुःकण्टकजारतीनां,**
**जनोऽनुपानत्क इवार्तिमेति ।।१४३।।**

**શ્લોકાર્થ :-**

**ઉપાનહ રહિત જન જેમ ગ્રામ-નગરના કંટકથી પેદા થનાર અરતિની આર્તિ=પીડાને પામે છે, તેમ જ્ઞાનક્રિયારૂપી અશ્વદ્વયથી યુક્ત એવા સમાધિરૂપી રથ પર આરૂઢ શિવમાર્ગગામી આર્તિને=આર્તધ્યાનરૂપ પીડાને પામતા નથી. ।।૧૪૩।।**

**ભાવાર્થ :-**

અહીં अनुपानत्कः जनः એ વ્યતિરેક દૃષ્ટાંતરૂપ છે. તેથી જેમ કોઈ વ્યક્તિ જોડા વગર ગ્રામનગરાદિમાં જતો હોય ત્યારે કાંટાઓથી અરતિ પેદા થાય છે, અને તેની પીડાને પામે છે અર્થાત્ કાંટાઓ વાગવાથી શરીરકૃત જે અશાતા પેદા થાય છે તેના કારણે ચિત્તમાં વિહ્વલતારૂપ આર્તિ=પીડા પેદા થાય છે. પરંતુ જો જોડા વગરનો એવો પણ તે વ્યક્તિ રથમાં આરૂઢ હોય તો કોઈ જાતિની પીડા પ્રાપ્ત થાય નહીં તેમ મોક્ષમાર્ગમાં પ્રસ્થિત વ્યક્તિ સામ્યરૂપી રથમાં આરૂઢ હોય ત્યારે કોઈ પીડા પ્રાપ્ત થતી નથી. તે સામ્યરથ જ્ઞાનક્રિયારૂપી બે અશ્વોથી યુક્ત છે અર્થાત્ સમ્યક્ પ્રકારના બોધરૂપ જ્ઞાન કે જે શ્રુતજ્ઞાનસ્વરૂપ છે અને તેને અનુરૂપ જ મન, વચન, કાયાની સમ્યગ્ આચરણાઓ તે રૂપ ક્રિયા છે તે બંને અશ્વસ્થાનીય છે અને તેનાથી યુક્ત જ જીવમાં સામ્યપરિણામ વર્તે છે તે રથસ્થાનીય છે અર્થાત્ જ્યારે મુનિ સમ્યગ્ શાસ્ત્રવચનના બોધપૂર્વક સમ્યગ્ આચરણાઓ કરે છે ત્યારે તે આચરણાઓથી આત્મમાત્રમાં પ્રતિબદ્ધતા પ્રાપ્ત થાય છે તેથી સર્વ પદાર્થો પ્રત્યે સમપરિણામ સ્ફુરાયમાન થાય છે અને તે રથમાં જ્યારે મુનિ આરૂઢ હોય છે ત્યારે તે મુનિ જ્ઞાનક્રિયાની પ્રવૃત્તિ દ્વારા જ મોક્ષમાર્ગ તરફ પ્રસર્પણ પામતા હોય છે અને સર્વત્ર સામ્યપરિણામ હોવાને કારણે શારીરિક માનસિક કોઈ જાતિની પીડા તેમને સ્પર્શી શકતી નથી. યદ્યપિ તેવા મુનિને પણ શરીરકૃત અશાતાદિ પ્રાપ્ત થઈ શકે છે તોપણ સુખ દુઃખ પ્રત્યે સમપરિણામ હોવાને કારણે ચિત્તમાં કોઈ આર્તિ ઉત્પન્ન થતી નથી પરંતુ વૃદ્ધિમત્ થતા સમતાના પરિણામને કારણે આનંદનો જ અનુભવ થાય છે, તેથી સર્વ પીડારહિત મોક્ષપથ પ્રત્યે તે સામ્યરથમાં આરૂઢ થઈને જઈ શકે છે. જ્યારે ચંડરુદ્રાચાર્યાદિ મહાત્માઓ જ્ઞાનક્રિયાદ્વારા મોક્ષમાર્ગમાં પ્રસ્થિત હોવા છતાં નિમિત્તોને પામીને પ્રકોપિત બને તેવી પરિણતિવાળા હોવાથી વિશેષ પ્રકારના

સામ્યપરિણામરૂપ રથમાં તેઓ આરૂઢ ન હતા. આથી જ મોક્ષમાર્ગમાં પ્રસ્થિત હોવા છતાં કાષાયિકભાવોમાં સંશ્લેષને કારણે આર્તિને પામે છે. જેમ ક્રોધની પરિણતિને કારણે ચંડરુદ્રાચાર્ય આર્તિને પામે જ છે તેમ જેઓ ક્રોધપરિણતિવાળા નથી, આમ છતાં જેઓને વિષયો કાંઈક રાગની પરિણતિ ઉત્થિત કરીને ચારિત્રમાં અતિચાર પેદા કરી શકે છે તેઓ પણ કષાયકૃત આર્તિને પામે જ છે. પરંતુ જેઓનું ચિત્ત સર્વ પદાર્થો પ્રત્યે સામ્ય પરિણામવાળું છે, આથી જ સંસારવર્તી સર્વ આત્માઓને પણ સર્વકર્મ રહિતરૂપે સમાન જુએ છે અને તેથી જ સર્વજીવોમાં વર્તતી કર્મકૃત વિષમતાને જોવાનું છોડીને સિદ્ધસ્વરૂપ રૂપ જે સમાનભાવ છે તેને જ જોવામાં ઉપયુક્ત છે અને તેથી જ આત્માની શુદ્ધ પરિણતિ માત્રમાં જ પ્રતિબંધને ધારણ કરનારા એવા પરમસમતાભાવમાં જેઓ આરૂઢ છે તેઓ લેશ પણ પીડારહિત, કેવલ આનંદના અનુભવને કરતા અને સામ્યરૂપી રથમાં આરૂઢ હોવાથી ગમનકૃત પીડાથી પણ રહિત હોવાથી નિરાકુળપણે મોક્ષમાર્ગમાં પ્રસ્થિત છે. **॥૧૪૩॥**

**શ્લોક :-**

**लाभेऽप्यलाभेऽपि सुखे च दुःखे,**
**ये जीवितव्ये मरणे च तुल्याः ।**
**रत्याप्यरत्याप्यनिरस्तभावाः,**
**समाधिसिद्धा मुनयस्त एव ।।१४४।।**

**શ્લોકાર્થ :-**

**લાભમાં પણ=અનુકૂળ નિર્દોષ આહારાદિના લાભમાં પણ કે અલાભમાં પણ, સુખમાં કે દુઃખમાં, જીવિતવ્યમાં કે મરણમાં તુલ્યવૃત્તિવાળા રતિથી કે અરતિથી પણ અનિરસ્ત ભાવવાળા=નહીં હણાયેલા પરિણામવાળા જેઓ છે, તેઓ જ સમાધિથી સિદ્ધ એવા મુનિઓ છે. ॥૧૪૪॥**

**ભાવાર્થ :-**

**સમાધિથી સિદ્ધ એવા મુનિઓનું સ્વરૂપ :-**

મુનિભાવનો પ્રારંભ સમભાવથી થાય છે અને મુનિ ભગવાનના વચનાનુસાર

વિકલ્પો કરીને આત્માને સમભાવની બુદ્ધિથી વાસિત કરે છે. તેથી તે મહાત્મા વિચારે છે કે મને જે પરમસુખ ઇષ્ટ છે તે પરમસુખ સમભાવથી જ પ્રગટ થાય છે અને સમભાવની વૃદ્ધિથી જ વૃદ્ધિ પામે છે અને સમભાવની નિષ્ઠાથી વીતરાગપણાની પ્રાપ્તિ દ્વારા તે સુખ સ્થિરભાવને પામે છે. તેથી મુનિ ભિક્ષાઅટનાદિ માટે જાય છે ત્યારે પણ વિચારે છે કે જો સંયમને પોષક નિર્દોષ ભિક્ષા મળશે તો તે ભિક્ષા દ્વારા દેહનું પાલન કરીને આહારથી ઉપષ્ટંભ પામેલા દેહ દ્વારા વિશેષ પ્રકારે સ્વાધ્યાય આદિ પ્રવૃત્તિ કરીને સંયમની હું વૃદ્ધિ કરીશ અને સંયમને અનુકૂળ નિર્દોષ ભિક્ષા નહીં મળે તો તપમાં વીર્ય ફોરવીને હું સંયમની વૃદ્ધિ કરીશ. આ પ્રકારે સંયમની વૃદ્ધિના લક્ષવાળા તે મુનિ યતનાપૂર્વક ભિક્ષાટનાદિ ક્રિયા કરે છે ત્યારે સંયમને ઉપષ્ટંભક નિર્દોષ આહાર પ્રાપ્ત થાય તો સહેજ પણ હર્ષ થતો નથી અને ઘણી ગવેષણા કરવા છતાં સંયમને ઉપષ્ટંભક આહાર ન મળે તોપણ ખેદ થતો નથી પરંતુ લાભ દ્વારા કે અલાભ દ્વારા પણ સમપરિણામને ધારણ કરીને તે મહાત્મા સમાધિની વૃદ્ધિ કરે છે. વળી, તે મહાત્મા અંતરંગ સમાધિના અર્થી હોવાથી શાતા-અશાતારૂપ સુખ-દુઃખ પ્રત્યે કે જીવન-મરણ પ્રત્યે તુલ્યવૃત્તિ ધારણ કરે છે. અને સર્વત્ર તુલ્યવૃત્તિ હોવાને કારણે પોતાનો સર્વત્ર વર્તતો તુલ્ય ભાવ રતિ-અરતિ દ્વારા પણ ક્યાંય હણાતો નથી તેથી સદા સમાધિવાળા છે અને આવા સમાધિથી સિદ્ધ થયેલા એવા તેઓ જ મુનિ છે. અન્ય સર્વે વેશમાત્રથી મુનિ છે. **||૧૪૪||**

**અવતરણિકા :-**

**વળી, સમાધિવાળા મુનિ કેવા હોય તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**नोद्वेगवेगोऽप्यरतिर्न येषां,**<br>
**न चाप्यनेकाग्रतया चलत्वम् ।**<br>
**समाहितांस्तान् लसदेकटण्को-**<br>
**त्कीर्णज्ञभावान् शरणं प्रपद्ये ।।१४५।।**

**શ્લોકાર્થ :-**

**ઉદ્વેગનો વેગ પણ નથી, અરતિ નથી અને વળી એકાગ્રપણું હોવાને કારણે જેઓનું ચલપણું નથી, લસદ્ એકટંકઉત્કીર્ણજ્ઞભાવવાળા સમાધાનને પામેલા તેઓનું=વિલાસ કરતાં ટાંકણાંથી કંડારાયેલા એક જ્ઞાનસ્વભાવવાળા સમાધાનને પામેલા તેઓનું, હું શરણું સ્વીકારું છું. ।।૧૪૫।।**

**ભાવાર્થ :-**

**સમાધિવાળા મુનિઓનું સ્વરૂપ :-**

સમાધિને પામેલા મુનિઓને ઉદ્વેગનો વેગ નથી તેથી બાહ્યસંયોગ પ્રતિકૂળ વર્તતા હોય તોપણ તે સંયોગનાં નિમિત્ત પામીને ચિત્તમાં લેશ પણ ઉદ્વેગ થતો નથી અને અરતિ થતી નથી. વળી, જેઓનું ચિત્ત શુદ્ધાત્મભાવને ઉલ્લસિત કરવામાં એકાગ્રતાવાળું હોવાને કારણે સંસારીજીવોની જેમ અનેકાગ્રપણાને કારણે જેઓમાં ચલપણું પણ નથી અર્થાત્ જે તે વિષય સાથે સંયોજન પામીને પરિણામો કરે તેવું ચાંચલ્ય નથી પરંતુ શુદ્ધાત્મામાં વિલાસ પામતું એકટંક ઉત્કીર્ણ જ્ઞસ્વભાવ છે તે ભાવમાં સદા વર્તે છે અર્થાત્ ટાંકણાથી કંડારાયેલ વસ્તુ તે પથ્થરમાં એક સ્વરૂપે વર્તે છે તેમ આત્મામાં જ્ઞ=જ્ઞાન, એક સ્વભાવ વર્તે છે જે ટાંકણાથી ઉત્કીર્ણ ભાવતુલ્ય છે અને તે ભાવમાં જેઓએ ચિત્ત સદા સ્થાપન કર્યું છે, તેથી સમાધિવાળા છે તેવા મુનિઓનું અમે શરણું સ્વીકારીએ છીએ. **।।૧૪૫।।**

**શ્લોક :-**

**इतस्ततो नारतिवह्नियोगा-**
**दुड्डीय गच्छेद् यदि चित्तसूतः ।**
**समाधिसिद्धौषधमूर्छितः सन्,**
**कल्याणसिद्धेर्न तदा विलम्बः ।।१४६।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિથી સિદ્ધ એવા ઔષધથી મૂર્ચ્છિત છતો ચિત્તરૂપ પારો અરતિરૂપ વહ્નિના યોગથી જો ઊડીને અહીંતહીં ન જાય ત્યારે કલ્યાણસિદ્ધિનો વિલંબ નથી. ।।૧૪૬।।**

**ભાવાર્થ :-**

પારાને અગ્નિનો યોગ થાય ત્યારે તે પાત્રમાંથી ઊછળીને બહાર પડે છે તેથી પારામાંથી ભસ્મ બનાવવા માટે જ્યારે અગ્નિનો તેની સાથે યોગ કરવાનો હોય છે ત્યારે પ્રથમ ઔષધથી પારાને મૂર્ચ્છિત કરાય છે. મૂર્ચ્છિત થયેલો પારો અગ્નિના યોગથી આમતેમ ઊડતો નથી. ત્યાર પછી જ તેમાંથી ભસ્મ બનાવી શકાય છે. તેમ યોગીનો ચિત્તરૂપી પારો સમાધિરૂપ સિદ્ધઔષધથી જ્યારે મૂર્ચ્છિત થાય છે ત્યારે અરતિરૂપ વહ્નિના યોગથી આમતેમ જતો નથી. અર્થાત્ પોતાના આત્મભાવમાં સ્થિર હોવાથી આત્મભાવને છોડીને અન્યત્ર જતો નથી. પરંતુ આત્મભાવને ઉલ્લસિત કરે એવા ધ્યાનયોગમાં જ વર્તે છે ત્યારે કલ્યાણની સિદ્ધિનો વિલંબ નથી અર્થાત્ આત્મભાવમાં અત્યંત સ્થિરતા હોવાને કારણે પ્રબળ ઉપસર્ગ-પરિષહકાલમાં પણ જ્યારે તે આત્મભાવમાંથી અન્યથાભાવને પામતો નથી ત્યારે મોક્ષની પ્રાપ્તિરૂપ કલ્યાણની સિદ્ધિ હવે અતિ દૂર નથી.

યદ્યપિ મુનિને જ્યારે સામ્યભાવ વર્તે છે ત્યારે અરતિરૂપ વહ્નિનો યોગ સંભવે નહીં પરંતુ અરતિની આપાદક એવી જે અશાતાની સામગ્રી છે તેનાથી અશાતા થાય છે તેથી તેને અહીં અરતિરૂપે ગ્રહણ કરેલ છે. તે અરતિરૂપી વહ્નિના યોગથી મુનિનો ચિત્તરૂપી પારો આમતેમ જતો નથી. તેનું કારણ ચિત્તમાં સર્વ પદાર્થો પ્રત્યે અત્યંત સામ્યભાવ વર્તે છે તેમ પોતાનાં સુખદુઃખ પ્રત્યે પણ સામ્યભાવ વર્તે છે તેથી દુઃખ પ્રત્યે દ્વેષનો ઉલ્લેખ થતો નથી. તેથી ચિત્તમાં કોઈ વિહ્વળતા સ્પર્શતી નથી અને તેથી જ આત્મભાવને અતિશયિત કરવા માટે ધ્યાનમાં જે દૃઢયત્ન ચાલે છે તેનાથી અન્યત્ર ચિત્ત જતું નથી અને આ જાતિનો સામ્યભાવ એ મહાસમાધિની પૂર્વભૂમિકારૂપે છે અને તે મહાસમાધિ ક્ષપકશ્રેણિરૂપ છે તેથી મોક્ષની પ્રાપ્તિ હવે દૂર નથી.

યદ્યપિ ઉપશમશ્રેણિ પર આરૂઢ થયેલા પાત પામીને યાવત્ અનંતકાળ સંસારમાં રહે છે અને ઉપશમશ્રેણિકાળમાં તેઓ પરમસામ્યભાવને પામેલા હોય છે તેથી કાલની અપેક્ષાએ સિદ્ધિનો યત્કિંચિત્ વિલંબ પણ સંભવી શકે છે. પરંતુ જ્યારે સામ્યભાવ વર્તે છે ત્યારે સિદ્ધ ભગવંતોની વીતરાગતાની પરિણતિરૂપ ભાવને આશ્રયીને વિચારીએ તો સામ્યભાવવાળાને કલ્યાણની સિદ્ધિ દૂર નથી. આથી જ તે ભાવમાં વર્તતા મુનિઓ જ્યારે પૂર્વ ઉપાત્તકર્મને કારણે પાતને પામતા નથી ત્યારે નજીકના કાળમાં જ સિદ્ધપદને અવશ્ય પામે છે. **॥૧૪૬॥**

**શ્લોક :-**

**इतस्ततो भ्राम्यति चित्तपक्षी,**
**वितत्य यो रत्यरतिस्वपक्षौ ।**
**स्वच्छन्दतावारणहेतुरस्य,**
**समाधिसत्पञ्जरयन्त्रणैव ।।१४७।।**

**શ્લોકાર્થ :-**

**રતિ અને અરતિરૂપી પોતાની પાંખોને વિસ્તારીને જે ચિત્તરૂપી પક્ષી આમથી તેમ ભ્રમણ કરે છે આની સ્વચ્છંદતા વારણનો હેતુ સમાધિરૂપી સત્પિંજર યંત્રણા જ છે. ॥૧૪૭॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોનું ચિત્તરૂપી પક્ષી ઇષ્ટપદાર્થોને પામીને રતિને પામે છે અને અનિષ્ટ પદાર્થોને પામીને અરતિને પામે છે. રતિઅરતિરૂપી પોતાની પાંખોને વિસ્તાર કરીને સંસારી જીવોનું ચિત્ત જે તે વિષયમાં ભમ્યા કરે છે અને આ રીતે સ્વચ્છંદતાથી સંસારી જીવો કર્મો બાંધીને દુર્ગતિઓની પરંપરાની પ્રાપ્તિરૂપ વિનાશને પામે છે. તેથી દુર્ગતિના પાતથી રક્ષણ અર્થે ચિત્તમાં વર્તતી સ્વચ્છંદતા વારણનો હેતુ સમાધિરૂપી સુંદર પાંજરાનું નિયંત્રણ જ છે. તેથી સાધુઓ આત્માને તત્ત્વથી ભાવિત કરીને સમાધિરૂપી સત્પાંજરાના નિયંત્રણથી ચિત્તને નિયંત્રિત કરે છે. **॥૧૪૭॥**

**અવતરણિકા :-**

મુનિઓ કઈ રીતે સમાધિને પ્રગટ કરવા યત્ન કરે છે તે બતાવે છે –

**શ્લોક :-**

पुत्रात् कलत्राच्च धनाच्च मित्राद्,
देहाच्च गेहाच्च विविक्तता मे ।
इति प्रसंख्याय समाधिभाजो,
न शोकशङ्कुव्यथयाऽऽकुलाः स्युः ।।१४८।।

**શ્લોકાર્થ :-**

**પુત્રથી, સ્ત્રીથી, ધનથી, મિત્રથી, દેહથી, અને ગૃહથી મારી વિવિક્તતા છે=મારો ભેદ છે એ પ્રકારની પ્રતિસંખ્યાથી=નિર્મળ બુદ્ધિથી, સમાધિને ભજનારા મુનિઓ શોકરૂપી શંકુની વ્યથાથી આકુલ થતા નથી. ।।૧૪૮।।**

**ભાવાર્થ :-**

આત્માની સાથે અતિનજીકના સંબંધવાળો દેહ છે અને તેના સંબંધને કારણે ગૃહ, મિત્ર, સ્વજન આદિનો સંબંધ થાય છે. તે સર્વસંબંધથી મારો ભેદ છે તેવી બુદ્ધિ જેઓએ તત્ત્વભાવન કરીને સ્થિર કરેલી છે તેઓને દેહ સંબંધી ઉપદ્રવો પણ થતા નથી તો ગૃહાદિ સંબંધી ઉપદ્રવો કઈ રીતે સંભવે ? અને જેઓના ચિત્તમાં બાહ્ય પદાર્થકૃત કોઈ ઉપદ્રવ નથી તેઓ સર્વભાવો પ્રત્યે મોહરહિત હોવાથી સમાધિવાળા છે તેવા મહાત્માઓ બાહ્ય કોઈ પદાર્થની વિષમતામાં શોકરૂપી શંકુની વ્યથાથી વ્યાકુલ થતા નથી પરંતુ સર્વ સંયોગોમાં નિરપેક્ષ થઈને આત્માના સમભાવના પરિણામમાં સદા વર્તે છે. **।।૧૪૮।।**

**શ્લોક :-**

इष्टप्रणाशेऽप्यनभीष्टलाभे,
नित्यस्वभावं नियतिं च जानन् ।

संतापमन्तर्न समाधिवृष्टि-

विध्यातशोकाग्निरुपैति साधुः ।।१४९।।

**શ્લોકાર્થ :-**

**નિત્ય સ્વભાવને અને નિયતિને જાણતો=આત્માનો નિત્યસ્વભાવ છે તેથી આત્માનો ક્યારેય નાશ થતો નથી અને બાહ્ય પદાર્થો નિયતિ અનુસાર થાય છે તે પ્રમાણે જાણતા, સમાધિરૂપી વૃષ્ટિથી બૂઝવી નાંખેલ છે શોકરૂપી અગ્નિ જેમણે એવા સાધુ ઈષ્ટના પ્રણાશમાં અને અનભીષ્ટના લાભમાં પણ અંતઃસંતાપને પામતા નથી. ।।૧૪૯।।**

**ભાવાર્થ :-**

સાધુ શાસ્ત્રવચનાનુસાર તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિવાળા હોય છે તેથી પોતાનો મોહથી અનાકુલ એવો જ્ઞાનસ્વભાવ સદા પોતાનામાં રહેનારો છે તેનો ક્યારેય નાશ થતો નથી એ પ્રકારે પોતાના નિત્યસ્વભાવને જાણે છે અને જે પ્રકારે નિયતિ વર્તે છે તે પ્રમાણે નિયતસંયોગો અને નિયતવિયોગ થાય છે તેમ સાધુ શાસ્ત્રથી જાણે છે. તેથી સ્થૂલદૃષ્ટિથી જે પોતાને ઇષ્ટ હોય તેનો નાશ થાય કે પોતાને અનિષ્ટ હોય તેવા પ્રતિકૂલ સંયોગોનો લાભ થાય તોપણ હંમેશાં પોતાના નિત્યસ્વભાવથી આત્માને ભાવિત કરીને સમાધિરૂપી શીતલ જલધારાની વૃષ્ટિથી બૂઝવી નાંખ્યો છે શોકરૂપી અગ્નિ જેમણે એવા તે મહાત્મા કોઈ નિમિત્તમાં સંતાપને પામતા નથી. **।।૧૪૯।।**

**અવતરણિકા :-**

**વળી, સમાધિવાળા મુનિ કેવા હોય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

त्यक्तस्ववर्गः शरणानपेक्षः,

क्रूरोपसर्गेऽप्यविलुप्तदृष्टिः ।

समाधितन्त्रोद्धृतशोकशल्यो,

न ध्यानभङ्गादधृतिं प्रयाति ।।१५०।।

**શ્લોકાર્થ :-**

**ત્યક્તસ્વવર્ગવાળા, શરણની અનપેક્ષાવાળા, ક્રૂર ઉપસર્ગમાં પણ અવિલુપ્તદૃષ્ટિવાળા સમાધિતન્ત્રથી ઉદ્ધૃત કર્યું છે શોકશલ્ય જેમણે એવા મુનિ ધ્યાનના ભંગથી અધૃતિને પ્રાપ્ત કરતા નથી અર્થાત્ સદા શુદ્ધાત્મધ્યાનમાં વર્તે છે. ॥૧૫૦॥**

**ભાવાર્થ :-**

આત્માને પોતાના શુદ્ધાત્માના ધ્યાનમાં રહેવામાં બાધક સામગ્રી જેઓએ સર્વથા છોડી છે એવા મહાત્માઓને ક્યારેય ધ્યાનમાં ભંગ થતો નથી અને ધ્યાનનો ભંગ નહીં થવાને કારણે તેવા મહાત્માઓ ક્યારેય અધૃતિને પામતા નથી, પરંતુ સર્વસંયોગમાં ધૃતિપૂર્વક આત્માના ધ્યાનમાં યત્ન કરે છે. ધ્યાનમાં ભંગ કરવાના કારણીભૂત તેવી સામગ્રીથી મહાત્મા કઈ રીતે દૂર રહે છે તે બતાવવા અર્થે કહે છે જેઓએ સ્વવર્ગ રાખ્યો છે તેના પ્રત્યેના મમત્વને કારણે ધ્યાનનો ભંગ થાય છે તેથી મહાત્માઓએ સર્વ સ્વવર્ગનો ત્યાગ કર્યો છે. વળી, કોઈના શરણની કોઈને અપેક્ષા હોય અને તે શરણ તેને ન મળે તો ચિત્ત વિક્ષોભ પામે છે અને મહાત્મા તત્ત્વના ભાવનથી વિચારે છે કે મારે જગતના કોઈ પદાર્થોથી ભય નથી; કેમ કે મારી અંતરંગ સંપત્તિ કોઈ ગ્રહણ કરી શકે તેમ નથી. તેથી કોઈના શરણની અપેક્ષાવાળા નથી અને તેના કારણે તેમના ચિત્તમાં વ્યાઘાત થતો નથી. વળી, પૂર્વકર્મને કારણે તેવા મહાત્માઓને ક્રૂર ઉપસર્ગ આવે તોપણ પોતાના પારમાર્થિક સ્વરૂપને જોવાની નિર્મળદૃષ્ટિ લુપ્ત થતી નથી. પરંતુ તે સર્વસંયોગોમાં આત્માના પારમાર્થિક સ્વરૂપને જોઈને તેનાથી જ પોતાના આત્માને ભાવિત કરે છે તેથી તેવા મહાત્માઓનું ચિત્ત ઉપસર્ગોમાં પણ વિક્ષેપને પામતું નથી. વળી, તે મહાત્માએ સમાધિને કહેનારાં શાસ્ત્રવચનો દ્વારા આત્માને તે રીતે ભાવિત કરેલો છે કે જેથી પોતાના આત્મામાં કોઈ પ્રકારના શોકનું શલ્ય રહે નહીં અને તેવા મહાત્માઓનું ચિત્ત સર્વનિમિત્તોથી પર હોવાને કારણે તેઓના ધ્યાનનો ભંગ ક્યારેય થતો નથી અને તેવા મહાત્માઓને શુભધ્યાનના બળથી ક્યારેય કોઈ સંયોગોમાં અધૃતિ પ્રાપ્ત થતી નથી, પરંતુ મહાધૈર્યપૂર્વક કર્મના ઉન્મૂલન માટે તેઓ સદા ઉદ્યમ કરે છે. **॥૧૫૦॥**

**શ્લોક :-**

शोचन्ति न स्वं च परं च मन्यो-
रन्योऽन्यकर्मव्यतिहारमग्नम् ।
शुद्धर्जुसूत्रक्षणमार्गणाभि-
स्तपस्विनः प्राप्तसमाधिनिष्ठाः ।।१५१।।

**શ્લોકાર્થ :-**

**પ્રાપ્ત કરી છે સમાધિમાં નિષ્ઠા જેમણે એવા તપસ્વી સાધુઓ શુદ્ધ ઋજુસૂત્રક્ષણની માર્ગણાને કારણે મન્યુથી=દીનતાથી, અન્યોન્યકર્મના વ્યતિહારમાં મગ્ન એવા સ્વપરનો શોચ કરતા નથી=ચિંતા કરતા નથી. ।।૧૫૧।।**

**ભાવાર્થ :-**

ઋજુસૂત્રનય પરકીય વસ્તુ પોતાને અનુપયોગી હોવાથી તેને વસ્તુરૂપે સ્વીકારતો નથી. જેમ પરકીય ધન પોતાને અનુપયોગી હોવાથી ઋજુસૂત્રનય પરકીય ધન છે તેને ધનરૂપે સ્વીકારતો નથી. તેથી એ પ્રાપ્ત થાય કે શુદ્ધઋજુસૂત્રનય આત્માના શુદ્ધસ્વરૂપથી અન્ય એવા દેહાદિની ક્રિયા અને આત્માના શુદ્ધ સ્વભાવની ક્રિયા ભિન્ન છે તેમ માને છે અને દેહની ક્રિયા મારી ક્રિયા નથી, પરંતુ જેમ પરનું ધન મારું નથી તેમ પરની ક્રિયા મારી નથી તેમ જોવામાં ઋજુસૂત્રનય મગ્ન છે. તેથી ઋજુસૂત્રનયની દૃષ્ટિથી જોનારા મહાત્મા સ્વ-પરનો શોક કરતા નથી; કેમ કે પર દેહના નાશમાં મારો નાશ નથી અને મારું સ્વરૂપ કોઈનાથી નાશ થાય તેમ નથી તેથી દીનતાને પામીને શોક કરતા નથી. વળી, તે મહાત્માઓ કર્મોને તપાવીને આત્માને પૃથક્ કરી રહ્યા છે તેથી તપસ્વી છે. અને ભગવાનના વચનથી ભાવિત થઈને પ્રાપ્તસમાધિ નિષ્ઠાવાળા છે અર્થાત્ સમાધિભાવમાં સ્થિર થયેલા છે. તેથી શુદ્ધ ઋજુસૂત્રનયના ક્ષણિક માર્ગણાથી જોવાના વ્યાપારવાળા હોય છે. તેથી તેઓને સ્વના કે પરના કોઈ પ્રકારના વિનાશમાં દીનતાથી શોક થતો નથી; કેમ કે ઋજુસૂત્રનયની દૃષ્ટિથી પરકીય વસ્તુને તેઓ વસ્તુરૂપે સ્વીકારતા નથી, પરંતુ નિર્લેપભાવથી વસ્તુના તે તે ભાવોને જોનારા હોય છે. **।।૧૫૧।।**

**શ્લોક :-**

गते न शोको न विमृश्यमेष्य-
च्छुद्धश्च योगः किल वर्तमानः ।
साधोः समाधिः प्रथते यदेदृक्,
तदाऽस्तु मन्योः क इवावकाशः ।।१५२।।

**શ્લોકાર્થ :-**

**નાશમાં શોક નથી, ભવિષ્ય વિમર્શ કરવા યોગ્ય નથી અને વર્તમાનનો યોગ ખરેખર શુદ્ધ છે. જ્યારે આવા પ્રકારની સાધુની સમાધિ વિસ્તાર પામે છે, ત્યારે કોની જેમ ક્રોધનો અવકાશ છે અર્થાત્ અવકાશ નથી. ।।૧૫૨।।**

**ભાવાર્થ :-**

જે સાધુ જિનવચનથી ભાવિત મતિવાળા છે તેઓને આત્માથી ભિન્ન સર્વ પદાર્થો અસાર જણાય છે. તેથી કોઈ વસ્તુ નાશ પામે તો શોક થતો નથી અને તેવા મહાત્માઓ માટે ભવિષ્ય વિચાર કરવા યોગ્ય નથી તેથી સર્વ ઉદ્યમથી વર્તમાનમાં જ આત્મભાવોને સ્ફુરણ કરવા યત્ન છે. અને તેવા મહાત્માઓને જ્યારે આવા પ્રકારનો વર્તમાનનો શુદ્ધયોગ સદા સમાધિને વિસ્તારતો હોય છે ત્યારે તેવા મહાત્માઓને કોઈની પ્રવૃત્તિથી ક્રોધનો અવકાશ ક્યાંથી હોય? અર્થાત્ તેવા મહાત્માઓ સદા સમાધિમાં ઉપયોગવાળા હોવાથી કોઈનાં કોઈ કૃત્યોને પામીને ક્રોધથી વ્યાકુલ થતા નથી પરંતુ શુદ્ધઋજુસૂત્રક્ષણની માર્ગણાથી આત્માને વાસિત કરે છે અર્થાત્ વર્તમાનની ક્ષણને ઋજુસૂત્ર માને છે અને વર્તમાનની ક્ષણ મોહથી અનાકુળ હોય તો શુદ્ધઋજુસૂત્રની ક્ષણ કહેવાય અને તેનાથી વિચારવામાં આવે તો ભૂતનો પદાર્થ વર્તમાનમાં નથી અને ભવિષ્ય પણ અનુત્પન્ન છે તેથી ભૂતવિષયક શોક કરવો પણ ઉચિત નથી અને ભવિષ્યનો વિચાર કરીને શોક કરવો પણ ઉચિત નથી પરંતુ વર્તમાનનો પોતાનો શુદ્ધયોગ પ્રવર્તાવવો પોતાને માટે ઉચિત છે તેમ તે મહાત્માઓ વિચારે છે. તેથી તે મહાત્મામાં સદા મોહની અનાકુલતારૂપ સમાધિ વર્તે છે. માટે તેવા મહાત્માઓને ક્રોધનો અવકાશ નથી. **।।૧૫૨।।**

શ્લોક :-

अत्यन्तलूक्षव्रतयोगनुन्नाः,
स्मृत्वाऽनुभूताद्भुतभोगलीलाम् ।
न वैमनस्यं मुनयः प्रयान्ति,
समाधिमन्त्राहतशोकभूताः ।।१५३।।

શ્લોકાર્થ :-

**અત્યંત રૂક્ષ એવા વ્રતના યોગથી પ્રેરાયેલા સમાધિમંત્રથી હણી નાખ્યો છે શોકરૂપી ભૂત જેણે એવા મુનિઓ અનુભૂત, અદ્ભુત ભોગલીલાનું સ્મરણ કરીને=સંસારઅવસ્થામાં જે શ્રેષ્ઠ ભોગો પૂર્વ કર્યા છે તેનું સ્મરણ કરીને, વૈમનસ્યને પામતા નથી. ।।૧૫૩।।**

ભાવાર્થ :-

મુનિઓ ભગવાનનાં વચનોનું નવું નવું અધ્યયન કરીને અને અધ્યયન કરાયેલા સૂત્ર-અર્થનું પારાયણ કરીને આત્માને સમાધિમાં નિવેશ કરવા યત્ન કરે છે જેથી સમાધિને પામેલું તેમનું ચિત્ત બાહ્યપદાર્થોને પ્રાપ્ત કરીને શોકને પ્રાપ્ત કરે નહિ તેવું વિશિષ્ટ કોટિનું બને છે તેથી તેવા મહાત્માઓએ આત્મામાં સમાધિ નિષ્પન્ન કરે એવા શ્રુતરૂપી મંત્રો દ્વારા શોકરૂપી ભૂતનો નાશ કર્યો છે તેથી કોઈ નિમિત્તને પામીને આત્મામાં શોક ઉત્પન્ન થતો નથી. તેથી તે મહાત્માઓએ ગૃહસ્થઅવસ્થામાં જે ભોગો ભોગવેલ છે તેનું સ્મરણ કરીને પણ શોક થતો નથી. આથી સંયમજીવનની અત્યંત કઠોર આચરણારૂપી યોગથી પ્રેરાઈને તે મહાત્માઓ ક્યારેય શોકરૂપ વૈમનસ્યને પામતા નથી પરંતુ સંયમની કઠોર આચરણા દ્વારા પણ શાંતરસની પુષ્ટિ કરે છે. **।।૧૫૩।।**

શ્લોક :-

उग्रे विहारे च सुदुष्करायां,
भिक्षाविशुद्धौ च तपस्यसह्ये ।

समाधिलाभव्यवसायहेतोः,
क्व वैमनस्यं मुनिपुंगवानाम् ।।१५४।।

**શ્લોકાર્થ :-**

**સમાધિની પ્રાપ્તિના વ્યવસાયનો હેતુ હોવાથી ઉગ્ર વિહારમાં, સુદુષ્કર એવી ભિક્ષાવિશુદ્ધિમાં અને અસહ્ય એવા તપમાં, મુનિપુંગવોને=મુનિરૂપી વૃષભોને, વૈમનસ્ય=ચિત્તની વિહ્વળતારૂપ કાલુષ્ય, ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. ।।૧૫૪।।**

**ભાવાર્થ :-**

મુનિઓ આત્માને વીતરાગભાવથી ભાવિત કરીને સમાધિલાભના અત્યંત અર્થી છે. તેથી સમાધિલાભને અનુકૂળ એવો જે વ્યવસાય હોય તેનાં હેતુભૂત પ્રવૃત્તિમાં મુનિઓ સદા ઉત્સાહી હોય છે, જેમ ધનના અર્થી જીવોને ધનના લાભના વ્યવસાયમાં સદા ઉત્સાહ હોય છે. તેથી સમાધિની પ્રાપ્તિના કારણીભૂત નવકલ્પી વિહારરૂપ સંયમની ઉગ્ર આચરણામાં તેઓને કોઈ વિહ્વળતા થતી નથી. પરંતુ અત્યંત યત્નાપૂર્વક નવકલ્પી વિહાર તે મહાત્મા તે રીતે કરે છે કે જેથી જિનઆજ્ઞાના પાલન દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે. વળી, સાધુજીવનની ભિક્ષાની વિશુદ્ધિ અતિ દુષ્કર છે છતાં સમાધિલાભનો હેતુ હોવાથી સાધુને દુષ્કર એવી ભિક્ષાની વિશુદ્ધિમાં વૈમનસ્ય થતું નથી પરંતુ શક્તિના પ્રકર્ષથી શુદ્ધિની ગવેષણા કરીને સંયમના કંડકોની વૃદ્ધિ દ્વારા સમાધિને પ્રાપ્ત કરે છે.

વળી, અસહ્ય એવું અનશન આદિ તપ પણ સમાધિની પ્રાપ્તિનું કારણ હોવાથી મુનિઓને વૈમનસ્યનું કારણ બનતું નથી. પરંતુ નિર્લેપતાની વૃદ્ધિ દ્વારા સમાધિની વૃદ્ધિનું જ કારણ બને છે. તેવા મુનિઓ ૧૮ હજાર શીલાંગરૂપ વ્રતને વહન કરનારા હોવાથી મુનિપુંગવો છે અને તેઓ ૧૮ હજાર શીલાંગને વહન કરીને વિશેષ વિશેષ પ્રકારની સમાધિને પ્રાપ્ત કરે છે. **।।૧૫૪।।**

**શ્લોક :-**

**समाधिभाजोऽपि विपद्दशायां,**
**न यान्ति धीराः करुणास्पदत्वम् ।**
**जात्यस्य जायेत विवर्णभावः,**
**किमग्नितापादपि काञ्चनस्य ।।१५५।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિવાળા ધીર એવા મુનિઓ આપત્તિદશામાં પણ કરુણાસ્પદપણું= દીનપણું, પ્રાપ્ત કરતા નથી. અગ્નિના તાપથી પણ શું જાત્યસુવર્ણનો વિવર્ણભાવ થાય છે? અર્થાત્ વિપરીતવર્ણભાવ થતો નથી. ।।૧૫૫।।**

**ભાવાર્થ :-**

**સમાધિવાળા ધીરમુનિઓને આપત્તિમાં દીનતાનો અભાવ :-**

ધીર એવા મુનિઓ હંમેશાં વીતરાગના વચનનું સ્મરણ કરીને સંયમની વૃદ્ધિનું કારણ હોય તેવી તે તે ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને તે તે સંયમની ઉચિત પ્રવૃત્તિઓ દ્વારા વીતરાગભાવને અનુકૂળ એવી અસંગપરિણતિથી આત્માને વાસિત કરે છે તેથી તે મહાત્માઓ મોહની અનાકુળરૂપ સમાધિને ભજનારા છે. તેવા મહાત્માઓને બાહ્ય કોઈ વિપરીત દશા પ્રાપ્ત થાય તોપણ તેઓ કરુણાનાં સ્થાન બને તેવી દશાને પ્રાપ્ત કરતા નથી પરંતુ તે વિપરીત દશામાં પણ મહાધૈર્યપૂર્વક આત્માના ભાવોને ઉલ્લસિત કરવા માટે ઉદ્યમ કરતા હોય છે. તેમાં દૃષ્ટાંત આપે છે –

જે જાત્યસુવર્ણ છે=નકલી સુવર્ણ નહિ પણ સુવર્ણની જાતિવાળું જાત્યસુવર્ણ છે, તે સુવર્ણ અગ્નિના તાપથી પણ સુવર્ણના વર્ણથી વિપરીત વર્ણભાવને પ્રાપ્ત કરતું નથી તેમ જાત્યસુવર્ણ જેવા મુનિઓ અગ્નિના તાપ જેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ સમભાવની વૃદ્ધિના પરિણામથી અન્યથાભાવને પામતા નથી. **।।૧૫૫।।**

**શ્લોક :-**

**असह्यया वेदनयाऽपि धीरा,**
**रुदन्ति नात्यन्तसमाधिशुद्धाः ।**
**कल्पान्तकालाग्निमहार्चिषाऽपि,**
**नैव द्रवीभावमुपैति मेरुः ।।१५६।।**

**શ્લોકાર્થ :-**

**અત્યંત સમાધિથી શુદ્ધ થયેલા એવા ધીર પુરુષો અસહ્ય વેદનાથી પણ રડતા નથી. કલ્પાંતકાલના અગ્નિની મહાજ્વાલાથી પણ મેરુપર્વત દ્રવીભાવને પામતો નથી જ. ।।૧૫૬।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ જિનવચનથી અત્યંત ભાવિત થયા છે અને સદા શાસ્ત્રોનું પરાયણ કરીને આત્માને અતિશય અતિશયતર ભાવિત કરે છે અને તેના કારણે અત્યંત સમાધિ થયેલી હોવાને કારણે શુદ્ધ થયેલા છે તેવા ધીર મહાત્માને પૂર્વના કર્મના ઉદયથી અસહ્ય એવી વેદના થાય તોપણ તે પીડાથી વ્યાકુળ થઈને રડતા નથી. પરંતુ સંસારના પારમાર્થિક સ્વરૂપના ભાવન દ્વારા વિચારે છે કે સમુદ્રમાં ચારે બાજુ પાણી હોય તેમ સંસારમાં કર્મકૃત સર્વત્ર પીડાની જ પ્રાપ્તિ હોય તોપણ તે સંસારના ઉચ્છેદ માટે યત્ન કરવો જોઈએ. આ પ્રકારના ભાવથી સદા આત્માને વાસિત રાખે છે તેમાં દૃષ્ટાંત આપે છે –

આખા વિશ્વને નાશ કરવા માટે કલ્પાંતકાલનો અગ્નિ પ્રગટ્યો હોય તેની જ્વાળાથી પણ મેરુપર્વત ક્યારેય દ્રવીભાવને પામતો નથી તેમ અત્યંત સમાધિવાળા મુનિઓ કોઈ પીડામાં દ્રવીભાવને પામતા નથી. તેથી તેઓની આંખમાંથી આંસુ પડતાં નથી. **।।૧૫૬।।**

**શ્લોક :-**

**समाधिविध्वस्तभयाः श्मशाने,**
**शून्यालये वा प्रतिमां प्रपन्नाः ।**

दृष्ट्वाऽपि रूपाणि भयंकराणि,
रोमापि नैवोद्गमयन्ति गात्रे ।।१५७।।

**શ્લોકાર્થ :-**

**સમાધિ વડે ધ્વંસ કરી નાખ્યો છે ભયને જેમણે એવા મુનિઓ શ્મશાનમાં કે શૂન્ય ઘરોમાં પ્રતિમાને સ્વીકારીને રહેલા હોય છે. તેઓનાં ગાત્રમાં=દેહમાં રોમો પણ ભયંકર રૂપોને જોઈને ઉદ્ગમ પામતા નથી= ભયથી દેહનો એક રૂંવાટો પણ ઊંચો થતો નથી. ।।૧૫૭।।**

**ભાવાર્થ :-**

મુનિઓ સંસારથી અત્યંત ભય પામેલા હોય છે તેથી સંસારના ઉચ્છેદના ઉપાયભૂત આત્માના મહાસ્થૈર્યરૂપ સમાધિમાં ઉદ્યમ કરનારા હોય છે અને સમાધિના બળથી બાહ્ય પદાર્થો પ્રત્યેના ભયથી મુક્ત થયેલા હોય છે; કેમ કે સમાધિવાળા આત્માને જગતમાં કોઈ ભય નથી અને સમાધિ વગરના જીવો બાહ્ય ભયના નિવારણ માટે ઉદ્યમ કરે તોપણ સદા ભયમાં છે અને સમાધિના બળથી જેઓએ સર્વ બાહ્ય ભયો જીતી લીધા છે તેવા મુનિઓ પોતાના સમાધિભાવના પ્રકર્ષ અર્થે શ્મશાનમાં કે શૂન્ય ઘરોમાં પ્રતિમાને ધારણ કરીને શુદ્ધઆત્માના ભાવોને પ્રગટ કરવા અર્થે ધ્યાનમાં ઉદ્યમ કરનારા હોય છે અને સ્મશાનને કારણે કે કે શૂન્યઘરના કારણે કોઈ પિશાચાદિ ભયંકર રૂપો કરીને તેમને ધ્યાનમાંથી ચલિત કરવા યત્ન કરે તોપણ પિશાચના ભયંકર રૂપો જોઈને પણ તેઓના દેહમાં લેશ પણ ભયની લાગણી ઊઠતી નથી પરંતુ સમાધિના બળથી જીવન-મૃત્યુ પ્રત્યે સમભાવવાળા તે મહાત્મા સદા શુભ ધ્યાનમાં યત્નવાળા રહે છે. **।।૧૫૭।।**

**શ્લોક :-**

**महोपसर्गाश्च परीषहाश्च,**
**देहस्य भेदाय न मे समाधेः ।**
**इत्थं विविच्य स्वपरस्वभावं,**
**भयानुबन्धं मुनयस्त्यजन्ति ।।१५८।।**

**શ્લોકાર્થ :-**

**મહાન ઉપસર્ગો અને પરિષહો દેહના ભેદ માટે=દેહના નાશ માટે છે. મારી સમાધિના નાશ માટે નથી એ પ્રકારે સ્વપરના સ્વભાવનું વિવેચન કરીને=દેહના અને આત્માના સ્વભાવનો વિભાગ કરીને મુનિઓ ભયના અનુબંધનો=ભયના પ્રવાહનો ત્યાગ કરે છે. ।।૧૫૮।।**

**ભાવાર્થ :-**

મુનિઓ સંયમના પ્રારંભથી માંડીને શાસ્ત્રઅધ્યયનમાં વ્યાપારવાળા હોય છે અને શાસ્ત્રતત્ત્વ આત્માના સ્વરૂપનો અને આત્માથી ભિન્ન એવા દેહાદિના સ્વરૂપનો બોધ કરાવવામાં જ પ્રધાનરૂપે પ્રવર્તે છે. તેથી શાસ્ત્રથી ભાવિત થયેલા મુનિઓ સદા વિચારે છે કે મહાન ઉપસર્ગો અને શીતાદિ પરિષહો પ્રકર્ષવાળા થાય તો દેહનો નાશ કરી શકે. પરંતુ શાસ્ત્રથી ભાવિતમતિવાળા એવા મારી સમાધિનો નાશ કરવા માટે સમર્થ નથી. આ રીતે આત્માનો સ્વભાવ અને પરનો સ્વભાવ કેવો છે તેનું વિવેચન મુનિઓ કરે છે અર્થાત્ આત્માથી પર એવા દેહનો સ્વભાવ ઉત્સર્ગથી અને પરિષહથી નાશ પામે એવો છે અને સમાધિવાળા એવા મારા આત્માનો સ્વભાવ ઉત્સર્ગથી અને પરિષહથી નાશ પામે તેવો નથી એ પ્રકારનો વિભાગ કરીને મુનિઓ શુદ્ધ આત્માના સ્વરૂપમાં શાસ્ત્રબળથી સ્થિરભાવને ધારણ કરીને ઉપસર્ગોથી અને પરિષહોથી થતા ભયના પ્રવાહનો ત્યાગ કરે છે. **।।૧૫૮।।**

**શ્લોક :-**

**कुहेतुभिर्वा भयहेतुभिर्वा,**
**न क्षोभमभ्येति समाहितात्मा ।**
**महीधराणां च महीरुहाणां,**
**सर्वसहा क्षुभ्यति किं नु भारैः ।।१५९।।**

**શ્લોકાર્થ :-**

**કુહેતુઓ વડે=આત્મા નથી, પરલોક નથી ઈત્યાદિ કુહેતુઓ વડે,**

**અથવા ભયહેતુઓ વડે=ઉપસર્ગ અને પરિષહરૂપ ભયહેતુઓ વડે, સમાધિવાળા આત્મા ક્ષોભ પામતા નથી. મહીધરોના=પર્વતોના અને મહીરુહોના=વૃક્ષોના ભારથી સર્વસહા એવી પૃથ્વી=સર્વભારને સહન કરવા સમર્થ એવી પૃથ્વી, શું ક્ષોભને પામે છે અર્થાત્ ક્ષોભને પામતી નથી. ।।૧૫૯।।**

**ભાવાર્થ :-**

મુનિઓ શાસ્ત્રવચનના બળથી, યુક્તિના અને અનુભવના બળથી આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણનારા હોય છે અને આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણીને તેને પ્રગટ કરવા અર્થે સર્વ ઉદ્યમ કરનારા હોય છે અને આત્માના પારમાર્થિક સ્વરૂપને કંઈક અંશે પ્રગટ કરીને સમાધિને પામેલા હોય છે. અને તે સમાધિના બળથી વિશ્વસ્થ મતિવાળા હોય છે કે સમાધિનો મારો ઉદ્યમ જ મારા સર્વ કલ્યાણનું એક કારણ છે તેથી આત્મા નથી, પરલોક નથી ઇત્યાદિ કુહેતુઓ વડે કે અન્યદર્શનના એકાંત વચનરૂપ કુહેતુઓ વડે પોતાના સન્માર્ગની પ્રવૃત્તિમાં ક્યારેય ક્ષોભ પામતા નથી.

વળી, શાસ્ત્રથી અતિભાવિતમતિવાળા હોવાને કારણે દેહથી પોતાના ભેદને અત્યંત ભાવિત કરેલ હોય છે તેથી ભયના હેતુ એવા ઉપસર્ગથી અને પરિષહથી પણ ક્ષોભ પામતા નથી.

જેમ પૃથ્વી પર્વતોના અને વૃક્ષોના ભારથી ક્યારેય ક્ષોભ પામતી નથી તેમ પર્વત જેવા કુહેતુઓ દ્વારા કે વૃક્ષોના જેવા ભયના હેતુઓ દ્વારા મુનિઓ ક્ષોભ પામતા નથી. **॥૧૫૯॥**

**શ્લોક :-**

**सुदूरदीर्घोच्चपदाधिरोहे,**
**नान्तर्विषीदन्ति समाधिधुर्याः ।**
**शक्त्या विहीनास्तु जरद्गवाभा,**
**भ्रश्यन्ति तस्मादसमाधिखिन्नाः ।।१६०।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિમાં ધુર્ય=સમાધિમાં અગ્રેસર એવા મુનિઓ સુદૂર-દીર્ઘ-ઉચ્ચપદના અધિરોહમાં=અતિદૂર અને ઘણા લાંબા પથવાળા એવા મોક્ષરૂપ ઉચ્ચપદના અધિરોહમાં અંતર વિષાદને પામતા નથી=મોક્ષમાર્ગ અતિકઠણ છે એ પ્રકારના વિચારથી ખેદને પામતા નથી. પરંતુ અસમાધિથી ખિન્ન થયેલા શક્તિ વગરના વૃદ્ધ બળદ જેવા તેનાથી=ઉચ્ચપદના પ્રયાણથી, ભ્રંશ પામે છે. ||૧૬૦||**

**ભાવાર્થ :-**

જે મુનિઓ સમાધિમાં જ મુખ્ય યત્ન કરનારા છે અને સમાધિના અંગભૂત બાહ્ય આચરણા કરનારા છે તેવા મહાત્માઓ સંયમની સર્વ આચરણા દ્વારા અંતરંગ વિશિષ્ટ વિશિષ્ટતર ભાવોને ઉલ્લસિત કરીને સમાધિમાં જ ઉત્કર્ષથી પ્રયત્નવાળા હોય છે. અને મોક્ષમાર્ગ અતિ દીર્ઘ છે અને તે દીર્ઘમાર્ગ ઉલ્લંઘીને અતિ દૂર એવો મોક્ષ પોતાને પ્રાપ્ત કરવો છે એ પ્રકારના પોતાના પ્રયત્નમાં સમાધિમાં અગ્રેસર એવા મુનિઓ માર્ગગમનના વચમાં ખેદ પામતા નથી; કેમ કે મોક્ષમાર્ગના સર્વ યત્ન દ્વારા તે મહાત્માઓ વિશિષ્ટ વિશિષ્ટતર સમાધિને પામીને અંતરંગ સ્વસ્થતાના સુખને પ્રાપ્ત કરે છે તેથી મોક્ષની પ્રાપ્તિનો પથ દીર્ઘ હોવા છતાં ઉત્સાહથી જ તેમાં ગમન કરે છે.

વળી, જેઓ સંયમની કષ્ટ આચરણાઓ કરે છે પરંતુ તે કષ્ટ આચરણાઓ દ્વારા સમાધિમાં ઉદ્યમ કરવા માટે અશક્તિવાળા છે, માત્ર બાહ્ય ક્રિયાઓ કરે છે અને અંતરંગ યત્ન કરવામાં જીર્ણ શરીરવાળા બળદ જેવા છે તેથી અંતરંગ મોહની અનાકુળતારૂપ સમાધિને પામતા નથી તેથી અસમાધિના કારણે ખેદવાળા છે તેવા સંયમની આચરણા કરનારા જીવો મોક્ષના દીર્ઘ પથને જોઈને અને મોક્ષ અત્યંત દૂર જોઈને તેના માટે ઉદ્યમ કરવામાં અનુત્સાહી થાય છે. **||૧૬૦||**

**શ્લોક :-**

**भीरुर्यथा प्रागपि युद्धकालाद्,**
**गवेषयत्यद्रिलतावनादि ।**

क्लीबास्तथाऽध्यात्मविषीदनेना-

समाहिताश्छन्नपदेक्षिणः स्युः ।।१६१।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે યુદ્ધના કાળથી પૂર્વમાં પણ ડરપોક એવો યોદ્ધો પર્વતની લતા કે વનાદિરૂપ સંતાવાનાં સ્થાનોની ગવેષણા કરે છે તે પ્રમાણે સંયમની ઉચિત ક્રિયાઓ દ્વારા અંતરંગ સમાધિના પરિણામને ઉલ્લસિત કરવામાં નપુંસક જેવા જીવો અધ્યાત્મના પરિણામના વિષીદનને કારણે=અધ્યાત્મના પરિણામને ઉલ્લસિત કરવામાં અસામર્થ્યને કારણે, અસમાધિના પરિણામવાળા, છન્નપદને જોનારા થાય=મોહની સામે સુભટની જેમ લડવાનું કૃત્ય પોતે કરી શકે નહિ તો કઈ રીતે પોતે સંયમજીવનમાં પ્રવૃત્તિ કરશે તેના વિષયક અન્ય કોઈક સ્થાનના બળથી જીવી શકશે તેની ગવેષણા કરનારા થાય. ।।૧૬૧।।**

**ભાવાર્થ :-**

કેટલાક યોદ્ધાઓ યુદ્ધભૂમિમાં લડવા જતા પૂર્વે યુદ્ધમાં શત્રુનું બળ અધિક થશે તો પોતાનું રક્ષણ કઈ રીતે પોતે કરી શકશે તેના માટે યુદ્ધ ક્ષેત્રમાં પર્વત આદિમાં રહેલાં છુપાવાનાં સ્થાનોને પૂર્વમાં જ શોધી રાખે છે અને અંતરંગ રીતે ડરપોક હોય છે તેથી શત્રુની સામે લડવા માટે ધીરતાપૂર્વક યત્ન કરતા નથી. તેની જેમ સંયમને સ્વીકારતા મહાત્માએ મોહની સામે લડવાના આશયથી સંયમને ગ્રહણ કરેલ છે, આમ છતાં ડરપોક યોદ્ધાના જેવા જીવો સામાયિકના પરિણામને ઉલ્લસિત કરવામાં નપુંસક જેવા છે. તેવા સાધુઓ સંયમની ક્રિયા દ્વારા અધ્યાત્મભાવોને ઉલ્લસિત કરવા માટે અસામર્થ્યવાળા છે તેથી સંયમની ક્રિયાકાળમાં પણ અંતરંગ રીતે અસમાધિવાળા છે. તેઓ સંયમજીવનમાં પોતાનું જીવન સુખપૂર્વક પસાર કરવા અર્થે છન્નપદને જોનારા છે અર્થાત્ મોહની સામે સુભટની જેમ લડવા માટે અનુત્સાહી છે અને લડવાની ક્રિયાનો ત્યાગ કરીને સુખશાંતિપૂર્વક જીવવાના અર્થી છે.

અહીં વિશેષ એ છે કે સારા સુભટો યુદ્ધભૂમિમાં જતી વખતે પોતાના

પ્રાણના ભોગે શત્રુના નાશના વિકલ્પવાળા હોય છે તેથી વિચારે છે કે "કાં શત્રુનો જય કરવો કાં મૃત્યુને સ્વીકારવું" એ સુભટનો ઉચિત આચાર છે. તે પ્રમાણે મોહની સામે સુભટની જેમ લડવાના યત્ન તુલ્ય સામાયિકનો પરિણામ છે તેથી સત્ત્વશાળી જીવો દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે સંકલ્પ કરે છે કે મારે સર્વ ઉદ્યમથી શત્રુનો નાશ કરવો છે તેથી પ્રાણના ભોગે પણ હું શત્રુને નાશ કરવામાં પીછેહઠ નહિ કરું એ પ્રકારના દૃઢ સંકલ્પથી સંયમમાં યત્ન કરે છે. તે પ્રકારના સત્ત્વશાળી જીવો અધ્યાત્માદિ ભાવોમાં ઉદ્યમ કરીને સમાધિના પરિણામને પ્રાપ્ત કરે છે અને મોહરૂપી શત્રુને સદા હંફાવે છે પરંતુ યુદ્ધભૂમિમાં ક્યારેય પીછેહઠ કરતા નથી. અને જે સાધુઓ સત્ત્વ વગરના છે તેઓ સુભટ ભાવ તુલ્ય સંયમને સ્વીકાર્યા પછી શત્રુનો સામનો કરવાનો ઉદ્યમ છોડીને અન્ય અન્ય પ્રવૃત્તિઓ કરે છે તેઓ છુપાવાનાં ગુપ્ત સ્થાનોની ગવેષણા કરનારા ભીરુ સુભટ જેવા છે. **॥૧૬૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે નપુંસક જેવા સંયમ ગ્રહણ કરનારા જીવો છન્નપદને જોનારા થાય છે તેથી હવે તેઓ કેવા પ્રકારના છન્નપદને જોનારા છે તે બતાવે છે –**

**શ્લોક :-**

पठन्ति शास्त्रं खलु ते कुतर्क-<br>
ज्योतिःकथावैद्यकनाटकादि ।<br>
कुतोऽपि हेतोः पततां समाधे-<br>
राजीविकाऽनेन भविष्यतीति ।।१६२।।

**શ્લોકાર્થ :-**

**કોઈપણ હેતુથી સમાધિથી પડતા એવા અમારી આના દ્વારા આજીવિકા થશે ઈતિ=એ હેતુથી તેઓ=સંયમને સ્વીકારેલા સાધુઓ, કુતર્કકથા, જ્યોતિષકથા, વૈધક, નાટકાદિ શાસ્ત્રોને ભણે છે. ।।૧૬૨।।**

**ભાવાર્થ :-**

કેટલાક અલ્પસત્ત્વવાળા જીવો સંયમને ગ્રહણ કર્યા પછી સુભટ ભાવ તુલ્ય સામાયિકના પરિણામમાં ઉદ્યમ કરતા નથી અને વિચારે છે કે કોઈપણ હેતુથી સામાયિકના પરિણામરૂપ સમાધિથી આપણો પાત થાય તો આપણે કોના બળથી આજીવિકા કરી શકીએ માટે પોતાને આજીવિકામાં મુશ્કેલી ન આવે તે અર્થે શાસ્ત્ર ભણે છે અને તેમાં સ્વમતિ અનુસાર શાસ્ત્ર જોડવારૂપ કુતર્કકથાશાસ્ત્ર કે જ્યોતિષશાસ્ત્ર, કે વૈદ્યકશાસ્ત્ર કે નાટકાદિશાસ્ત્ર ભણે છે. બોધના બળથી કદાચ પોતે સંયમ પાળી ન શકે તોપણ તે શાસ્ત્રના બોધના બળથી આજીવિકા થઈ શકશે તે આશયથી વૈદ્યકઆદિ શાસ્ત્ર તેઓ ભણે છે પરંતુ અધ્યાત્મની શુદ્ધિના અર્થે તેઓ શાસ્ત્ર ભણતા નથી.

અહીં વિશેષ એ છે કે જે સાધુઓ સમાધિવાળા હોય તેઓ કોઈક હેતુથી સમાધિને પાત પામે પરંતુ જે સાધુઓએ દીક્ષા ગ્રહણ કરી છે છતાં ભાવિની આજીવિકાના અર્થે શાસ્ત્રો ભણે છે તેઓમાં પરમાર્થથી સમાધિ નથી તેથી તે સાધુઓ કોઈપણ હેતુથી સમાધિથી પાત પામે છે તેમ કહી શકાય નહિ; આમ છતાં તેઓ સંયમની ક્રિયાઓ કરે છે, સંયમના આચારો પાળે છે તેને સામે રાખીને "તે સમાધિથી કોઈક હેતુથી પોતે પાત પામશે તો ગૃહસ્થ અવસ્થામાં પોતે શાસ્ત્રના બળથી આજીવિકા કરી શકશે તે આશયથી તેઓ શાસ્ત્ર ભણે છે" એમ કહેલ છે. **॥૧૬૨॥**

**શ્લોક :-**

**रणाङ्गणे शूरपुरस्सरास्तु,**
**पश्यन्ति पृष्ठं न हि मृत्युभीताः ।**
**समाहिताः प्रव्रजितास्तथैव,**
**वाञ्छन्ति नोत्प्रव्रजितुं कदाचित् ।।१६३।।**

**શ્લોકાર્થ :-**

**રણાંગણમાં=યુદ્ધભૂમિમાં, શૂરપુરસ્સરો=શૂરવીરતાને આગળ કરનારા યોદ્ધાઓ મૃત્યુથી ભય પામેલા પીછેહઠ કરતા નથી તે પ્રમાણે જ**

**સમાધિવાળા પ્રવ્રજિતસાધુઓ ક્યારેય પણ પ્રવ્રજ્યાના ત્યાગ માટેની ઈચ્છા કરતા નથી. ॥૧૬૩॥**

**ભાવાર્થ :-**

શૂરવીરતાને આગળ કરનારા સુભટ યુદ્ધ ભૂમિમાં ચડ્યા પછી શત્રુનું અધિક બળ જોઈને મૃત્યુથી ભય પામીને પીછેહઠ કરતા નથી. પરંતુ સર્વ ઉદ્યમથી શત્રુના નાશ માટે યત્ન કરે છે તે પ્રમાણે સમાધિને પામેલા સાધુઓ પ્રવ્રજ્યાને છોડવાની ઇચ્છા ક્યારેય કરતા નથી. તેથી તેવા મહાત્માઓ હું સંયમ પાળી શકીશ નહિ તો શાસ્ત્રઅધ્યયનના બળથી મારી આજીવિકા થશે એ પ્રકારના આશયથી વૈદ્યકશાસ્ત્રઆદિ ભણતા નથી. પરંતુ મોહની સામે લડવા માટે સુભટની જેમ સદા ઉદ્યમ કરે છે. **॥૧૬૩॥**

**શ્લોક :-**

**श्रद्धां पुरस्कृत्य निनिर्गतो यां,**
**तामेव सम्यक् परिपालयेद् यः ।**
**सिंहोत्थितः सिंहविहारचारी,**
**समाहितोऽसौ न विषादमेति ।।१६४।।**

**શ્લોકાર્થ :-**

**જે શ્રદ્ધાને આગળ કરીને નીકળેલા એવા જે સાધુ તેને જ=તે શ્રદ્ધાને જ, સમ્યક્ પરિપાલન કરે છે એ=એ મુનિ, સિંહની જેમ ઊઠેલા, સિંહની જેમ વિહારને કરનારા અને સમાધિને પામેલા વિષાદને પામતા નથી. ॥૧૬૪॥**

**ભાવાર્થ :-**

સંસારના પારમાર્થિક સ્વરૂપને જાણીને સંસારના ઉચ્છેદનો ઉપાય જીવની અસંગ પરિણતિ છે એ પ્રકારની જે શ્રદ્ધાને આગળ કરીને ગૃહસ્થ અવસ્થાથી નીકળેલા એવા જે મુનિ તે શ્રદ્ધાને જ સમ્યક્ પરિપાલન કરે છે=સંયમજીવનમાં સર્વ ભાવો પ્રત્યે સંગ વગરના થવું છે માટે તેના ઉપાયને જ હું સમ્યક્ સેવું એ

પ્રકારની પોતાની રુચિનું સમ્યક્ પાલન કરે છે. આવા મુનિ સંયમ ગ્રહણ કરે છે ત્યારે સિંહની જેમ ઊઠેલા છે. જેમ સિંહ શત્રુનો નાશ કરવામાં પીછેહઠ કરતો નથી તેમ આ મહાત્મા કર્મનો નાશ કરવા માટે અસંગભાવમાં કરાતા ઉદ્યમમાં પીછેહઠ કરતા નથી. વળી, જેમ સિંહ નિર્ભય રીતે વનમાં વિચરે છે પરંતુ અન્ય પશુઓથી ભયભીત થઈને વનમાં વિચરતો નથી તેમ આ મહાત્મા જિનવચનના દૃઢ અવલંબનથી વિચરનારા હોવાથી કોઈ જાતના ભય વગર સંયમજીવનમાં વિચરી રહ્યા છે. તેથી સિંહની જેમ સર્વ આચારોને પાળનારા છે. અને મોહથી અનાકુળ હોવાને કારણે અત્યંત સમાધાનને પામેલા છે તેથી સમાધિવાળા છે અને તેના કારણે સંયમજીવનમાં બાહ્ય કોઈ પ્રતિકૂળ ઉપસર્ગ આવે તોપણ વિષાદને પામતા નથી પરંતુ પોતાને ઇષ્ટ એવા મોક્ષને સાધવા માટે સદા ઉદ્યમશીલ રહે છે. **॥૧૬૪॥**

**શ્લોક :-**

**पन्थानमेनं प्रणता हि वीराः,**
**क्लीबस्य गम्योऽस्ति कदापि नायम् ।**
**इत्थं समाधाय कदापि धीरो-**
**दात्ताशयः खिद्यति नो महात्मा ।।१६५।।**

**શ્લોકાર્થ :-**

**આ માર્ગને=ભગવાને બતાવેલા સંયમમાર્ગને, નમેલા એવા=સંયમમાર્ગ પ્રત્યે વળેલા એવા, વીરપુરુષો છે. આ માર્ગ ક્યારેય પણ નપુંસકને=સત્ત્વહીન એવા સંયમધારી સાધુને, ગમ્ય નથી=પ્રાપ્ત થાય તેમ નથી, એ પ્રકારે સમાધાન કરીને=એ પ્રકારે મનમાં સ્થિર નિર્ણય કરીને, ધીર=યોગમાર્ગમાં ચાલવા માટે ધૈર્યવાળા, ઉદાત્તઆશયવાળા=ઉચ્ચ-ઉચ્ચતર ભૂમિકામાં જવાના બદ્ધ પરિણામવાળા, મહાત્મા ખેદ પામતા નથી=સંયમપંથના કોઈપણ સંયોગોમાં વિષાદ પામતા નથી. ॥૧૬૫॥**

**ભાવાર્થ :-**

સંયમપંથ બાહ્ય ત્યાગપૂર્વક અંતરંગ સંગની પરિણતિના ઉચ્છેદને અનુકૂળ

મહાવીર્ય વ્યાપારરૂપ છે અને એ પંથમાં ધીરપુરુષ ચાલનારા હોય છે તેથી ધીરપુરુષો વીતરાગના વચનનું અવલંબન લઈને સદા સંયમના વૃદ્ધિના કંડકના ઉપાયને સેવનારા હોય છે. આવો સંયમનો માર્ગ સંયમવેશધારી નપુંસક પુરુષથી ગમ્ય નથી; કેમ કે સત્ત્વહીન એવા તે જીવો બાહ્ય નિમિત્ત પ્રમાણે જ ભાવો કરે છે પરંતુ અંતરંગ અસંગને અનુકૂળ ઉચિત પ્રયત્ન કરી શકતા નથી. આ પ્રકારે સ્થિર નિર્ણય કરીને સંયમમાર્ગમાં ચાલવામાં ધીર અને ઉત્તરઉત્તરના સંયમના કંડકોને સ્પર્શવા માટેના ઉદાત્તઆશયવાળા એવા મહાત્માઓ ખેદ પામતા નથી=સંયમજીવનના કષ્ટમય આચારોથી ખેદ પામતા નથી પરંતુ પોતાના ભાવોની શુદ્ધિના ઉપાયરૂપે સર્વ સંયોગોમાં ઉચિત યત્ન કરે છે. **॥૧૬૫॥**

**શ્લોક :-**

**समुद्रगम्भीरमनाः स्वदर्पाद्,**
**भिनत्ति मार्गं न समाहितात्मा ।**
**आत्माश्रितामेव कुठारतैक्ष्ण्या-**
**च्छिनत्ति शाखां न तरोर्विपश्चित् ।।१६६।।**

**શ્લોકાર્થ :-**

**સમુદ્ર જેવા ગંભીર મનવાળા, સમાધિને પામેલા એવા મહાત્મા સ્વદર્પથી માર્ગનો ભેદ કરતા નથી=સર્વજ્ઞે બતાવેલા માર્ગનો વિનાશ કરતા નથી. બુદ્ધિમાન પુરુષ પોતાને આશ્રિત જ શાખાને કુઠારના ઘાથી છેદ કરતા નથી. ॥૧૬૬॥**

**ભાવાર્થ :-**

સમાધિને પામેલા સુસાધુ ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે અને જીવનમાં સેવવા માટે ગંભીર મનવાળા હોય છે. તેથી જેમ સમુદ્ર અતિઊંડાણવાળો હોય છે તેમ ભગવાનના વચનના પરમાર્થને ઊંડાણથી જોવાને અનુકૂળ મનોવ્યાપારવાળા તે મહાત્મા હોય છે તેથી પોતાના દર્પથી માર્ગનો ભેદ કરતા નથી. અર્થાત્ પોતાને કોઈક નિમિત્તે કોઈક પદાર્થ તેવો ભાસે છતાં આ પદાર્થ ભગવાનના વચન અનુસાર છે કે નહિ તેનો નિર્ણય કર્યા વગર પોતે બુદ્ધિમાન

છે તેવો દર્પ ધારણ કરીને માર્ગથી વિપરીત કથન કરતા નથી પરંતુ જ્યાં સુધી તે પદાર્થવિષયક ઉચિત નિર્ણય ન થાય ત્યાં સુધી તેના વિષયક મૌન ધારણ કરે છે અને ઉચિત નિર્ણય કરવા સમ્યક્ યત્ન કરે છે. આ કથનને દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે –

જેમ કોઈ બુદ્ધિમાન પુરુષ કોઈક વૃક્ષની શાખા ઉપર બેસીને તે વૃક્ષની શાખાઓનું છેદન કરતો હોય ત્યારે પણ પોતે જે શાખા ઉપર બેઠો છે તે શાખોનો છેદ કરે નહિ; કેમ કે તે શાખાના છેદથી પોતાનો વિનાશ થાય છે તેમ તે જાણે છે, તેમ સુસાધુ ભગવાનના માર્ગરૂપ શાખા ઉપર રહીને મોક્ષપથમાં જઈ રહ્યા છે અને સ્વદર્પથી તે માર્ગનો નાશ કરે તો પોતાનો નાશ થાય છે તેમ જાણે છે. માટે સમાધિવાળા મહાત્મા માર્ગનો ભેદ ક્યારેય કરતા નથી પરંતુ શુદ્ધ પ્રરૂપણા જ કરે છે. **॥૧૬૬॥**

**શ્લોક :-**

**उत्सर्गरुच्याऽप्यपवादरुच्या,**
**विचित्रसाध्वाचरणापलापात् ।**
**स्वबुद्धिमात्रेण समाधिभाजो,**
**न मार्गभेदं परिकल्पयन्ति ।।१६७।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિવાળા મહાત્માઓ સ્વબુદ્ધિમાત્રથી અપવાદરુચિથી, ઉત્સર્ગ-રુચિથી પણ વિચિત્ર સાધ્વાચારની આચરણાના અપલાપથી માર્ગના ભેદની પરિકલ્પના કરતા નથી. ॥૧૬૭॥**

**ભાવાર્થ :-**

કેટલાક સાધુઓ સંયમજીવનમાં અપવાદની રુચિવાળા હોય છે; કેમ કે સુખશીલ સ્વભાવના કારણે અપવાદના સ્થાનનો ઉચિત વિચાર કર્યા વગર સ્વબુદ્ધિમાત્રથી અપવાદનું યોજન કરે છે અને અપવાદની રુચિના કારણે વિવિધ પ્રકારના સાધ્વાચારની આચરણાનો અપલાપ કરીને માર્ગભેદ કરે છે.

વળી, કેટલાક સાધુઓ ઉત્સર્ગની રુચિવાળા હોય છે તેથી ઉત્સર્ગની પ્રવૃત્તિથી

સંયમના કંડકોની વૃદ્ધિને અનુકૂળ યત્ન થાય તેવો ન હોય ત્યારે અપવાદનું સેવન કરીને પણ સાધુએ સંયમના કંડકની વૃદ્ધિમાં યત્ન કરવો જોઈએ તેવા ભગવાનના વચનનો વિચાર કર્યા વગર સ્વબુદ્ધિમાત્રથી ઉત્સર્ગની રુચિને કારણે વિવિધ પ્રકારના સંયમના આચારોનો અપલાપ કરે છે અર્થાત્ સંયમવૃદ્ધિને અનુકૂળ ઉચિત એવા અપવાદપૂર્વક સેવવા યોગ્ય એવા સાધ્વાચારોનો અપલાપ કરે છે અને તેના દ્વારા ભગવાને બતાવેલા માર્ગ કરતાં અન્યમાર્ગની પ્રરૂપણા કરીને ભગવાનના માર્ગનો નાશ કરે છે. પરંતુ જે સાધુ સમાધિવાળા છે તેઓનું ચિત્ત તો સદા સમાધિના બળથી અસંગભાવને અનુકૂળ સર્વ ઉચિત ક્રિયામાં યત્ન કરવામાં પ્રેરણા કરે છે તેથી તેવા મહાત્માઓ ક્યારેય પણ ઉત્સર્ગની રુચિથી કે અપવાદની રુચિથી ઉચિત સાધ્વાચારનો અપલાપ કરતા નથી. તેથી ઉચિતસ્થાને ઉત્સર્ગ-અપવાદને યોજન કરીને સદા ભગવાને બતાવેલા માર્ગનું રક્ષણ કરે છે; કેમ કે ભગવાને અંતરંગ રીતે સંયમના કંડકોની વૃદ્ધિ થાય તેને લક્ષ કરીને સર્વત્ર ઉત્સર્ગ-અપવાદનું યોજન કરવાની અનુજ્ઞા આપી છે.

"उत्सर्गरुच्याऽप्यपवादरुच्या"માં 'अपि'થી એ કહેવું છે કે સમાધિવાળા મહાત્મા અપવાદની રુચિવાળા હોતા નથી પરંતુ ઉત્સર્ગની રુચિવાળા હોય છે તેથી અપવાદની રુચિથી તો માર્ગનો ભેદ કરતા નથી પરંતુ ઉત્સર્ગરુચિથી પણ માર્ગનો ભેદ કરતા નથી. **॥૧૬૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સમાધિવાળા મુનિઓ માર્ગભેદની પરિકલ્પના કરતા નથી. તેથી હવે તેવા મુનિઓ માર્ગભેદના અનર્થને કરતા નથી તેમ અન્ય શું કરતા નથી તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**यन्नैव सूत्रे विहितं न चापि,**
**निवारितं किंतु चिरप्ररूढम् ।**
**समाहिता मार्गभिदाभियैव,**
**तदप्यनालोच्य न दूषयन्ति ।।१६८।।**

**શ્લોકાર્થ :-**

**સૂત્રમાં જે વિહિત નથી જ અને નિવારિત પણ નથી=સૂત્રમાં નિષેધ પણ કરાયેલ નથી, પરંતુ ચિરરૂઢ છે=ચિરકાળથી પરંપરામાં આવેલું છે તેને પણ આલોચન કર્યા વગર માર્ગભેદના ભયથી જ સમાધિવાળા મુનિઓ દૂષિત કરતા નથી. ॥૧૯૮॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું શાસન ઉત્સર્ગ-અપવાદયુક્ત છે તેથી ઉચિત કાળે ઉત્સર્ગના સેવનથી જ મહાત્માઓ કલ્યાણ સાધે છે અને તથાવિધ સંયોગમાં અપવાદનું સેવન કરીને પણ કલ્યાણ સાધે છે. તેવા મહાત્માઓને કોઈક પ્રવૃત્તિ પૂર્વ સાધુઓની પરંપરાથી ચિરરૂઢ જણાય અને તેવી પ્રવૃત્તિ કરવાનું વિધાન શાસ્ત્રમાં પ્રાપ્ત થતું ન હોય અને તેનો નિષેધ પણ શાસ્ત્રમાં પ્રાપ્ત થતો ન હોય ત્યારે સમાધિને પામેલા મુનિઓ સત્શાસ્ત્રની મર્યાદાથી આ પ્રવૃત્તિ ઉચિત છે કે ઉચિત નથી તેનો નિર્ણય કરવા યત્ન કરે છે અને કોઈક રીતે નિર્ણય થાય તેમ ન જણાય તો તે પ્રવૃત્તિને દૂષિત કરતા નથી અર્થાત્ આ પ્રવૃત્તિ શાસ્ત્રસંમત નથી તેવી સંભાવના લાગવા માત્રથી તે પ્રવૃત્તિ અનુચિત છે તેમ કહેતા નથી; કેમ કે અપવાદથી કોઈક ગીતાર્થોએ તે પ્રવૃત્તિ આચરેલી હોય અને તે પ્રવૃત્તિમાર્ગ બને તેમ હોય અને તે પ્રવૃત્તિ પોતાને ઉચિત નથી તેવી સંભાવના લાગે એટલા માત્રથી તેને દૂષિત કરે તો ઉચિત પ્રવૃત્તિને દૂષિત કરવાથી માર્ગનાશનો પ્રસંગ આવે. તેથી સમાધિવાળા મુનિઓ તેવા સ્થાનમાં મૌન લઈને તે પ્રવૃત્તિને સ્વીકારી લે છે અને શાસ્ત્રના બળથી નક્કી જ થાય કે આ પ્રવૃત્તિ ઉચિત નથી તો જ તેને દૂષિત કરે છે, અન્યથા નહિ. **॥૧૯૮॥**

**અવતરણિકા :-**

**જે સાધુઓ ભગવાનના વચનથી ભાવિતમતિવાળા નથી તેથી સ્વમતિ અનુસાર સંયમની પ્રવૃત્તિ કરનારા છે તેઓ કેવા છે તે બતાવવા અર્થે કહે છે –**

શ્લોક :-

यथा यथा शिष्यगणैः समेतो,
बहुश्रुतः स्याद् बहुसंमतश्च ।
समाधिमार्गप्रतिकूलवृत्ति-
स्तथा तथा शासनशत्रुरेव ।।१६९।।

શ્લોકાર્થ :-

**સમાધિમાર્ગથી પ્રતિકૂળવૃત્તિવાળા સાધુ જેમ જેમ શિષ્યગણોથી યુક્ત, બહુશ્રુત, બહુલોકોમાં સંમત થાય તેમ તેમ શાસનના શત્રુ જ છે= ભગવાનના શાસનનો વિનાશ કરનારા જ છે. ।।૧૬૯।।**

ભાવાર્થ :-

જે સાધુ જિનવચન અનુસાર ઉત્સર્ગ-અપવાદનો ઉચિત નિર્ણય કર્યા વગર સંયમની પ્રવૃત્તિ કરે છે તેઓ વીતરાગના વચનથી પ્રતિકૂળ પ્રવૃત્તિ કરનારા હોવાથી અને વીતરાગના વચન અનુસાર પ્રવૃત્તિ કરવાના બદ્ધ રાગવાળા નહિ હોવાથી સમાધિમાર્ગને પ્રતિકૂળવૃત્તિવાળા છે. જે સાધુ મોહના ઉન્મૂલનને અનુકૂળ વ્યાપારરૂપ સમાધિમાર્ગની પ્રતિકૂળ આચરણા કરે છે, આમ છતાં ઘણા શિષ્યોથી યુક્ત હોય, વળી ઘણાં શાસ્ત્રો ભણેલો હોય અને વિદ્વાન હોવાથી ઘણા લોકોમાં મહાત્મા તરીકે સંમત હોય તોપણ તે ભગવાનના શાસનનો શત્રુ જ છે. એટલું જ નહિ પણ જેમ જેમ શિષ્ય અધિક, જેમ જેમ વિદ્વત્તા અધિક અને જેમ જેમ લોકોમાં સાધુ તરીકેની સંમતિ અધિક, તેમ તેમ ભગવાનના શાસનનો અધિક વિનાશ કરે છે. તેથી બાહ્ય આધિક્યથી ભગવાનના શાસનની શત્રુતાનું આધિક્ય છે. **।।૧૬૯।।**

શ્લોક :-

निरन्तरं दारुणकेशलोच-
ब्रह्मव्रताभिग्रहभारखिन्नाः ।

च्युताः समाधेः कृतमार्गभेदा,
निन्दन्ति शास्तारमनन्तपापाः ।।१७०।।

**શ્લોકાર્થ :-**

**સતત દારુણ એવા કેશનો લોચ, બ્રહ્મવ્રત અને અભિગ્રહના ભારથી ખેદ પામેલા, સમાધિથી ચ્યુત થયેલા, કર્યો છે માર્ગનો ભેદ જેમણે એવા અનંત પાપવાળા=અનંત સંસારનું અર્જન કરે તેવા પાપવાળા સાધુઓ, શાસ્તારની=ભગવાનની, નિંદા કરે છે=ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ કરીને ભગવાનની નિંદા કરે છે. ।।૧૭૦।।**

**ભાવાર્થ :-**

જે સાધુઓ કેશલોચની ક્રિયા બ્રહ્મચર્યનું પાલન, અભિગ્રહોનું પાલન જે રીતે ભગવાને કહેલું છે તે પ્રમાણે કરવા માટે સમર્થ નથી તેથી તે સર્વથી ખેદ પામેલા છે અને તેથી પોતાનો સુખશીલમાર્ગ સ્વીકાર્યો છે અને ભગવાનના વચનથી ભાવિત થઈને તેઓ માર્ગમાં પ્રવૃત્તિ કરી શકે તેવી સમાધિથી ચ્યુત થયેલા છે અને પોતાની સ્વમતિ અનુસાર કરાયેલી આચરણા જિનવચન અનુસાર છે તેમ સ્થાપન કરવા દ્વારા કર્યો છે માર્ગભેદ જેમણે તેવા છે તેઓ અનંત સંસારનું અર્જન કરે તેવાં પાપ બાંધનારા છે અને પોતાની વિપરીત પ્રવૃત્તિ દ્વારા માર્ગને બતાવનારા એવા તીર્થંકરોની નિંદા કરે છે અર્થાત્ આ પ્રવૃત્તિ તીર્થંકરથી પ્રરૂપિત છે એમ કહીને તીર્થંકરના માર્ગને અન્યથા બતાવીને તીર્થંકરની આશાતના કરે છે. **।।૧૭૦।।**

**શ્લોક :-**

उत्सूत्रलेशादपि मार्गभेद-
भिया प्रकम्पेत समाहितात्मा ।
उत्सूत्रलक्षादपि नो नृशंस-
सब्रह्मचारी तु बिभेत्यनीदृक् ।।१७१।।

**શ્લોકાર્થ :-**

**સમાધિ પામેલ આત્મા ઉત્સૂત્રલેશથી પણ માર્ગભેદના ભયને કારણે કંપે છે. વળી, અનીદૃક્=સમાધિ વગરનો નૃશંસ-સબ્રહ્મચારી=કઠોર હૈયાવાળો સપાઠી=કઠોર હૈયાવાળો સુસાધુની સાથે એક ગુરુ પાસે રહેનારો, સેંકડો ઉત્સૂત્રથી પણ ડરતો નથી. ।।૧૭૧।।**

**ભાવાર્થ :-**

ભગવાનના વચનથી ભાવિતમતિવાળા, સમાધિવાળા સાધુ ભગવાનના વચનથી લેશ પણ અન્યથા કથનરૂપ ઉત્સૂત્ર થાય અને ભગવાનના વચનથી વિપરીત આચરણારૂપ ઉત્સૂત્ર પ્રવૃત્તિ થાય તેનાથી માર્ગનો ભેદ પ્રાપ્ત થાય અર્થાત્ ભગવાનનો માર્ગ વિનાશ પામે એ પ્રકારના માર્ગના વિનાશના ભયથી હંમેશાં ડરનારા હોય છે તેથી સદા ઉત્સૂત્રભાષણના પરિહાર માટે અને ઉત્સૂત્ર પ્રવૃત્તિના પરિહાર માટે પ્રયત્નશીલ હોય છે, તો વળી તે મહાત્માના સપાઠી અને હૈયાથી નૃશંસ એવા જે સાધુઓ સમાધિવાળા નથી તેઓ લાખો ઉત્સૂત્રથી પણ ડરતા નથી.

આનાથી એ ફલિત થાય કે જેઓ સંસારથી ભય પામેલા છે અને સંસારના ઉચ્છેદનો ઉપાય જિનવચન છે એવી સ્થિરબુદ્ધિ છે તેવા મહાત્માઓ જ સદા ઉત્સૂત્રપ્રરૂપણાના પરિહાર અર્થે અને ઉત્સૂત્રપ્રવૃત્તિના પરિહાર અર્થે યત્ન કરે છે. અન્ય જીવો ધર્મબુદ્ધિથી સંયમ પાળતા હોય તોપણ સ્વરુચિ અનુસાર પ્રવૃત્તિ કરીને ઉત્સૂત્રથી ભય પામતા નથી. **।।૧૭૧।।**

**શ્લોક :-**

**भवेन्न सत्त्वाधिकमानसस्य,**
**बिभीषिका क्वापि समाहितस्य ।**
**भिन्नेभकुम्भस्थलमौक्तिकाङ्क-**
**क्रमस्य सिंहस्य कुतोऽस्तु शङ्का ।।१७२।।**

**શ્લોકાર્થ :-**

**સત્ત્વના અધિક માનસવાળા એવા સમાધિને પામેલા મહાત્માઓને ક્યાંય પણ ભય થતો નથી=કોઈ પણ વિષમ સંજોગોમાં પોતાનાથી વિપરીત પ્રવૃત્તિ થશે તેવો ભય થતો નથી, ભેદી નાખ્યો છે હાથીના કુંભસ્થલને તેના કારણે મદના મોતીઓથી જેનાં ચરણકમળ રંગાયેલાં છે તેવા સિંહને કોનાથી શંકા હોય ? અર્થાત્ કોઈનાથી ભયની શંકા નથી. ।।૧૭૨।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ જિનવચનથી ભાવિતમતિવાળા છે અને જિનવચન અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરીને સમાધિને પામેલા છે અને ઉત્તર ઉત્તરના સંયમ કંડકોને સેવીને અધિક સત્ત્વ જેઓએ પ્રગટ કર્યું છે તેવા સત્ત્વ અધિક માનસવાળા મહાત્માઓને કોઈ સંયોગોમાં પોતાના પરિણામોથી ચલિત થવાનો ભય નથી. આને દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે –

જેમ મહાપરાક્રમી સિંહ કોઈ મદથી ઉન્મત્ત થયેલા હાથીના કુંભસ્થલને ભેદી નાખે અને તેના કારણે તે હાથીના મદથી બનેલા મોતીથી જેનાં ચરણકમળ ખરડાયેલાં છે એવા સિંહને અન્ય પશુઓથી ભયની શંકા રહેતી નથી તેમ જે મહાત્માઓએ ભાવનાથી ભાવિત થઈને પોતાનું માનસ અધિક સત્ત્વવાળું નિષ્પન્ન કર્યું છે તેવા સાત્ત્વિક યોગીઓને તુચ્છ એવાં બાહ્ય નિમિત્તોથી પાત થવાનો ભય રહેતો નથી. **।।૧૭૨।।**

**શ્લોક :-**

**समाधिसंतोषवतां मुनीनां,**
**स्वप्नेऽपि न स्यात् परमार्गदृष्टिः ।**
**न मालतीपुष्परतः करीरे,**
**बध्नाति रोलम्बयुवाऽभिलाषम् ।।१७३।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિમાં સંતોષવાળા મુનિઓને સ્વપ્નમાં પણ પરમાર્ગની દૃષ્ટિ થાય નહિ. માલતીપુષ્પમાં રત એવો યુવાન ભમરો કરીર નામના ફૂલમાં અભિલાષને કરતો નથી. ||૧૭૩||**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ મોહથી અનાકુળ એવી ઉત્તમ ચિત્તવૃત્તિરૂપ સમાધિમાં સંતોષવાળા છે, તેઓની તેવી ઉત્તમ ચિત્તવૃત્તિરૂપ સમાધિનું પ્રબળ કારણ સર્વજ્ઞે બતાવેલો માર્ગ જ છે એવો સ્થિર નિર્ણય છે; કેમ કે સર્વજ્ઞે ઉપદેશેલો સર્વમાર્ગ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા વીતરાગતાને અનુકૂળ જીવવીર્ય ઉલ્લસિત કરવા માત્રમાં વ્યાપારવાળો છે, તેથી સમાધિની અતિશયતાને કરનારો છે. વળી, સમાધિમાં જેઓને સંતોષ છે તેવા મુનિઓને સમાધિની અતિશયતાના પ્રબળ કારણભૂત એવા જિનમતમાં અતિરાગ છે તેથી સ્વપ્નમાં પણ પરદર્શનના માર્ગમાં રુચિ થતી નથી; કેમ કે પરદર્શનનો માર્ગ કંઈક યોગમાર્ગને કહેનારો હોવા છતાં કોઈક એક નયદૃષ્ટિથી પ્રવર્તતો હોવાના કારણે પરિપૂર્ણ શુદ્ધ નથી. તેથી સમાધિની વૃદ્ધિમાં અન્યદર્શન જિનમત જેવું પ્રબળ કારણ નથી. માટે સમાધિમાં સંતોષવાળા મુનિઓને તે માર્ગ પ્રત્યે ક્યારેય આકર્ષણ થતું નથી. આ કથનને દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે -

ભમરાને સ્વભાવથી માલતીપુષ્પ પ્રત્યે રાગ હોય છે અને તેમાં પણ યુવાનીના મદને કારણે યુવાન ભમરાને વિશેષ પ્રકારે માલતીપુષ્પ પ્રત્યે આકર્ષણ હોય છે. તેવો યુવાન ભમરો સુગંધ વગરના કરીરપુષ્પમાં ક્યારેય અભિલાષ કરતો નથી, તેમ માલતીપુષ્પના જેવા સમાધિરસથી ભરપૂર એવા જિનમતમાં સંતોષવાળા મુનિઓને કરીરપુષ્પ જેવા સમાધિના પ્રબળ અંગ વગરના અન્યદર્શનમાં ક્યારેય અભિલાષ થતો નથી. **||૧૭૩||**

**શ્લોક :-**

**कुत्सां मलक्लिन्नकलेवरेषु,**
**कुर्वन्ति नो शुद्धसमाधिभाजः ।**

व्रजन्ति नोद्वेगमनिष्टभावा-

न्निवर्तयन्त्यक्षि न चाप्रशस्तात् ।।१७४।।

**શ્લોકાર્થ :-**

**શુદ્ધસમાધિને ભજનારા મુનિઓ મલથી ક્લિન્ન એવા ક્લેવરોમાં=મળથી યુક્ત એવા શરીરોમાં, કુત્સાને=જુગુપ્સાને, કરતા નથી. અનિષ્ટ ભાવોથી ઉદ્વેગને પામતા નથી. અપ્રશસ્તથી=અપ્રશસ્ત એવા ભાવોથી, ચક્ષુને નિવર્તન કરતા નથી. ।।૧૭૪।।**

**ભાવાર્થ :-**

જેઓને આત્માનું પારમાર્થિક સ્વરૂપ સમભાવવાળું છે તેવો બોધ છે તેથી સમભાવ પ્રત્યેના પક્ષપાતવાળા છે અને સદા સમભાવમાં રહેવા માટે ઉદ્યમ કરનારા છે તેઓ શુદ્ધસમાધિને ભજનારા છે અને તેવા મહાત્માઓ પોતાના કે અન્ય મહાત્માઓના મલથી યુક્ત દેહને જોઈને જુગુપ્સા કરતા નથી પરંતુ આત્માની નિર્લેપ પરિણતિ પ્રત્યે જ સદા ઉદ્યમ કરે છે.

વળી, પોતાના દેહને અનિષ્ટ કરે એવા ભાવોની પ્રાપ્તિ થાય તોપણ ઉદ્વેગ પામતા નથી પરંતુ વિચારે છે કે કર્મના ઉદયથી દેહની પ્રાપ્તિ થઈ છે અને તેવા પ્રકારના કર્મની પ્રાપ્તિથી જ અનિષ્ટ સંયોગો પ્રાપ્ત થાય છે અને કર્મકૃત ભાવોમાં હર્ષ-શોક કરવો આત્માનો સ્વભાવ નથી તેમ વિચારીને અનિષ્ટભાવોમાં પણ સમભાવને ધારણ કરે છે પરંતુ ઉદ્વેગને પામતા નથી.

વળી, તેવા મહાત્માઓ ઇન્દ્રિયને ન ગમે તેવા અપ્રશસ્તભાવથી ચક્ષુને નિવર્તન કરતા નથી. પરંતુ ઇન્દ્રિયને અપ્રિય ભાવોને જોઈને પણ ચિત્તને રાગ-દ્વેષથી પર રાખીને ઇન્દ્રિયના વિષયમાં મધ્યસ્થભાવને ધારણ કરે છે. **।।૧૭૪।।**

**શ્લોક :-**

न मूत्रविष्टापिठरीषु रागं,

बध्नन्ति कान्तासु समाधिशान्ताः ।

अनङ्गकीटालयतत्प्रसङ्ग-
मब्रह्म दौर्गन्ध्यभिया त्यजन्ति ।।१७५।।

**શ્લોકાર્થ :-**

**સમાધિથી શાંત થયા છે વિકારો જેમને એવા મુનિઓ મૂત્ર, વિષ્ટાની પીઠરી એવી સ્ત્રીઓમાં રાગને બાંધતા નથી. દુર્ગંધતાના ભયથી કામના કીટાલય એવા તેના પ્રસંગરૂપ અબ્રહ્મને=સ્ત્રીના ભોગના પ્રસંગરૂપ અબ્રહ્મને, ત્યાગ કરે છે. ।।૧૭૫।।**

**ભાવાર્થ :-**

આત્માના નિર્વિકાર સ્વરૂપને ભાવન કરીને જેઓના ચિત્તમાં વિકારો શાંત થયા છે તેવા મહાત્માઓ સમાધિને કારણે શાંતવિકારવાળા છે અને તેઓને સુંદર પણ સ્ત્રીઓના દેહો મૂત્ર, વિષ્ટાના કોઠારરૂપ દેખાય છે. તેથી તેવા દેહો પ્રત્યે રાગને બાંધતા નથી.

વળી, તત્ત્વદૃષ્ટિથી પદાર્થને જોનારા હોવાથી અબ્રહ્મની ક્રિયા દુર્ગંધમય છે તે રીતે જોઈને તે દુર્ગંધ પ્રત્યેના ભયથી કામના કીટાલય જેવા ભોગનો ત્યાગ કરે છે અર્થાત્ કામરૂપી પીડાથી વિસ્વળ થયેલા જીવો જ મોહની લાલસાવાળા હોય છે પરંતુ મુનિઓ તો અબ્રહ્મની દુર્ગંધતાનો વિચાર કરીને તે કામની વૃત્તિને જ અત્યંત શાંત કરી દે છે જેથી કામરૂપી કીડો ખદખદ થાય નહિ, જેના કારણે ભોગની લાલસા તેઓને થતી નથી. **।।૧૭૫।।**

**શ્લોક :-**

स्मिताच्छपुष्पाधरपल्लवश्री-
विशालवक्षोजफलाभिरामाम् ।
दृष्ट्वाऽपि नारीं न समाहितात्मा,
मुह्येद् विदंस्तां विषवल्लिरूपाम् ।।१७६।।

**શ્લોકાર્થ :-**

**સ્મિતને કારણે સુંદર એવા પુષ્પોના હોઠથી પલ્લવિત થયેલી લક્ષ્મી છે જેને અને વિશાળ વક્ષઃસ્થલરૂપી ફળથી શોભતી એવી નારીને જોઈને પણ સમાધિવાળા આત્મા વિષવલ્લીરૂપ તેણીને જાણતા મોહ પામતા નથી. ||૧૭૬||**

**ભાવાર્થ :-**

કોઈક સુંદર રૂપસંપન્ન સ્ત્રી હોય અને તેના મુખ ઉપરના સ્મિતને જોઈને કે તેના વિશાળ વક્ષઃસ્થલને જોઈને સામાન્યથી સંસારી જીવોને મોહ થાય છે પરંતુ ભગવાનના વચનથી ભાવિત થઈને સમાધિ પામેલા મહાત્માઓ તો વિષની વેલી જેવી આ સ્ત્રી છે તેથી તેના પ્રત્યે સહેજ પણ મોહ પામ્યા વગર બ્રહ્મગુપ્તિથી ગુપ્ત રહે છે. **||૧૭૬||**

**શ્લોક :-**

**कुचद्वये चन्दनपङ्किले च,**
**स्मितप्रवाहे च मृगेक्षणानाम् ।**
**येषां न चेतः स्खलितं समाधे-**
**र्नामापि तेषां दुरितानि हन्ति ।।१७७।।**

**શ્લોકાર્થ :-**

**સ્ત્રીઓના ચંદનથી લેપાયેલા કુચદ્વયમાં અને સ્મિતના પ્રવાહમાં સમાધિના કારણે જેઓનું ચિત્ત સ્ખલિત થતું નથી તેઓનાં નામો પણ પાપનો નાશ કરનાર છે. ||૧૭૭||**

**ભાવાર્થ :-**

કોઈ રૂપસંપન્ન સ્ત્રી હોય અને ચંદનઆદિના વિલેપનથી તેણીનાં સ્તનો આકર્ષણ કરે તેવાં હોય અને તેણીના સ્મિતનો પ્રવાહ પણ આકર્ષણ કરે તેવો હોય આમ છતાં જે મહાત્માઓ આત્માના બ્રહ્મસ્વરૂપથી ભાવિત થયેલા છે અને તેના કારણે સમાધિનો પરિણામ વર્તે છે તેથી તેવી સુંદર સ્ત્રીઓ પ્રત્યે

જેઓના ચિત્તમાં વિકાર થતો નથી તેવા મહાત્માઓનાં નામસ્મરણથી પણ પાપોનો નાશ થાય છે; કેમ કે નિર્વિકારી એવા યોગીઓનાં નામથી નિર્વિકારી ભાવો ઉલ્લસિત થાય છે જેથી ઘણાં પાપોનો નાશ થાય છે. **॥૧૭૭॥**

**શ્લોક :-**

**कटाक्षबाणैः सुदृशां समाधि-**
**वर्मावृता ये खलु नैव विद्धाः ।**
**प्राप्ताः स्वयं ते भवसिन्धुपार-**
**मन्यानपि प्रापयितुं समर्थाः ।।१७८ ।।**

**શ્લોકાર્થ :-**

**સુંદર દૃષ્ટિવાળી સ્ત્રીઓનાં કટાક્ષનાં બાણો વડે સમાધિરૂપી બખ્તરથી આવૃત એવા જેઓ વીંધાયા નથી જ, તેઓ સ્વયં ભવરૂપી સમુદ્રના પારને પામેલા છે. અન્યોને પણ ભવરૂપી સમુદ્રથી પારને પ્રાપ્ત કરાવવા માટે સમર્થ છે. ॥૧૭૮॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓએ આત્માના બ્રહ્મસ્વરૂપથી ભાવિત થઈને સમાધિરૂપી બખ્તરને ધારણ કરેલું છે, તે મહાત્માઓ સુંદર સ્ત્રીઓનાં કટાક્ષબાણો વડે ક્યારેય વીંધાતા નથી જ અને જેઓ આ રીતે વિકારોથી પર થઈને સંયમયોગમાં યતમાન છે તેઓ ભવરૂપી સમુદ્રના પારને પામવાની તૈયારીમાં છે તેથી સમુદ્રના પારને પામેલા છે.

વળી, પોતે નિર્વિકારી હોવાથી અન્ય જીવોને પણ માર્ગાનુસારી બોધ કરાવીને નિર્વિકારી બનાવવા દ્વારા ભવસમુદ્રને પાર પમાડવામાં સમર્થ છે. **॥૧૭૮॥**

**શ્લોક :-**

**अहं ममेति प्रथमानबुद्धि-**
**र्बध्नाति कर्माण्यसमाहितात्मा ।**

**तस्यैव नाहं न ममेति बुद्धि-**
**र्बन्धप्रमोक्षाय समाधिकाले ।।१७९।।**

**શ્લોકાર્થ :-**

**હું=દેહ તે હું અને મારા દેહને અનુકૂળ સામગ્રી મારી, એ પ્રકારની વિસ્તાર પામતી બુદ્ધિ છે જેમને એવા અસમાધિવાળા આત્માઓ કર્મો બાંધે છે. તેઓની જ=અસમાધિવાળા આત્માની જ, હું નહિ=હું દેહ નહિ, અને મારું નહિ=બાહ્ય સામગ્રી મારી નહીં, એ પ્રકારની સમાધિકાળમાં થયેલી બુદ્ધિ બંધના નાશ માટે થાય છે=કર્મના નાશ માટે થાય છે. ॥૧૭૯॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને દેહરૂપ જ પોતે છે એ પ્રકારની પ્રતીતિ છે અને દેહને કારણે સંબંધિત એવાં સ્વજન, ગૃહ-ધનાદિમાં મારાપણાની બુદ્ધિ છે અને આ બુદ્ધિ સદા વિસ્તાર પામતી પ્રવર્તે છે અને તે બુદ્ધિથી સંસારી જીવો સદા જીવન પ્રવૃત્તિ કરે છે. આવી બુદ્ધિવાળા જીવો સદા અસમાધિવાળા છે; કેમ કે મોહથી આકુળ છે. આવી બુદ્ધિના કારણે સદા રાગાદિ ભાવો કરીને સંસારી જીવો કર્મ બાંધે છે. જ્યારે અંતરંગ વિવેકચક્ષુ પ્રગટે છે ત્યારે જીવને દેખાય છે કે દેહ હું નથી પરંતુ શુદ્ધ એવા મારા આત્માને વળગેલો દેહ છે અને દેહથી ભિન્ન એવો મારો આત્મા છે અને બાહ્ય સ્વજન આદિ કે ધનાદિ મારાં નથી, પરંતુ મોહથી અનાકુળ એવી જ્ઞાનસંપત્તિ જ મારી છે; કેમ કે તે જ્ઞાનસંપત્તિથી જ મારો આત્મા સુખી છે તેથી દેહ હું નથી, આ મારું નથી એ પ્રકારની બુદ્ધિ તેઓને સમાધિકાળમાં પ્રવર્તે છે અને જે “अहं-मम”ની બુદ્ધિથી પૂર્વમાં કર્મ બંધાયેલાં તે “नाहं न मम”ની બુદ્ધિથી નાશ પામે છે. **॥૧૭૯॥**

**શ્લોક :-**

**यो ब्राह्मणः क्षत्रियदारको वा,**
**तथोग्रपुत्रोऽपि च भोगपुत्रः ।**

गृहीतदीक्षः परदत्तभोजी,

गोत्राभिमानी न समाहितोऽसौ ।।१८०।।

**શ્લોકાર્થ :-**

**જે બ્રાહ્મણ હોય અથવા ક્ષત્રિયપુત્ર હોય અને ઉગ્રકુળનો પુત્ર હોય અથવા ભોગકુળનો પુત્ર હોય અને કોઈક રીતે વૈરાગ્ય પામીને દીક્ષા ગ્રહણ કરેલ હોય અને પરદત્તભોજી હોય આમ છતાં ગોત્રઅભિમાની હોય એ સમાધિવાળો નથી. ।।૧૮૦।।**

**ભાવાર્થ :-**

કોઈક રીતે નિમિત્ત પામીને દીક્ષા ગ્રહણ કરેલ હોય અને સંયમ અર્થે બીજા વડે અપાયેલ નિર્દોષ ભિક્ષાથી ભોજન કરનાર હોય આમ છતાં પોતે બ્રાહ્મણ છે માટે હું ઉચ્ચગોત્રનો છું અથવા ક્ષત્રિય પુત્ર છું માટે વિશેષ છું અથવા ઉગ્રકુળનો છું માટે વિશેષ છું, હું ભોગકુળનો છું માટે વિશેષ છું એ પ્રકારના પોતાના ગોત્રના સ્મરણથી પોતે બીજા કરતાં વિશેષ છે તેવી બુદ્ધિને જેઓ ધારણ કરે છે તેઓ સાધ્વાચારની ક્રિયા કરતા હોય તોપણ સમાધિવાળા નથી; કેમ કે તત્ત્વને જોવાની દૃષ્ટિવાળા મુનિઓ તો વિચારે છે કે બ્રાહ્મણ આદિ કુળો કર્મકૃત છે જ્યારે કર્મથી રહિત એવો આપણો આત્મા બધા જીવોની સાથે સમાન છે અને તેવા શુદ્ધઆત્મા પ્રત્યેના રાગવાળા યોગીઓ કર્મકૃત એવા બ્રાહ્મણ આદિભાવો કૃત પોતાની મહાનતાને જોતા નથી. **।।૧૮૦।।**

**શ્લોક :-**

न तस्य जातिः शरणं कुलं वा,

विद्यां चरित्रं च विना कदाऽपि ।

करोति निष्क्रम्य स गेहिचर्या,

भवेद् भवाब्धेस्तु न पारदृश्वा ।।१८१।।

**શ્લોકાર્થ :-**

**વિદ્યા અને ચારિત્ર વગર=સંયમજીવનમાં શ્રુતજ્ઞાન અને ચારિત્ર વગર**

**ક્યારેય પણ તેને=ગૃહીતદીક્ષાવાળા જીવને, જાતિ અને કુળ શરણ નથી. નિષ્ક્રમણ કરીને=ગૃહનો ત્યાગ કરીને તે=જાતિ અને કુળનું શરણ લેનાર સાધુ, ગૃહસ્થની ચર્યાને કરે છે. વળી, ભવસમુદ્રથી પારને જોનારો નથી=મોક્ષને જોનારો નથી. ।।૧૮૧।।**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ ઉત્તમકુળ, ઉત્તમજાતિમાંથી આવેલા હોય તે ઉત્તમકુળ કે ઉત્તમજાતિ તેને ભવથી નિસ્તાર કરવામાં શરણભૂત નથી પરંતુ ભગવાનનાં વચન અનુસાર શ્રુતજ્ઞાનનો યથાર્થ બોધ હોય, ભગવાનનાં વચન અનુસાર સંયમની શુદ્ધ આચરણાના બળથી ચારિત્રની પરિણતિ પ્રગટ થયેલી હોય, તો તે શ્રુતચારિત્રની પરિણતિ તે આત્માનું સંસારમાં રક્ષણ કરવા માટે શરણભૂત છે. આમ છતાં સંયમ ગ્રહણ કરીને જેઓ પોતાના જાતિ-કુળનું શરણ લઈને પોતે કંઈક છે તેમ માને છે તેઓ સંયમની સર્વ ક્રિયાઓ કરતા હોય તોપણ ગૃહસ્થની ચર્યાને કરનારા છે પરંતુ સંસારથી પાર પામવાની ચર્યાને કરનારા નથી. તેઓ સંસારસમુદ્રથી પાર થનારા માર્ગને જોનારા નથી પરંતુ ભવના માર્ગને જ જોનારા છે. **।।૧૮૧।।**

**શ્લોક :-**

**प्राप्ताः स्वयं कर्मवशादनन्ता,**
**जातीर्भवावर्तविवर्तमानाः ।**
**विज्ञाय हीनोत्तममध्यमाः कः,**
**समाधिभाग् जातिमदं विदध्यात् ।।१८२।।**

**શ્લોકાર્થ :-**

**કર્મના વશથી ભવના આવર્તમાં વર્તતી અનંતી જાતિ સ્વયં પ્રાપ્ત કરાઈ. હીન, ઉત્તમ અને મધ્યમ એવી જાતિને જાણીને સમાધિવાળા એવા કોણ મહાત્મા જાતિમદને કરે ? અર્થાત્ કરે નહિ. ।।૧૮૨।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોનારા છે અને સંસારના જીવો કર્મને પરતંત્ર થઈને સર્વ વિડંબણા પ્રાપ્ત કરનારા છે તેવો બોધ થવાથી જેઓનું ચિત્ત તત્ત્વથી ભાવિત થયું છે તેના કારણે મોહની આકુળતારૂપ જીવની પરિણતિ શાંત થયેલી છે તેવા મહાત્માઓ સમાધિને ભજનારા છે અને સમાધિના પરિણામને કારણે વિચારે છે કે ભવના આવર્ત્તોના વચમાં વર્તતી ઉચ્ચ-નીચ જાતિઓ કર્મના વશથી પોતે અનંતીવાર પ્રાપ્ત કરી છે, તેથી આ હીનજાતિવાળા છે કે આ ઉત્તમજાતિવાળા છે કે આ મધ્યમજાતિવાળા છે તેવું જ્ઞાન કરીને પોતાની જાતિવિષયક ગૌરવને ધારણ કરે તેવો જાતિમદ ક્યારેય ધારણ કરતા નથી. પરંતુ સર્વ ઉદ્યમથી શાંતરસની વૃદ્ધિમાં યત્ન કરે છે. **॥૧૮૨॥**

**શ્લોક :-**

**अशुद्धशीले च विशुद्धशीले,**
**प्रयोजनं शुद्धकुलस्य नेति ।**
**नौपाधिकश्लाघ्यतयाऽन्वितेन,**
**कुलेन माद्यन्ति समाधिभाजः ।।१८३।।**

**શ્લોકાર્થ :-**

**શુદ્ધકુળનું અશુદ્ધશીલમાં કે વિશુદ્ધશીલમાં પ્રયોજન નથી. એથી ઔપાધિક શ્લાઘ્યપણાથી અન્વિત એવા કુળ વડે સમાધિવાળા મહાત્મા મદ કરતા નથી. ।।૧૮૩।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા અશુદ્ધશીલવાળા હોય, કોઈ મહાત્મા વિશુદ્ધશીલવાળા હોય તે શીલની પ્રાપ્તિ પ્રત્યે શુદ્ધકુળ કારણ નથી પરંતુ તત્ત્વમાર્ગ પ્રત્યેનું મહાપરાક્રમ જ કારણ છે. આથી શુદ્ધકુળમાં જન્મેલા પણ કેટલાક અશુદ્ધશીલવાળા બને છે અને અશુદ્ધકુળમાં જન્મેલા પણ કેટલાક મહાત્મા વિશુદ્ધશીલવાળા બને છે, તેથી શુદ્ધકુળની પ્રાપ્તિ એ ઔપાધિક શ્લાઘ્યપણાથી અન્વિત છે; કેમ કે તે

પ્રકારના કર્મરૂપ ઉપાધિના કારણે શુદ્ધકુળમાં જન્મ થયો તેથી તે શુદ્ધકુળમાં જન્મેલાની શ્લાઘા થાય છે કે આ મહાત્મા આવા ઉત્તમકુળમાં જન્મ્યો છે, તોપણ ઉત્તમકુળમાં જન્મેલા નિયમથી વિશુદ્ધશીલવાળા જ બને એવું નિયત નથી. માટે સમાધિવાળા મહાત્મા વિચારે છે કે ઉત્તમશીલનું જીવ માટે મહત્ત્વ છે. ઔપાધિક એવું ઉત્તમકુળનું જીવ માટે કોઈ પ્રયોજન નથી. આમ વિચારીને કુળના મદને કરતા નથી.

અહીં વિશેષ એ છે કે સામાન્યથી શુદ્ધકુળમાં જન્મેલા શુદ્ધશીલવાળા બને તેવી સંભાવના છે તોપણ શુદ્ધકુળમાં જન્મેલા કેટલાક અશુદ્ધશીલવાળા પણ પ્રાપ્ત થાય છે; કેમ કે કર્મને પરવશ થયેલા જીવો શુદ્ધકુળમાં જન્મ્યા હોય તોપણ કર્મને વશ અનુચિત આચરણા કરે છે. વળી અશુદ્ધકુળ સામાન્યથી જીવને અશુદ્ધ આચરણા કરવામાં પ્રબળ નિમિત્ત બને છે તોપણ અશુદ્ધકુળમાં જન્મેલા પણ કેટલાક વિવેકવાળા બને છે ત્યારે શુદ્ધશીલસંપન્ન બને છે. તેથી શુદ્ધકુળ અવશ્ય વિશુદ્ધશીલની પ્રાપ્તિ કરાવે તેવો નિયમ બાંધી શકાય નહિ. ફક્ત લોકોમાં શુદ્ધકુળની મહત્તા હોય છે તેથી વ્યવહારમાં શુદ્ધકુળની શ્લાઘા થાય છે. આ પ્રકારના પરમાર્થના સ્વરૂપને વિચારીને સમાધિને ભજનારા મહાત્માઓ કુળમદને કરતા નથી. પરંતુ સર્વ ઉદ્યમથી વિશુદ્ધશીલમાં ઉદ્યમ કરે છે. **॥૧૮૩॥**

**શ્લોક :-**

**विनाशशीले कलुषेन पूर्णे,**
**जरारुजां सद्मनि नित्यसेव्ये ।**
**रूपेऽस्तु कः शोणितशुक्रबीजे,**
**मदावकाशः सुसमाधिभाजाम् ।।१८४।।**

**શ્લોકાર્થ :-**

**વિનાશશીલ=વિનાશ પામવાના સ્વભાવવાળા, કલુષથી પૂર્ણ=લોહી-માંસ આદિ કલુષિત પદાર્થોથી પૂર્ણ, જરા અને રોગનું ઘર, નિત્ય સેવવા યોગ્ય=હંમેશાં આળપંપાળ કરવા યોગ્ય, લોહી અને શુક્ર છે**

**બીજ જેનું એવા રૂપમાં સમાધિવાળા મુનિઓને મદનો અવકાશ ક્યાંથી હોય ? ॥૧૮૪॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોનું રૂપ કેવું છે તેનું વાસ્તવિક સ્વરૂપ ચિંતવન કરીને જેઓ સુસમાધિને પામેલા છે એવા મહાત્માઓને રૂપનો મદ થતો નથી અર્થાત્ પોતાના રૂપને જોઈને હું સુરૂપ છું, હું પુણ્યશાળી છું એવો અધ્યવસાય થતો નથી પરંતુ અપ્રમાદભાવથી સંયમમાં ઉલ્લસિત થવાનો અધ્યવસાય જ વર્તે છે.

સુરૂપનું સ્વરૂપ કેવી રીતે સમાધિવાળા મહાત્મા વિચારે છે તે બતાવતા કહે છે સંસારી જીવોનું રૂપ વિનાશશીલ છે; કેમ કે ગમે તે સામગ્રીને પામીને સુરૂપવાળા પણ કુરૂપવાળા બને છે. આથી જ અગ્નિઆદિથી દાઝી જાય તો પોતાનું સુરૂપ પણ કુરૂપ બને છે. વળી, જે આ દેહનું સુંદર રૂપ છે તે લોહી-માંસ આદિ કલુષિત દ્રવ્યથી પૂર્ણ છે માટે પણ તેવા રૂપને જોઈને વિવેકી પુરુષો હું રૂપવાળો છું એવો મદ કરતા નથી. વળી, આ રૂપ જરા અને રોગનું સ્થાન છે અર્થાત્ યુવાવસ્થામાં દેખાતું સુંદર રૂપ વૃદ્ધાવસ્થામાં અસાર બને છે. વળી, કુષ્ઠાદિ રોગો થાય તોપણ રૂપ અસાર બને છે, જેમ સનત્કુમાર ચક્રવર્તીનું રૂપ રોગથી ક્ષણમાં વિનાશ પામેલ.

વળી, સંસારી જીવોના રૂપને સાચવવા માટે પૂરતી કાળજી લેવામાં ન આવે તો વિનાશ પામે છે. આથી પ્રાપ્ત થયેલા રૂપને જાળવી રાખવા સદા ઉચિત પ્રયત્ન કરવો પડે છે તેથી પણ રૂપ અસાર છે. વળી, દેહનું જે રૂપ દેખાય છે તે લોહી અને વીર્યથી ઉત્પન્ન થયેલું છે માટે પણ અસાર છે. આ પ્રમાણે વિચારીને પોતાના સુંદર રૂપ પ્રત્યે નિર્મમબુદ્ધિવાળા એવા મહાત્માઓ રૂપનો મદ કરતા નથી. **॥૧૮૪॥**

**શ્લોક :-**

**उपस्थिते मृत्युबलेऽबलेन,**
**समाधिभाग् माद्यति नो बलेन ।**

**आसाद्य चारित्रबलस्य निष्ठां,**

**संसारकोटीमरणापहर्त्रीम् ।।१८५।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિવાળા મહાત્માઓ સંસારના કોટીમરણ હરણ કરનારી એવી ચારિત્રબળની નિષ્ઠાને પામીને ઉપસ્થિત એવા મૃત્યુબળમાં અબળ એવા બળથી=મૃત્યુના નિવારણ માટે બળ વગરના દેહના બળથી, મદ કરતા નથી. ।।૧૮૫।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને દેહનું બળ પ્રાપ્ત થયેલું હોય તો હું મહાબલિષ્ઠ છું એવી બુદ્ધિ થાય છે તેથી પોતાના બળવિષયક મદવાળા હોય છે. પરંતુ સમાધિવાળા મુનિઓ તત્ત્વને જોનારી નિર્મળદૃષ્ટિવાળા હોય છે તેથી વિચારે છે કે મારે પણ એક દિવસ દેહનો ત્યાગ કરીને મૃત્યુને પામવાનું છે તેથી ઉપસ્થિત એવા મૃત્યુના બળમાં તેના નિવારણનું સામર્થ્ય આ દેહમાં નથી; કેમ કે ગમે તેવું દેહનું બળ હશે તોપણ પોતે મૃત્યુનું નિવારણ કરી શકશે નહિ, જ્યારે ચારિત્રનું બળ તો સંસારના કોટિ મરણને હરનાર છે અને તેવી ચારિત્રની નિષ્ઠાને પામેલા મહાત્માને પોતાના ચારિત્રબળ માટે સંતોષ હોય છે. દેહના બળ માટે સંતોષ નથી તેથી દેહનો મદ કરતા નથી પણ સદા મોહથી અનાકુળ એવી ચારિત્રની પરિણતિને સ્થિર કરવા માટે જ ઉદ્યમ કરે છે; કેમ કે ચારિત્રના બળથી જ અનંત મૃત્યુનો નાશ થઈ શકે છે. દેહના બળથી આ ભવનું મૃત્યુ પણ નિવારણ થઈ શકતું નથી. **।।૧૮૫।।**

**શ્લોક :-**

**विद्वाननित्यौ परिभाव्य लाभा-**

**लाभौ स्वकर्मप्रशमोदयोत्थौ ।**

**मदं न लाभान्न च दीनभाव-**

**मलाभतो याति समाहितात्मा ।।१८६।।**

**શ્લોકાર્થ :-**

**સ્વકર્મના પ્રશમથી અને ઉદયથી ઉત્થિત થયેલા=લાભાંતરાય કર્મના પ્રશમ અને લાભાંતરાયકર્મના ઉદયથી ઉત્થિત થયેલા, અનિત્ય એવા લાભાલાભનું પરિભાવન કરીને વિદ્વાન એવા સમાધિવાળા મહાત્માઓ લાભથી મદને કરતા નથી અને અલાભથી દીનભાવને પામતા નથી. ॥૧૮૬॥**

**ભાવાર્થ :-**

ભગવાનના શાસનના પરમાર્થને જાણનારા મુનિઓ વિદ્વાન હોય છે. તેથી જે પ્રકારે ભગવાને સંસારનું વાસ્તવિક સ્વરૂપ બતાવ્યું છે તે પ્રમાણે સંસારનું સ્વરૂપ જાણનારા હોય છે અને તેવા મહાત્માઓ જિનવચન અનુસાર જાણે છે કે પોતાના લાભાંતરાય કર્મના ઉપશમથી પોતાને સંયમને ઉપષ્ટંભક નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત થાય છે અને લાભાંતરાય કર્મના ઉદયથી દીર્ઘકાળ સુધી ભિક્ષાઅટન કરવા છતાં પણ સંયમને ઉપષ્ટંભક ભિક્ષા મળતી નથી. આ પ્રકારે કર્મના સ્વરૂપને ભાવન કરીને કર્મથી થતા ભાવો પ્રત્યે મધ્યસ્થબુદ્ધિને ધારણ કરનારા એવા સમાધિવાળા તે મહાત્મા લાભાંતરાયકર્મના ક્ષયોપશમથી સંયમને ઉપષ્ટંભક નિર્દોષ ભિક્ષા મળે તો "હું ભિક્ષા લાવવામાં કુશળ છું" એ પ્રકારનો મદ કરતા નથી અને દીર્ઘકાળ સુધી ભિક્ષાઅટન કરવા છતાં ભિક્ષા ન મળે તો પોતાના કર્મના વિપાકનું ભાવન કરીને ખેદભાવને પામતા નથી. તેથી અદીનભાવવાળા તે મહાત્મા ભિક્ષાની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ બન્ને કાળમાં સમભાવની વૃદ્ધિ જ કરે છે. **॥૧૮૬॥**

**શ્લોક :-**

**आजीविकागारवमेति भूयो,**
**लूक्षोऽपि यो भिक्षुरकिंचनोऽपि ।**
**कुर्वन्निजोत्कर्षपरापवादौ,**
**विपर्ययं याति भवे भवेऽसौ ।।१८७।।**

**શ્લોકાર્થ :-**

**પોતાના ઉત્કર્ષ અને પરના અપવાદને=નિંદાને કરતા એવા જે લૂક્ષ પણ=અંત, પ્રાન્ત, તુચ્છ ભોજન કરનાર પણ, અને અકિંચન પણ=સર્વથા પરિગ્રહ વગરના પણ, ભિક્ષુક વારંવાર આજીવિકા ગારવને પામે છે=હું ભિક્ષા લાવવામાં કુશળ છું એ પ્રકારના મદને કરે છે એ સાધુ ભવોભવમાં વિપર્યયને પામે છે=ઘણા ભવો સુધી જીવનનિર્વાહને અનુકૂળ આજીવિકા પણ પ્રાપ્ત ન થાય એવા વિપરીત ભાવને પામે છે. ।।૧૮૭।।**

**ભાવાર્થ :-**

જે સાધુ ભિક્ષા લાવવામાં પોતે કુશળ છે, પોતાના સહવર્તી અન્ય સાધુ કુશળ નથી એ પ્રકારના પોતાના ઉત્કર્ષ અને પરના અપવાદને=નિંદાને કરતા હોય તે સાધુ સંયમના અત્યંત અર્થી હોય તો નિર્દોષ ભિક્ષાચર્યાઆદિ કરતા હોય તેથી અન્ત, પ્રાન્ત અને તુચ્છ ભોજનથી દેહનું પાલન કરે છે અને જીર્ણ વસ્ત્ર અને અલ્પ ઉપધિવાળા હોવાથી અકિંચન પણ છે છતાં અવિચારકપણાને કારણે વારંવાર આજીવિકા ગારવને કરે છે અર્થાત્ હું ઘણાની ભિક્ષા લાવી શકું છું એ પ્રકારના ગારવભાવને ધારણ કરે છે અને તે પ્રકારના ગારવના પરિણામને કારણે તે મહાત્મા ઘણા ભવો સુધી પોતાને આજીવિકાની પ્રાપ્તિ દુર્લભ થાય તેવાં ક્લિષ્ટ કર્મોને બાંધે છે તેથી પાળેલો સંયમ પણ વિશેષ ફળવાળો થતો નથી. માટે સાધુએ પોતાની બાહ્ય કુશળતાનો સહેજ પણ મદ કર્યા વગર સમભાવની વૃદ્ધિ થાય એ રીતે સંયમમાં ઉદ્યમ કરવો જોઈએ. **।।૧૮૭।।**

**શ્લોક :-**

**यः साधुवादी कृतकर्मशुद्धि-**
**रागाढबुद्धिश्च सुभावितात्मा ।**
**न सोऽपि हि प्राप्तसमाधिनिष्ठः,**
**पराभवन्नन्यजनं स्वबुद्ध्या ।।१८८ ।।**

**શ્લોકાર્થ :-**

**જે સાધુ સાધુવાદી હોય=જિનવચન અનુસાર સુંદર ભાષણ કરનારા હોય, કૃતકર્મશુદ્ધિવાળા હોય=આચારોની સારી શુદ્ધિ પાળનારા હોય, આગાઢ બુદ્ધિવાળા હોય=શાસ્ત્રમાં તીક્ષ્ણ બુદ્ધિવાળા હોય, સુભાવિત આત્મા હોય=ભગવાનના વચનથી ભાવિતમતિવાળા હોય, તે પણ સાધુ સ્વબુદ્ધિથી=પોતાની પ્રજ્ઞાના અતિશયથી, અન્યજનને પરાભવ કરતા=હું બુદ્ધિમાન છું એવી બુદ્ધિથી અન્યને હીન માનતા, પ્રાપ્ત સમાધિનિષ્ઠ નથી=સમાધિ પરિણામવાળા નથી. ॥૧૮૮॥**

**ભાવાર્થ :-**

જે સાધુ સર્વત્ર જિનવચન અનુસાર બોલનારા છે તેથી ભાષાસમિતિવાળા છે. વળી, સંયમના સર્વ આચારો શાસ્ત્રવિધિ અનુસાર કરનારા છે તેથી કૃત કર્મશુદ્ધિવાળા છે=ક્રિયાઓની જે શુદ્ધિ આચારોથી પ્રાપ્ત થાય છે તેને પ્રાપ્ત કરેલી છે, વળી શાસ્ત્રમાં કુશાગ્રબુદ્ધિવાળા છે અને સદા ભગવાનના વચનથી આત્માને ભાવિત કરનારા છે તેવા મહાત્માને સમાધિની પ્રાપ્તિ સુલભ છે. આમ છતાં કાંઈક પ્રમાદ દોષને કારણે પોતાની બુદ્ધિમત્તાને જોઈને પોતાનાથી અલ્પ બુદ્ધિવાળા એવા અન્ય સાધુનો પરાભવ કરે છે અર્થાત્ "આ મહાત્મા પદાર્થને યથાર્થ જાણી શકતા નથી, મંદમતિવાળા છે" ઇત્યાદિ વચન દ્વારા પરનો પરાભવ કરે છે તેવા સાધુ મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ સ્વસ્થતાના પરિણામોરૂપ સમાધિમાં નિષ્ઠાને પામેલા નથી પરંતુ શાસ્ત્રવચનથી ભાવિત થવા છતાં અન્યના અભિભવના કારણે સમભાવના કંડકોની વૃદ્ધિને પામી શકતા નથી. માટે સમભાવના વૃદ્ધિના અર્થી સાધુએ કર્મકૃત બુદ્ધિમત્તા કે અબુદ્ધિમત્તાનો વિચાર કરીને લેશ પણ ગર્વ ધારણ કરવો જોઈએ નહિ, પરંતુ કર્મની વિચિત્રતાને જોઈને કર્મના ભાવોથી પોતાનો આત્મા ખરડાય નહિ તે રીતે ઉદ્યમ કરવો જોઈએ. **॥૧૮૮॥**

**શ્લોક :-**

**अनन्तपर्यायविवृद्धियुक्तं,**
**ज्ञानार्णवं पूर्वमहामुनीनाम् ।**

**समाधिमानाधुनिकोऽवधार्य,**
**कथं स्वबुद्ध्या मदमेति साधुः ।।१८९।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વના મહામુનિઓના અનન્તપર્યાય વિવૃદ્ધિથી યુક્ત એવા જ્ઞાન-સમુદ્રનું અવધારણ કરીને સમાધિવાળા એવા આધુનિક સાધુ=વર્તમાનના સાધુ, કેવી રીતે સ્વબુદ્ધિથી મદને પામે ? અર્થાત્ મદને પામે નહિ. ॥૧૮૯॥**

**ભાવાર્થ :-**

વર્તમાનમાં જે સાધુ સમાધિવાળા છે તેઓ ભગવાનના વચન અનુસાર તત્ત્વને જોનારી માર્ગાનુસારીબુદ્ધિને વહન કરે છે તેથી પોતાની યત્કિંચિત્ પ્રજ્ઞાને જોઈને મદ થાય નહિ તે અર્થે વિચારે છે કે “પૂર્વના મહામુનિઓએ ઘણા પર્યાયોની વૃદ્ધિથી યુક્ત જ્ઞાનનો સમુદ્ર પ્રાપ્ત કરેલો જેઓના જ્ઞાનની આગળ પોતાનું જ્ઞાન બિન્દુ જેટલું છે” આ પ્રકારે વિચારીને હંમેશાં પોતાના આત્માને ભાવિત કરે છે. જેથી શાસ્ત્રઅધ્યયનથી પ્રાપ્ત થયેલું જ્ઞાન સમભાવની વૃદ્ધિનું કારણ બને છે પરંતુ મદનું કારણ બનતું નથી. તેથી સંયમનાં કંડકોના વૃદ્ધિના કારણભૂત સમાધિના પરિણામને વહન કરનારા વર્તમાનના સાધુ પણ પોતાની અન્ય જીવો કરતાં અધિક બુદ્ધિને જોઈને લેશ પણ મદ કરતા નથી. **॥૧૮૯॥**

**શ્લોક :-**

**परस्य चाटुक्रियया किलाप्ताद्,**
**वाल्लभ्यकान्माद्यति यः स्वचित्ते ।**
**समाधिहीनो विगमे स तस्य,**
**वाल्लभ्यकस्यातुलशोकमेति ।।१९०।।**

**શ્લોકાર્થ :-**

**જે સાધુ પરની ચાટુક્રિયાથી=પોતાની પ્રશંસાની ક્રિયાથી, પ્રાપ્ત એવા વલ્લભપણાથી પોતાના ચિત્તમાં મદને ધારણ કરે છે=હર્ષને ધારણ કરે**

**છે, સમાધિથી હીન એવા તે સાધુ વાલ્લભ્યક એવા તેના વિગમનમાં=પરના પ્રીતિ ઉત્પાદક એવાં વલ્લભ વચનોના વિગમનમાં, અતુલ શોકને પામે છે=અત્યંત શોકને પામે છે. ॥૧૯૦॥**

**ભાવાર્થ :-**

કોઈક સાધુ યત્કિંચિત્ શાસ્ત્રો ભણેલા હોય અને તેની ઉપદેશ આદિની બાહ્ય શક્તિને જોઈને શ્રોતા આદિ તેઓને પ્રશંસાનાં વચનોરૂપ ચાટુક્રિયા કરે છે અને તે ક્રિયાથી પ્રાપ્ત થયેલા વલ્લભપણાની બુદ્ધિથી તે મહાત્મા સ્વચિત્તમાં આનંદને ધારણ કરે છે અર્થાત્ વિચારે છે કે આ શ્રોતાઓ આપણને સમજી શકે તેવી પ્રજ્ઞાવાળા છે તેથી તેમનાં પ્રશંસાવચનો દ્વારા હંમેશાં પ્રીતિને ધારણ કરે છે તે સાધુ સમાધિથી રહિત છે અર્થાત્ સંસારના ઉચ્છેદના કારણીભૂત એવા સમભાવના પરિણામથી રહિત છે તેથી લોકોના તુચ્છ વચનથી હર્ષિત થાય છે. આવા સાધુ કોઈ અન્યસ્થાનમાં જાય ત્યાં તેની બુદ્ધિની પ્રશંસા કરે તેવો વર્ગ પ્રાપ્ત ન થાય ત્યારે અતુલશોકને પામે છે અર્થાત્ વિચારે છે કે આ ક્ષેત્રમાં આપણને સમજી શકે તેવી પ્રજ્ઞાવાળા જીવો નથી. તેથી તે ક્ષેત્રને પામીને શોકાતુર પરિણામને કારણે તે સ્થાનને છોડીને જ્યાં માન-સન્માનાદિ મળે તેવાં સ્થાનોને પસંદ કરે છે. તેઓ સંયમના સમાધિના પરિણામને પામીને કલ્યાણને પ્રાપ્ત કરી શકતા નથી. **॥૧૯૦॥**

**શ્લોક :-**

**श्रुतस्थितेर्माषतुषस्य वार्ता,**
**श्रीस्थूलभद्रस्य च विक्रियायाः ।**
**श्रुत्वा श्रुतं दर्पभिदेव लब्ध्वा,**
**न तेन दृप्यन्ति समाधिभाजः ॥१९१॥**

**શ્લોકાર્થ :-**

**શ્રુતની સ્થિતિવાળા માષતુષમુનિની વાર્તાને અને સ્થુલિભદ્રમુનિની વિક્રિયાની વાર્તાને સાંભળીને દર્પના ભેદનાર જ એવા શ્રુતને પામીને તેનાથી=શ્રુતથી, સમાધિવાળા જીવો દર્પને પામતા નથી. ॥૧૯૧॥**

**ભાવાર્થ :-**

સામાન્યથી સારા પણ સાધુ કલ્યાણના અર્થે શ્રુતનું અધ્યયન કરે છે; છતાં અનાદિથી મોહના સેવનનો અભ્યાસ હોવાના કારણે દર્પનો નાશ કરનાર શ્રુત પણ ક્યારેક યોગ્ય જીવને મદનું કારણ બને છે. તેના નિવારણ માટે સમાધિવાળા મુનિઓ શાસ્ત્રના વચનથી આત્માને ભાવિત કરતાં વિચારે છે કે શ્રુતજ્ઞાન જેઓની પાસે અત્યંત અલ્પ છે તેવા માષતુષમુનિ પણ શ્રુતની સમાધિના બળથી કેવલજ્ઞાનને પામ્યા, અને દસપૂર્વધર એવા શ્રી સ્થૂલિભદ્રજી પણ શ્રુતની વિક્રિયાને પામીને=શ્રુતનો મદ કરીને, પાછળનાં ચાર પૂર્વોના અર્થની પ્રાપ્તિ કરી શક્યા નહિ. તેથી જે શ્રુત વિવેકી પુરુષને મદના નિવારણનું કારણ છે તે જ શ્રુત અસમાધિવાળા જીવોને કલ્યાણની પ્રવૃત્તિમાં અવરોધક એવા મદનું કારણ બને છે તેમ વિચારીને કષાયોના શમનમાં ઉદ્યમ કરનારા સમાધિવાળા મુનિઓ પ્રાપ્ત થયેલા શ્રુતથી મદ કરતા નથી. **॥૧૯૧॥**

**શ્લોક :-**

**प्रज्ञामदाद् वादमदाच्च पृथ्व्यां,**
**योऽन्यं जनं पश्यति बिम्बभूतम् (बिन्दुभूतम्)।**
**मौनीन्द्रमार्गादसमाहितात्मा,**
**भ्रश्यन्नधः कर्मगुरुः स याति ।।१९२।।**

**શ્લોકાર્થ :-**

**પ્રજ્ઞાના મદથી અને વાદના મદથી પૃથ્વીમાં જે મહાત્મા અન્યજનને બિંદુભૂત જુએ છે અસમાધિવાળા કર્મથી ગુરુ એવા તે ભગવાનના માર્ગથી ભ્રંશ પામતા નીચે જાય છે. ॥૧૯૨॥**

**ભાવાર્થ :-**

અનાદિના મોહના કારણે કલ્યાણ અર્થે સંયમ ગ્રહણ કરીને પણ કેટલાક મહાત્માઓ પોતાના પ્રજ્ઞાના મદથી અન્ય જીવોને બિંદુભૂત માને છે અર્થાત્ બોધ વગરના તુચ્છ માને છે અને વાદમાં પ્રતિવાદીઓને પરાસ્ત કરીને માને છે

કે મારા જેવો સમર્થ તત્ત્વની પ્રરૂપણા કરનાર કોઈ નથી. તેથી મદને વશ થઈને અન્ય જીવોને તુચ્છ માને છે. વસ્તુત: કેટલાક જીવોમાં પ્રજ્ઞાના અતિશયનો અભાવ હોય અને શાસ્ત્રના પદાર્થોને સ્થાપન કરવાની શક્તિનો અભાવ હોય છતાં પણ તત્ત્વથી વાસિત મતિ હોવાને કારણે અજ્ઞાન પરિષહને જીતીને સમાધિમાં વર્તનારા છે તે મહાત્માઓ પ્રજ્ઞાવાળા, અને વાદના મદવાળા કરતાં પણ યોગમાર્ગની ભૂમિકાની અપેક્ષાએ ઉચ્ચભૂમિકામાં છે પરંતુ તુચ્છબુદ્ધિવાળા જીવો તેઓની ઉત્તમ સમાધિને જોવાને બદલે પોતાના પ્રજ્ઞાના અને વાદશક્તિના મદથી તેઓને તુચ્છ સમજે છે. તેવા અસમાધિવાળા આત્માઓ શાસ્ત્ર ભણીને પણ કર્મથી ગુરુ બને છે; કેમ કે શાસ્ત્ર દ્વારા જ કષાયની વૃદ્ધિ કરીને મદથી સદા વિહ્વળ રહે છે અને તેવા અસમાધિવાળા મહાત્માઓ ભગવાનના માર્ગથી ભ્રંશ પામીને દુર્ગતિમાં જાય છે. આ પ્રમાણે ભાવન કરીને મહાત્માઓ સદા સમાધિમાં ઉદ્યમ કરે છે જેથી પ્રાપ્ત થયેલી પ્રજ્ઞા કે પ્રાપ્ત થયેલી વાદશક્તિ પણ મદનું કારણ બને નહિ પરંતુ મદનો નાશ કરીને ગુણવાન પ્રત્યે નમ્રભાવવાળા બને છે. **॥૧૯૨॥**

**શ્લોક :-**

**नाहंक्रियां याति समाहितात्मा,**
**नोकर्मभावैर्न च कर्मभावैः ।**
**भिन्नान् विदन् मिश्रितपुद्गलात्म-**
**भावान्मिथः कर्तृभिदानिदानात् ।।१९३।।**

**શ્લોકાર્થ :-**

**પરસ્પર મિશ્રિત એવા પુદ્ગલ અને આત્મભાવોને=દેહના પુદ્ગલો, કાર્મણ પુદ્ગલો અને આત્મપ્રદેશો જે પરસ્પર મિશ્રિત છે તેના ભાવોને, કર્તૃભેદના કારણે ભિન્ન જાણતો સમાધિવાળો આત્મા નોકર્મભાવોથી=દેહના પુદ્ગલોરૂપ નોકર્મભાવોથી, અને કર્મભાવોથી=પોતાના કૃત્યના ભાવોથી, અહંક્રિયાને પામતો નથી. ।।૧૯૩।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માને ભગવાનના વચનનો પારમાર્થિક બોધ થયો છે તે મહાત્મા સૂક્ષ્મપ્રજ્ઞાથી વિચારે છે કે પરસ્પર મિશ્રિત થયેલા દેહના પુદ્ગલો અને આત્મપ્રદેશો ભિન્ન છે; કેમ કે આત્મામાં વર્તતું વીર્ય આત્મામાંથી નીકળી દેહના પુદ્ગલોમાં જતું નથી કે આત્મામાં વર્તતું જ્ઞાન દેહના પુદ્ગલોમાં પ્રવેશ પામતું નથી અને દેહના પુદ્ગલમાં વર્તતા રૂપાદિભાવો દેહમાંથી નીકળી આત્મામાં પ્રવેશ પામતા નથી. ફક્ત એક ક્ષેત્રમાં દેહના પુદ્ગલો અને આત્મપ્રદેશો અણુતણુની જેમ રહેલા છે તોપણ પુદ્ગલ પુદ્ગલ છે અને આત્મા ચેતન છે આ પ્રકારે સદા તત્ત્વને જોનારા મહાત્માને પોતાનો આત્મા જ્ઞાનગુણથી અને મોહથી અનાકુળ એવી આત્માની પરિણતિથી સદા પૂર્ણ દેખાય છે અને પુદ્ગલની ચેષ્ટા પોતાની ચેષ્ટા નથી તેમ દેખાય છે તેથી નોકર્મોના ભાવરૂપ પોતાના સુંદર રૂપચાતુર્ય આદિ ભાવોથી પોતે મહાન છે તેવી અભિમાનની ક્રિયા તેઓને થતી નથી. વળી, પોતે શાસ્ત્રરચના કે અન્ય બાહ્ય કૃત્યો કરે છે તે રૂપકર્મભાવોથી પણ તે મહાત્માને અહંકાર થતો નથી; કેમ કે દેહના ભાવો કરનાર કે શાસ્ત્રરચના આદિ ક્રિયાઓ કરનાર પોતે નથી પરંતુ પોતે તો પોતાના મૂળ સ્વભાવમાં રહેનાર હોવાથી તે સ્વભાવને પ્રગટ કરવા અર્થે તે પ્રકારની સમાધિના અંગભૂત શાસ્ત્રઅધ્યયન આદિની ક્રિયાઓ કરે છે તેમ જાણીને પોતાની બાહ્યક્રિયાના બળથી મદને ધારણ કરતા નથી. **॥૧૯૩॥**

**અવતરણિકા :-**

**વળી, મહાત્માઓ પોતાને અહંકાર ન થાય તેના માટે શું ભાવન કરે છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**नाहं वपुर्नैव मनो न वाणी,**
**कर्ता न नो कारयिता च तासाम् ।**
**न चानुमन्तेति समाधियोगाद्,**
**विदन्नहंकारमतिं क्व कुर्यात् ।।१९४।।**

**શ્લોકાર્થ :-**

**હું શરીર નથી, મન નથી જ. વાણી નથી, તેઓનો=મનના પુદ્ગલોનો વાણીના પુદ્ગલોનો કે દેહના પુદ્ગલોનો હું કર્તા નથી, કારયિતા નથી અને અનુમન્તા નથી એ પ્રમાણે સમાધિના યોગથી જાણતો યોગી ક્યાં અહંકારમતિને કરે ? ॥૧૯૪॥**

**ભાવાર્થ :-**

યોગીઓ જે કાંઈ શાસ્ત્રાધ્યયન કરે છે, જે કાંઈ સંયમની ક્રિયાઓ કરે છે તે અધ્યયનની કે સંયમની ક્રિયાઓથી આત્માના ભેદજ્ઞાનને સ્થિર કરવા અર્થે યત્ન કરે છે અને તે ભેદજ્ઞાનના બળથી તેઓમાં સમાધિની પ્રાપ્તિ થાય છે. તે સમાધિના યોગથી તે મહાત્માઓને પોતાના દેહકૃત, વાણીકૃત કે મનકૃત પ્રવૃત્તિમાં ક્યાંય અહંકાર થતો નથી; કેમ કે તત્ત્વના ભાવનથી સમાધિવાળા મહાત્માઓ સૂક્ષ્મપ્રજ્ઞાથી વિચારે છે કે હું દેહ નથી, આત્મા છું તેથી દેહના બળથી કે દેહના રૂપાદિથી તેઓને લેશ પણ અહંકાર સ્પર્શતો નથી. વળી, વિચારે છે કે મન હું નથી અર્થાત્ જે મનોદ્રવ્યના બળથી હું ચિંતવન કરું છું તે મનોદ્રવ્ય હું નથી પરંતુ તે મનના અવલંબનથી જે મતિ-શ્રુતજ્ઞાનો ઉપયોગ વર્તે છે તે ઉપયોગસ્વરૂપ હું છું તેથી પોતાની મનની દૃઢ ચિંતવનશક્તિ કે સૂક્ષ્મ ચિંતવનશક્તિના બળથી તેઓને મદ થતો નથી કે હું આનાથી મહાન છું અર્થાત્ આ ચિંતવનશક્તિના બળથી હું અન્ય કરતાં ઘણો શક્તિશાળી છું તેવો મદ થતો નથી; કેમ કે તેનાથી ભિન્ન એવો પોતાનો આત્મા કેવલજ્ઞાનસ્વરૂપ હોવા છતાં અત્યારે તો જ્ઞાનાવરણીય-કર્મના ઉદયથી કુંઠિતશક્તિવાળો છે. આ પ્રકારે ભાવનને કારણે પૂર્ણજ્ઞાનવાળા કેવલી આદિ પ્રત્યે બહુમાનનો જ ભાવ થાય છે, તુચ્છશક્તિના બળથી ક્યારેય મદ થતો નથી. વળી તે મહાત્મા વિચારે છે કે હું જે વાણી બોલું છું તે હું નથી, તેથી પોતાની ઉપદેશશક્તિથી કે વાદશક્તિથી કે અન્ય કોઈ પ્રકારે વાણીની શક્તિથી મદ થતો નથી; કેમ કે વાણીના પુદ્ગલો હું નથી. હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. આ પ્રકારે તેઓની મતિ ભાવિત છે. વળી વિચારે છે કે હું દેહરૂપ, મનરૂપ કે વાણીરૂપ ન હોઉં તોપણ હું તેનો કર્તા કે કારયિતા હોઉં કે અનુમન્તા હોઉં તેવી બુદ્ધિ થાય તોપણ

મદ થવાનો સંભવ રહે છે. પરંતુ પરમાર્થથી હું મારા ભાવોનો જ કર્તા છું. મારા જ ભાવોનો કારયિતા છું અને મારા જ ભાવોનો અનુમન્તા છું પરંતુ દેહના પુદ્ગલોનો કર્તા નથી, ઉપદેશાદિ દ્વારા હું બીજાઓની પ્રવૃત્તિઓ કરાવનાર નથી પરંતુ ઉપદેશાદિકાળમાં પણ પરમાર્થથી હું મારા ભાવોનો જ કારયિતા છું અને મારા જ ભાવોનો અનુમોદન કરનાર છું. આ પ્રકારે વિચારીને સદા પોતાના શુદ્ધભાવોને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરનારા મહાત્માઓ કોઈ બાહ્ય પદાર્થમાં અહંકારની મતિને કરતા નથી, પરંતુ માનકષાયને તિરોધાન કરીને આત્માના ગુણો પ્રત્યે નમ્રભાવવાળા થઈને ગુણવૃદ્ધિમાં જ ઉદ્યમવાળા થાય છે. ॥૧૯૪॥

**શ્લોક :-**

**हृद्वर्गणापुद्गलजन्यवृत्तिं,**
**विकल्परूपां कलयन् विविक्ताम् ।**
**समाधिशुद्धो मननान्मनोऽह-**
**मिति स्मयं को विदधीत योगी ।।१९५।।**

**શ્લોકાર્થ :-**

**વિકલ્પરૂપ હૃદ્વર્ગણાના પુદ્ગલજન્યવૃત્તિને=મનોવર્ગણાની પુદ્ગલ જન્યવૃત્તિને, વિવિક્ત જાણતા=પોતાના આત્માથી ભિન્ન જાણતા, સમાધિશુદ્ધ એવા કોણ યોગી મનન કરનાર હોવાથી મન હું છું એ પ્રમાણે સ્મયને કરે=અભિમાનને કરે ? અર્થાત્ કોઈ યોગી કરે નહિ. ॥૧૯૫॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ જિનવચનના પરમાર્થને જાણનારા છે તેઓ મનનકાળમાં પોતાનામાં વર્તતા મનોવર્ગણાના પુદ્ગલોથી હું ભિન્ન છું તે પ્રકારના સૂક્ષ્મઅવલોકનપૂર્વક પુદ્ગલથી ભિન્ન એવા આત્મામાં સ્થિર થવા સદા ઉદ્યમ કરે છે, તેથી સમાધિમાં જ યત્ન કરનારા તે મહાત્મા સમાધિશુદ્ધ યોગી છે અને તેઓ સદા વિચારે છે કે હું શાસ્ત્રીય પદાર્થોનું જે ચિંતન કરું છું અને તેના

ચિંતવનકાળમાં જે મનોપુદ્ગલો વર્તે છે તે મનોવર્ગણાના પુદ્ગલો જન્ય વિકલ્પરૂપ આત્માની પરિણતિ છે, તે પરિણતિથી પોતાનો આત્મા ભિન્ન છે અર્થાત્ 'આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે' એ પ્રકારના બાહ્ય પદાર્થોને આશ્રયીને થતા વિકલ્પોથી પોતાનો આત્મા ભિન્ન છે અને આ ભગવાને બતાવેલાં પાંચ મહાવ્રતો મને ઇષ્ટ છે અને તે મહાવ્રતોથી ભિન્ન ભાવો મને અનિષ્ટ છે એ પ્રકારના વિકલ્પોથી પણ પોતાનો આત્મા ભિન્ન છે. તેથી સર્વ વિકલ્પોથી પર એવા શુદ્ધ આત્માને જોનારા તે મહાત્માને મનનથી ઉત્પન્ન થતા મનમાં અહંપણાની બુદ્ધિ થતી નથી. તેથી મારી ચિંતવનશક્તિ ઘણી છે, હું સૂક્ષ્મ પદાર્થોને જોનારો છું ઇત્યાદિ અભિમાન તે યોગીને ક્યારેય થતું નથી પરંતુ સદા દેખાય છે મારા આત્માનું શુદ્ધ સ્વરૂપ જે કર્મથી આવૃત છે. તે સ્વરૂપને પ્રગટ કરવામાં અસમર્થ એવો હું મનોવર્ગણાના પુદ્ગલોને અવલંબીને કાંઈક યત્ન કરી શકું છું તેથી તે શક્તિમાં સહાયક એવા મનમાં હુંપણાની બુદ્ધિથી તેઓને ક્યારેય અભિમાન થતું નથી. **॥૧૯૫॥**

**શ્લોક :-**

**कुमारतायौवनवार्धकादी-**
**नुच्चत्वगौरत्वमृदुत्वमुख्यान् ।**
**स्वस्मिन् गुणान् को वपुषोऽधिरोप्य,**
**समाहितोऽहंकुरुते मनस्वी ।।१९६।।**

**શ્લોકાર્થ :-**

**શરીરના કુમારતા, યૌવન, વાર્ધક્યાદિ ગુણોને કે ઉચ્ચત્વ, ગૌરત્વ કે મૃદુત્વ પ્રમુખ ગુણોને પોતાનામાં=આત્મામાં, આરોપણ કરીને સમાધિવાળો એવો કોણ બુદ્ધિમાન અહંકાર કરે ? અર્થાત્ ક્યારેય અહંકાર કરે નહિ. ।।૧૯૬।।**

**ભાવાર્થ :-**

સમાધિમાં રહેલા મહાત્માઓ હંમેશાં પોતાના મૃદુ સ્વભાવને પ્રગટ કરવા અર્થે પોતાના આત્માના શુદ્ધગુણો તરફ નમ્ર પરિણામવાળા હોય છે અર્થાત્

પોતાના પૂર્ણ સ્વરૂપને પ્રગટ કરવાને અભિમુખ સમાધિના પરિણામવાળા હોય છે અને તેવા મહાત્માઓને પોતાનાથી પોતાનો દેહ ભિન્ન છે તેવો સ્પષ્ટ બોધ વર્તે છે તેથી બુદ્ધિમાન છે માટે પોતાનો દેહ કુમારઅવસ્થામાં હોય ત્યારે તે કુમારઅવસ્થાને પોતાનામાં આરોપ કરીને મદ કરતા નથી અર્થાત્ હું કુમારશરીરવાળો છું, સુંદર દેખાઉં છું એ પ્રકારનો મદ કરતા નથી. વળી પોતે યૌવનકાળમાં હોય ત્યારે હું યૌવન છું એ પ્રકારના મદને કરતા નથી. વળી, પોતે વૃદ્ધાવસ્થામાં હોય ત્યારે હું વૃદ્ધ થયેલો છું તેથી ઘણો અનુભવી છું એ પ્રકારનો મદ કરતા નથી. વળી પોતાનો દેહ ઉચ્ચ હોય, ગૌર હોય, મૃદુ હોય કે અન્ય તેવા સુંદરભાવવાળો હોય તેને આશ્રયીને મદ કરતા નથી; કેમ કે તે સર્વ ગુણો પુદ્ગલના છે આત્માના નથી. મૂઢબુદ્ધિવાળા જીવો જ પુદ્ગલના ભાવોને આત્મામાં આરોપણ કરીને અહંકાર કરે છે અને પોતાની અસમાધિની વૃદ્ધિ કરે છે. જ્યારે સમાધિવાળા યોગીઓ તો દેહથી પોતાના ભેદને સૂક્ષ્મ રીતે જોઈને સમાધિની વૃદ્ધિમાં ઉદ્યમ કરે છે. **॥૧૯૬॥**

**શ્લોક :-**

**पदानि वर्णैर्विहितानि तैश्च,**
**वाक्यानि वाक्यैरखिलः प्रबन्धः ।**
**इत्थं श्रयन्नैश्चयिकं समाधिं,**
**ग्रन्थं करोमीत्यभिमन्यते कः ।।१९७।।**

**શ્લોકાર્થ :-**

**વર્ણોથી બનેલાં પદો છે અને તેનાથી=પદોથી, વાક્યો બનેલાં છે અને વાક્યોથી, અખિલ પ્રબંધ બનેલો છે=આખો ગ્રંથ રચાયો છે, આ પ્રમાણે નૈશ્ચયિક સમાધિનો આશ્રય કરતો કોણ બુદ્ધિમાન પુરુષ 'હું ગ્રંથ કરું છું' એ પ્રમાણે અભિમાન કરે ? અર્થાત્ કોઈ બુદ્ધિમાન પુરુષ અભિમાન કરે નહીં. ॥૧૯૭॥**

**ભાવાર્થ :-**

બુદ્ધિમાન પુરુષ આત્માના ભાવોને અને પુદ્ગલના ભાવોને પૃથક્ કરીને

પુદ્‌ગલના ભાવોથી પોતાને અહંકાર ન થાય અને આત્મભાવોમાં જવા દઢ યત્ન થાય એ અર્થે વિચારે છે કે સ્થૂલ બુદ્ધિથી જે મેં આ ગ્રંથરચના કરી છે એવું જણાય છે તે ગ્રંથરચનામાં જે વર્ણો છે તે શાહીનાં પુદ્‌ગલો છે અને નિયત રીતે ગોઠવાયેલાં શાહીનાં પુદ્‌ગલોરૂપ વર્ણોથી પદો બન્યાં છે તે પદો પણ પુદ્‌ગલોરૂપ છે. તે પદોથી જ વાક્ય બન્યાં છે તે પણ પુદ્‌ગલોરૂપ છે અને તે વાક્યોથી જે આખો ગ્રંથ થયો તે પણ શાહીનાં પુદ્‌ગલોરૂપ છે અને પરમાર્થથી તે ગ્રંથરચના મેં કરી નથી પરંતુ સ્થૂલ દૃષ્ટિથી ગ્રંથરચનાકાળમાં જે મારો યત્ન થતો હતો તે યત્ન પરમાર્થથી તો શ્રુતવચનોના ભાવોને આત્મામાં પ્રગટ કરવાને અનુકૂળ જીવના વ્યાપાર સ્વરૂપ હતો અને તે વ્યાપારથી મારો આત્મા તે તે ભાવોથી વાસિત થતો હતો અને મારા તે પ્રકારના અધ્યવસાયને પામીને જે આત્મભાવોને અનુકૂળ વ્યાપાર હતો તે ભાવોનાં નિમિત્તથી મારા દેહનાં પુદ્‌ગલોથી એ શાહીનાં પુદ્‌ગલોને અવલંબીને તે તે પ્રકારની ગ્રંથની રચના થઈ છે, મેં તે રચના કરી નથી પરંતુ દેહનાં પુદ્‌ગલોથી જે રચના થઈ છે તે રચનાને અવલંબીને મેં ગ્રંથ કર્યો છે એ પ્રકારની બુદ્ધિ કરવી આત્માના પારમાર્થિક સ્વરૂપના જાણનાર પુરુષને ઉચિત નથી પરંતુ સર્વ બાહ્ય ભાવો પ્રત્યે ઉદાસીન થઈને શુદ્ધઆત્મભાવોને ઉલ્લસિત કરવા અર્થે નૈશ્ચયિક સમાધિને આશ્રય કરતો એવો હું કઈ રીતે ગ્રંથરચનાનું અભિમાન કરું ? અર્થાત્ મૂર્ખપુરુષ જ તે અભિમાન કરે છે આ પ્રકારે ભાવન કરીને મહાત્મા પોતાના ગ્રંથરચનાના બળથી પણ પોતાની સમાધિનો ધ્વંસ થવા દેતા નથી, પરંતુ પોતાની સમાધિની વૃદ્ધિમાં જ સદા યત્ન કરે છે. **॥૧૯૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૯૪માં કહેલ કે હું શરીર નથી, મન નથી, વાણી નથી. શરીર, મન અને વાણીનો કર્તા કારયિતા નથી. અને મન-વચન-કાયાનાં પુદ્‌ગલોનાં કાર્યોનું અનુમોદન કરનાર નથી. આ પ્રકારે સમાધિવાળા આત્મા જાણે છે તેથી પોતે મનરૂપ કેમ નથી, શરીરરૂપ કેમ નથી અને વાણી રૂપ કેમ નથી તે અત્યાર સુધી બતાવ્યું. વળી વાણીનાં પુદ્‌ગલોને=ગ્રંથરચનાકાળમાં વર્તતાં વાણીનાં પુદ્‌ગલોને પોતે કરનાર નથી તેમ પૂર્વની ગાથામાં બતાવ્યું. હવે કર્મપુદ્‌ગલોનો પણ પોતે કર્તા નથી તે બતાવવા અર્થે કહે છે –**

શ્લોક :-

तथा तथा सन्निपतत्सु कर्म-
स्कन्धेषु कूटस्थतया स्थितस्य ।
कर्तृत्वधीः स्यान्न समाहितस्य,
चिन्मात्रनिर्मग्नसमग्रवृत्तेः ।।१९८ ।।

શ્લોકાર્થ :-

**તે તે પ્રકારે આત્મામાં આવીને સંશ્લેષ પામતા કર્મસ્કંધોમાં=જે જે પ્રકારે હજી મોહનો નાશ થયો નથી તે તે મોહના પરિણામને અનુરૂપ આત્મામાં આવીને પડતા કર્મસ્કંધોમાં, કૂટસ્થપણાથી રહેલા સમાધિવાળા મહાત્માને=પોતાનો આત્મા કેવળજ્ઞાન કેવળદર્શન સ્વરૂપ સદા સ્થિર એકસ્વભાવવાળો છે તે પ્રકારના કૂટસ્થપણાથી રહેલા સમાધિ પરિણામવાળા મહાત્માને, કર્તૃત્વબુદ્ધિ થતી નથી; કેમ કે ચૈતન્યમાત્રમાં નિર્મગ્ન સમગ્ર વૃત્તિ છે=આત્માના મોહથી અનાકુળ સ્વરૂપને આવિર્ભાવ કરવાના વ્યાપારમાં નિર્મગ્ન સર્વ વીર્યવ્યાપારની પ્રવૃત્તિ છે. ।।૧૯૮।।**

ભાવાર્થ :-

મહાત્માઓ પોતાના અધ્યવસાયથી જે મોહનાશને અનુકૂળ ઉદ્યમ કરી રહ્યા છે તે અધ્યવસાયકાળમાં પણ જેટલા અંશથી મોહનો પરિણામ નાશ નહીં થયેલ હોવાથી મોહનો પરિણામ વિદ્યમાન છે તેટલા અંશથી તેઓમાં કર્મપુદ્ગલો આવીને પડે છે છતાં તે કર્મપુદ્ગલોમાં કર્તૃત્વબુદ્ધિના ઉન્મૂલન અર્થે તે મહાત્મા વિચારે છે કે પરમાર્થથી મારો આત્મા જ્ઞાન દર્શન સ્વરૂપ કૂટસ્થ પરિણામવાળો છે અને તે સ્વરૂપે હું સદા સ્થિત છું. આ પ્રકારના પરિણામમાં ઉપયોગરૂપે દૃઢ વ્યાપાર કરીને તે ભાવોને પ્રગટ કરવા માટે જ્યારે તે યોગી યત્ન કરે છે ત્યારે સમાધિવાળા એવા તે મહાત્માને કર્મપુદ્ગલોમાં કર્તૃત્વબુદ્ધિ થતી નથી; કેમ કે પોતાના શુદ્ધ સ્વરૂપમાં નિર્મગ્નતા અર્થે તેમનો સંપૂર્ણ વીર્યવ્યાપાર પ્રવૃત્ત છે તેથી કર્મપુદ્ગલોને અવલંબીને હું કર્મ બાંધુ છું તેવો વિકલ્પ થતો નથી; કેમ કે સૂક્ષ્મદૃષ્ટિથી વિચારનાર તે મહાત્માને પોતાનું વીર્ય સ્વસ્વરૂપમાં નિવેશ પામતું

દેખાય છે અને તે વખતના તેમના વીર્યવ્યાપારના નિમિત્તને પામીને કર્મપુદ્ગલો સ્વતઃ તેમના આત્મપ્રદેશ સાથે અણુતણુની જેમ સ્થિર થતાં દેખાય છે છતાં પોતાનો પ્રયત્ન તો પોતાના ભાવોમાં જ વર્તે છે. કર્મગ્રહણમાં વર્તતો નથી તેમ સ્પષ્ટ જણાય છે તેથી કર્મ પુદ્ગલમાં કર્તૃત્વભાવનો અહંકાર થતો નથી અને તેનાથી પોતાને ભય પણ થતો નથી.

અહીં વિશેષ એ છે કે જે મહાત્માઓને મારા વર્તમાનના પ્રમાદ જન્ય અધ્યવસાયથી કર્મ બંધાય છે તેવો ભય વર્તે છે તે મહાત્મા માટે તે ભય આદ્યભૂમિકામાં ગુણરૂપ છે તેથી કર્મબંધના ભયથી જ તેઓ કર્મબંધનાં કારણોનો પરિહાર કરવા માટે યત્ન કરે છે તોપણ તે વખતે કર્મબંધ પ્રત્યે કર્તૃત્વબુદ્ધિ છે અને પ્રમાદવશ અશુભકર્મ બંધાશે તેનો ભય થાય છે તે પ્રશસ્ત ભય મોહનીયનો ઉદય છે છતાં તેટલા અંશમાં તે મહાત્માનો ઉપયોગ શુદ્ધ આત્મભાવમાં જવા સમર્થ બનતો નથી, જ્યારે બાહ્ય પદાર્થોનાં કર્તૃત્વબુદ્ધિનો જેમણે નાશ કર્યો છે તેવા સમાધિવાળા મહાત્મા સર્વ ઉદ્યમથી આત્માના શુદ્ધભાવોમાં નિર્મગ્ન થવા માટે વ્યાપારવાળા છે તેથી તેવા મહાત્માઓ જે પ્રકારની નિર્જરા કરીને શુદ્ધભાવોને પ્રગટ કરી શકે છે અને વીતરાગતાને અનુકૂળ ઉદ્યમ કરી શકે છે તેવો ઉદ્યમ કર્મોથી ભય પામેલા આદ્યભૂમિકાવાળા મહાત્માઓ કરી શકતા નથી છતાં પૂર્વભૂમિકામાં કર્મનો ભય જ જીવોને કર્મબંધના નાશને અનુકૂળ ઉદ્યમ કરવા પ્રેરણા કરે છે. **॥૧૯૮॥**

**શ્લોક :-**

**तन्त्वादिभावैः परिणामवद्भिः,**
**पटादिभावान् जनितानवेत्य ।**
**न तेषु कर्तृत्वमतिं दधाति,**
**गतस्मयो निश्चयधीः समाधेः ।।१९९।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિને કારણે=આત્માના શુદ્ધભાવોની સ્વસ્થતારૂપ સમાધિને કારણે, ગતસ્મયવાળા નિશ્ચય દૃષ્ટિવાળા=નિશ્ચયનયની દૃષ્ટિથી**

**પદાર્થને જોવાની દૃષ્ટિવાળા યોગી, પરિણામવાળા તંતુ આદિ ભાવોથી જનિત એવા પટાદિભાવોને જાણીને તેઓમાં=પટાદિ ભાવોમાં, કર્તૃત્વમતિને ધારણ કરતા નથી. ॥૧૯૯॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિ જેમને પ્રગટ થઈ છે તેવા મહાત્મા દેહથી ભિન્ન એવા આત્માના સ્વરૂપને પરમાર્થથી જોનારા છે તેથી દેહના કાર્યમાં, વચનના કાર્યમાં કે બાહ્ય પદાર્થોમાં તે મહાત્મા કર્તૃત્વબુદ્ધિ કરતા નથી પરંતુ વિચારે છે કે આત્મામાં વર્તતું વીર્ય આત્મભાવોને છોડીને દેહમાં પ્રવેશ પામે નહીં તેથી મારા વીર્યના પ્રવર્તનથી મારા આત્મામાં વર્તતા ભાવોનો હું કર્તા છું. તેથી દેહથી થનારા કાર્યોને જોઈને વિચારે છે કે પરિણામ પામતા એવા તંતુ આદિના ભાવોથી પટાદિ કાર્યો થાય છે. મારા પ્રયત્નથી મારા ભાવો થાય છે. તેથી કોઈક તેવા સંયોગમાં પોતાના દેહાદિથી પટાદિ કાર્યો થતાં હોય તોપણ તે મહાત્માને તે પટાદિમાં કર્તૃત્વબુદ્ધિ થતી નથી. પરંતુ બાહ્ય પદાર્થમાં સ્મય વગર તે મહાત્મા આત્માની મોહકૃત આકુળતા રહિત અવસ્થામાં સ્થિર થવા માટે સદા ઉદ્યમ કરે છે. **॥૧૯૯॥**

**શ્લોક :-**

**पराश्रितान् दानदयादिभावा-**
**नित्थं समाधेर्मनसाऽप्यकुर्वन् ।**
**निजाश्रितानेव करोति योगी,**
**विकल्पहीनस्तु भवेदकर्ता ॥२००॥**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=શ્લોક ૧૯૯માં કહ્યું કે નિશ્ચયબુદ્ધિવાળા યોગીને પટાદિમાં કર્તૃત્વબુદ્ધિ થતી નથી એ રીતે, સમાધિને કારણે પરાશ્રિત એવા દાનદયાદિ ભાવોને મનથી પણ નહિ કરતા યોગી નિજાશ્રિત જ ભાવોને કરે છે=દાનદયાદિ કાળમાં વર્તતા આત્માના ઉત્તમ ભાવોને જ કરે છે. વળી, વિકલ્પહીન અકર્તા થાય છે. ॥૨૦૦॥**

**ભાવાર્થ :-**

શુદ્ધ સમાધિવાળા યોગી નિશ્ચયનયના પરમાર્થને જોનારા હોય છે તેથી બીજાને આશ્રયીને દાન-દયાદિ કૃત્યો કરતા હોય ત્યારે પણ મનથી વિચારે છે કે દેહથી ભિન્ન એવો મારો આત્મા તે તે નિમિત્તોને પામીને દયા-દાનાદિ કરે છે. તે વખતે પરમાર્થથી દેહનાં કૃત્યો હું કરતો નથી પરંતુ હું મારા આત્મામાં સ્ફુરાયમાન થતા ઉદારતાદિ આશયો કરું છું અને તે આશયકાળમાં વર્તતા મારા અંતરંગ ઉપયોગના નિમિત્તને પામીને દેહની અંદર તેવા પ્રકારની ચેષ્ટા થાય છે તે ચેષ્ટાથી બીજા જીવોને આશ્રયીને દાન-દયાદિ કૃત્યો પોતાનાથી થતાં દેખાય છે તેથી મનથી તે કૃત્યો હું કરું છું તેવો સ્મય થતો નથી પણ પોતાના ઉત્તમ ભાવોને અનુકૂળ હું યત્ન કરું છું તેવી બુદ્ધિ થાય છે અને જ્યારે તે યોગી વિકલ્પોથી રહિત થાય છે ત્યારે નિજાશ્રિત ભાવોને પણ કરતા નથી પરંતુ અકર્તાપરિણામવાળા થાય છે જે વખતે યોગીનું ચિત્ત શુદ્ધ આત્મભાવોમાં સ્થિરબુદ્ધિવાળું થાય છે. **॥૨૦૦॥**

**શ્લોક :-**

**द्रव्येषु भिन्नेषु कदापि न स्या-**
**न्ममत्ववार्ताऽपि समाधिभाजः ।**
**रागादिभावैर्विहितं ममत्वं,**
**न तत्प्रमाणीकुरुते च योगी ।।२०१।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિવાળા યોગીઓને ભિન્ન એવાં દ્રવ્યોમાં=આત્માથી ભિન્ન એવા શરીરાદિ દ્રવ્યોમાં, ક્યારેય મમત્વની વાર્તા પણ થતી નથી=આ દેહ મારો છે, આ ધન મારું છે ઈત્યાદિ મમત્વનો વિચાર પણ થતો નથી.**

કેમ દેહ સાથે અભેદ હોવા છતાં મમત્વ કરતા નથી ? તેથી કહે છે –

**રાગાદિભાવોથી વિહિત મમત્વ છે અને યોગીઓ તેને રાગાદિભાવોને પ્રમાણભૂત કરતા નથી અર્થાત્ આત્મામાં મમત્વને ઉલ્લસિત થવા દેતા નથી. ॥૨૦૧॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ સૂક્ષ્મ ઉપયોગપૂર્વક દેહથી ભિન્ન એવો આત્મા છે એમ જાણે છે અને આત્માનો સ્વભાવ જ્ઞેયને જ્ઞાન કરવાનો છે. પરંતુ જ્ઞેય સાથે સંશ્લેષ પામવાનો નથી તે પ્રકારે વિચારીને તે ભાવોથી અત્યંત ભાવિત થયા છે તેથી બાહ્ય પદાર્થોમાં સંશ્લેષ વગરના હોવાથી સમાધિવાળા છે. અને તત્ત્વના ભાવનથી આત્મામાં પ્રગટ થયેલી સમાધિને કારણે આત્માથી ભિન્ન એવા દેહમાં કે બાહ્ય સર્વ પદાર્થોમાં ક્યારેય પણ મમત્વનો પરિણામ તેઓને થતો નથી; કેમ કે તેઓ પરમાર્થની દૃષ્ટિથી આત્માના સ્વરૂપને વિચારનારા હોવાથી વિચારે છે કે રાગાદિભાવોથી કરાયેલું મમત્વ છે. અને આત્માના પારમાર્થિક સ્વરૂપને જોનારા યોગીઓને રાગાદિભાવો પ્રમાણભૂત નથી ભાસતા પરંતુ રાગાદિ અનાકુળ ચેતના જ પ્રમાણભૂત દેખાય છે તેથી રાગાદિ અનાકુળ ચેતનાને પ્રમાણ કરીને જેઓનું ચિત્ત તે ભાવોને પ્રગટ કરવામાં પ્રવર્તે છે, તેઓના ચિત્તમાં રાગાદિ ભાવો ઉત્થિત થતા નથી તેથી બાહ્ય પદાર્થોમાં તેઓને ક્યારેય મમત્વ થતું નથી. **॥૨૦૧॥**

**શ્લોક :-**

**साक्षीव पश्यन् स्वनिमित्तभावा-**
**दुत्पत्तिसंबन्धजुषः पदार्थान् ।**
**तेषामगृह्णन् परिणामिभावं,**
**दुःखाद् विमुच्येत समाहितात्मा ।।२०२।।**

**શ્લોકાર્થ :-**

**સ્વનિમિત્તના ભાવથી ઉત્પત્તિના સંબંધવાળા પદાર્થોને સાક્ષીની જેમ જોતો તેઓના પરિણામીભાવોને નહીં ગ્રહણ કરતો સમાધિવાળો આત્મા દુઃખથી મુકાય છે. ॥૨૦૨॥**

**ભાવાર્થ :-**

પોતાની મન-વચન-કાયાની ક્રિયારૂપ નિમિત્તભાવને પામીને, ઉત્પત્તિના

સંબંધવાળા એવા મન-વચન-કાયાનાં પુદ્ગલોને સાક્ષીભાવે જોતો=તે ભાવો સાથે મારે કોઈ પારમાર્થિક સંબંધ નથી કેવલ મારા જ્ઞાનના વિષયભૂત તે ભાવો છે એ પ્રકારે સાક્ષીભાવે જોતો, અને તે ભાવોના પરિણામી ભાવોને નહીં ગ્રહણ કરતો અર્થાત્ "હું આ બોલવાની ક્રિયા દ્વારા ભાષાવર્ગણાનાં પુદ્ગલોને ભાષારૂપે પરિણામ પમાડું છું" ઇત્યાદિ પુદ્ગલોના પરિણામી ભાવોને નહીં ગ્રહણ કરતો "હું જગતના ભાવો પ્રત્યે અસંશ્લેષવાળો હોવાથી અને પોતાના દેહ સાથે પણ અસંશ્લેષવાળો હોવાથી આત્માની નિરાકુળ અવસ્થા રૂપ સમાધિવાળો આત્મા છું" એ પ્રકારે અત્યંત ભાવન કરતો આત્મા દુઃખથી મુકાય છે. અર્થાત્ બાહ્ય પદાર્થમાં અસંશ્લેષને કારણે દુઃખનાં કારણીભૂત કર્મોને નહીં બાંધતો અને પૂર્વમાં બંધાયેલા કર્મોને નાશ કરતો યોગી દુઃખથી મુકાય છે. **॥૨૦૨॥**

**શ્લોક :-**

**यथा जनोऽन्यस्य सुखासुखेषु,**
**तटस्थभावं भजते तथैव ।**
**विश्वस्य तेषु प्रशमी ममत्वा-**
**हंकारमुक्तः सुसमाधिशाली ।।२०३।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે લોક અન્યનાં સુખદુઃખાદિમાં તટસ્થભાવને ધારણ કરે છે તે પ્રકારે જ પ્રશમવાળો, મમત્વથી અને અહંકારથી મુક્ત સુસમાધિશાળી એવા યોગી વિશ્વના તેઓમાં=વિશ્વના ભાવોમાં, તટસ્થભાવને ધારણ કરે છે. ॥૨૦૩॥**

**ભાવાર્થ :-**

જે પ્રમાણે સંસારી જીવોને પોતાનાથી અન્ય જીવોને સુખી જોઈને કે દુઃખી જોઈને હું સુખી છુ કે દુઃખી છું તે પ્રકારનો કોઈ ભાવ થતો નથી પરંતુ તટસ્થ ભાવને ધારણ કરે છે અર્થાત્ પોતાના જ્ઞાનના બળથી આ જીવો સુખી છે કે આ જીવો દુઃખી છે તેવું જાણે છે. પરંતુ સ્વયં સુખી દુઃખી થતા નથી તે પ્રમાણે જ

પ્રશમભાવમાં મગ્ન, બાહ્ય પદાર્થમાં મમત્વબુદ્ધિથી મુક્ત અને દેહમાં અહંકારથી મુક્ત અને આત્માની નિરાકુળ અવસ્થામાં મગ્ન એવા સુસમાધિશાળી યોગી વિશ્વના ભાવોમાં તટસ્થ ભાવોને ધારણ કરે છે. પરંતુ પોતે તે ભાવોના નિમિત્તે કોઈ વિહ્વળતાનો કે પ્રીતિનો અનુભવ કરતા નથી. **॥૨૦૩॥**

**શ્લોક :-**

**समाधिभाजां व्यवहारकाले,**
**मैत्र्यादिरूपाऽपि हि चित्तवृत्तिः ।**
**एकान्तशुद्धौ त्वियमिद्धसिद्ध-**
**ज्योतिः समापत्तिमयी प्रसिद्धा ।।२०४।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિવાળા યોગીઓની ચિત્તવૃત્તિ વ્યવહારકાળમાં મૈત્રી આદિરૂપ પણ એકાંતશુદ્ધિમાં વળી આ=સમાધિવાળા યોગીની ચિત્તવૃત્તિ, ઈદ્ધ-સિદ્ધજ્યોતિવાળી=પ્રદીપ્ત સિદ્ધસ્વરૂપ જ્યોતિવાળી સમાપત્તિમયી પ્રસિદ્ધ છે. ॥૨૦૪॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓ દેહથી પોતાનો આત્મા ભિન્ન છે અને પોતાના આત્માનું પારમાર્થિક સિદ્ધ સદૃશ સ્વરૂપ છે તેનું પુન: પુનઃ ભાવન કરીને તે સ્વરૂપમાં જ મગ્નવૃત્તિવાળા છે, તેવા સમાધિવાળા યોગીઓ સંસારી જીવો સાથે કોઈ પ્રકારની વ્યવહારની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તેવા કાળમાં તેઓની ચિત્તવૃત્તિ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને મધ્યસ્થભાવથી પ્રવર્તતી હોય છે તેથી તે પ્રમાણે જ લોકો સાથે ઉચિત્ત વ્યવહાર કરે છે. વળી જ્યારે સમાધિના ભાવનથી એકાંત શુદ્ધિ તેઓમાં પ્રવર્તે છે ત્યારે તેઓની ચિત્તવૃત્તિ ઇદ્ધ-સિદ્ધજ્યોતિરૂપ અને સમાપત્તિમય પ્રસિદ્ધ છે. આશય એ છે કે સમાધિવાળા યોગીઓ જ્યારે બાહ્ય જીવો સાથે કોઈ વ્યવહારની પ્રવૃત્તિનું પ્રયોજન નથી ત્યારે શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને શ્રુતજ્ઞાનના બળથી સૂક્ષ્મ સૂક્ષ્મતર જોવા યત્ન કરે છે જેનાથી શુદ્ધ આત્મભાવમાં સમાપત્તિમયી તેઓની ચિત્તવૃત્તિ વર્તે છે. તે વખતે ઇદ્ધ=પ્રદીપ્ત, એવા સિદ્ધજ્યોતિસ્વરૂપ

તેઓની ચિત્તવૃત્તિ વર્તે છે અર્થાત્ જેમ સિદ્ધના જીવોની મોહથી અનાકુળ કેવલજ્ઞાન-કેવલદર્શનમય જ્યોતિ વર્તે છે તેમ યોગીની ચિત્તવૃત્તિ પણ શ્રુતના બળથી પ્રદીપ્ત થયેલ સિદ્ધસ્વરૂપની જ્યોતિમાં લીનતાવાળી છે. **॥૨૦૪॥**

**શ્લોક :-**

**स्फुटीभवत्याप्तवचोविमर्शात्,**
**तद्वासनासंगतधर्मतो वा ।**
**क्षमादिरूपोऽपि दशप्रकारो,**
**धर्मः समाधौ परिपाकभाजि ।।२०५।।**

**શ્લોકાર્થ :-**

**પરિપાકવાળી સમાધિ હોતે છતે ક્ષમાદિરૂપ પણ દશ પ્રકારનો ધર્મ આપ્તવચનના વિમર્શથી પ્રગટ થાય છે અથવા તેની વાસનાથી સંગત એવા ધર્મથી=આપ્તવચનની વાસનાથી સ્થિર થયેલા ધર્મથી, પ્રગટ થાય છે. ॥૨૦૫॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓ બાહ્ય પુદ્ગલોથી અને દેહથી પોતાનો આત્મા ભિન્ન છે અને તેનું સ્વરૂપ શ્રુતના બળથી સૂક્ષ્મ-સૂક્ષ્મતર જાણવા યત્ન કરે છે અને દેહથી ભિન્ન એવા આત્માના સ્વરૂપમાં સ્થિર થવા પ્રયત્ન કરે છે, તેના કારણે સમાધિની પરિપાક અવસ્થાને પ્રાપ્ત કરે છે અર્થાત્ જેમ કાચું ફળ તેની પાક સામગ્રીથી પક્વ બને છે તેમ પ્રાથમિક બોધથી આત્માના સ્વરૂપ પ્રત્યે જે પક્ષપાત થયેલો તેના કારણે કાંઈક બાહ્ય પદાર્થો પ્રત્યેના સંશ્લેષની અલ્પતા થવાથી ચિત્તની સ્વસ્થતારૂપ અપક્વકક્ષાની સમાધિ પ્રગટ થયેલી તે સમાધિના સ્વરૂપને શાસ્ત્રવચનોથી સૂક્ષ્મ જાણીને અને તે સમાધિના સ્વરૂપથી આત્માને ભાવિત કરીને પૂર્વની અપક્વ સમાધિને પક્વ કરવામાં આવે ત્યારે યોગીનું ચિત્ત પરિપાકવાળી સમાધિવાળું બને છે. તે વખતે તે યોગીમાં ક્ષમાદિ દશ પ્રકારનો યતિધર્મ ભગવાનના વચનના વિમર્શથી પ્રગટ થાય છે અર્થાત્ તેવા સમાધિવાળા યોગીઓ મન-વચન-કાયાની સર્વ પ્રવૃત્તિઓ ભગવાનના વચનનું

સ્મરણ કરીને તે વચનાનુસાર ભાવો ઉલ્લસિત થાય તે રીતે કરે છે તેથી ભગવાનના વચનના બળથી ક્ષમાદિરૂપ દશ પ્રકારનો યતિધર્મ તેઓમાં પ્રગટ થાય છે. આ રીતે ભગવાનના વચનના સ્મરણપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને ક્ષમાદિભાવોને ધારણ કરનાર યોગી જ્યારે અસંગદશાને પામે છે ત્યારે, ક્ષમાદિ દશ પ્રકારના યતિધર્મના સેવનની વાસના તેઓમાં અત્યંત સ્થિર થાય છે તેથી તેઓમાં ધર્મક્ષમાદિભાવો પ્રગટે છે અર્થાત્ પૂર્વ ભૂમિકામાં તે વચનક્ષમારૂપ હતા તે દશ પ્રકારના ક્ષમાદિભાવો ધર્મક્ષમારૂપે અર્થાત્ જીવની પ્રકૃતિરૂપે, સ્થિર થાય છે. **॥૨૦૫॥**

**શ્લોક :-**

**धर्मस्य मूलं हि दया दयायाः,**
**क्षमेति संचिन्त्य भवन्ति सन्तः ।**
**कृतापराधेऽधि न कोपभाजः,**
**क्षमासमाधानशमाभिरामाः ।।२०६।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મનું મૂળ દયા છે, દયાનું ક્ષમા=દયાનું મૂળ ક્ષમા છે, એ પ્રમાણે ચિંતવન કરીને=અત્યંત ભાવન કરીને, ક્ષમામાં સમાધાનને કારણે શમઅભિરામવાળા=ક્ષમાના પરિણામને કારણે શમસુખથી શોભતા સંતપુરુષો, કૃત અપરાધવાળા જીવોમાં પણ કોપવાળા થતા નથી. ॥૨૦૬॥**

**ભાવાર્થ :-**

સંસારથી ભય પામેલા મહાત્માઓ વિચારે છે કે સંસારમાં પરિભ્રમણ કરતા જીવને દુર્ગતિના પરિભ્રમણથી રક્ષણ કરનાર ધર્મ છે અને સુગતિમાં સ્થાપન કરનાર ધર્મ છે. તે ધર્મનું મૂળ દયા છે અર્થાત્ પોતાના આત્માની અને અન્યજીવોની દયા છે. તે દયાનું મૂળ ક્ષમા છે. તેથી ધર્મના અર્થી એવા તે જીવો આત્માના ભાવપ્રાણના રક્ષણાર્થે દયાના મૂળ એવી ક્ષમાનું સ્વરૂપ વારંવાર સૂક્ષ્મપ્રજ્ઞાથી અવલોકન કરે છે અને તેનાથી આત્માને ભાવિત કરે છે તેના કારણે તેઓને ક્ષમા પ્રત્યેનો દઢરાગ ઉલ્લસિત થાય છે તેથી ક્ષમા જ મારું હિત

છે તે પ્રકારના સમાધાનવાળા તેઓ બને છે અને તેના કારણે કષાયોના ઉપશમરૂપ સમપરિણામથી તેઓ શોભી રહ્યા છે તેવા મહાત્માઓને તેઓ પ્રત્યે કોઈ અપરાધ કરે તોપણ તે અપરાધવાળા જીવોમાં કોપ થતો નથી પરંતુ તેઓનું શું કરવાથી હિત થશે તેનો ઉચિત વિચાર પ્રગટે છે. **॥૨૦૬॥**

**શ્લોક :-**

**गुणा विना नो विनयं कदाचि-**
**दमार्दवे नो विनयप्रथेति ।**
**अनुन्नतानिश्रितनिर्निदानाः,**
**समाहिता मार्दवशालिन स्युः ।।२०७।।**

**શ્લોકાર્થ :-**

**વિનય વગર ક્યારેય પણ ગુણો પ્રગટ થતા નથી અને અમાર્દવમાં વિનયનો વિસ્તાર નથી. એથી અનુન્નતઅનિશ્રિતનિર્નિદાનવાળા= ઉદ્ધતાઈ વગરના, અનિશ્રાવાળા, નિદાન વગરના, સમાધાનને પામેલા મહાત્મા માર્દવશાલી થાય. ॥૨૦૭॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓ સંસારથી ભય પામેલા છે અને સંસારથી આત્માનું રક્ષણ કરવા માટે ગુણસંપત્તિ આવશ્યક છે તેમ જાણે છે તેઓ વિચારે છે કે વિનય વગર ક્યારેય પણ ગુણો આવે નહીં તેથી ગુણો પ્રગટ કરવા અર્થે શાસ્ત્રઅધ્યયનની ક્રિયા કે તપાદિ અન્ય ક્રિયાઓ પણ વિનય વગર ગુણ પ્રગટ કરી શકે નહીં. તેથી ગુણસંપન્ન એવા તીર્થંકરો, ઋષિઓ, મહર્ષિઓ કે અન્ય ગુણસંપન્ન જીવો પ્રત્યે વિનયને ધારણ કરે છે વળી વિચારે છે કે બાહ્યવિનયની ક્રિયાથી પણ અંતરંગ વિનય પ્રગટે નહીં પરંતુ આત્મામાં માર્દવભાવ આવે તો જ વિનય પ્રગટે; કેમ કે અમાર્દવભાવમાં વિનયનો વિસ્તાર થતો નથી અર્થાત્ વિનય વિસ્તારભાવને પ્રાપ્ત કરતો નથી. એથી ગુણના અર્થી એવા તે મહાત્માઓ અમાર્દવભાવનો પરિહાર કરીને અનુન્નત થાય છે અર્થાત્ ઉદ્ધતાઈનો પરિહાર કરે છે. વળી નિશ્રા=રાગ, તેનો આશ્રય નહીં કરનારા હોવાથી અનિશ્રિત હોય

છે. વળી માનકષાયને વશ ક્યારેય નિદાનનો આશ્રય કરતા નથી, જેમ વીર પ્રભુએ વિશ્વભૂતિના ભવમાં માનકષાયને વશ ગાયને આકાશમાં ઉછાળી અને ત્યાર પછી અદ્ભુત બળ મેળવવા માટે નિદાન કર્યું તેવા નિદાનનો ક્યારેય આશ્રય કરતા નથી. તેવા સમાધિવાળા મહાત્માઓ માર્દવ સ્વભાવને ધારણ કરે છે જેથી જે જે જીવોમાં જે જે ગુણો તે મહાત્માને દેખાય છે તેને અનુરૂપ તે તે જીવો પ્રત્યે તે મહાત્માને વિનયનો પરિણામ થાય છે અને તે વિનયના પરિણામને કારણે તે મહાત્મામાં તેવા તેવા ગુણો પ્રગટ થાય છે તેથી ગુણના અર્થી એવા તેઓ માર્દવપરિણામને કારણે ગુણવૃદ્ધિ કરીને સંસારથી આત્માનું રક્ષણ કરે છે. ॥૨૦૭॥

**અવતરણિકા :-**

**શ્લોક-૨૦૫માં સમાધિવાળા મહાત્માઓમાં દશ પ્રકારનો યતિધર્મ પ્રકટ થાય છે તેમ બતાવ્યું. ત્યાર પછી શ્લોક-૨૦૬માં મહાત્માઓ કેવા પ્રકારે ભાવન કરીને ક્ષમાને ધારણ કરે છે તે બતાવ્યું. શ્લોક-૨૦૭માં મહાત્માઓ કેવા પ્રકારના ભાવનને કારણે માર્દવ ભાવને ધારણ કરે છે તે બતાવ્યું. હવે મહાત્માઓ કેવા પ્રકારના ભાવનથી આર્જવભાવને ધારણ કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

नानार्जवः शुद्ध्यति नाप्यशुद्धो,
धर्मे स्थिरो धर्ममृते न मोक्षः ।
सुखं न मोक्षाच्च विनेति साधुः,
समाधिमानार्जवमभ्युपैति ।।२०८ ।।

**શ્લોકાર્થ :-**

**આર્જવરહિત એવો જીવ શુદ્ધ થતો નથી, વળી અશુદ્ધજીવ ધર્મમાં સ્થિર થતો નથી, ધર્મ વગર મોક્ષ નથી અને મોક્ષ વગર સુખ નથી એ પ્રકારની સમાધિવાળા એવા સાધુ આર્જવને સ્વીકારે છે. ॥૨૦૮॥**

**ભાવાર્થ :-**

**સમાધિવાળા મહાત્મા આર્જવયુક્ત :-**

આર્જવ પરિણામ વગર જીવ પાપથી શુદ્ધ થતો નથી; કેમ કે સર્વ પાપોને જીવાડનાર જીવનો વક્રસ્વભાવ જ છે. તેથી શુદ્ધિનો અર્થી જીવ વારંવાર વિચારે કે આર્જવભાવ વગર શુદ્ધિ થાય તેમ નથી. અશુદ્ધ જીવ ધર્મમાં ક્યારેય સ્થિર થાય નહીં. ધર્મ વગર મોક્ષ નથી અને મોક્ષ વગર સુખ નથી. આ રીતે મોક્ષ સાથે કારણપરંપરાથી આર્જવભાવ સંકળાયેલો છે એ પ્રકારે વિચારીને સમાધિને ધારણ કરનારા સાધુ આર્જવભાવને પ્રાપ્ત કરે છે અર્થાત્ પૂર્વમાં અનાદિકાળથી જે વક્રભાવ હતો તે મોક્ષ પ્રાપ્તિમાં પરમ વિઘ્નરૂપ છે તેમ વિચારીને આર્જવભાવને સ્વીકારે છે. **॥૨૦૮॥**

**શ્લોક :-**

**यद् द्रव्यदेहोपधिभक्तपाना-**
**धिकारकं शौचमशुद्धिहानात् ।**
**समाधिनीरेण कृतं तदेव,**
**पावित्र्यबीजं प्रयतात्मनां स्यात् ।।२०९।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિના જલ વડે અશુદ્ધિના હાનથી દ્રવ્યરૂપ દેહ, ઉપધિ, ભક્ત, પાન અધિકારવાળું એવું જે શૌચ કરાયું તે જ પ્રયત આત્માને=સંયમમાં યતમાન એવા સાધુને પાવિત્ર્યનું=પવિત્રતાનું, બીજ થાય. ॥૨૦૯॥**

**ભાવાર્થ :-**

જે સાધુ સંયમના પરિણામની ધુરાને વહન કરે તેવા કષાયના શમનરૂપ સમાધિવાળા છે તેઓ સમાધિના પાણીથી અશુદ્ધિના હાન દ્વારા દ્રવ્ય એવું શરીર, દ્રવ્ય એવી સંયમની ઉપધિ, દ્રવ્ય એવું ભક્તપાન, જેને ગ્રહણ કરવાનો ભગવાનના વચનથી અધિકાર પ્રાપ્ત થયો છે તેવા અધિકારવાળું શૌચ કરે છે=શુદ્ધ કરે છે અને તે શૌચ જ સંયમમાં યતમાન સાધુની પવિત્રતાનું બીજ છે.

આશય એ છે કે ભગવાને સાધુને સંયમવૃદ્ધિનું કારણ બને તે અર્થે જ દ્રવ્ય એવા દેહને ધારણ કરવાની અનુજ્ઞા આપી છે અને સંયમની વૃદ્ધિનું કારણ બને તેવી ધર્મના ઉપકરણની અનુજ્ઞા આપી છે અને સંયમવૃદ્ધિનું કારણ બને તેવાં જ આહારપાણીના ગ્રહણની અનુજ્ઞા આપી છે. જે સાધુ સંયમનું કારણ બને તે રીતે જ દેહનું પાલન કરે છે, ઉપધિને ધારણ કરે છે અને દોષોના પરિહારપૂર્વક આહારાદિ ગ્રહણ કરે છે, તેઓ શૌચ ભાવનાથી ભાવિત છે તેથી પોતાના આત્મામાં રહેલા સંવરના પરિણામરૂપ સમાધિના બળથી આહારાદિ ગ્રહણ કરવાનો અધિકાર તેમને પ્રાપ્ત થયો અર્થાત્ પોતાનાથી ગ્રહણ કરાયેલાં આહાર-ઉપધિ આદિને ગ્રહણ કરવાનો અધિકાર ભગવાનના વચનથી તેમને પ્રાપ્ત થયો; કેમ કે તે આહાર-ઉપધિ આદિ દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિમાં અપ્રમાદથી ઉદ્યમ કરે છે તેથી સંયમની વૃદ્ધિના કારણભૂત બનેલા તે દેહાદિથી થયેલો શૌચનો પરિણામ સાધુ માટે પવિત્રતાનું બીજ થાય છે; કેમ કે યતમાન સાધુ જે કાંઈ આહાર ઉપધિ આદિ ગ્રહણ કરે છે તે સર્વમાં જિનવચનાનુસાર દોષોના પરિહાર માટેનો સમ્યગ્ યત્ન વર્તે છે. ॥૨૦૯॥

**શ્લોક :-**

**त्यक्त्वाऽऽश्रवान् पञ्च निरुद्ध्य,**
**पञ्चेन्द्रियाणि हत्वा चतुरः कषायान् ।**
**दण्डत्रयीजित् सुसमाधिरेति,**
**द्राक् संयमं सप्तदशप्रकारम् ।।२१०।।**

**શ્લોકાર્થ :-**

**પાંચ આશ્રવોનો ત્યાગ કરીને, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ કરીને, ચાર કષાયોને હણીને, દંડત્રયને જીતનારા સુસમાધિવાળા સાધુ શીઘ્ર સત્તર પ્રકારના સંયમને પ્રાપ્ત કરે છે. ।।૨૧૦।।**

**ભાવાર્થ :-**

**સુસમાધિવાળા સાધુઓ સત્તર પ્રકારના સંયમયુક્ત :-**

હિંસા આદિ પાંચ આશ્રવોનો ત્યાગ કરીને, સાધુ સમાધિવાળા થાય છે

અર્થાત્ હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ, અને પરિગ્રહ એ પાંચ આશ્રવો છે અને તેના ત્યાગથી સાધુ સમાધિના પરિણામવાળા થાય છે. વળી, પાંચ ઇન્દ્રિયો વિષયમાં જતી નિરુદ્ધ કરીને સાધુ સુસમાધિવાળા થાય છે. વળી, ક્રોધ-માન-માયા-લોભ રૂપ ચાર કષાયોને સંસારના ભાવોમાં પ્રવર્તતા અટકાવીને આત્માના ગુણોના આવિર્ભાવમાં કારણ બને તે રીતે કષાયોને વ્યાપારવાળા કરીને ચાર કષાયોને મુનિ હણે છે. વળી, મન-વચન-અને કાયા કર્મબંધનાં કારણ ન બને તે રીતે પ્રવર્તાવીને ત્રણ દંડને જીતનારા મુનિ સુસમાધિવાળા બને છે. આવા મુનિઓને સત્તર પ્રકારનું સંયમ શીઘ્ર પ્રાપ્ત થાય છે. **॥૨૧૦॥**

**અવતરણિકા :-**

**મહાત્માઓ દશ પ્રકારના યતિધર્મમાંથી કઈ રીતે શૌચધર્મને સેવે છે, તે શ્લોક-૨૦૯માં બતાવ્યું. ત્યારપછી કઈ રીતે સંયમધર્મને સેવે છે, તે શ્લોક-૨૧૦માં બતાવ્યું હવે મહાત્મા કઈ રીતે ત્યાગધર્મને સેવે છે, તે શ્લોક-૨૧૧માં બતાવે છે –**

**શ્લોક :-**

**समाहितो बन्धुधनाक्षशर्म-**
**त्यागात् परित्यक्तभयप्रवाहः ।**
**नित्यं परित्यक्ततनुश्च राग-**
**द्वेषौ त्यजेत् त्यागगुणान्महात्मा ।।२११।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિવાળા, બંધુ-ધન-ઈન્દ્રિયોના સુખના ત્યાગથી, પરિત્યક્ત ભયના પ્રવાહવાળા, નિત્ય પરિત્યક્ત શરીરવાળા, ત્યાગગુણથી મહાત્મા એવા સાધુ રાગ-દ્વેષનો ત્યાગ કરે છે. ॥૨૧૧॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માનું ચિત્ત સમાધાનવાળું છે, તેથી આત્મામાં જ સ્વસ્થતાનું સુખ છે તે પ્રકારની સમાધિવાળા છે અને તેને કારણે તે મહાત્મા બંધુ, ધન અને

ઇન્દ્રિયોના સુખનો ત્યાગ કરીને બાહ્ય પદાર્થોના નાશથી થતા ભયનો પ્રવાહ જેમણે ત્યાગ કર્યો છે તેવા સમાધિવાળા છે અને ધર્મના સાધનરૂપે જ દેહને ધારણ કરેલ હોવાથી ભોગના સાધનરૂપ દેહનો પણ તેમણે હંમેશાં ત્યાગ કર્યો છે એવા ત્યાગગુણવાળા મહાત્મા પોતાના આત્મામાં વર્તતા રાગ-દ્વેષનો ત્યાગ કરે છે. અર્થાત્ સતત વીતરાગભાવને અનુકૂળ અંતરંગ બળસંચયવાળા થાય છે. **॥૨૧૧॥**

**શ્લોક :-**

**अजिह्मभावात् तनुचित्तवाचां,**
**सत्यं विसंवादविपर्ययाच्च ।**
**चतुर्विधं चारुसमाधियोगा-**
**श्चतुर्गतिच्छेदकृदाद्रियन्ते ।।२१२।।**

**શ્લોકાર્થ :-**

**સુંદર સમાધિના યોગવાળા મહાત્માઓ શરીર, ચિત્ત અને વાણીના અજિહ્મભાવથી=અવક્રભાવથી, અને વિસંવાદના વિપર્યયથી ચાર ગતિના છેદને કરનારું ચાર પ્રકારનું સત્ય સ્વીકારે છે. ।।૨૧૨।।**

**ભાવાર્થ :-**

સત્ય નામના યતિધર્મને સેવવામાં તત્પર થયેલા સાધુ સુંદર સમાધિના યોગવાળા હોય છે તેથી તેઓ દેહની વક્રતા, ચિત્તની વક્રતા કે વાણીની વક્રતા કરતા નથી અને પ્રવૃત્તિમાં વિસંવાદનો વિપર્યય હોવાથી=અવિસંવાદી પ્રવૃત્તિ કરનારા હોવાથી, ચાર પ્રકારના સત્યને સેવનારા છે જે ચાર પ્રકારનું સત્ય ચારગતિના છેદને કરનારું છે. આશય એ છે કે (૧) શરીરની વક્રતા (૨) ચિત્તની વક્રતા (૩) વાણીની વક્રતા (૪) વિસંવાદવાળી પ્રવૃત્તિ એ ચાર અસત્ય પ્રવૃત્તિઓ છે. તે ચાર અસત્યનો ત્યાગ કરવા અર્થે મહાત્મા કાયાને જિનવચન અનુસાર પ્રવર્તાવે છે, જે કાયાની અવક્રતારૂપ સત્ય છે. વળી ચિત્તને જિનવચનથી વાસિત કરીને પ્રવર્તાવે છે તે ચિત્તની અવક્રતારૂપ સત્ય છે. વળી વાણીને સંયમના પ્રયોજનથી જિનવચનના નિયંત્રણ નીચે પ્રવર્તાવે છે જે વાણીની

અવક્રતારૂપ સત્ય છે અને મોક્ષ અર્થે સંયમ ગ્રહણ કરેલ છે તેને અનુરૂપ અવિસંવાદવાળી સર્વ પ્રવૃત્તિ કરે છે જે વિસંવાદના વિપર્યયરૂપ સત્ય છે જે ચાર સત્ય ચારગતિના છેદને કરનાર છે તેથી મોક્ષના અર્થી મહાત્મા ચાર સત્યના બળથી સતત મોક્ષમાર્ગમાં દૃઢ યત્નવાળા છે. **॥૨૧૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧૨માં સાધુનો સત્યધર્મ બતાવ્યો. હવે સાધુનો તપધર્મ બતાવે છે –**

**શ્લોક :-**

**आभ्यन्तरस्याभ्युदयाय बाह्य-**
**माभ्यन्तरं बाह्यविशुद्धये च ।**
**तपः प्रकुर्वन्ति मनःसमाधे-**
**र्धृत्वाऽऽनुकूल्यं जिनशासनस्थाः ।।२१३।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાનના શાસનમાં રહેલા મુનિઓ મનસમાધિના અનુકૂલપણાને ધારણ કરીને અભ્યંતરના અભ્યુદય માટે=અંતરંગ તપને ઉલ્લસિત કરવા માટે બાહ્ય તપ કરે છે અને બાહ્યની વિશુદ્ધિ માટે=બાહ્ય આચારની વિશુદ્ધિ માટે, અભ્યંતર તપ કરે છે. ।।૨૧૩।।**

**ભાવાર્થ :-**

ભગવાનના શાસનમાં રહેલા મુનિઓ મનને સ્વસ્થ-સ્વસ્થતર કરીને મોક્ષમાર્ગની આરાધના કરે છે તેથી મનસમાધિ જે રીતે વૃદ્ધિ પામે તે રીતે બાહ્ય અને અભ્યંતર તપ કરે છે; કેમ કે સમાધિદશાને પામતો જ આત્મા ઉત્તર-ઉત્તરની સમાધિની વૃદ્ધિ દ્વારા મોક્ષને પ્રાપ્ત કરે છે અને તે સમાધિના વૃદ્ધિના અંગ રૂપે શક્તિ અનુસાર બાહ્ય અને અભ્યંતર તપ કરે છે. તેમાં પણ જે કોઈ બાહ્ય તપ કરે છે તે અભ્યંતર તપની વૃદ્ધિ માટે કરે છે તેથી અણસણ આદિ છ પ્રકારનો બાહ્ય તપ સેવીને પોતાના અમમત્વભાવની જ વૃદ્ધિ કરે છે, જે અભ્યંતર

પરિણામના અભ્યુદય રૂપ છે. વળી, જે અભ્યંતર તપ કરે છે તે બાહ્ય આચારોની વિશુદ્ધિ માટે કરે છે તેથી જેમ જેમ સ્વાધ્યાય વૈયાવચ્ચ વગેરે તપો કરે છે તેમ તેમ સંયમના બાહ્ય આચારો વીતરાગભાવને અનુકૂળ દૃઢ પ્રવર્તે છે. એથી બાહ્ય આચારો પૂર્વ પૂર્વ કરતાં વિશુદ્ધ બને છે. આ રીતે બાહ્ય અને અભ્યંતર તપ શક્તિ અનુસાર સેવીને મહાત્મા સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે. **॥૨૧૩॥**

**શ્લોક :-**

**ग्लानिर्न यत्रास्ति न चाक्षहानि-**
**र्यत्रैधते ब्रह्म न रोषवार्ता ।**
**यस्मिन् जिनाज्ञैकवशंवदत्वं,**
**समाधिशुद्धं कथितं तपस्तत् ।।२१४।।**

**શ્લોકાર્થ :-**

**જે તપમાં ગ્લાનિ નથી=દેહની ગ્લાનિ નથી, અને ઇન્દ્રિયોની હાનિ નથી, બ્રહ્મચર્ય વધે છે, રોષની વાર્તા નથી, જેમાં=જે તપમાં, જિનાજ્ઞા એકવશંવદત્વ છે=જિનાજ્ઞા એકવશપણું છે, તે તપ સમાધિથી શુદ્ધ કહેવાયું છે. ॥૨૧૪॥**

**ભાવાર્થ :-**

**સમાધિથી શુદ્ધ એવા તપનું સ્વરૂપ :-**

સાધુને તપ દ્વારા ચિત્તની સ્વસ્થતારૂપ સમાધિ અભિપ્રેત છે તેથી પોતાની શક્તિને ગોપવ્યા વગર સમાધિની વૃદ્ધિ થાય તે પ્રકારે બાહ્ય અને અભ્યંતર તપને સેવે છે જે તપના બળથી ચિત્તમાં ને દેહમાં ગ્લાનિ જણાતી નથી પરંતુ અંતરંગ મોહના નાશને અનુકૂળ ઉલ્લસિત થતું વીર્ય દેખાય છે. વળી, જે તપમાં ઇન્દ્રિયોની હાનિ નથી અર્થાત્ શક્તિને ઓળંગીને કરાતા બાહ્ય તપમાં જે રીતે ઇન્દ્રિયો ક્ષીણશક્તિવાળી થાય છે તેવી ઇન્દ્રિયોની હાનિ નથી અને ઉચિત તપ દ્વારા વિકારોનું શમન થવાથી બ્રહ્મચર્ય વધે છે અને વિવેકપૂર્વક સેવાયેલું તપ હોવાથી રોષની વાર્તા નથી=બાહ્ય તપના અજીર્ણરૂપ ક્રોધ નથી,

અને જે તપમાં વીતરાગની એક આજ્ઞાનું વશપણું છે અર્થાત્ તપ દ્વારા નિર્લેપ પરિણતિની વૃદ્ધિ થાય એ પ્રકારની ભગવાનની એક આજ્ઞાનું વશપણું છે, તે તપ સમાધિથી શુદ્ધ કહેવાયું છે અર્થાત્ સમાધિપૂર્વક તે તપ સેવાય છે અને ઉત્તર ઉત્તરની સમાધિનું કારણ છે માટે તે તપ સમાધિશુદ્ધ કહેવાયું છે. **॥૨૧૪॥**

**અવતરણિકા :-**

**મુનિઓ દસ પ્રકારના યતિધર્મમાંથી બ્રહ્મચર્યનું પાલન કઈ રીતે કરે છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**त्यजन्ति कामान् मुनयोऽत्र दिव्या-**
**नौदारिकांश्च त्रिविधांस्त्रिधा यत् ।**
**ब्रह्मैतदष्टादशभेदमुच्चैः,**
**समाधिभाजः परिशीलयन्ति ।।२१५।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અહીં=સંયમજીવનમાં, મુનિઓ દિવ્ય અને ઔદારિક ત્રિવિધ એવા કામોને ત્રણ પ્રકારે ત્યાગ કરે છે. અઢારભેદવાળું આ બ્રહ્મચર્ય સમાધિવાળા મુનિઓ અત્યંત પરિશીલન કરે છે=તે કામો પ્રત્યે લેશ પણ વિકાર ન થાય તે રીતે આત્માને અત્યંત વાસિત કરે છે. ।।૨૧૫।।**

**ભાવાર્થ :-**

અબ્રહ્મના કારણભૂત દિવ્ય એવા દેવ સંબંધી ભોગો છે અને ઔદારિક એવા મનુષ્યલોકના ભોગો છે. તે બન્ને પ્રકારના ભોગો કરણ, કરાવણ અને અનુમોદનને આશ્રયીને ત્રણ પ્રકારે છે અને તે મન-વચન-કાયાથી ત્રણ પ્રકારે છે. તેથી તે ભોગના કુલ અઢાર પ્રકારો થાય છે અને મુનિઓ દશ પ્રકારના યતિધર્મના પાલનના અંગભૂત બ્રહ્મચર્યનું પાલન કરવા અર્થે અઢાર પ્રકારના કામોનો

ત્યાગ કરે છે અને મનોવિકારના શમનરૂપ સમાધિવાળા તે મહાત્મા અઢાર પ્રકારના બ્રહ્મચર્યના પાલનને તે રીતે પરિશીલન કરે છે કે જેથી કોઈ ઇન્દ્રિયોમાં તે પ્રકારનો વિકાર ઉલ્લસિત ન થાય. જો કે મુનિઓ વેદના ઉદયવાળા છે તોપણ જિનવચનનું દૃઢ આલંબન લઈને અઢાર પ્રકારની બ્રહ્મગુપ્તિનું તે રીતે સતત ભાવન કરે છે જેથી ઇન્દ્રિયોમાં તે પ્રકારના વિકારો ઉલ્લસિત થાય નહીં અને વેદનો ઉદય નિષ્ફળપ્રાય થવાથી અને બ્રહ્મગુપ્તિનું અત્યંત ભાવન હોવાથી વેદનો ઉદય ક્ષીણ ક્ષીણતર થાય છે. **॥૨૧૫॥**

**અવતરણિકા :-**

**દશ પ્રકારના યતિધર્મમાં મુનિઓ અકિંચનતા યતિધર્મનું કઈ રીતે સેવન કરે છે ? તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**ग्रामे कुले वा नगरे च देशे,**
**न या मनागप्युपधौ च मूर्छा ।**
**हतारतिव्याधिसमाधिभाजां,**
**धर्मः परोऽकिंचनताऽभिधोऽयम् ।।२१६।।**

**શ્લોકાર્થ :-**

**ગામમાં, કુલમાં, નગરમાં, દેશમાં અને ઉપધિમાં જે થોડી પણ મૂર્છા નથી એ હતારતિવ્યાધિસમાધિવાળા મુનિઓનો=હણી છે અરતિની વ્યાધિ જેમણે એવા સમાધિવાળા મુનિઓનો, અકિંચનતા નામનો શ્રેષ્ઠ ધર્મ છે. ॥૨૧૬॥**

**ભાવાર્થ :-**

મુનિઓ 'ન' કિંચન ઇતિ અકિંચન અર્થાત્ પોતાનો કોઈ પરિગ્રહ નથી તેથી અકિંચન છે અને તે અકિંચનતા ધર્મના પાલન અર્થે મુનિઓ સતત ઉદ્યમવાળા હોય છે તેથી કોઈ અનુકૂળ ગામ હોય કે પ્રતિકૂળ ગામ હોય તેમાં તેઓની લેશ પણ મૂર્છા હોતી નથી. વળી, ભિક્ષાને પ્રાપ્તિના ઉચિત કુલો ઘણા હોય કે અલ્પ

હોય કે ન હોય તેમાં લેશ પણ મૂર્છા થતી નથી. વળી કોઈ સમૃદ્ધનગર હોય તેમાં લેશ પણ મૂર્ચ્છા થતી નથી. વળી પોતાને પ્રાપ્ત થયેલા ભૂમિભાગ રૂપ એક દેશ તે અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય તેમાં લેશ પણ મૂર્છા થતી નથી. વળી, સંયમના ઉપકરણરૂપ ઉપધિમાં લેશ પણ મૂર્છા થતી નથી.

કેમ ક્યાંય મૂર્છા થતી નથી ? તેથી કહે છે –

જેઓએ અરતિરૂપી વ્યાધિને અંતરંગ મહાપરાક્રમ દ્વારા હણી નાખી છે તેથી અંતરંગ સ્વસ્થતારૂપ સમાધિવાળા છે માટે અરતિના બીજભૂત કોઈ સ્થાનમાં મૂર્છા થતી નથી. તે મૂર્છાના અભાવરૂપ શ્રેષ્ઠ ધર્મ અકિંચનતા નામનો છે જેનાથી મહાત્માઓ સદા સંયમના વૃદ્ધિના કંડકોને પ્રાપ્ત કરે છે. **॥૨૧૬॥**

**શ્લોક :-**

**समाधिसंशुद्धदशप्रकार-**
**धर्मावलम्बी परमार्थदर्शी ।**
**चरित्रदृग्ज्ञानतपःसमेतः,**
**स्वाध्यायसद्ध्यानरतो महात्मा ।।२१७।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિથી સંશુદ્ધ એવા દશ પ્રકારના ધર્મના અવલંબી પરમાર્થના દર્શી મહાત્મા ચારિત્રદષ્ટિવાળા જ્ઞાન અને તપથી સમેત સ્વાધ્યાય અને સદ્ધ્યાનમાં રત રહે છે. ॥૨૧૭॥**

**ભાવાર્થ :-**

મહાત્મા પ્રતિદિવસ તત્ત્વના ભાવનથી સમાધિથી સંશુદ્ધ ચિત્તવાળા હોય છે અને તે સમાધિથી શુદ્ધ ચિત્તપૂર્વક દશ પ્રકારના યતિધર્મનું અવલંબન લેનારા હોય છે તેથી સતત દશે પ્રકારના યતિધર્મને જીવનમાં સેવીને ગુણની વૃદ્ધિ કરે છે. વળી પરમાર્થને જોનારા હોય છે તેથી દશ પ્રકારના ધર્મના સેવનના બળથી જે આત્માની નિર્લેપ પરિણતિ પ્રગટે છે તે વીતરાગતાને અનુકૂળ સદા વર્તે છે. તેના પરમાર્થને સદા જોનારા હોય છે. વળી, તે મહાત્મા આત્માના ચરણ

પરિણામને જોનારી નિર્મળ દૃષ્ટિવાળા હોય છે અને જ્ઞાન તપથી સમેત હોય છે તેથી નવું નવું શ્રુત અધ્યયન કરીને તેના પરમાર્થથી આત્માને ભાવન કરનારા હોય છે અને સ્વભૂમિકા અનુસાર સ્વાધ્યાયમાં કે સદ્ધ્યાનમાં રત હોય છે અર્થાત્ પ્રથમ ભૂમિકામાં સ્વાધ્યાયથી આત્માને વાસિત કરે છે અને સંપન્ન અવસ્થામાં આત્માને સદ્ધ્યાનથી વાસિત કરવા યત્ન કરે છે. **॥૨૧૭॥**

**શ્લોક :-**

> **लुक्षान्नपिण्डग्रहणेन यात्रा-**
> **मात्राधिकारो नवकोटिशुद्ध्या ।**
> **समग्रशीलाङ्गसहस्रधारी,**
> **बन्धप्रमोक्षाय कृतप्रयत्नः ।।२१८ ।।**

**શ્લોકાર્થ :-**

**નવકોટિ શુદ્ધિથી=કરણ કરાવણ આદિ નવકોટિની શુદ્ધિથી, રુક્ષ અન્નપિંડના ગ્રહણ વડે યાત્રામાત્રના અધિકારવાળા=સંયમયાત્રામાત્રના યત્નવાળા, સમગ્ર શીલાંગ સહસ્રને ધારણ કરનારા, બંધપ્રમોક્ષ માટે= બંધાયેલા કર્મના અત્યંત મોક્ષ માટે, કૃત પ્રયત્નવાળા છે. ||૨૧૮||**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓને દેહથી માંડીને જગતના સર્વ પદાર્થો આત્માથી ભિન્ન છે તેવું સ્પષ્ટ જ્ઞાન છે અને આત્માનો આત્માની નિર્લેપ પરિણતિ સાથે અભેદ છે તે પ્રકારનો સ્પષ્ટથી બોધ છે અને તે નિર્લેપ પરિણતિને અતિશય કરવા અર્થે જેઓ મન-વચન-કાયાની કરણ-કરાવણ અનુમોદનરૂપ નવકોટિની શુદ્ધિથી ભિક્ષા ગ્રહણ કરે છે અને ભિક્ષામાં ક્યાંય સંશ્લેષ ન થાય માટે રુક્ષ અન્નપિંડના ગ્રહણથી સંયમમાત્રરૂપ યાત્રામાં યત્ન કરનારા છે તેઓ સતત મોહના ઉન્મૂલન માટે અંતરંગ ઉદ્યમ કરનારા છે, તેથી મુનિભાવના બીજભૂત સમગ્ર અઢાર હજાર શીલાંગોને ધારણ કરનારા છે, તેઓ આત્મા સાથે બંધાયેલાં કર્મોના અત્યંત મોક્ષ માટે પ્રયત્નવાળા છે. **॥૨૧૮॥**

શ્લોક :-

समाप्य सर्वं वचनस्य योग-
मसङ्गयोगं स्वरसेन कुर्वन् ।
अशून्यभावाच्च विकल्पहानेः,
सुप्तत्वजाग्रत्त्वदशोर्ध्वगामी ।।२१९।।

શ્લોકાર્થ :-

**વચનના સર્વ યોગને સંપ્રાપ્ત કરીને સ્વરસથી અસંગયોગને કરતા એવા મુનિ અશૂન્યભાવથી વિકલ્પ હાનિ હોવાને કારણે સુપ્તત્વદશાને છોડીને જાગૃત્વ દશા વડે ઊર્ધ્વગામી છે. ।।૨૧૯।।**

ભાવાર્થ :-

પૂર્વમાં સર્વજ્ઞના વચનને પરતંત્ર ભાવસાધુ કઈ રીતે અઢાર હજાર શીલાંગોને ધારણ કરે છે તેનું સ્વરૂપ બતાવ્યું. તે સર્વ વચનયોગરૂપ છે અર્થાત્ સર્વજ્ઞના વચનનું દૃઢ અવલંબન ભવને પ્રવર્તતું વચનઅનુષ્ઠાન છે અને તે વચનઅનુષ્ઠાન સમ્યગ્ રીતે પ્રાપ્ત કરીને ત્યાર પછી મુનિ સ્વરસથી અસંગયોગમાં યત્ન કરે છે તે વખતે મહાત્મા સર્વ દ્રવ્ય-સર્વ ક્ષેત્ર-સર્વ કાળ અને સર્વ ભાવો પ્રત્યે લેશ પણ સંશ્લેષ વગરના નિર્લેપ ચિત્તવાળા હોય છે. તેના કારણે તેઓમાં મનના વિકલ્પોની હાનિ થાય છે. તે વિકલ્પોની હાનિ અશૂન્ય ભાવોથી થાય છે અર્થાત્ જેમ કોઈ ગાઢ મૂર્છિતદશામા હોય તે વખતે શૂન્યભાવોને કારણે મનના વિકલ્પોની હાનિ હોય છે પરંતુ આ મહાત્મા મૂર્છિત નથી, ગાઢ ઊંઘમાં નથી પરંતુ અસંગભાવના ચિત્તવાળા છે તેથી ચિત્ત સર્વ વિકલ્પોથી પર થયેલું છે તોપણ ચિત્ત શૂન્યભાવવાળું નથી પરંતુ મોહનાશ માટે દૃઢ યત્નવાળું છે તેથી અવિરતિરૂપ સુષુપ્ત દશાને છોડીને જાગૃતત્વ રૂપ જે અપ્રમત્તદશા છે તે દશા દ્વારા ઉત્તર-ઉત્તર ગુણસ્થાનકમાં વૃદ્ધિ પામતા ઊર્ધ્વગામી છે.

આશય એ છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ સુપ્તત્વ દશાવાળા છે, દેશવિરતિવાળા કાંઈક જાગ્રત થયા છે, સર્વવિરતિધર મુનિઓ વિશેષ જાગ્રત થયા છે તે સર્વ

કરતાં અસંગદશાવાળા અપ્રમત્ત મુનિઓ અત્યંત જાગ્રતદશાવાળા છે અને તે જાગ્રતદશાના બળથી તેઓ ઊર્ધ્વગામી છે. **॥૨૧૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહેલ એવા જાગ્રતદશાવાળા ઊર્ધ્વગામી મુનિ કેવા હોય છે તેનું સ્વરૂપ વિશેષથી બતાવે છે –**

**શ્લોક :-**

**बुद्धः सुधीरेकविदेकरूपः,**
**संछिन्नशोकश्च सुसंयतश्च ।**
**आत्मप्रवादोपगतः सुगुप्तो,**
**रम्यः सुसामायिकभृत् समित्या ।।२२०।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધ=આત્માના પારમાર્થિક સ્વરૂપના બોધવાળા, સુધી=સુંદર બુદ્ધિવાળા, એકવિધ=એક આત્માના સ્વરૂપને વેદન કરનારા, એકરૂપ=કર્મને વશ અનેક સ્વરૂપને નહીં ધારણ કરનારા પરંતુ આત્માના એક સ્વરૂપને ધારણ કરનારા, સંછિન્ન શોકવાળા=કર્મજન્ય સંસારની વિષમ પરિસ્થિતિ જોઈને પણ સર્વથા શોક છેદી નાખ્યો છે જેમણે એવા, સુસંયત=સર્વ યત્નથી સંયમમાં દૃઢ ઉધમવાળા, આત્મપ્રવાદ ઉપગત=આત્મપ્રવાદમાં બતાવાયેલ આત્માના પારમાર્થિક સ્વરૂપને પ્રાપ્ત કરેલા, સુગુપ્ત=ત્રણ ગુપ્તિથી યુક્ત, સમિતિથી સામાયિકને ધારણ કરનારા સાધુ રમ્ય છે. ॥૨૨૦॥**

**ભાવાર્થ :-**

**જાગ્રત દશાવાળા ઊર્ધ્વગામી મુનિનું વિશેષ સ્વરૂપ :-**

જાગ્રત દશામાં રહેલા ઊર્ધ્વગામી મુનિ ભગવાનના વચનના સૂક્ષ્મ પદાર્થના બોધવાળા હોવાથી બુદ્ધ છે અને ભગવાનના વચનના બોધ અનુસાર પ્રવૃત્તિ કરીને અસંગદશાને પામેલા છે તેથી સુંદર બુદ્ધિવાળા છે. વળી, મોહના સંશ્લેષ

વગરના આત્માના સ્વરૂપને વેદન કરનારા હોવાથી એકવિધ છે=એક આત્માને વેદન કરનારા છે. વળી એકરૂપ છે=સંસારી જીવો મોહને વશ અનેક રૂપોને ધારણ કરે છે તેવા અનેક રૂપવાળા નથી પરંતુ જ્ઞેયનું જ્ઞાન માત્ર કરે છે તેથી એક રૂપવાળા છે. વળી સંછિન્ન શોકવાળા છે=કોઈ વિષમ સંયોગમાં લેશ પણ શોકનો પરિણામ ન સ્પર્શે તેવા નિર્લેપ પરિણતિવાળા છે. સુસંયત છે=આત્મામાં અત્યંત સ્થિર પરિણામવાળા હોવાથી સુસંયત છે. વળી આત્મપ્રવાદ નામના પૂર્વમાં પારમાર્થિક આત્માનું સ્વરૂપ વર્ણન કરાયેલું છે તેવા સ્વરૂપને પ્રાપ્ત થયેલા છે. વળી સુગુપ્ત છે=મન-વચન અને કાયાના ત્રણેય યોગો આત્મભાવોને છોડીને ક્યાંય જતા નહિ તેથી સુગુપ્ત છે. વળી સમિતિથી યુક્ત હોવાથી સુસામાયિકને ધારણ કરનારા છે અર્થાત્ શ્રેષ્ઠ કોટિના સમભાવના પરિણામને ધારણ કરનારા છે તેવા મુનિ અત્યંત રમ્ય છે. **॥૨૨૦॥**

**શ્લોક :-**

**धर्मार्थवृत्तिर्न च कीर्तिपूजा-**
**सत्कारलाभार्थितयाऽऽविलात्मा ।**
**अध्यात्मपूतो धुतपापकर्मा,**
**धिया नियागप्रतिपत्तिमत्त्या ।।२२१।।**

**શ્લોકાર્થ :-**

**વળી મુનિ ધર્માર્થવૃત્તિવાળા છે=ધર્મમાત્રના પ્રયોજન અર્થે ચેષ્ટાવાળા છે અને કીર્તિ, પૂજા, અને સત્કારના લાભના અર્થીપણાથી આવિલાત્મા નથી=મલિન આત્મા નથી, વળી અધ્યાત્મથી પવિત્ર, નિયાગની પ્રતિપત્તિરૂપ મતિવાળી બુદ્ધિથી ધુતપાપકર્મવાળા છે=ધોઈ નાખ્યું છે પાપકર્મ જેમણે એવા મુનિ છે. ।।૨૨૧।।**

**ભાવાર્થ :-**

મુનિઓ ધર્મના પ્રયોજનથી સર્વ પ્રવૃત્તિ કરે છે પરંતુ પોતાની જગતમાં કીર્તિ વિસ્તાર પામશે તો પોતે જગતથી પૂજાશે કે પોતાને લોકો પાસેથી

સત્કારનો લાભ થશે તેવી ઇચ્છારૂપ મલિન પરિણામવાળા નથી. વળી અધ્યાત્મથી પવિત્ર છે; કેમ કે સતત આત્માને વીતરાગના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિઓમાં પ્રવર્તાવીને અધ્યાત્મના ભાવોની વૃદ્ધિ તે મહાત્મા કરે છે. વળી કર્મના નાશ માટેનો નિયાગ સ્વીકાર્યો છે જેણે એવી બુદ્ધિને કારણે સતત પાપકર્મો જેણે નાશ કર્યાં છે તેવા ધુતપાપકર્મવાળા છે. **॥૨૨૧॥**

**શ્લોક :-**

> **विज्ञातभूयोभवसिन्धुदोषो,**
> **वैराग्यरङ्गामृतवासितात्मा ।**
> **गाम्भीर्यसिन्धुर्जगतोऽपि बन्धु-**
> **र्मुक्तः पराशाभिधनागपाशात् ।।२२२।।**

**શ્લોકાર્થ :-**

**વળી, મુનિ વિજ્ઞાત અત્યંત ભવસિંધુના દોષવાળા, વૈરાગ્યના રંગથી અમૃતવાસિત આત્મા હોય છે, ગાંભીર્યના સમુદ્ર હોય છે, જગતના પણ બંધુ હોય છે અને પરાશા નામના, નાગપાશથી મુક્ત હોય છે. ।।૨૨૨।।**

**ભાવાર્થ :-**

મુનિઓ સંસારના વાસ્તવિક સ્વરૂપને અત્યંત સ્પષ્ટ જોનારા હોય છે તેથી ભવરૂપી સમુદ્રના જે દોષો છે તેમનો તેઓને યથાર્થ બોધ હોય છે તેથી ભવની વૃદ્ધિના કારણોનો અત્યંત પરિહાર કરે છે અને વૈરાગ્યના રંગરૂપ અમૃતથી વાસિતસ્વરૂપવાળા હોય છે તેથી જગતમાં ક્યાંય સંશ્લેષ પામતા નથી. વળી, ગાંભીર્યના સિંધુ હોય છે તેથી, યોગમાર્ગના સેવનના બળથી ઘણા પ્રકારની શક્તિઓ પ્રાપ્ત થઈ હોય તોપણ ક્ષુદ્રભાવને વશ લોકમાં તેને અભિવ્યક્ત કરવા યત્ન કરતા નથી, વળી જગતના જીવોનું કઈ રીતે હિત થાય તેનો નિર્મળ ઊહાપોહ કરનારા હોય છે એથી જગતના બંધુ છે. વળી આત્માના ભાવોથી અતિરિક્ત પુદ્ગલ આદિના ભાવોની અભિલાષારૂપ નાગપાશથી મુક્ત છે તેથી સર્વત્ર નિઃસ્પૃહતા વર્તે છે. **॥૨૨૨॥**

**શ્લોક :-**

आसक्तिमानात्मगुणोद्यमेऽन्य-
कथाप्रसङ्गे बधिरान्धमूकः ।
क्रियासहस्त्रासुलभं लभेत,
निर्ग्रन्थमुख्यः स्वदयाविलासम् ।।२२३।।

**શ્લોકાર્થ :-**

**આત્મગુણના ઉદ્યમમાં આસક્તિવાળા, અન્યની કથા કરવાના પ્રસંગમાં બધિર, આંધળા ને મૂંગા, નિર્ગ્રંથ મુખ્ય એવા સાધુ હજારો ક્રિયાથી અસુલભ એવા સ્વદયાના વિલાસને પ્રાપ્ત કરે છે. ।।૨૨૩।।**

**ભાવાર્થ :-**

**નિર્ગ્રંથ મુખ્ય એવા સાધુનું સ્વરૂપ :-**

સાધુને બાહ્ય સર્વ પદાર્થ પ્રત્યે આસક્તિ વર્તતી નથી પરંતુ આત્મગુણની નિષ્પત્તિમાં જ આસક્તિ વર્તે છે. તેવી આત્મગુણોના વિકાસની પ્રવૃતિને છોડીને અન્યની વિચારણા કરવાના પ્રસંગમાં સાધુ કાનથી બહેરા, ચક્ષુથી આંધળા અને બોલવાથી મૂક હોય છે તેથી જગતમાં કોણ શું કહે છે તે સાંભળવા માટેની ઉત્સુકતા વગરના હોય છે, ચક્ષુથી બાહ્ય વસ્તુને જોવામાં ઉત્સુકતા વગરના હોય છે અને જગતના બાહ્ય પદાર્થો વિષયક કથન કરવાના વિષયમાં મૂંગા પુરુષ જેવા હોય છે તેવા નિર્ગ્રંથ મુખ્ય મુનિ હજારો ક્રિયાથી જે પ્રાપ્ત ન થઈ શકે તેવા પોતાના આત્માના ભાવપ્રાણના રક્ષણરૂપ સ્વદયાના વિલાસને પ્રાપ્ત કરે છે અર્થાત્ સતત મોહના ઉન્મૂલન દ્વારા પોતાના ભાવપ્રાણોની દયા કરે છે. **।।૨૨૩।।**

**શ્લોક :-**

विकल्पहीनां स्वदयां वदन्ति,
वैकल्पिकीमन्यदयां तु धीराः ।

तत्रादिमोक्ता किल मोक्षहेतुः,
परा पुनः स्वर्गसमृद्धिदात्री ।।२२४।।

**શ્લોકાર્થ :-**

**ધીર પુરુષો વિકલ્પહીન સ્વદયાને કહે છે. વળી અન્ય જીવોની દયાને વૈકલ્પિકી કહે છે=વિકલ્પવાળી દયા છે એમ કહે છે. ત્યાં=બે પ્રકારની દયામાં આદિમ દયા=વિકલ્પહીન સ્વદયા, મોક્ષનો હેતુ કહેવાયેલ છે. વળી બીજી=વૈકલ્પિકીદયા, સ્વર્ગસમૃદ્ધિને દેનારી કહેવાયેલ છે. ।।૨૨૪।।**

**ભાવાર્થ :-**

**વિકલ્પહીન અને વૈકલ્પિકી દયાનું સ્વરૂપ :-**

ધીર પુરુષો બે પ્રકારની દયા કહે છે. એક વિકલ્પહીન દયા અને બીજી વૈકલ્પિકી દયા. જે મહાત્માઓ કષાયોના વિકલ્પનો ત્યાગ કરીને અસંગદશામાં વર્તે છે તેઓનું ચિત્ત નિર્વિકલ્પ સામાયિકના પરિણામવાળું છે. તેઓ "આ ઇષ્ટ છે, આ અનિષ્ટ છે" ઇત્યાદિ વિકલ્પોના ત્યાગપૂર્વક પોતાના ભાવપ્રાણમાં આત્માને સ્થિર કરવા ઉદ્યમ કરી રહ્યા છે તેથી વિકલ્પોથી પર એવી પોતાના ભાવપ્રાણના રક્ષણ રૂપ સ્વદયા તે મહાત્મામાં વર્તે છે. વળી જે મહાત્માઓને જિનવચનાનુસાર ષટ્કાયના પાલનનો અધ્યવસાય વર્તે છે તેઓ સતત અન્ય જીવોને કોઈ પીડા ન થાય, કોઈના પ્રાણ નાશ ન થાય, કોઈના કષાયનો ઉદ્રેક પોતાના પ્રયત્નથી ન થાય તે પ્રકારના વિકલ્પપૂર્વક સર્વ સાધ્વાચારની ક્રિયાઓ કરે છે તેઓમાં વૈકલ્પિકી અન્ય જીવોની દયા વર્તે છે. આ બે દયામાંથી વિકલ્પહીન એવી સ્વદયા મોક્ષનો હેતુ છે; કેમ કે રાગાદિના વિકલ્પોના ઉન્મૂલનને અનુકૂળ યત્નપૂર્વક વીતરાગ થવાના ઉદ્યમસ્વરૂપ છે. વળી બીજી દયા સ્વર્ગસુખની સમૃદ્ધિને આપનારી છે; કેમ કે બીજાનું અહિત ન થાય તેવો સુંદરભાવ હોવાથી પોતાને ઘણી શાતા ઉત્પન્ન થાય તેવી સ્વર્ગની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે અને જ્યારે વૈકલ્પિકી દયા અત્યંત સ્થિર થાય છે ત્યાર પછી તે મહાત્માઓ જ નિર્વિકલ્પદશાને પ્રાપ્ત કરીને પરંપરાથી મોક્ષને પ્રાપ્ત કરે છે. **।।૨૨૪।।**

શ્લોક :-

रक्षामि जीवानिति हृद्विकल्पः,
पुण्याय हन्मीति च पातकाय ।
तत्पुण्यपापद्वितयं च भाति,
समाधिसिद्धौ स्फुटमेकरूपम् ।।२२५।।

શ્લોકાર્થ :-

**જીવોને હું રક્ષણ કરું છું એ પ્રકારના હૃદયનો વિકલ્પ પુણ્ય માટે અને હણું છું=જીવોને હણું છું એ પ્રકારનો હૃદયનો વિકલ્પ પાપ માટે છે અને સમાધિની સિદ્ધિમાં તે પુણ્ય અને પાપ બે સ્પષ્ટ એકરૂપ ભાસે છે. ।।૨૨૫।।**

ભાવાર્થ :-

શ્લોક-૨૨૪માં બે પ્રકારની દયા છે તેમ કહેલ તેમાં જે વૈકલ્પિકી દયા છે તે જીવોને હું રક્ષણ કરું એ પ્રકારના મનના વિકલ્પથી જીવરક્ષાને અનુકૂળ ષટ્કાયના પાલનના પરિણામરૂપ છે અને તે વૈકલ્પિકીદયા પુણ્યબંધનું કારણ છે અને હું જીવોને હણું એ પ્રકારની નિર્દયતા પાપ માટે છે અર્થાત્ હું મારા ભોગ-ઉપભોગ અર્થે જે પ્રવૃત્તિ કરું તેમાં જીવરક્ષાને અનુકૂળ પરિણામ નહીં હોવાથી જે હિંસા થાય છે તે પાપ માટે છે અને સમાધિની સિદ્ધિ થયે છતે અર્થાત્ યોગી શુદ્ધ આત્મભાવમાં સ્થિરતાને પ્રાપ્ત કરે તેવી સમાધિની સિદ્ધિ થયે છતે પુણ્યના વિકલ્પો અને પાપના વિકલ્પોથી બંધાતું પુણ્ય ને પાપ બન્ને તે મહાત્માને સ્પષ્ટ એકરૂપ જણાય છે અર્થાત્ જેમ આત્માને માટે પાપ હેય છે તેમ પુણ્ય પણ હેય છે અને પાપ હેય હોવાથી પાપના કારણીભૂત હિંસા હેય છે તેમ પુણ્યના કારણીભૂત દયાના વિકલ્પો પણ આત્માને માટે હેય છે. તે પ્રકારે યોગીને ભાસે છે તેથી સમાધિમાં સ્થિર થયેલા યોગી જેમ હિંસાના વિકલ્પોને કરતા નથી તેમ દયાના વિકલ્પોને પણ કરતા નથી. પરંતુ વિકલ્પહીન એવી સ્વદયાને જ કરે છે જેથી પોતાના ભાવપ્રાણનું રક્ષણ કરીને પુણ્ય-પાપથી પર એવી મુક્ત અવસ્થાને શીઘ્ર પ્રાપ્ત કરે છે. **।।૨૨૫।।**

**શ્લોક :-**

**फलैकरूपे भुवि पुण्यपापे,**
**न संगिरन्ते व्यवहारमत्ताः ।**
**समाधिभाजस्तु तदेकभावं,**
**जानन्ति हैमायसबन्धनीत्या ।।२२६।।**

**શ્લોકાર્થ :-**

**વ્યવહારમત્ત એવા યોગીઓ=વ્યવહારનયથી અતિવાસિતમતિવાળા યોગીઓ, પુણ્યનું પાપનું ફળ એકરૂપ સ્વીકારતા નથી=પુણ્યનું અને પાપનું ફળ એકરૂપ નથી પરંતુ ભિન્નરૂપ છે તેમ માને છે. વળી સમાધિવાળા યોગીઓ સુવર્ણની અને લોખંડની બેડીની નીતિથી તેના એકભાવને= પુણ્યપાપના એકભાવને, જાણે છે. ||૨૨૬||**

**ભાવાર્થ :-**

વ્યવહારનયથી પદાર્થને જોનારા યોગીઓને જણાય છે કે હિંસાથી કરાયેલાં પાપો જીવને દુર્ગતિઓમાં નાખીને વિડંબણા કરનાર છે અને જીવરક્ષાના પરિણામથી થયેલો પુણ્યબંધ જીવને શાતા આદિ આપીને હિતકારી છે. તેથી પુણ્ય અને પાપનું ફળ એકરૂપ કહી શકાય નહીં; કેમ કે પુણ્યનું ફળ હિતકારી છે અને પાપનું ફળ જીવને અહિતકારી છે. વળી શુદ્ધઆત્મસ્વભાવમાં એકરતિને ધારણ કરનારા સમાધિવાળા યોગીઓ કહે છે કે લોખંડની બેડી પણ જીવને બંધનમાં પરતંત્ર કરનાર છે અને સુવર્ણની બેડી પણ જીવને પરતંત્ર કરનાર છે તેથી સોનાની અને લોખંડની બેડીની નીતિથી પાપની સાથે પુણ્ય એકભાવવાળું છે તે પ્રકારે સમાધિવાળા યોગીઓ જાણે છે, તેથી બંધનમાં નાખવાના કારણીભૂત પાપ અને પુણ્ય બન્નેને સમાન માનીને સમાધિવાળા મહાત્મા બન્નેથી પર થવા અર્થે અને આત્મભાવોના રક્ષણાર્થે વિકલ્પહીન એવી સ્વદયાને જ કરે છે. **||૨૨૬||**

**શ્લોક :-**

**पुण्यस्य पापस्य च चिन्त्यमानो,**
**न पारतन्त्र्यस्य फलस्य भेदः ।**

**समाहिताः पुण्यभवे सुखेऽपि,**

**दुःखत्वमेव प्रतियन्ति तेन ।।२२७।।**

**શ્લોકાર્થ :-**

**પુણ્યના અને પાપના પારતંત્ર્યરૂપ ફળનો ચિંતન કરાતો ભેદ નથી. તે કારણથી સમાધિવાળા યોગીઓ પુણ્યથી થનારા સુખમાં પણ દુ:ખત્વને જ પ્રતીત કરે છે. ॥૨૨૭॥**

**ભાવાર્થ :-**

'હું જીવોની રક્ષા કરું' એ પ્રકારના વિકલ્પથી પુણ્ય બંધાય છે અને 'હું જીવોની હિંસા કરું અથવા સ્વની શાતા અર્થે અન્ય જીવોની હિંસાની ઉપેક્ષા કરું' એ પ્રકારના વિકલ્પથી પાપ બંધાય છે. તે પુણ્ય અને પાપ બન્ને કર્મબંધસ્વરૂપ હોવાથી જીવને પરતંત્ર કરનારા છે તેથી પરતંત્રતારૂપ ફળનો ભેદ પુણ્ય અને પાપ બન્નેમાં નથી; કેમ કે જીવને પરતંત્ર કરવું એ જ પુણ્યનું કાર્ય છે અને જીવને પરતંત્ર કરવું એ જ પાપનું કાર્ય છે. તેથી સમાધિવાળા મહાત્માઓ પુણ્યથી થતા દેવભવનાં કે મનુષ્યભવનાં ભૌતિક સુખોમાં પરતંત્રતારૂપ દુ:ખને જ જોનારા છે તેથી જેમ પાપથી કર્મની પરતંત્ર અવસ્થા પ્રાપ્ત થાય છે તેમ પુણ્યથી પણ જીવને કર્મની પરતંત્ર અવસ્થાની પ્રાપ્તિ થાય છે. સમાધિવાળા મહાત્માઓ પારતંત્ર્યરૂપ દુ:ખના નિવારણ અર્થે વિકલ્પહીન સ્વદયાને જ કરે છે અર્થાત્ કષાયોના વિકલ્પોને શાંત-શાંતતર કરીને અને નિર્વિકલ્પ અવસ્થાને સ્થિર-સ્થિરતર કરીને નિષ્કષાયવૃત્તિને પ્રગટ કરવા અર્થે સતત ઉદ્યમ કરે છે. **॥૨૨૭॥**

**શ્લોક :-**

**रम्यं सुखं यद्विषयोपनीतं,**

**नरेन्द्रचक्रित्रिदशाधिपानाम् ।**

**समाहितास्तज्ज्वलदिन्द्रियाग्नि-**

**ज्वालाघृताहुत्युपमं विदन्ति ।।२२८ ।।**

**શ્લોકાર્થ :-**

**નરેન્દ્ર, ચક્રવર્તી અને ઈન્દ્રોનું જે વિષયથી ઉપનીત રમ્યસુખ=વિષયોના ભોગથી પ્રાપ્ત થયેલું સુંદર સુખ તેને સમાધિવાળા યોગીઓ બળતી ઈન્દ્રિયોની અગ્નિની જ્વાલામાં ઘીની આહુતિમાં ઉપમા જેવું જાણે છે. ॥૨૨૮॥**

**ભાવાર્થ :-**

જેમ અગ્નિની જ્વાળામાં ઘીની આહુતિ આપવામાં આવે તો તે જ્વાળા પ્રદીપ્ત જ થાય છે તેથી અગ્નિની જ્વાલાનો સંતાપ વૃદ્ધિ પામે છે, પરંતુ હીનતાને પ્રાપ્ત કરતું નથી તેમ કષાયોથી વ્યાકુળ થયેલા જીવો ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરવામાં વ્યાપારવાળા હોય છે ત્યારે ઇન્દ્રિયોની અગ્નિજ્વાળા તેઓના આત્માને સતત બાળે છે અને ઇન્દ્રિયોથી આકુળ થયેલા નરેન્દ્રો-ચક્રવર્તીઓ કે ઇન્દ્રો જે સુંદર વિષયોથી સુખનો અનુભવ કરે છે તે રમ્ય સુખ પરમાર્થથી ઇન્દ્રિયની આકુળતારૂપ અગ્નિજ્વાળામાં ઘીની આહુતિ તુલ્ય થવાથી દુઃખની જ વૃદ્ધિ કરે છે; કેમ કે ઇન્દ્રિયોની અગ્નિજ્વાળા પૂર્વમાં વર્તતી હતી તે વિષયોને પામીને અતિશયિત પ્રવર્ધમાન થાય છે તેથી અગ્નિના તાપની પીડાની વૃદ્ધિને કરનારા વૈષયિક સુખને સુખ કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહીં, તેમ સમાધિવાળા યોગીઓ જાણે છે. **॥૨૨૮॥**

**શ્લોક :-**

**समाहितस्वान्तमहात्मनां स्यात्,**
**सुखेऽप्यहो वैषयिके जिहासा ।**
**को वा विपश्चिन्ननु भोक्तुमिच्छे-**
**न्मिष्टान्नमप्युग्रविषेण युक्तम् ॥२२९॥**

**શ્લોકાર્થ :-**

**સમાધાનને પામેલા સ્વ-અંતઃકરણવાળા એવા મહાત્માઓને વૈષયિક સુખમાં પણ અહો ! અર્થાત્ આશ્ચર્ય છે કે ત્યાગની ઇચ્છા થાય છે**

**અથવા ખરેખર કોણ બુદ્ધિમાન ઉગ્ર વિષથી યુક્ત મિષ્ટાન્નને પણ ખાવાની ઇચ્છા કરે ? અર્થાત્ કોઈ બુદ્ધિમાન કરે નહીં, તેમ બુદ્ધિમાન એવા સમાધિવાળા યોગીઓ વૈષયિકસુખની ઇચ્છા કરે નહીં. ।।૨૨૯।।**

**ભાવાર્થ :-**

મોહથી અનાકુળ એવું આત્માનું સ્વરૂપ જ સુખ છે એ પ્રકારે નિર્ણય કરીને મોહથી અનાકુળ એવા આત્માના સ્વરૂપમાં સમાધાનને પામેલા સ્વ-અંતઃકરણવાળા જે મહાત્માઓ છે તેઓને સંસારની વિડંબણા તો ત્યાજ્ય જણાય છે પરંતુ વૈષયિક સુખમાં પણ જિહાસા વર્તે છે=ત્યાગની ઇચ્છા વર્તે છે.

કેમ સુખમાં પણ ત્યાગની ઇચ્છા વર્તે છે એથી કહે છે –

ઉગ્ર વિષથી યુક્ત મિષ્ટાન્ન ભોજનને જાણીને તે ભોજનને કરવાની ઇચ્છા કોણ બુદ્ધિમાન કરે ? અર્થાત્ કોઈ બુદ્ધિમાન કરે નહીં, એમ ભોગકાળમાં વૈષયિકસુખમાં વર્તતી કષાયની આકુળતા-રૂપ વિષ છે તેનાથી મિશ્ર આ સુખો છે એવું જાણતો કોણ બુદ્ધિમાન પુરુષ તેવા સુખને ઇચ્છે ? અર્થાત્ સમાધિવાળા એવા યોગીઓ વિષમિશ્રિત એવા વૈષયિક સુખની ઇચ્છા કરે નહીં પરંતુ આત્માની સ્વસ્થતારૂપ જીવના પારમાર્થિક સુખની ઇચ્છા કરે છે તેથી તે મહાત્માઓ પારમાર્થિક સુખના નાશક એવા કષાયોની આકુળતાને દૂર કરીને સ્વદયાની જ ચિંતા કરે છે. **।।૨૨૯।।**

**શ્લોક :-**

**किं काङ्क्षितैर्भोगसुखैरनित्यै-**
**र्भयाकुलैरस्ववशैश्च तुच्छैः ।**
**अदभ्रनित्यस्ववशाभयोद्य-**
**त्समाधिसौख्याय बुधा यतन्ते ।।२३०।।**

**શ્લોકાર્થ :-**

**અનિત્ય, ભયથી આકુળ, અસ્વવશ એવા તુચ્છ કાંક્ષિત ભોગસુખો વડે શું ? અર્થાત્ તે ભોગસુખોથી સર્યું, (એ પ્રકારની બુદ્ધિ હોવાથી)**

**બુધ પુરુષો અદભ્ર=વિપુલ, નિત્ય, સ્વવશ, અભય=ભય વગરના, ઉધત્= સતત વૃદ્ધિ પામતા, સમાધિના સુખ માટે યત્ન કરે છે. ॥૨૩૦॥**

**ભાવાર્થ :-**

બુદ્ધિમાન પુરુષો સંસારનાં સુખોનું સ્વરૂપ, અને સમાધિના સુખનું સ્વરૂપ યથાર્થ જોઈને અસાર એવા સંસારનાં સુખોથી વિમુખ થઈને સારભૂત એવા સમાધિના સુખ માટે યત્ન કરે છે. કેમ બુધ પુરુષોને સંસારનાં સુખો અસાર જણાય છે તે બતાવતાં કહે છે સંસારનાં દરેક ભોગસુખો અનિત્ય છે; કેમ કે બાહ્ય પદાર્થને આધીન એવાં ભોગસુખો ક્યારેય સ્થિર રહી શકતાં નથી. તેથી ક્વચિત્ એક જન્મમાં પણ ચાલ્યા જાય છે અને ક્વચિત્ ભવના અંત સુધી અવસ્થિત રહે તોપણ મૃત્યુ પછી તે સુખો અવશ્ય નાશ પામે છે તેથી સંસારનાં સર્વ ભોગજન્ય સુખો અનિત્ય છે. વળી નાશ થવાના ભયથી આકુળ છે આથી જ સંસારી જીવો પોતાને પ્રાપ્ત થયેલી ભોગસામગ્રી નાશ ન પામે તેની ચિંતાથી સદા આકુળ હોય છે. વળી સંસારનાં સુખો આત્માને સ્વાધીન નથી પરંતુ પુણ્યને આધીન છે અને બાહ્ય પદાર્થને આધીન છે. વળી તુચ્છ છે; કેમ કે જીવની સ્વાભાવિક સ્વસ્થતારૂપ નથી. વળી ઇચ્છાની આકાંક્ષાથી દૂષિત છે તેથી તેવાં ભોગસુખો બુધ પુરુષોને અસાર જણાય છે.

વળી સમાધિનું સુખ અદભ્ર છે=વિપુલ પ્રમાણવાળું છે; કેમ કે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને આત્માના મૂળસ્વભાવમાં વિશ્રાંત થનારું છે. વળી નિત્ય છે; કેમ કે કર્મના નાશથી થયેલું હોવાથી આત્માની સ્વસ્થતારૂપ સુખ ક્યારેય નાશ પામતું નથી માટે નિત્ય છે. વળી આત્માના સમાધિનું સુખ કર્મને પરવશ નથી કે બાહ્ય વિષયોને આધીન નથી તેથી સ્વવશ છે. વળી આત્માના સમાધિના સુખના નાશનો ભય નથી; કેમ કે બાહ્ય પદાર્થની જેમ તે સુખ નાશ પામતું નથી પરંતુ ક્ષાયિકભાવરૂપે પ્રગટ થયેલું તે સુખ ક્યારેય કોઈનાથી ચોરાતું નથી કે કોઈ રીતે કોઈનાથી નાશ કરી શકાતું નથી તેથી ભય વગરનું છે. વળી ઉદ્યત છે=પ્રગટ થયા પછી તેના ઇચ્છુક એવા યોગી દ્વારા સમાધિનું સુખ સતત વૃદ્ધિ પામીને ક્ષાયિક ભાવ તરફ જનારું છે, તેવા સમાધિસુખ માટે બુધ પુરુષો સદા યત્ન કરે છે. **॥૨૩૦॥**

**શ્લોક :-**

**अनेकयत्नैर्विषयाभिलाषो-**
**द्भवं सुखं यल्लभते सरागः ।**
**समाधिशाली तदनन्तकोटि-**
**गुणं स्वभावाल्लभते प्रशान्तः ।।२३१।।**

**શ્લોકાર્થ :-**

**સરાગવાળો જીવ અનેક પ્રકારના યત્નોથી વિષયના અભિલાષથી ઉદ્ભવ થયેલું જે સુખ પ્રાપ્ત કરે છે તેનાથી અનંત કોટિગુણ પ્રશાંત સમાધિશાળી યોગી સ્વભાવથી પ્રાપ્ત કરે છે. ।।૨૩૧।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવો સુખના અર્થી છે અને સુખ તેઓને બાહ્ય વિષયની પ્રાપ્તિથી થાય છે તેવો ભ્રમ વર્તે છે. તેથી અનેક પ્રકારના યત્નો કરીને વિષયના અભિલાષથી ઉદ્ભવ થયેલા સુખને કંઈક પ્રાપ્ત કરે છે અર્થાત્ વિષયોની ઇચ્છાથી આકુળ થઈને અનેક યત્નોના શ્રમને કરીને વિષયના ભોગકાળમાં કાંઈક સુખને પ્રાપ્ત કરે છે. તેવા સંસારી જીવોના વિશાળ સુખ કરતાં પણ અનંત કોટિગણું સુખ સમાધિવાળા યોગીઓ પ્રશાંતચિત્તવાળા હોવાથી કોઈ જાતના યત્ન વગર સ્વભાવથી પ્રાપ્ત કરે છે; કેમ કે અંતરંગ સુખ પ્રત્યે મોહની અનાકુળતા કારણ હોવાથી સમાધિવાળા જીવોને તે મોહની અનાકુળતા અત્યંત વર્તે છે જ્યારે સંસારી જીવોને વિષયોની ઇચ્છાની આકુળતા વર્તતી હોવાથી ઘણા યત્નોથી વિષયોની પ્રાપ્તિ થવાથી ક્ષણભર ઇચ્છાના શમનરૂપ સુખ થાય છે, પરંતુ વિષયોથી ઇચ્છાના અત્યંત ઉચ્છેદરૂપ શમન કે ઇચ્છાના ઉત્તરોત્તર અનુબંધના ઉચ્છેદરૂપ શમન થતું નથી. જ્યારે યોગીઓને ઇચ્છાના ઉત્તરોત્તર અધિક અધિક શમનથી સુખ થાય છે તેથી સંસારી જીવોના સુખ કરતાં સમાધિવાળા યોગીઓનું સુખ અનંતગણું છે. **।।૨૩૧।।**

**શ્લોક :-**

**अनिष्टसंगेष्टवियोगदुःखं,**
**सरागवन्नैति समाधिशाली ।**
**अङ्गीकृतैकान्तिकमुक्त्युपायः,**
**प्रशान्तवेदारतिभीकषायः ।।२३२।।**

**શ્લોકાર્થ :-**

**અંગીકાર કર્યો છે એકાંતિક મુક્તિનો ઉપાય જેમણે એવા, પ્રશાંત થયા છે વેદનો ઉદય, અરતિ, ભય અને કષાયો જેમને એવા, સમાધિશાળી યોગી સરાગવાળા જીવની જેમ અનિષ્ટના સંગના અને ઈષ્ટના વિયોગના દુઃખને પ્રાપ્ત કરતા નથી ॥૨૩૨॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને ઇષ્ટના સંયોગથી જ સુખ થાય છે અને અનિષ્ટના વિયોગથી જ સુખ થાય છે તેથી જ્યારે કર્મ પ્રતિકૂળ હોય ત્યારે અનિષ્ટનો સંયોગ પ્રાપ્ત થાય છે તેથી દુઃખી થાય છે અને ઇષ્ટનો વિયોગ પ્રાપ્ત થાય છે તેથી દુઃખી થાય છે, જ્યારે સમાધિવાળા જીવોને કોઈ બાહ્ય પદાર્થ ઇષ્ટ નથી કે કોઈ બાહ્ય પદાર્થ અનિષ્ટ નથી, પરંતુ એકાંતિક મુક્તિનો ઉપાય ઇષ્ટ છે તેથી મુક્તિના ઉપાયની ઇચ્છાવાળા એવા તેઓ અંતરંગ પરાક્રમ કરીને વેદનો ઉદય, અરતિ, મોહનીય અને ભયમોહનીયરૂપ નોકષાયો અને ક્રોધાદિરૂપ ચાર કષાયો શાંત કર્યા છે તેના કારણે આત્માની સ્વસ્થતારૂપ સમાધિશાળી છે તેથી તેઓને બાહ્ય પદાર્થ કોઈ ઇષ્ટ નથી કે કોઈ અનિષ્ટ નથી. તેથી સંસારી જીવોને અનિષ્ટના સંયોગથી અને ઇષ્ટના વિયોગથી દુઃખ થાય છે તેવું દુઃખ સમાધિવાળા જીવોને ક્યારેય થતું નથી, પરંતુ કષાયો અને નોકષાયોના શમનકૃત થયેલી સમાધિજન્ય સુખ જ સદા વર્તે છે. **॥૨૩૨॥**

**શ્લોક :-**

**ज्ञानी तपस्वी परमक्रियावान्,**
**सम्यक्त्ववानप्युपशान्तिहीनः ।**

प्राप्नोति तं नैव गुणं कदाऽपि,
समाहितात्मा लभते शमी यम् ।।२३३।।

**શ્લોકાર્થ :-**

**જ્ઞાની=સત્‌શાસ્ત્રોને ભણીને થયેલા બોધવાળા, તપસ્વી=શક્તિ અનુસાર બાહ્ય-અભ્યંતર તપ કરનારા, પરમક્રિયાવાળા=ભગવાનના વચન અનુસાર સંયમની સમ્યક્‌ક્રિયા કરનારા, સમ્યક્ત્વવાળા પણ મુનિ ઉપશાંતહીન=શુદ્ધ આત્મભાવમાં વિશ્રાંતિને પામે તેવા ઉપશમભાવથી હીન, તે ગુણને=મોક્ષને અનુકૂળ તેવા ઉત્તમગુણને, ક્યારે પણ પ્રાપ્ત કરતા નથી જ, જેને=જે ઉત્તમગુણને, શમપરિણામવાળા સમાધિયુક્ત આત્મા પ્રાપ્ત કરે છે. ।।૨૩૩।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા સંસારના ઉચ્છેદના અર્થી હોય અને સંસારના ઉચ્છેદના ઉપાયરૂપે સત્‌શાસ્ત્રો ભણીને બહુશ્રુત થયા હોય, વળી પોતાના બોધને અનુસાર અપ્રમાદથી બાહ્ય ને અભ્યંતર તપ કરતા હોય, વળી સંયમની સર્વ ક્રિયાઓ અત્યંત ઉપયોગપૂર્વક કરતા હોય અને ભગવાનના વચનમાં સ્થિરશ્રદ્ધારૂપ સમ્યક્ત્વ પણ વિદ્યમાન હોય છતાં નિર્વિકલ્પ દશામાં સ્થિર થઈ શકે તેવા ઉપશમભાવથી રહિત હોય, છતાં ષટ્‌કાયના પાલન માટે અપ્રમાદથી ઉદ્યમ કરતા હોય તે મહાત્મા પોતાની ક્રિયાઓથી વિશિષ્ટ પુણ્યબંધ અને નિર્જરા કરીને સતત ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ગુણને પ્રાપ્ત કરે છે તોપણ તે મહાત્મા તેવા વિશિષ્ટગુણને પ્રાપ્ત કરી શકતા નથી જ, જેવા વિશિષ્ટગુણને સમપરિણામવાળા અને સમાધિમાં રહેલા નિર્વિકલ્પદશાવાળા મુનિ પ્રાપ્ત કરી શકે છે. આથી જ નિર્વિકલ્પદશાથી પૂર્વની ભૂમિકાવાળા સાધુઓને વેદનો ઉદય આદિ ન થાય તદ્ અર્થે સ્ત્રી આદિના સંસર્ગથી દૂર રહેવું આવશ્યક બને છે અને નિર્વિકલ્પદશાવાળા યોગીઓ ધ્યાનમાં વર્તતા હોય ત્યારે અનુકૂળ ઉપસર્ગ રૂપે સ્ત્રીઆદિના સંસર્ગો પ્રાપ્ત થાય ત્યારે લેશ પણ વિકાર ઉદ્‌ભવ થતો નથી. આથી જ વનવાસકાળમાં રામચંદ્રજી હતા ત્યારે કોઈ મહાત્મા રાત્રે ધ્યાનમાં

હતા ત્યારે તેમની સન્મુખ ભક્તિથી સીતાજીએ નૃત્ય કર્યું અને રામચંદ્રજીએ સંગીતરૂપે વાજિંત્રો વગાડ્યાં તોપણ તે મહાત્મા નિર્વિકલ્પ ઉપયોગના બળથી કેવલજ્ઞાનને પામ્યા. માટે નિર્વિકલ્પદશા આત્માની ગુણવૃદ્ધિનું પ્રબળ કારણ છે, તેવું પ્રબળ કારણ સરાગદશાવાળું સંયમ નથી. **॥૨૩૩॥**

**શ્લોક :-**

**सुरासुराणां मिलितानि यानि,**
**सुखानि भूयो गुणकारभाञ्जि ।**
**समाधिभाजां समतासुखस्य,**
**तान्येकभागेऽपि न संपतन्ति ।।२३४।।**

**શ્લોકાર્થ :-**

**સુર-અસુરના જે મિલિત સુખો છે ફરી ગુણાકારને ભજનારા છે તે= ગુણાકારને પામેલા સુર-અસુરના સુખો, સમાધિવાળા યોગીઓના સમતાસુખના એકભાગમાં પણ પ્રાપ્ત થતાં નથી. ॥૨૩૪॥**

**ભાવાર્થ :-**

સંસારમાં પ્રકૃષ્ટ સુખો દેવતાઓને છે અને જગતમાં જે સર્વ દેવતાઓ છે તેઓના સુખને કલ્પનાથી એક પુંજરૂપ કરવામાં આવે અને તે પુંજને ગુણાકાર કરીને અનેક ગુણો કરવામાં આવે અને જે સુખનો રાશિ પ્રાપ્ત થાય છે તે સુખની તુલના સમાધિવાળા યોગીના સમતાસુખની સાથે કરવામાં આવે તો તે યોગીના સમતાના સુખના એક ભાગમાં પણ સર્વ દેવતાઓનું ગુણાકારથી કરાયેલું સુખ પ્રાપ્ત થતું નથી; તેથી નક્કી થાય છે કે સંસારનાં સર્વ સુખોથી અતિશયિત સમતાનું સુખ છે અને જે સુખ નિર્વિકલ્પદશાવાળા મુનિઓમાં વર્તે છે. **॥૨૩૪॥**

**શ્લોક :-**

**नूनं परोक्षं सुरसद्मसौख्यं,**
**मोक्षस्य चात्यन्तपरोक्षमेव ।**

**प्रत्यक्षमेकं समतासुखं तु,**

**समाधिसिद्धानुभवोदयानाम् ।।२३५।।**

**શ્લોકાર્થ :-**

**ખરેખર દેવલોકનું સુખ પરોક્ષ છે અને મોક્ષનું સુખ અત્યંત પરોક્ષ જ છે. વળી સમાધિથી સિદ્ધ એવા અનુભવના ઉદયવાળા મુનિઓનું સમતાનું સુખ એક પ્રત્યક્ષ છે. ॥૨૩૫॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને મનુષ્યભવમાં દેખાતું સુખ પ્રત્યક્ષ છે પરંતુ દેવલોકનું સુખ પરોક્ષ છે તેથી પરલોકના સુખનો નિર્ણય નહીં થવાથી પરલોકના સુખના ઉપાયમાં યત્ન કરવા માટે લોકોને ઉત્સાહ થતો નથી. વળી મોક્ષનું સુખ તો અત્યંત પરોક્ષ જ છે; કેમ કે કોઈ સંસારી જીવે ક્યારેય અનુભવ્યું નથી. જ્યારે દેવલોકનું સુખ અત્યારે પરોક્ષ હોવા છતાં સંસારી જીવોએ પૂર્વમાં ક્યારેક અનુભવ્યું છે, તેથી જાતિસ્મરણ આદિથી કોઈકને દેવલોકનું સુખ સ્મરણ થઈ શકે છે, પરંતુ મોક્ષનું સુખ તો ક્યારેય સંસારી જીવે અનુભવ્યું નથી તેથી તેના સુખ માટે યોગમાર્ગમાં યત્ન કરવાનો ઉત્સાહ કોઈક વિચારકને ન થાય પરંતુ સમાધિથી સિદ્ધ એવા યોગીઓને સ્વઅનુભવના ઉદયને કારણે થતું સમતાનું સુખ પ્રત્યક્ષ જ છે તેથી તે સુખ માટે યત્ન કરવાનો ઉત્સાહ વિવેકીને થઈ શકે છે અને તે સુખ જ પ્રકર્ષને પ્રાપ્ત કરાવીને મોક્ષનું કારણ બનશે તેથી યોગીઓને અનુભવાતા સમતાના સુખના બળથી જ સુખના અર્થીએ સુખના એક ઉપાયભૂત યોગમાર્ગમાં જ યત્ન કરવો જોઈએ. **॥૨૩૫॥**

**શ્લોક :-**

**वणिग् यथा रत्नपरीक्षया द्राक्,**

**परीक्ष्य रत्नं लभते प्रमोदम् ।**

**ज्ञानी तथाऽऽप्नोति समाधिशुद्ध्या,**

**ब्रह्मानुभूयोपशमैकराज्यम् ।।२३६।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે વણિક શીઘ્ર રત્નની પરીક્ષા વડે રત્નની પરીક્ષા કરીને પ્રમોદને પ્રાપ્ત કરે છે તે પ્રમાણે જ્ઞાની સમાધિની શુદ્ધિથી બ્રહ્મનો અનુભવ કરીને=શુદ્ધ આત્માના સ્વરૂપનો અનુભવ કરીને, ઉપશમનું એક રાજ્ય પ્રાપ્ત કરે છે. ।।૨૩૬।।**

**ભાવાર્થ :-**

જે પ્રમાણે રત્નનો વણિક રત્નની પરીક્ષામાં નિપુણ થયા પછી રત્નની પરીક્ષા કરીને સુંદર રત્નોને પ્રાપ્ત કરે ત્યારે પ્રમોદ થાય છે; કેમ કે તે રત્નથી તેને પ્રચુર સંપત્તિ મળશે તેવો સ્થિર નિર્ણય છે તે પ્રમાણે સમાધિની શુદ્ધિમાં યત્ન કરનાર યોગી જ્યારે નિર્વિકલ્પદશાને પ્રાપ્ત કરે છે ત્યારે સમાધિના શુદ્ધિના બળથી મોહથી અનાકુળ એવા આત્માના સ્વરૂપનો અનુભવ કરે છે, જેના કારણે કષાયોના ઉપશમરૂપ એક રાજ્યને પ્રાપ્ત કરે છે. જેના પ્રકર્ષને પ્રાપ્ત કરીને તે જ્ઞાની અવશ્ય સર્વકર્મરહિત અવસ્થાને પ્રાપ્ત કરશે. **।।૨૩૬।।**

**શ્લોક :-**

**प्राणप्रियप्रेमसुखं न भोगा-**
**स्वादं विना वेत्ति यथा कुमारी ।**
**समाधियोगानुभवं विनैवं,**
**न वेत्ति लोकः शमशर्म साधोः ।।२३७।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે કુમારી કન્યા ભોગના આસ્વાદ વગર પ્રાણપ્રિયના પ્રેમના સુખને જાણતી નથી એ રીતે લોક સમાધિયોગના અનુભવ વગર=ચિત્તને સમાધિયોગમાં પ્રવર્તાવીને થતા ઉપશમના સુખના અનુભવ વગર, સાધુના સમસુખને જાણતો નથી. ।।૨૩૭।।**

**ભાવાર્થ :-**

કુમારી કન્યા પતિના ભોગના આસ્વાદન વગર પતિના પ્રેમના સુખને જાણી

શકતી નથી; કેમ કે અનુભવ વગર તેનો બોધ થાય નહીં અને શરીરની અવિકસિત અવસ્થાને કારણે તે પ્રકારના અનુભવને અનુકૂળ પરિણામનો તે કુમારીમાં અભાવ છે, તેમ સંસારી જીવોને સમાધિયોગનો અનુભવ નથી અને તે પ્રકારે કર્મના વિગમનથી નિર્મળતા નહીં થયેલી હોવાથી સમાધિયોગને અનુકૂળ કોઈ પરિણામ કરી શકે તેવી ચિત્તની ભૂમિકા નહીં હોવાથી સાધુના શમસુખને લોક જાણી શકતું નથી. આથી જ સાધુના કષ્ટકારી જીવનને દુઃખના વેદનરૂપ જ લોક જાણે છે. વસ્તુતઃ સંસારી જીવોને જે પ્રકારના સુખની ગંધ પણ નથી તેવું શ્રેષ્ઠ સુખ સમભાવના પરિણામથી સાધુ વેદન કરે છે. **॥૨૩૭॥**

**શ્લોક :-**

**निरुध्य लोकोऽपि विकल्पवृत्तीः,**
**परीक्षते चेच्छमशर्म साधोः ।**
**शक्यं निराकर्तुमिदं तदा स्या-**
**न्माधुर्यवन्नाविषयोऽपि वाचाम् ।।२३८ ।।**

**શ્લોકાર્થ :-**

**લોક પણ=સંસારી જીવ પણ, વિકલ્પવૃત્તિનો નિરોધ કરીને=આ મને ઈષ્ટ છે આ મને અનિષ્ટ છે ઇત્યાદિરૂપ બાહ્ય પદાર્થોમાં થતી વિકલ્પવૃત્તિનો નિરોધ કરીને, સાધુના શમસુખની પરીક્ષા કરે=સાધુને શમસુખ કેવું છે તેનો સ્વાનુભવથી નિર્ણય કરવા યત્ન કરે, તો માધુર્યની જેમ વાણીનો અવિષય પણ=આ માધુર્ય કેવા પ્રકારનું છે એ પ્રકારના વાણીના અવિષયવાળા માધુર્યની જેમ વાણીનો અવિષય પણ, આ=સાધુનું શમસુખ, નિરાકરણ કરવું શક્ય નથી. ॥૨૩૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે સાધુનું શમસુખ લોક વેદન કરી શકે તેમ નથી; કેમ કે લોકને વિષયના ભોગથી જ સુખ દેખાય છે અને વિષયોના અભાવમાં સુખની કલ્પના લોક કરી શકે તેમ નથી, છતાં કોઈ બુદ્ધિમાન પુરુષ હોય અને તે વિચારે કે આ મહાત્માઓ દેહ વગેરેની સર્વ અનુકૂળતા હોવા છતાં ભોગને

છોડીને કયા સુખના અર્થે ઉદ્યમ કરી રહ્યા છે અને તેનો નિર્ણય કરવા અર્થે તે બુદ્ધિમાન પુરુષ પોતાને બાહ્ય પદાર્થોમાં 'આ મને ઇષ્ટ છે આ મને અનિષ્ટ છે' ઇત્યાદિરૂપ જે વિકલ્પવૃત્તિઓ પ્રવર્તે છે તેનો નિરોધ કરવા યત્ન કરે અને અભ્યાસના બળથી જો તે વિકલ્પવૃત્તિ નિરોધ કરી શકે તો સાધુના શમસુખની પરીક્ષા તે કરી શકે=સાધુનું સમભાવનું સુખ કેવું છે તે સ્વઅનુભવથી નિર્ણય કરી શકે, તેથી માધુર્યની જેમ વાણીનો અવિષય પણ સાધુના સમભાવનું સુખ તે નિરાકરણ કરી શકે નહીં. આશય એ છે કે કોઈ વસ્તુમાં કેવું માધુર્ય છે તે સ્વાનુભવથી જ નિર્ણય થાય છે, પરંતુ વાણીનો વિષય તે માધુર્યવિશેષ થતો નથી છતાં તે વસ્તુમાં માધુર્ય વિશેષ નથી=અન્ય માધુર્ય કરતાં વિશેષ પ્રકારનું માધુર્ય નથી, તેવું નિરાકરણ થઈ શકતું નથી તેમ મુનિનું સમભાવનું સુખ વાણીથી કહી શકાતું નથી, તોપણ મુનિને ભોગના અભાવમાં સુખ હોઈ શકે નહીં તેમ કહી શકાય નહીં પરંતુ વસ્તુમાં વર્તતું માધુર્ય વિશેષ વસ્તુને ચાખવાથી જ નિર્ણીત થાય છે તેમ મુનિના સમભાવનું સુખ વિકલ્પના નિરોધથી જ પ્રતીત થાય છે, વાણીથી કહી શકાતું નથી. **॥૨૩૮॥**

**શ્લોક :-**

**ज्ञातं शिवं धर्मपदं समाधेः,**
**शमोदयादेकमपि प्रदत्ते ।**
**भूयोऽपि नार्थप्रतिभासमात्रं,**
**ज्ञानं हितं स्यादसमाहितानाम् ।।२३९।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિના કારણે શમનો ઉદય થવાથી એક પણ જ્ઞાત એવું ધર્મપદ=ધર્મના રહસ્યને બતાવનારું પદ, મોક્ષને આપે છે. અસમાધિવાળા જીવોનું ઘણું પણ અર્થપ્રતિભાસમાત્ર એવું જ્ઞાન હિત થતું નથી=હિતનું કારણ બનતું નથી. ॥૨૩૯॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ સંસારથી અત્યંત વિરક્ત થયા છે અને સંસારના ઉચ્છેદનું

કારણ મોહથી અનાકુળ એવી સમાધિવાળી અવસ્થા છે તેવો નિર્ણય થયો છે તેથી સમાધિને ઉલ્લસિત કરવા અર્થે તેઓ શાસ્ત્ર ભણવા માટે ઉદ્યમ કરે છે અને શાસ્ત્રના એક એક પદ દ્વારા સમભાવના પરિણામને જ પ્રગટ કરવા ઉદ્યમ કરે છે તેવા મહાત્માઓમાં વર્તતી સમાધિને કારણે શમનો ઉદય વર્તે છે અને તે શમના ઉદયપૂર્વક ધર્મને કહેનારા એક પણ પદના પરમાર્થને સ્પર્શવા યત્ન કરે છે. તેઓને એક પદનું રહસ્ય પ્રાપ્ત થાય ત્યારે તેઓથી જ્ઞાત એવું એક ધર્મપદ તેઓને મોક્ષ આપવાનું કારણ બને છે. જેમ કોઈ યોગીને જ્ઞાન થાય કે સામાયિકનો પરિણામ એ જ સમભાવના પરિણામ સ્વરૂપ છે અને તે પદના રહસ્યને જાણવા માટે સમાધિપૂર્વક તે પદના પરમાર્થને જાણવા તે મહાત્મા યત્ન કરે ત્યારે તે પદના સૂક્ષ્મ અવલોકનને કારણે શમ પરિણામનો ઉદય થાય છે અને તે શમ પરિણામના ઉદયથી એક પણ સામાયિકરૂપ ધર્મપદ તે મહાત્માને જ્ઞાત થાય છે ત્યારે તે પદને જ પુનઃ પુનઃ ભાવન કરીને તે મહાત્મા મોક્ષને પ્રાપ્ત કરે છે, જેમ માષતુષમુનિ મા તુષ્ય ને મા રુષ્ય એ બે પદના જ્ઞાત પરમાર્થને પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત કરી શક્યા. જ્યારે અસમાધિવાળા જીવો શાસ્ત્રોના ઘણા પણ પદાર્થો ભણે છે અને તેઓને તે પદોથી વાચ્ય અર્થમાત્રનું જ્ઞાન થાય છે પરંતુ ચિત્ત તેવા ઉપશમભાવવાળું નહીં હોવાથી તે શાસ્ત્રનાં ઘણાં પદો દ્વારા પણ આત્મામાં કોઈ પ્રકારના ગુણોની નિષ્પત્તિ કરી શકતા નથી તેથી તેઓનું ઘણું પણ જ્ઞાન હિતને કરનારું થતું નથી, માટે હિતના અર્થીએ ધર્મને કહેનારાં શાસ્ત્રનાં પદોના પરમાર્થની પ્રાપ્તિ થાય તે રીતે ચિત્તની સમાધિપૂર્વક તે પદોના પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ, માત્ર અર્થનો બોધ કરીને સંતોષ માનવો જોઈએ નહીં **॥૨૩૯॥**

**શ્લોક :-**

**स्त्रैणे तृणे ग्राव्णि च काञ्चने च,**
**शत्रौ च मित्रे भवने वने च ।**
**भवे च मोक्षे समतां श्रयन्तः,**
**समाधिभाजः सुखिता भवन्ति ।।२४०।।**

**શ્લોકાર્થ :-**

**સ્ત્રીમાં કે તૃણમાં, પત્થરમાં કે સુવર્ણમાં, શત્રુમાં કે મિત્રમાં, ભવનમાં કે વનમાં, ભવમાં કે મોક્ષમાં સમતાને આશ્રય કરતા સમાધિવાળા સુખિત થાય છે=સુખી થાય છે. ॥૨૪૦॥**

**ભાવાર્થ :-**

જેઓનું ચિત્ત સર્વભાવો પ્રત્યે સમભાવવાળું છે તેઓને સ્ત્રીનો સ્પર્શ કે તૃણનો સ્પર્શ સમાન ભાસે છે; કેમ કે કોમળ કે કઠોર સ્પર્શ પ્રત્યે પક્ષપાત નથી, તેથી કોમળ એવા સ્ત્રીના સ્પર્શમાં કે કઠોર એવા તૃણના સ્પર્શમાં કોઈ ભેદબુદ્ધિ થતી નથી. વળી પત્થરમાં અને સુવર્ણમાં કોઈ ભેદબુદ્ધિ થતી નથી અર્થાત્ સુવર્ણ પણ પુદ્ગલનો પરિણામ છે અને પત્થર પણ પુદ્ગલનો પરિણામ છે માટે સમાન ભાસે છે. વળી શત્રુમાં અને મિત્રમાં કોઈ ભેદબુદ્ધિ થતી નથી; કેમ કે શત્રુ પોતાની પ્રકૃતિ પ્રમાણે જે પરિણામ કરે છે અને મિત્ર પોતાની પ્રકૃતિ પ્રમાણે પરિણામ કરે છે તે બન્ને પરિણામો પોતાનાથી પર હોવાને કારણે પોતાને માટે સમાન છે. વળી, ભવનમાં હોય અર્થાત્ રાજભવનમાં હોય કે જંગલમાં હોય તેને સમાન ભાસે છે; કેમ કે તે તે ક્ષેત્રના ભવનરૂપ ભાવ કે વનરૂપ ભાવ પોતાને માટે સમાન છે. વળી ભવમાં અને મોક્ષમાં પણ સમાન બુદ્ધિ થાય છે; કેમ કે કર્મના સંયોગરૂપ ભવ કે કર્મના વિયોગરૂપ મોક્ષ પોતાનાથી પૃથક્ છે અને પોતે પોતાના સમભાવમાં સદા સ્થિત છે તેથી ભવ-મોક્ષમાં પણ સમાન પરિણામવાળા સમાધિવાળા જીવો સંસારમાં હોવા છતાં સુખી છે. **॥૨૪૦॥**

**શ્લોક :-**

**निरञ्जनाः शङ्खवदाश्रयन्तो-**
**ऽस्खलद्गतित्वं भुवि जीववच्च ।**
**वियद्वदालम्बनविप्रमुक्ताः,**
**समीरवच्च प्रतिबन्धशून्याः ।।२४१।।**
**शरत्सरोनीरविशुद्धचित्ता,**
**लेपोज्झिताः पुष्करपत्रवच्च ।**

गुप्तेन्द्रियाः कूर्मवदेकभाव-
मुपागताः खड्गिविषाणवच्च ।।२४२।।
सदा विहङ्गा इव विप्रमुक्ता,
भारुण्डपक्षीन्द्रवदप्रमत्ताः ।
शौण्डिर्यभाजो गजवच्च जात-
स्थामप्रकर्षा वृषभा इवोच्चैः ।।२४३।।
दुर्धर्षतां सिंहवदब्धिवच्च,
गम्भीरतां मन्दरवत् स्थिरत्वम् ।
प्राप्ताः सितांशूज्ज्वलसौम्यलेश्याः,
सूर्या इवात्यद्भुतदीप्तिमन्तः ।।२४४।।
सुजातरूपास्तपनीयवच्च,
भारक्षमा एव वसुंधरावत् ।
ज्वलत्त्विषो वह्निवदुल्लसन्ति,
समाधिसाम्योपगता मुनीन्द्राः ।।२४५।।

શ્લોકાર્થ :-

શંખની જેમ નિરંજન=શંખ જેમ કોઈ વસ્તુથી લેપાતો નથી તેમ બાહ્ય પદાર્થોથી નહીં લેપ પામનારા, અને જગતમાં જીવની જેમ અસ્ખલિત ગતિપણાને આશ્રય કરતા=જીવ પરભવમાં જાય છે ત્યારે તેના ગમનમાં કોઈ પદાર્થકૃત સ્ખલના થતી નથી તેમ નવકલ્પી વિહાર કરતા સાધુને કોઈ બાહ્ય પદાર્થો કૃત સ્ખલના નહીં થતી હોવાથી અસ્ખલિત ગતિપણાનો આશ્રય કરતા, આકાશની જેમ આલંબનથી રહિત, પવનની જેમ પ્રતિબંધથી રહિત, શરદઋતુના સરોવરના નીર જેવા વિશુદ્ધ ચિત્તવાળા અને પુષ્કરપત્રની જેમ લેપથી રહિત, કૂર્મની જેમ ગુપ્ત ઈન્દ્રિયવાળા અને ખડ્ગી વિષાણની જેમ એકભાવને પામેલા=ગેંડાના શિંગડાની જેમ એકભાવને પામેલા, પક્ષીની જેમ સદા વિપ્રમુક્ત, ભારંડપક્ષીની જેમ

**અપ્રમત્ત અને ગજની જેમ શૂરવીરતાને ભજનારા, ઋષભની જેમ અત્યંત જાતવીર્યના પકર્ષવાળા અને સિંહની જેમ દુર્ધર્ષતાને પામેલા, સમુદ્રની જેમ ગંભીરતાને પામેલા, પર્વતની જેમ સ્થિરપણાને પામેલા, ચંદ્રની ઉજ્જ્વલ સૌમ્યલેશ્યાવાળા, સૂર્યની જેમ અતિ અદ્ભુત દિપ્તિવાળા અને સુવર્ણની જેમ સુજાત રૂપવાળા, પૃથ્વીની જેમ ભાર સહન કરવા સમર્થ જ, વહ્નિની જેમ જાજ્વલ્યમાન કાંતિવાળા, સમાધિના સામ્યને પામેલા, મુનીન્દ્રો ઉલ્લાસ પામે છે. ॥૨૪૧-૨૪૨-૨૪૩-૨૪૪-૨૪૫॥**

**ભાવાર્થ :-**

**સમાધિના પરિણામને કારણે સામ્યને પામેલા મુનિઓનું સ્વરૂપ :-**

સમાધિના પરિણામને કારણે સામ્યને પામેલા મુનિઓ કેવા સ્વરૂપવાળા હોય છે તે અનેક વિશેષણોથી ગ્રંથકારશ્રી બતાવે છે. જેનાથી સમાધિના પરિણામને કારણે ઉલ્લસિત થતા સામ્યભાવનું સ્વરૂપ કેવું છે તેનો યથાર્થ બોધ થાય.

સંયમની સર્વ ક્રિયાઓ કષાયોનો ઉપશમ થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક જે સાધુઓ કરે છે તેઓની તે ક્રિયાથી નિષ્પાદ્ય એવો સામ્યભાવ તેઓમાં વર્તે છે. જ્યારે તે મહાત્મા સમાધિપૂર્વકના સંયમના પાલનથી વિશેષ પ્રકારના સામ્યભાવને પામે છે ત્યારે શંખની જેમ નિરંજન હોય છે. જેમ શંખને કોઈપણ પદાર્થમાં નાંખવામાં આવે તે પદાર્થનો સ્પર્શ શંખને થતો નથી પરંતુ તે પદાર્થમાં પણ નિર્લેપ જ રહે છે તેમ સામ્યભાવવાળા મુનિઓને જગતના કોઈ પદાર્થોથી જન્ય કોઈ પરિણામ થતો નથી પરંતુ કોઈ પદાર્થમાં સંશ્લેષ નહીં પામવાનો પરિણામ સહજ વર્તે છે. વળી જીવ એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યારે વચમાં આવતા પર્વતાદિ કોઈ પદાર્થોથી તેની ગતિની સ્ખલના થતી નથી એમ મુનિઓ નવકલ્પી વિહાર કરે છે ત્યારે સમભાવના પરિણામને કારણે તે તે ક્ષેત્રના ભાવોથી કે મનુષ્યાદિ લોકો કૃત સત્કારાદિથી તેમના સમભાવના પરિણામમાં કોઈ સ્ખલના થતી નથી. પરંતુ અસ્ખલિત રીતે ઉત્તર-ઉત્તરના સમભાવના પરિણામમાં તેઓનું ગમન થાય છે. જોકે સામાન્યથી સમભાવમાં યત્ન કરનાર મુનિને પણ બાહ્ય નિમિત્તોનું આગમન તે તે નિમિત્ત અનુસાર ઉપયોગને પ્રાપ્ત

કરાવીને સમભાવના યત્નમાં સ્ખલના કરાવે છે. પરંતુ જેઓની અંતરંગ અસ્ખલિત ગતિ સમભાવમાં વર્તે છે તેઓને કોઈ બાહ્ય પદાર્થ ગતિમાં સ્ખલના કરાવતો નથી, તેથી સમભાવવાળા મુનિ અસ્ખલિત ગતિત્વનો આશ્રય કરે છે. વળી આકાશ કોઈના આલંબન ઉપર રહેતું નથી પરંતુ સ્વતઃ પ્રતિષ્ઠિત છે તેમ સમભાવવાળા મુનિ નિર્વિકલ્પ ઉપયોગવાળા હોવાથી સર્વ બાહ્ય આલંબનથી વિપ્રમુક્ત છે, કેવલ આત્માના શુદ્ધ સ્વભાવમાં સહજ પ્રવર્તે છે. વળી પવનને કોઈ વસ્તુ પ્રત્યે પ્રતિબંધ નથી, કોઈ જીવ પ્રત્યે પ્રતિબંધ નથી તેથી સતત વહ્યા કરે છે તેમ સમભાવવાળા મુનિ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રત્યે પ્રતિબંધથી શૂન્ય છે, તેથી અસ્ખલિત રીતે વીતરાગભાવ તરફ ગમન કરે છે. વળી શરદઋતુના સરોવરનું નીર વિશુદ્ધ હોય છે તેવા વિશુદ્ધ ચિત્તવાળા સમાધિવાળા યોગીઓ હોય છે, તેથી જગતના કોઈ ભાવોનો તેઓના ચિત્તમાં સ્પર્શ થતો નથી પરંતુ જ્યાં તેઓ ચિત્તને સ્થાપન કરે છે ત્યાં જ ચિત્ત ગમન કરે છે. વળી પુષ્કર પત્રની જેમ લેપથી રહિત છે. જેમ કમળનું પત્ર કાદવમાંથી ઉત્પન્ન થાય છે તોપણ કાદવ સાથે લેપાયેલું હોતું નથી તેમ સમભાવવાળા મુનિઓને બાહ્ય પદાર્થો પ્રત્યે ક્યાંય સંશ્લેષ હોતો નથી. પરંતુ પરમ ઉપેક્ષાના પરિણામથી યુક્ત તેઓ સદા વર્તે છે. વળી કૂર્મની જેમ તેઓ ગુપ્ત ઇન્દ્રિયવાળા વર્તે છે, તેથી તેઓની મન-વચન-કાયાની પ્રવૃત્તિ કોઈ ઇન્દ્રિયો સાથે સંશ્લેષ પામીને પ્રવર્તતી નથી પરંતુ આત્મભાવોમાં સદા ઉપયોગ પ્રવર્તે છે. વળી ગેંડાને એક શિંગડું હોય છે તેમ સમાધિવાળા મુનિઓ આત્માના એકભાવ માત્રમાં વર્તનારા હોય છે, તેથી દેહ સાથે કે સહવર્તી કોઈ અન્ય મહાત્મા સાથે લેશ પણ સંશ્લેષનો ભાવ પામતા નથી. વળી પક્ષીઓ કોઈ નિયત ક્ષેત્ર સાથે પ્રતિબંધવાળા નથી પરંતુ જ્યાં નિવાસસ્થાન પ્રાપ્ત થાય છે ત્યાં વસે છે તેમ સમાધિવાળા યોગીઓ કોઈ ક્ષેત્રમાં પ્રતિબંધ વગર વિહરે છે. વળી ભારંડપક્ષી બે મુખવાળા હોય છે અને બે જીવો પરસ્પર સંશ્લેષયુક્ત એક શરીરવાળા હોય છે અને તે બેનો અર્ધભાગ એક હોય છે, તેથી એકબીજાના વિચારને જાણીને જ પરસ્પર ગમનાદિ પ્રવૃત્તિ કરે છે, જેથી એક દેહમાં રહેલા બે ભારંડ જીવની વિપરીત ગતિ થવાથી મૃત્યુનો પ્રસંગ ન આવે. તે પ્રકારે તેઓ અપ્રમત્ત હોય છે તેમ આત્મભાવોને છોડીને અન્યત્ર ચિત્ત ન જાય તે પ્રકારના ઉચિત યત્નમાં સમાધિવાળા

મુનિઓ અપ્રમત્ત હોય છે. વળી હાથી જેમ શત્રુને નાશ કરવામાં શૂરવીર હોય છે તેમ કર્મશત્રુના નાશ માટે સમાધિવાળા મહાત્માઓ મહાશૂરાતનવાળા હોય છે. વળી જેમ વૃષભો અતિ વીર્યના પ્રકર્ષવાળા હોય છે તેમ સમાધિવાળા મહાત્માઓ અંતરંગ પરિણામ કરવામાં વીર્યના પ્રકર્ષવાળા હોય છે. વળી સિંહ જેમ શત્રુ સાથે લડવામાં પીછેહઠ ન કરે તેમ સમાધિવાળા મહાત્માઓ મોહને નાશ કરવામાં પીછેહઠ ન થાય તેવા સત્ત્વવાળા હોય છે. વળી સમુદ્ર અત્યંત ગંભીર હોય છે તેમ સમાધિવાળા મહાત્મા આત્માના સૂક્ષ્મભાવોને જોવામાં દૃઢ યત્નવાળા હોવાથી ગંભીરતાવાળા હોય છે. વળી મેરુપર્વત જેમ સ્થિર હોય છે તેમ સમાધિવાળા મહાત્માઓ ઉપસર્ગો ને પરિષહોમાં અત્યંત નિશ્ચલ હોય છે. વળી સમાધિવાળા મહાત્માઓ ચંદ્રના જેવી ઉજ્જ્વલ સૌમ્ય લેશ્યાવાળા હોય છે તેથી સર્વ જીવો પ્રત્યે દયાળુ પરિણામવાળા હોય છે. વળી જેમ સૂર્ય અદ્ભુત દીપ્તિવાળો હોય છે તેમ સમાધિવાળા મહાત્માઓ પોતાના ગુણોની વૃદ્ધિના વ્યાપારમાં અદ્ભુત દીપ્તિવાળા હોય છે. વળી સુવર્ણ જેમ સુંદર જાતિવાળું હોય છે તેમ સમાધિવાળા સુજાત સ્વરૂપવાળા હોય છે. આથી જ ક્યારેય મોહનો આશ્રય કરતા નથી. વળી પૃથ્વી સર્વ પ્રકારનો ભાર સહન કરે છે તેમ સમાધિવાળા યોગી અઢાર હજાર શીલાંગના ભારને વહન કરે છે. વળી જેમ અગ્નિ જાજ્વલ્યમાન હોય છે તેમ સમાધિવાળા મહાત્માઓ પોતાના ગુણોથી જાજ્વલ્યમાન હોય છે. **॥૨૪૧-૨૪૨-૨૪૩-૨૪૪-૨૪૫॥**

**શ્લોક :-**

**गजाश्च सिंहा गरुडाश्च नागा,**
**व्याघ्राश्च गावश्च सुरासुराश्च ।**
**तिष्ठन्ति पार्श्वे मिलिताः समाधि-**
**साम्यस्पृशामुज्झितनित्यवैराः ।।२४६।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિના સામ્યને સ્પર્શનારા મહાત્માઓની પાસે નિત્ય જેઓનો પરસ્પર વૈરભાવ છે છતાં જેઓએ ત્યાગ કર્યા છે વૈરભાવ એવા**

**ગજો, સિંહો, ગરુડો, નાગો, વાઘો, ગાયો અને સુર-અસુરો મિલિત રહે છે. ॥૨૪૬॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓએ નિર્વિકલ્પ ઉપયોગ દ્વારા પરમ સામ્યભાવથી આત્માને સંપન્ન કર્યો છે એવા સિદ્ધયોગીઓ પાસે હિંસક પ્રાણીઓ પરસ્પરના નિત્ય પણ વેરનો ત્યાગ કરીને મિલિત થઈને બેસે છે, જાણે તેઓનો પરસ્પરનો વેરભાવ તે મહાત્માના સાંનિધ્યથી નાશ પામ્યો હોય તેવું જોનારને દેખાય છે અને તેવા મહાયોગી પાસે હિંસક પ્રાણીઓ પણ તત્ત્વને પામીને પોતાનો પ્રાપ્ત થયેલો પશુભવ પણ સફળ કરે છે. વળી સુર-અસુર દેવોને પરસ્પર હંમેશાં નિત્ય વેર છે તેઓ પણ આવા મહાત્માના સાંનિધ્યમાં પોતાનો વેરભાવ ત્યાગ કરીને તત્ત્વ સાંભળવા બેસનારા થાય છે. **॥૨૪૬॥**

**શ્લોક :-**

**चरीकरीति प्रशमं समाधि-**
**साम्यस्पृशां दृग्लहरी जनानाम् ।**
**पान्थस्य किं पद्मसरःसमीर-**
**स्तापं न निर्वापयितुं क्षमः स्यात् ॥२४७॥**

**શ્લોકાર્થ :-**

**સમાધિના સામ્યને સ્પર્શનારાઓની દૃષ્ટિની લહરી લોકોના પ્રશમને અત્યંત કરે છે. પદ્મસરોવરનો પવન મુસાફરના તાપને શું નિવારવા સમર્થ થતો નથી ? અર્થાત્ થાય જ છે. ॥૨૪૭॥**

**ભાવાર્થ :-**

મુસાફરી કરીને આવેલા, તાપથી તપ્ત જીવોના તાપને નિવારવા પદ્મસરોવર ઉપરથી વાતો શીતલ પવન સમર્થ બને છે તેમ ઉત્તમ સમાધિને સ્પર્શનારા ઉત્તમપુરુષોની દૃષ્ટિ જે યોગ્ય જીવો પર પડે છે તેઓને પણ શીઘ્ર અત્યંત પ્રશમભાવ પ્રાપ્ત થાય છે. આથી જ ગૌતમસ્વામીને પામીને પંદરસો તાપસોને

સંયમની સમાધિ શીઘ્ર પ્રાપ્ત થઈ. તે રીતે વીરભગવાનના દૃષ્ટિની લહેરીને પામીને ચંડકૌશિક સર્પને પ્રશમભાવ શીઘ્ર પ્રાપ્ત થયો. **॥૨૪૭॥**

**શ્લોક :-**

**जना मुदं यान्ति समाधिसाम्य-**
**जुषां मुनीनां मुखमेव दृष्ट्वा ।**
**चन्द्रेक्षणादेव चकोरबालाः,**
**पीतामृतोद्गारपरा भवन्ति ।।२४८ ।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિના સામ્યથી યુક્ત એવા મુનિઓના મુખને જ જોઈને લોકો પ્રમોદને પામે છે. ચંદ્રના જોવા માત્રથી જ ચકોરબાળ=ચકોરપક્ષીઓ, પીતઅમૃતના ઉદ્ગારવાળા થાય છે=કેકારવ કરનારા થાય છે. ।।૨૪૮।।**

**ભાવાર્થ :-**

ચકોરપક્ષીને ચંદ્રનાં શીતલ કિરણ અતિપ્રિય હોય છે તેથી ચકોરપક્ષીઓ ચંદ્રનાં કિરણને જોઈને હર્ષની અભિવ્યક્તિ રૂપે કેકારવ કરે છે તેવી રીતે સમાધિના સામ્યવાળા મુનિઓના મુખને જોઈને યોગ્ય જીવોને પ્રીતિ ઉત્પન્ન થાય છે. જે પ્રીતિના બળથી તેઓ પણ શીઘ્ર સંસારસાગરને તરવા સમર્થ બને છે તેથી સમાધિવાળા મુનિઓ ઉપદેશ વગર પણ ઘણા યોગ્ય જીવોના કલ્યાણનું કારણ બને છે. **॥૨૪૮॥**

**શ્લોક :-**

**समाधिसाम्यादुदितान्मुनीनां,**
**हर्षप्रकर्षो वचनाद् भवेद् यः ।**
**गुरुत्वमत्येति महानिधान-**
**लाभेन सार्धं तुलितोऽपि नायम् ।।२४९।।**

**શ્લોકાર્થ :-**

**મુનિઓના સમાધિસામ્યથી ઉદિત એવા વચનોથી જે હર્ષનો પ્રકર્ષ થાય છે એ મહાનિધાનના લાભની સાથે તુલના કરાયેલો પણ ગુરુત્વને છોડતો નથી અર્થાત્ મહાનિધાનના લાભથી થતા હર્ષ કરતાં અધિક હર્ષનો પ્રકર્ષ વર્તે છે. ॥૨૪૯॥**

**ભાવાર્થ :-**

સામાન્યથી સંસારી જીવોને મહાનિધાનની પ્રાપ્તિ થાય તે વખતે અતિશયિત હર્ષ થાય છે. એ હર્ષની સાથે તુલના કરવામાં આવે કે કોઈ યોગ્ય જીવોને મુનિના સમાધિસામ્યથી કહેવાયેલાં વચનો સાંભળીને જે હર્ષ થાય છે તે હર્ષ તે ધનના લાભથી થયેલા હર્ષ કરતાં ઘણો અતિશય હોય છે; કેમ કે વિવેકી પુરુષને મહાનિધાનના લાભથી આ લોકનું જ સુખ પ્રાપ્ત થઈ શકે તેમ દેખાય છે અને સમાધિવાળા મુનિઓના વચનના શ્રવણથી જે સંવેગવિશેષ ઉત્પન્ન થાય છે તે સંવેગનો પરિણામ વર્તમાનમાં સુખાકારી છે અને ભાવિમાં સુખની પરંપરાનું પ્રબળ કારણ છે; કેમ કે સંવેગના અતિશયથી ભાવિત સમાધિવાળા મુનિઓના વચનમાં પણ તે પ્રકારના સંવેગ ઝરતા પરિણામો હોવાથી યોગ્ય જીવોને અત્યંત હર્ષનું કારણ બને છે. **॥૨૪૯॥**

**શ્લોક :-**

**સ્થિરાસનાऽશેષવિકારશૂન્યા,**
**સમાધિસામ્યાદ્ભુતરઙ્ગભાજામ્ ।**
**મુદ્રાऽપિ મુદ્રાજ્યસુધાસમુદ્રા-**
**મુદ્રામૃતાંશુદ્યુતિરઙ્ગભાજામ્ ॥૨૫૦॥**

**શ્લોકાર્થ :-**

**મુદ્ રાજ્યરૂપી જે અમૃત=આત્માના ચૈતન્યના આનંદરૂપ અમૃત, એ રૂપ સમુદ્રમાં અમુદ્રારૂપ અમૃતાંશુ=મુદ્રા વગરના સ્વભાવરૂપ ચંદ્ર તેની ધુતિના રંગને ભજનારા અને સમાધિસામ્યથી અદ્ભુત રંગને ભજનારા**

**મુનિઓની મુદ્રા પણ સ્થિરાસનવાળી અને સર્વ વિકારોથી શૂન્ય હોય છે. ॥૨૫૦॥**

**ભાવાર્થ :-**

મુનિઓ નિર્વિકલ્પ ઉપયોગમાં દીર્ઘકાળ સુધી વર્તીને આત્માના નિરાકુળ સ્વભાવનો અનુભવ કરનારા હોય છે. જે આનંદ અમૃત તુલ્ય છે અને તે પણ ઘણો વિશાળ છે, તેથી અમૃતના સમુદ્ર જેવો આનંદ છે. તે આનંદમાં આત્માના અમુદ્રાસ્વભાવરૂપ જે સિદ્ધ અવસ્થા છે તે અવસ્થારૂપ ચંદ્રની કાંતિ તેના રંગને ભજનારા મુનિઓ હોય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સિદ્ધ અવસ્થામાં જીવ દેહ વગરનો અરૂપી આત્મા છે તેથી મુદ્રા વગરનો છે અને ચંદ્ર જેવો શીતલ છે. આવા આત્માઓનું સ્વરૂપ સમાધિવાળા મુનિના ચિત્તમાં સદા સ્ફુરાયમાન થાય છે તેથી પોતાના આત્મામાં વર્તતા ઉપશમભાવના સુખમાં સિદ્ધ અવસ્થાના તરંગો પ્રતિભાસમાન થતા દેખાય છે. તે વખતે તે મહાત્માઓ સમાધિના સામ્યને કારણે અદ્ભુત રંગને ભજનારા હોય છે તેથી તે અવસ્થામાં તેઓનું ચિત્ત તો આત્મભાવોમાં સ્થિર અને સર્વ વિકાર વગરનું છે, પરંતુ તેમના મુખની મુદ્રા પણ સ્થિરાસનવાળી અને સર્વ વિકાર વગરની દેખાય છે જે મુદ્રાના દર્શનથી પણ યોગ્ય જીવોને મુનિઓની ઉત્તમ સમાધિ કેવા પ્રકારની નિર્મળ હોય છે, તે વ્યક્ત જણાય છે. **॥૨૫૦॥**

**શ્લોક :-**

**अपेक्षितान्तःप्रतिपक्षपक्षैः,**
**कर्माणि बद्धान्यपि जन्मलक्षैः ।**
**प्रभा तमांसीव रवेः क्षणेन,**
**समाधिसिद्धा समता क्षिणोति ॥२५१॥**

**શ્લોકાર્થ :-**

**અપેક્ષિત છે અંતરમાં પ્રતિપક્ષપક્ષ એવા લાખો જન્મ વડે=અપેક્ષિત છે અંતરમાં સમતાનો વિરોધીપક્ષ જેમને એવા લાખો જન્મ વડે, બંધાયેલાં**

**પણ કર્મોને, રવિની પ્રભા જેમ અંધકારનો નાશ કરે છે, તેમ સમાધિથી સિદ્ધ થયેલી સમતાવાળા મુનિ ક્ષણથી નાશ કરે છે. ॥૨૫૧॥**

**ભાવાર્થ :-**

ગાઢ અંધકાર વર્તતો હોય અને સૂર્યનાં કિરણો પ્રસરે છે ત્યારે તે ક્ષણમાં અંધકારનો નાશ થાય છે તેમ જીવે સમતાના પ્રતિપક્ષ પરિણામના બળથી લાખો જન્મ વડે જે ક્લિષ્ટ કર્મો બાંધ્યાં છે તે સર્વ કર્મોનો નાશ સમાધિથી સિદ્ધ થયેલી સમતાવાળા મુનિ ક્ષણમાં નાશ કરે છે. તેથી એ ફલિત થાય કે અનાદિકાળથી જીવે બાહ્ય પદાર્થો પ્રત્યે પક્ષપાત કરીને અસમભાવના પરિણામથી ઘણાં કર્મોનું અર્જન કરેલ છે તે સર્વ કર્મોના નાશનો ઉપાય સમભાવનો પરિણામ છે તેવો જે મહાત્માને સ્પષ્ટ બોધ થયેલો છે તે મહાત્મા સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ આદિ જે વિષમભાવો છે તે સર્વ પ્રત્યે સમાન ચિત્ત બને તે રીતે સર્વ સંયમની ક્રિયાઓ કરે છે. આ ક્રિયાના બળથી કષાયો શાંત થવાના કારણે જેમનું ચિત્ત સમાધિવાળું બન્યું છે અને તે સમાધિના બળથી વિશેષ પ્રકારની સમતા સિદ્ધ થઈ છે, તેવા મહાત્માઓ લાખો જન્મનાં કર્મોને એક ક્ષણમાં નાશ કરે છે. માટે કર્મના નાશના અર્થીએ સુખદુઃખ આદિ ભાવો પ્રત્યે ચિત્ત સમાન વર્તે તે જ રીતે સર્વ ઉદ્યમ કરવો જોઈએ. **॥૨૫૧॥**

**શ્લોક :-**

**संसारिणो नैव निजं स्वरूपं,**
**पश्यन्ति मोहावृतबोधनेत्राः ।**
**समाधिसिद्धा समतैव तेषां,**
**दिव्यौषधं दोषहरं प्रसिद्धम् ॥२५२॥**

**શ્લોકાર્થ :-**

**મોહથી આવૃત થયો છે બોધરૂપ અંતર્ચક્ષુ જેમનો એવા સંસારી જીવો પોતાના સ્વરૂપને જોતા નથી જ, તેઓના દોષને હરનાર સમાધિથી સિદ્ધ એવી સમતા જ દિવ્યઔષધ પ્રસિદ્ધ છે. ॥૨૫૨॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને દર્શનમોહનીયકર્મનો ઉદય વર્તે છે તેથી આત્માના પોતાના સ્વરૂપને જોવાને અનુકૂળ બોધરૂપી ચક્ષુ મૂળથી આવૃત છે. તેથી પોતાના પારમાર્થિક સ્વરૂપને જોઈ શકતા નથી. પરંતુ દેહ સાથે સંબંધવાળા અને શાતા-અશાતાને અનુભવનારા પોતાના સ્વરૂપને જોઈ શકે છે, તેથી અશાતાના પરિહાર માટે અને શાતાની પ્રાપ્તિ માટે સદા ઉદ્યમ કરે છે પરંતુ મોહથી અનાકુળ સ્વસ્થ એવા પોતાના સ્વરૂપને પ્રગટ કરવા અર્થે કોઈ ઉદ્યમ કરતા નથી તેવા જીવોને સમાધિથી સિદ્ધ એવી સમતા જ દિવ્ય ઔષધ છે જે શુદ્ધ આત્માના નિરાકુળ સ્વરૂપને જોવામાં બાધક એવા ચાક્ષુષ દોષને હરનાર છે. તેથી જેને આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવાની ઉત્કટ ઇચ્છા હોય તેને સદા સુખદુઃખ આદિ ભાવો પ્રત્યે ચિત્ત સમભાવને ધારણ કરનારું બને તે રીતે આત્માને ભાવિત કરવો જોઈએ જેથી શુદ્ધ આત્માના સ્વરૂપને જોવામાં બાધક એવું દર્શનમોહનીય કર્મ શાંત બને અને અનંતાનુબંધી કષાયના વિગમનથી કંઈક કંઈક અંશથી સમભાવની પ્રાપ્તિ થાય. જેમ જેમ વિશેષ-વિશેષતર સમભાવમાં ઉદ્યમ કરવામાં આવે તેમ તેમ મોહથી અનાકુળ એવા શુદ્ધ આત્માનું સ્વરૂપ સૂક્ષ્મ-સૂક્ષ્મતર સ્વસંવેદિત થાય છે, તેથી શુદ્ધ આત્માના સંવેદનને બાધ કરનાર દોષના નાશને કરનાર સમતા જ દિવ્ય ઔષધ તરીકે પ્રસિદ્ધ છે. **॥૨૫૨॥**

**શ્લોક :-**

**बबन्ध पापं नरकैकवेद्यं,**
**प्रसन्नचन्द्रो मनसाऽप्रशान्तः ।**
**तत्कालमेव प्रशमे तु लब्धे,**
**समाधिभृत् केवलमाससाद ।।२५३।।**

**શ્લોકાર્થ :-**

**મનથી અપ્રશાંત એવા પ્રસન્નચંદ્ર ઋષિએ નરકએકવેદ્ય પાપનો બંધ**

**કર્યો તત્કાળ જ વળી પ્રશમ લબ્ધ થયે છતે સમાધિને ધારણ કરનાર પ્રસન્નચંદ્ર ઋષિએ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. ॥૨૫૩॥**

**ભાવાર્થ :-**

પ્રસન્નચંદ્ર ઋષિ તેવા પ્રકારના નિમિત્તને પામીને મનથી અપ્રશાંત થયા તેના કારણે ક્લિષ્ટ અધ્યવસાય થવાથી નરકભવમાં એક વેદન થઈ શકે તેવાં પાપોને બાંધ્યાં અને નિમિત્તને પામીને તત્કાળ જાગ્રત થયેલા પ્રશમ પરિણામને પામ્યા. અને તે પ્રશમની વૃદ્ધિના બળથી સમાધિને ધારણ કરનારા તે ઋષિએ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. તેથી નક્કી થાય છે કે મોહથી આકુળ ચિત્ત સર્વ કર્મોના બંધની પ્રાપ્તિ દ્વારા સંસારપરિભ્રમણનું કારણ છે અને મોહના ઉપશમથી થયેલું રમ્યચિત્ત કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે. તેથી ચિત્તને ઉપશાંત કરવા માટે સર્વ ઉચિત ઉપાયોમાં મહાત્માએ યત્ન કરવો જોઈએ જેથી શીઘ્ર સંસારનો અંત થાય. **॥૨૫૩॥**

**શ્લોક :-**

**षट्खण्डसाम्राज्यभुजोऽपि वश्या,**
**यत्केवलश्रीर्भरतस्य जज्ञे ।**
**न याति पारं वचसोऽनुपाधि-**
**समाधिसाम्यस्य विजृम्भितं तत् ।।२५४।।**

**શ્લોકાર્થ :-**

**ષટ્ખંડના સામ્રાજ્યને ભોગવનારા પણ ભરતમહારાજાને જે કેવલજ્ઞાનની લક્ષ્મી વશ્ય થઈ. અનુપાધિ સમાધિસામ્યનું=સંયમના આચારોના સેવનથી થતી ઉપાધિરૂપ સમાધિના સામ્ય કરતાં વિલક્ષણ એવી સર્વ આચારોના સેવનરૂપ ઉપાધિ રહિત સમાધિના સામ્યનું, વિજૃમ્ભિત એવું તે=સમાધિસામ્યનું કૃત્ય, વચનના પારને પ્રાપ્ત કરતું નથી=વચનથી કહી શકાતું નથી. ॥૨૫૪॥**

**ભાવાર્થ :-**

ભરતમહારાજા ષટ્ખંડના સામ્રાજ્યને ભોગવનારા હતા અને તે છ ખંડના સામ્રાજ્યનો ત્યાગ કરીને સંયમ ગ્રહણ કરેલું ન હતું છતાં તે છ ખંડના સામ્રાજ્યને ભોગવતાં ભોગવતાં જ કેવલજ્ઞાનની લક્ષ્મી તેમને પ્રાપ્ત થઈ તે સમાધિનું જ કાર્ય છે. કેવા પ્રકારની સમાધિનું કાર્ય છે, તે બતાવવા ગ્રંથકારશ્રી કહે છે અનુપાધિ સમાધિસામ્યનું તે કાર્ય છે.

આશય એ છે કે સામાન્યથી મહાત્માઓ સંયમની આચરણારૂપ ઉપાધિના બળથી સમાધિના પરિણામને પ્રાપ્ત કરે છે અને ઉત્તર-ઉત્તરના આચારો દ્વારા વિશેષ-વિશેષ સામ્યભાવને પ્રાપ્ત કરે છે. તે સ્થાનમાં બાહ્ય આચારોથી મોહનાશને અનુકૂળ અંતરંગ ચક્ર ગતિમાન થાય છે અને તેનાથી સમાધિની પ્રાપ્તિ થાય છે અને ઉત્તર-ઉત્તરના આચારો દ્વારા અંતરંગ ચક્રના પ્રવર્તનના બળથી સમાધિની વૃદ્ધિ થાય છે. પરંતુ ભરત મહારાજાનું પૂર્વભવનું સુઅભ્યસ્ત અંતરંગ ચક્ર હતું તેથી સહસા બાહ્યક્રિયાના ચક્ર વગર અંતરંગ મોહનાશને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થયું તેથી બાહ્યક્રિયાની ઉપાધિ વગર સમાધિસામ્યને પામ્યા અને તેના ફળરૂપે કેવલજ્ઞાનની લક્ષ્મી પ્રાપ્ત કરી તેને વચનથી કઈ રીતે કહી શકાય? અર્થાત્ સમાધિના સામ્યનું માહાત્મ્ય વચનથી કહી શકાય તેવું નથી પરંતુ સેવનના જ સ્વાનુભવથી પ્રતીત થાય તેવું છે. **॥૨૫૪॥**

**શ્લોક :-**

**अप्राप्तधर्माऽपि पुरादिमार्ह-**
**न्माता शिवं यद् भगवत्यवाप ।**
**समाधिसिद्धा समतैव हेतु-**
**स्तत्रापि बाह्यस्तु न कोऽपि योगः ।।२५५।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં અપ્રાપ્તધર્મવાળી પ્રથમ અરિહંતની ભગવતીમાતાએ જે મોક્ષને પ્રાપ્ત કર્યું તેમાં પણ સમાધિસિદ્ધ સમતા જ હેતુ છે પરંતુ બાહ્ય કોઈપણ યોગ હેતુ નથી. ॥૨૫૫॥**

**ભાવાર્થ :-**

ઋષભદેવ ભગવાનની મરુદેવામાતાએ એકેન્દ્રિય અવસ્થામાંથી સીધી પંચેન્દ્રિય અવસ્થાને પ્રાપ્ત કરીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું. તેથી પૂર્વના કોઈ ભવમાં ધર્મને પ્રાપ્ત કર્યો ન હતો છતાં જે તેમને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ તેમાં સમાધિસિદ્ધ એવી સમતા જ હેતુ છે પરંતુ સંયમના કોઈ બાહ્ય આચારોનો યોગ હેતુ નથી, તેથી મોક્ષના અર્થીએ વિચારવું જોઈએ કે બાહ્ય સર્વ આચારો સમભાવની પ્રાપ્તિ દ્વારા જ મોક્ષનું કારણ છે, તેથી બાહ્ય સર્વ આચારોમાં તે રીતે જ ઉદ્યમ કરવો જોઈએ, જેથી સમભાવની પ્રાપ્તિ થાય અને સમભાવની વૃદ્ધિ દ્વારા સમાધિની વૃદ્ધિની પ્રાપ્તિ થાય અને સમાધિના બળથી પ્રાપ્ત થતી સમતા જ ક્રમે કરીને સંસારના ઉચ્છેદનું કારણ બનશે. માટે સમતાને લક્ષ્ય કરીને જ સર્વ પ્રવૃત્તિ કરવી જોઈએ. **॥૨૫૫॥**

**શ્લોક :-**

**समाधिसाम्यास्तवपुर्ममत्वाः,**
**मत्वा स्वभावं धृतशुद्धसत्त्वाः ।**
**न सेहिरेऽर्तिं किमु तीव्रयन्त्र-**
**निष्पीडिताः स्कन्दकसूरिशिष्याः ।।२५६।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિસામ્યથી અસ્ત થયું છે દેહનું મમત્વ જેમને એવા, તીવ્ર યંત્રથી નિષ્પીડિત, ધૃતશુદ્ધસત્ત્વવાળા, સ્કંદકસૂરિના શિષ્યોએ સ્વભાવને માનીને=યંત્રમાં પિલાવાનો દેહનો સ્વભાવ છે આત્માનો નહીં એ પ્રકારના સ્વભાવને માનીને, અર્તિને=યંત્રમાં પિલાવાની પીડાને, શું સહન ન કરી ? ॥૨૫૬॥**

**ભાવાર્થ :-**

સમાધિ એ આત્માની સ્વસ્થ અવસ્થા છે અને સમાધિમાં સુઅભ્યાસ કરવાને કારણે સામ્યભાવને પામેલા હોવાથી દેહના મમત્વનો જેમણે નાશ કર્યો છે

એવા સ્કંદકસૂરિના પાંચસો શિષ્ય હતા અને તેઓ શુદ્ધ સત્ત્વને ધારણ કરનારા હતા. તેથી સદા દેહથી ભિન્ન એવા શુદ્ધ આત્માના નિરાકુળ સ્વરૂપને સાથે તાદાત્મ્યભાવને ધારણ કરી શકે અને દેહ સાથે ભેદજ્ઞાનને સ્થિર કરી શકે તેવા મહાસત્ત્વવાળા હતા, તેથી જ માનતા હતા કે યંત્રમાં દેહ પિલાઈ શકે છે, ક્યારેય આત્મા પિલાઈ શકતો નથી પરંતુ આત્મા તો દેહથી અસંગ સ્વભાવવાળો છે. આ પ્રકારે માનીને તીવ્ર યંત્રથી નિષ્પીડિત છતાં પણ આત્માના શુદ્ધ સ્વભાવને ધારણ કરીને શું દેહની પિલાવાની પીડાને સહન ન કરી ? અર્થાત્ સમાધિવાળા મહાત્માઓને દેહની પીડા શુદ્ધ સ્વભાવમાંથી ચલાયમાન કરવા સમર્થ થતી નથી તેથી જ દેહના પિલાવાની સાથે શુદ્ધ સ્વભાવમાં પરમ સ્થૈર્યના બળથી આત્મા સાથે લાગેલું કાર્મણશરીર પણ દેહની જેમ આત્માથી પૃથગ્ભાવને પામ્યું. તેથી તે મહાત્માઓ સર્વકર્મથી મુક્ત થયા. **॥૨૫૬॥**

**શ્લોક :-**

**लोकोत्तरं चारुचरित्रमेतद्,**
**मेतार्यसाधोः समतासमाधेः ।**
**हृदाऽप्यकुप्यन्न यदार्द्रचर्म-**
**बद्धेऽपि मूर्द्धन्ययमाप तापम् ।।२५७।।**

**શ્લોકાર્થ :-**

**સમતાની સમાધિવાળા મેતાર્ય સાધુનું આ લોકોત્તર સુંદર ચરિત્ર છે. જે કારણથી મસ્તક ઉપર આર્દ્ર ચર્મ બંધાયે છતે પણ હૃદથી પણ કોપ નહીં પામતા એવા આ=મેતાર્યમુનિ, તાપને પામ્યા નહીં. ॥૨૫૭॥**

**ભાવાર્થ :-**

સમતાની પરા ભૂમિકામાં રહેલા મેતાર્યમુનિનું આ સુંદર લોકોત્તર ચરિત્ર છે. તેથી જીવરક્ષાના પરિણામને કારણે સોનીનાં જવલાં ક્રૌંચપક્ષી ચણી ગયેલ છતાં સોનીના પૂછવાથી કહેતા નથી કે આ ક્રૌંચ પક્ષી તારાં સુવર્ણનાં જવલાં ચણી ગયું છે. તેથી શંકાશીલ સોનીએ ગુસ્સાથી ધ્યાનમાં ઊભેલા તે મહાત્માના શિર ઉપર આર્દ્ર ચામડાને બાંધ્યું જેથી તે સુકાવાથી મસ્તકની નસો તૂટે તેવી

અસહ્ય વેદના થાય ત્યારે પણ હૃદયથી કોપ નહીં કરતાં સમતાની સમાધિમાં રહેલા તે મહાત્મા કોઈ પ્રકારના તાપને પામ્યા નહીં પરંતુ સુવિશુદ્ધ સમાધિના બળથી કેવલજ્ઞાનને પામ્યા. તેથી સમાધિના અર્થીએ દેહાદિથી આત્માના ભેદનું પરિભાવન કરીને આત્માની સર્વ સંયોગમાં નિરાકુળ અવસ્થા કઈ રીતે આત્મા માટે એકાંત સુખકારી છે, તેનું ભાવન કરીને સમાધિ માટે ઉદ્યમ કરવો જોઈએ જેથી ઉત્તમપુરુષોનાં દૃષ્ટાંતોના બળથી તેવી ઉત્તમતાને અનુકૂળ શક્તિનો સંચય થાય. **॥૨૫૭॥**

**શ્લોક :-**

**स्त्रीभ्रूणगोब्राह्मणघातजात-**
**पापादधःपातकृताभिमुख्याः ।**
**दृढप्रहारिप्रमुखाः समाधि-**
**साम्यावलम्बात् पदमुच्चमापुः ।।२५८ ।।**

**શ્લોકાર્થ :-**

**સ્ત્રી-ગર્ભ-ગાય-બ્રાહ્મણના ઘાતથી થયેલા પાપથી અધઃપાતને અનુકૂળ કરાયેલા અભિમુખ પરિણામવાળા એવા દૃઢપ્રહારી વગેરેએ સમાધિના સામ્યના અવલંબનથી ઉચ્ચપદને પ્રાપ્ત કર્યું. ॥૨૫૮॥**

**ભાવાર્થ :-**

દૃઢપ્રહારી હિંસા કરવામાં દૃઢ પ્રહાર કરવાની શક્તિવાળા હતા, તેથી એક ઘાએ મનુષ્યના કે પશુના બે ટુકડા કરવા સમર્થ હતા. ચોરીના વ્યસનથી હિંસા કરીને ભોગવિલાસ કરનારા હતા. તેઓ પ્રસંગને પામીને બ્રાહ્મણને, બ્રાહ્મણની સ્ત્રીને, બ્રાહ્મણની સ્ત્રીના ગર્ભમાં રહેલ બાળકને અને સંમુખ આવતી ગાયને મારીને અતિ ક્લિષ્ટ આશયવાળા થયેલા, તેથી દુર્ગતિને અભિમુખ થયેલા પરિણામવાળા હતા. આમ છતાં તે પ્રકારની પોતાની હિંસાને જોઈને પાપ પ્રત્યે અત્યંત તિરસ્કારનો પરિણામ થયો અને સંયમ ગ્રહણ કરીને શુદ્ધ સમાધિમાં દૃઢ ઉદ્યમ કરનારા થયા, તેથી સમાધિના સામ્યના અવલંબનથી ઉચ્ચ એવા મોક્ષપદને પ્રાપ્ત કર્યું, તેથી સમાધિનું દૃઢ અવલંબન મહાપાપોનો પણ નાશ કરવા જીવને સમર્થ કરે છે, માટે દૃઢપ્રહારી વગેરે મહાત્માઓની સમાધિનું દૃઢ

અવલંબન લઈને બાહ્યથી પ્રાપ્ત થતાં નિમિત્તોમાં ઉપેક્ષાને કેળવીને આત્માનું મોહથી અનાકુળ અવસ્થારૂપ સમાધિનું સદા ભાવન કરવું જોઈએ. જેથી સર્વ વિષમ સંયોગમાં ચિત્ત વીતરાગભાવનાથી ભાવિત થઈને વીતરાગ તુલ્ય થવા માટેના મહાબળને પ્રાપ્ત કરે. **॥૨૫૮॥**

**શ્લોક :-**

**कर्मक्षये हेतुरितीष्टमेक-**
**मैकान्तिकं साधुसमाधिसाम्यम् ।**
**उदाहृतास्तीर्थकरैर्विचित्रा,**
**दिग्दर्शनायास्य परे तु योगाः ।।२५९।।**

**શ્લોકાર્થ :-**

**સુંદર સમાધિરૂપ સામ્ય કર્મક્ષયમાં એકાંતિક હેતુ છે એથી એક ઈષ્ટ છે=કર્મક્ષય માટે સુંદર સમાધિસામ્ય એક ઈષ્ટ છે. વળી વિચિત્ર બીજા યોગો તીર્થંકરો વડે આના દિગ્દર્શન માટે=સમાધિ તરફ જવાને અનુકૂળ દિશા બતાડવા માટે, કહેવાયા છે. ॥૨૫૯॥**

**ભાવાર્થ :-**

આત્મા જેમ જેમ દેહાદિથી ભિન્ન એવા આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિરભાવને પામે છે તે સ્થિરભાવના પ્રકર્ષ-અપકર્ષને અનુરૂપ આત્મામાંથી કર્મનો ક્ષય થાય છે પરંતુ અન્ય બહિરંગ આચરણાના પ્રકર્ષ-અપકર્ષને અનુરૂપ કર્મક્ષય થતો નથી તેથી દેહાદિથી ભિન્ન શુદ્ધ આત્માના પરિણામમાં આત્માનો જે જે પ્રકારે સ્થિરભાવ થાય છે તે ભાવને અનુરૂપ અવશ્ય કર્મક્ષય થાય છે તેથી કર્મક્ષય પ્રત્યે સુંદર સમાધિનું સામ્ય એકાંત હેતુ છે તેથી કર્મક્ષય માટે સમાધિ એક ઇષ્ટ છે, અન્ય કાંઈ ઇષ્ટ નથી.

ત્યાં પ્રશ્ન થાય કે તો તીર્થંકરોએ અન્ય બાહ્ય આચરણાઓ મોક્ષના ઉપાય રૂપે કેમ બતાવી છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

જુદા-જુદા પ્રકારના બાહ્ય આચારો અંતરંગ સમાધિસામ્ય તરફ જવા માટેની દિશાને દેખાડવા માટે ભગવાને બતાવ્યા છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંયમની

સર્વ ઉચિત આચરણાના બળથી જેઓ તે તે આચરણાથી નિષ્પાદ્ય અંતરંગ ભાવોમાં યત્ન કરે છે તેઓને તે તે બાહ્ય આચારો શુદ્ધ સમાધિની દિશાને બતાડવા માટે કારણ બને છે, તેથી ભગવાને શુદ્ધ સમાધિમાં જવા માટે અંતરંગ દિશાની પ્રાપ્તિ અર્થે સર્વ સંયમની ઉચિત આચરણાઓ બતાવી છે તોપણ તે આચરણાઓ જે જે અંશથી શુદ્ધ સમાધિની દિશાને પ્રાપ્ત કરાવીને શુદ્ધ સમાધિમાં યત્ન કરાવવા માટે જીવને સમર્થ કરે છે તે તે અંશથી જ તે ક્રિયાઓ સફળ છે. પરંતુ માત્ર બાહ્ય આચરણાથી તે ક્રિયાઓ કર્મક્ષય માટે ફલવાન નથી, તેથી કર્મક્ષયના અર્થીએ કર્મક્ષયને અનુકૂળ અંતરંગ વીર્ય ઉલ્લસિત થાય તે રીતે સર્વ યોગોમાં ઉદ્યમ કરવો જોઈએ જેથી શુદ્ધ સમાધિની પ્રાપ્તિ દ્વારા કર્મક્ષયની પ્રાપ્તિ થાય. **॥૨૫૯॥**

**શ્લોક :-**

**रक्षन् शशं मेघकुमारजीव-**
**द्विपो भवं यत् प्रतनूचकार ।**
**निर्दिष्टमव्यक्तसमाधिसाम्यं,**
**तत्रापि मार्गाभिमुखत्वबीजम् ।।२६०।।**

**શ્લોકાર્થ :-**

**સસલાનું રક્ષણ કરતા મેઘકુમારના જીવ એવા હાથીએ જે ભવને અલ્પ કર્યા ત્યાં પણ માર્ગાભિમુખત્વના બીજરૂપ અવ્યક્ત સમાધિસામ્ય બતાવાયું છે. ।।૨૬૦।।**

**ભાવાર્થ :-**

જીવોમાં કર્મની પ્રચુરતા હોય છે ત્યારે માત્ર બાહ્ય ભાવોમાં જ જીવોનું ચિત્ત પ્રવર્તે છે. અને જ્યારે કર્મની કાંઈક અલ્પતા થાય છે ત્યારે કર્મની અલ્પતાકૃત અવ્યક્ત સમાધિસામ્ય પ્રગટે છે. જે અવ્યક્ત સમાધિસામ્ય માર્ગાભિમુખત્વનું બીજ છે. તેથી જેઓમાં કોઈ પ્રયત્ન વગર કંઈક સામ્યભાવો પ્રગટે છે તેના કારણે જ તે માર્ગાભિમુખ બને છે અને તેવા માર્ગાભિમુખ પરિણામને કારણે જ મેઘકુમારના જીવ એવા હાથીએ સસલાની દયા કરીને પોતાનો દયા સ્વભાવ

ઉલ્લસિત કર્યો જેના કારણે તે મહાત્માના ભવો પરિમિત થયા. આથી જ સસલાની દયાના કાળમાં દયાના પરિણામના કારણે મનુષ્યભવને અનુકૂળ ઉત્તમ પુણ્ય બંધાયું અને દયાના પરિણામના કારણે આત્મામાં દયાળુ સ્વભાવ પ્રગટ થયો જે અવ્યક્ત સમાધિસામ્ય સ્વરૂપ હતો આથી જ મનુષ્યભવને પામીને વીરભગવાનની દેશના સાંભળીને કદાગ્રહ વગર તત્ત્વ અભિમુખ થાય તેવો માર્ગાભિમુખ પરિણામ સસલાની દયાકાળમાં મેઘકુમારના જીવમાં વર્તતો હતો, તેથી જ તે દયાના બળથી જ મનુષ્યભવની પ્રાપ્તિ થઈ અને ભગવાનના વચનને સાંભળીને ષટ્કાયના પાલનને અનુકૂળ દયાનો પરિણામ પ્રકર્ષવાળો થયો, તેથી સંસારના ભવને પરિમિત કરવાનું પ્રબળ કારણ વ્યક્ત કે અવ્યક્ત સમાધિસામ્ય જ છે. ફક્ત 'આ સમાધિની પ્રાપ્તિના ઉચિત ઉપાયો છે' તેવું જ્ઞાન થવાને કારણે જેઓ તે ઉચિત ઉપાયોમાં યત્ન કરીને સમાધિ મેળવે છે તેઓમાં વ્યક્ત સમાધિસામ્ય આવે છે. અને જેઓને હાથીના જીવની જેમ તેવો કોઈ બોધ નથી છતાં નિમિત્તને પામીને સ્વપરિણામને અનુકૂળ સમાધિસામ્ય પ્રાપ્ત કરે છે તેઓને અવ્યક્ત સમાધિસામ્ય છે તેથી તે ફલિત થાય કે કર્મનાશ પ્રત્યે વ્યક્ત કે અવ્યક્ત કોઈ રીતે પ્રગટ થયેલું સમાધિસામ્ય જ કારણ છે માટે કર્મક્ષયના અર્થીએ સર્વ ઉદ્યમથી સમાધિસામ્યમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૨૬૦॥**

**શ્લોક :-**

**समाधिसाम्यक्रमतो हि योग-**
**क्रियाफलावञ्चकलाभभाजः ।**
**आसादितात्यद्भुतयोगदृष्टि-**
**स्फुरच्चिदानन्दसमृद्धयः स्युः ।।२६१।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિસામ્યના ક્રમથી=ઉત્તર-ઉત્તર વૃદ્ધિ પામતા સમાધિસામ્યના ક્રમથી, યોગ અવચંક, ક્રિયા અવચંક, ફલ અવચંકના લાભના ભજનારા જીવો, પ્રાપ્ત કરી છે અતિ અદ્ભુત એવી યોગની દૃષ્ટિ તેનાથી સ્ફુરાયમાન થતા ચૈતન્યના આનંદની સમૃદ્ધિવાળા થાય છે. ।।૨૬૧।।**

**ભાવાર્થ :-**

સમાધિનું સામ્ય યોગમાર્ગની પ્રથમ ભૂમિકાથી માંડીને વીતરાગતા સુધી તરતમતાની દૃષ્ટિએ અનેક ભૂમિકાવાળું છે, તેથી જેઓને જે પ્રકારનું સમાધિનું સામ્ય પ્રાપ્ત થાય છે તેને અનુરૂપ યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચકના લાભને પ્રાપ્ત કરનારા થાય છે અને જે પ્રકારે યોગાવંચકાદિની પ્રાપ્તિ છે તેને અનુરૂપ અદ્ભુત યોગદૃષ્ટિઓ તેઓમાં સ્ફુરણ થાય છે અને તે યોગદૃષ્ટિને અનુરૂપ તેઓ ચૈતન્યના આનંદની સમૃદ્ધિવાળા થાય છે. તેથી ફલિત થાય છે કે સમાધિના સામ્યના પ્રકર્ષ-અપકર્ષને અનુરૂપ યોગની દૃષ્ટિઓ પ્રગટે છે અને યોગદૃષ્ટિને અનુરૂપ આત્માના આનંદની સમૃદ્ધિ પ્રગટે છે. માટે પુદ્ગલજન્ય સુખને છોડીને આત્માના આનંદની સમૃદ્ધિનો ઉપાય ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો સમાધિસામ્યનો પરિણામ છે.

અહીં કહ્યું કે સમાધિસામ્યના ક્રમથી યોગઅવંચક, ક્રિયાઅવંચક અને ફલઅવચંક પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવોમાં કષાયોના ઉપશમથી તત્ત્વને અભિમુખ કાંઈક પરિણામ થયો છે તેવા સમાધિવાળા જીવોને ગુણવાન પુરુષનો યોગ ગુણપ્રાપ્તિ પ્રત્યે અવંચક કારણ બને છે અર્થાત્ નિષ્ફળ ન જાય તે પ્રકારે કારણ બને છે; કેમ કે તે જીવમાં થયેલા કષાયના ઉપશમને કારણે ગુણવાન પુરુષમાં વર્તતા ઉત્તમ ગુણોને કારણે, જે ઉત્તમ આચારો વર્તે છે તેને જોઈને તે જીવોમાં વર્તતા ઉત્તમ ગુણો પ્રત્યે તેઓને બહુમાન થાય છે તેથી ઉત્તમપુરુષનો યોગ અવંચક બને છે જેમ મેઘકુમારના જીવને વીરપ્રભુ મળ્યા ત્યારે વીરપ્રભુ પ્રત્યેનો જે બહુમાનભાવ થયો તેથી વીરપ્રભુનો યોગ મેઘકુમારના જીવ માટે અવંચક બન્યો.

વળી, ઉત્તમ પુરુષનો યોગ થયા પછી ઉત્તમપુરુષોને વંદન કરવા આદિની ક્રિયા ગુણો પ્રત્યેના બહુમાનપૂર્વક થાય તેવી સમાધિની પ્રાપ્તિ થઈ છે તેવા જીવો ઉત્તમપુરુષોને જોઈને તેમના ગુણોના સ્મરણપૂર્વક તેઓને વંદનાદિની ક્રિયા કરે છે જેનાથી પોતાનામાં અવશ્ય ગુણવૃદ્ધિને પ્રાપ્ત કરે છે તેવા જીવોને ક્રિયા અવંચકનો લાભ થયો છે. આથી જ ક્રિયાવંચક સમાધિવાળા જીવો અન્ય કોઈ સંજ્ઞાને વશ થયા વગર ગુણવાનના ગુણોના સ્મરણપૂર્વક ગુણવાનને વંદનાદિ ક્રિયા કરે છે.

વળી, ગુણવાન પુરુષનો યોગ થયા પછી ગુણવાન પુરુષના પાસેથી યોગમાર્ગના મર્મની પ્રાપ્તિ થાય તેવો ઉપદેશ સાંભળવા મળે અને તે ઉપદેશ સમ્યક્ પરિણમન પામે તેવી સમાધિ જેઓમાં વર્તે છે તેઓ પોતાનામાં પ્રાપ્ત થયેલી સમાધિના બળથી ફળઅવંચકને પ્રાપ્ત કરે છે. જેમ વીરભગવાનનો યોગ મેઘકુમારના જીવને પ્રાપ્ત થયેલો અને ભગવાનની દેશના સાંભળીને ભગવાનની દેશના સમ્યક્ પરિણમન પામી તેવી સમાધિનું સામ્ય મેઘકુમારના જીવમાં હતું તેથી ગુણવાન એવા વીરપ્રભુના યોગનું જે ઉપદેશરૂપ ફળ તે મેઘકુમારના જીવને અવંચક પ્રાપ્ત થયું, તેથી સંયમને ગ્રહણ કરીને આત્મહિત સાધ્યું.

આ રીતે સમાધિના સામ્યના ક્રમ પ્રમાણે ત્રણ અવંચક યોગમાંથી યથાયોગ્ય અવંચક યોગને પ્રાપ્ત કરીને જીવો પોતાનામાં અદ્ભુત એવી યોગની દૃષ્ટિઓને પ્રગટ કરે છે જેના બળથી તેઓને પોતાની પ્રાપ્ત થયેલી દૃષ્ટિને અનુરૂપ અંતરંગ એવી યોગ ભૂમિકાનું આસ્વાદન થાય છે જે આત્માના મોહથી અનાકુળ એવા જ્ઞાનના આનંદની સમૃદ્ધિ સ્વરૂપ છે. તેથી એ પ્રાપ્ત થાય કે પોતાના સમાધિસામ્યના બળથી સ્વભૂમિકા અનુસાર યોગાવંચકાદિ પ્રાપ્ત થાય છે અને તેના બળથી વિશેષ પ્રકારની સમાધિરૂપ એવી યોગની દૃષ્ટિઓ પ્રાપ્ત થાય છે, જે સમાધિના સામ્યસ્વરૂપ જ આત્માના આનંદની સમૃદ્ધિસ્વરૂપ છે. **॥૨૬૧॥**

**શ્લોક :-**

**समाधिमाहात्म्यमिदं जनानां,**
**पुरःस्फुरद्रूपमतो विधित्सुः ।**
**वक्ष्ये विचित्रां रुचिरोपमानैः,**
**कथां पवित्रामनुसुन्दरस्य ।।२६२।।**

**શ્લોકાર્થ :-**

**આથી=ઉત્તરોત્તર સમાધિની વૃદ્ધિ જ મોક્ષનું એક કારણ છે તેમ અનેક દૃષ્ટિઓથી બતાવ્યું આથી, આગળમાં સ્ફુરાયમાન થતાં રૂપવાળું આ સમાધિનું માહાત્મ્ય લોકોને કહેવાની ઈચ્છાવાળો એવો હું રુચિર**

**ઉપમાઓ વડે અનુસુંદર ચક્રવર્તીની પવિત્ર એવી વિચિત્ર કથાને=વિવિધ પ્રકારની કથાને, કહીશ. ॥૨૬૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સમાધિનું માહાત્મ્ય વર્ણન કર્યું એથી ગ્રંથકારશ્રીના ચિત્તમાં આગળ સ્ફુરાયમાન થતું આ સમાધિનું માહાત્મ્ય છે. તેથી લોકોને તે સમાધિના માહાત્મ્યનો બોધ કરાવવાની ઇચ્છાવાળા એવા ગ્રંથકારશ્રી છે. માટે તે સમાધિનું માહાત્મ્ય લોકોને બોધ કરાવવાના પ્રયોજનથી અનુસુંદર ચક્રવર્તીની પવિત્ર કથાને 'હું કહીશ' એ પ્રમાણે ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે અને તે અનુસુંદર ચક્રવર્તીની કથા સુંદર ઉપમાઓ વડે પવિત્ર છે, અનેક પ્રકારની છે જેનાથી યોગ્ય જીવોને સમાધિનો જ વિશેષ પ્રકારનો બોધ થશે તે આશયથી ગ્રંથકારશ્રી તે કથાને કહેશે. **॥૨૬૨॥**

**શ્લોક :-**

**कथा यदीया निजवाक्यभङ्गी-**
**पुण्ड्रेक्षुयन्त्रोपमिता मितार्था ।**
**रसं यदुत्थं भविकाः पिबन्ति,**
**विनाऽप्यपेक्षां खलु चर्वणायाः ।।२६३।।**

**શ્લોકાર્થ :-**

**નિજવાક્યની ભંગીવાળી, પુંડ્રઈક્ષુયંત્રથી ઉપમિત, મિતાર્થવાળી, જેમની કથા છે=જે અનુસુંદર ચક્રવર્તીની કથા છે. જેનાથી ઉત્પન્ન થયેલો રસ=પુંડ્રઈક્ષુયંત્રથી કાઢેલો રસ ભવિક જીવ ચાવવાની અપેક્ષા વગર ખરેખર પીવે છે. ॥૨૬૩॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ અનુસુંદર ચક્રવર્તીની કથાને કહેવાની પ્રતિજ્ઞા કરી છે જે કથા ઉપમિતિકારે વિસ્તારથી કરી છે તેને જ ગ્રંથકારશ્રીએ પરિમિત શબ્દોથી કહી

છે તેથી મિતાર્થવાળી છે. વળી તે કથા ગ્રંથકારશ્રીનાં વાક્યોની ભંગીથી રચાયેલી છે. પરંતુ ઉપમિતિકારના વચનોથી રચાયેલી નથી. વળી, ઉપમિતિકારે અનુસુંદર ચક્રવર્તીની કથા કરી છે તે મધુર શેરડી જેવી છે. છતાં જેઓ તે શેરડી ચર્વણ કરે તેઓને તેનો રસ પ્રાપ્ત થાય તેમ ઉપમિતિકારે રચેલી કથાનાં રહસ્યોને જેઓ સૂક્ષ્મ રીતે જોવા યત્ન કરે તેઓને જ તેનાં રહસ્યોની પ્રાપ્તિ થાય તેથી તેના પરમાર્થને જાણવા માટે ભવિક જીવોને ચર્વણની ક્રિયા કરવી આવશ્યક છે. અને તેવા સામર્થ્ય વગરના જીવોના ઉપકાર અર્થે ઉપમિતિની કથાને પાકટ ઇક્ષુની જેમ પીલીને ગ્રંથકારશ્રીએ તેનો રસ પૃથક્ કર્યો છે, જે રસ યોગ્ય જીવો ચર્વણની અપેક્ષા વગર=શેરડીને ચાવવાની અપેક્ષા રાખ્યા વગર, પીવે છે તેથી ઉપમિતિકારે રચેલી ગ્રંથની રચનાને જ આ રીતે અન્ય શબ્દોમાં કહેવાનો ગ્રંથકારશ્રીનો શ્રમ વ્યર્થ નથી; કેમ કે જેઓ ઉપમિતિકારના ગ્રંથનું ચર્વણ કરીને તેના મધુર રસને આસ્વાદન કરી શકે તેમ નથી તેવા જીવોના ઉપકાર અર્થે ગ્રંથકારશ્રીએ પાકટ ઇક્ષુ જેવી ઉપમિતિકારની કથાને બુદ્ધિરૂપી યંત્રથી પીલીને પ્રસ્તુત ગ્રંથમાં રજૂ કરી છે. **॥૨૬૩॥**

**શ્લોક :-**

**धृत्वा तृणं याति सिता स्ववक्त्रे,**
**द्राक्षाऽपि सा संकुचति ह्रियेव ।**
**विधोः सुधा च क्षयमेति भीता,**
**मन्ये जिता यस्य कथारसेन ।।२६४।।**

**શ્લોકાર્થ :-**

**જેના કથાના રસથી=જે અનુસુંદર ચક્રવર્તીની કથા ગ્રંથકારશ્રી કહેવાના છે તે કથાના રસથી, જિતાયેલી એવી સિતા=શર્કરા, તૃણને ધારણ કરીને ચાલી જાય છે, તે દ્રાક્ષા પણ=જે દ્રાક્ષા મધુરરૂપે પ્રસિદ્ધ છે તે દ્રાક્ષા પણ, જાણે લજ્જાથી સંકોચને પામે છે. ભય પામેલી ચંદ્રની સુધા=શીતલતા ક્ષયને પામે છે એમ હું માનું છું. ॥૨૬૪॥**

ભાવાર્થ :-

**અનુસુંદર ચક્રવર્તીની કથા કેવી મધુર છે તેનું સ્વરૂપ :-**

અનુસુંદર ચક્રવર્તીની કથા તત્ત્વના મર્મને બતાવનાર હોવાથી કેવી મધુર છે તેના કંઈક સ્વરૂપનો બોધ થાય તેના માટે વ્યંગ્ય ભાષામાં ગ્રંથકારશ્રી કહે છે.

અનુસુંદર ચક્રવર્તીની કથાના રસથી જિતાયેલી શર્કરા પોતાના મુખમાં તૃણને ગ્રહણ કરીને જાણે ચાલી ગઈ ન હોય તેમ હું માનું છું અર્થાત્ શર્કરા કરતાં પણ અધિક મધુર રસવાળી પ્રસ્તુત કથા છે. વળી દ્રાક્ષા મધુર રસવાળી છે તેમ પ્રસિદ્ધ છે છતાં પ્રસ્તુત કથાના મધુર રસને જોઈને લજ્જા પામેલી અર્થાત્ પોતાની મધુરતા માટે લજ્જા પામેલી, દ્રાક્ષા સંકોચાઈ ગઈ હોય તેમ હું માનું છું અર્થાત્ દ્રાક્ષા કરતાં પણ અધિક મધુર પ્રસ્તુત કથા છે. કેમ શર્કરા અને દ્રાક્ષા કરતાં અધિક મધુર છે તેવી જિજ્ઞાસા વિચારકને થાય તેનું તાત્પર્ય એ છે કે પ્રસ્તુત કથાને સાંભળીને ભવ્યજીવોને જે સામ્યરસનો અનુભવ થાય છે તેવો મધુર સામ્યરસનો અનુભવ શર્કરાથી કે દ્રાક્ષાથી થઈ શકતો નથી. વળી, કષાયોના ઉપશમજન્ય સામ્યરસનો અનુભવ કરાવનાર પ્રસ્તુત કથા છે, માટે શર્કરા અને દ્રાક્ષા કરતાં પણ અધિક મધુર છે. વળી જે કથાના રસની શીતલતાને જોઈને ચંદ્રની શીતલતારૂપ સુધા ક્ષયને પામી ગઈ. તેથી એ ફલિત થાય કે અનુસુંદર ચક્રવર્તીની કથામાં આત્માને કષાયોના ઉપશમજન્ય શીતલતા આપવાની જે શક્તિ છે તેવી શક્તિ ચંદ્રનાં શીતલ કિરણોમાં નથી. માટે મધુરરસના આસ્વાદનના અર્થીએ અને આત્માની શીતલતાની પ્રાપ્તિના અર્થીએ દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રસ્તુત કથાને શ્રવણ કરવી જોઈએ. તે કથાના યથાર્થ તાત્પર્યને ગ્રહણ કરીને તેનાથી આત્માને અત્યંત ભાવિક કરવો જોઈએ. જેથી મધુર રસના આસ્વાદનનો અને કષાયોની ઉપશમતાજન્ય શીતલતાનો અનુભવ થાય. **॥૨૬૪॥**

શ્લોક :-

**निजां कथां यः कथयन् सभायां,**
**निनाय सभ्यान् मणिदर्पणत्वम् ।**
**तेषु प्रपन्नाः प्रतिबिम्बभावं,**
**भावाः समग्रा इति यत्कथोक्ताः ।।२६५।।**

**શ્લોકાર્થ :-**

**સભામાં પોતાની કથાને કહેતો એવો જેણે=અનુસુંદર ચક્વર્તીએ, સભ્યોને=સભામાં બેઠેલા સભ્યોને, મણિદર્પણપણું પ્રાપ્ત કરાવ્યું અર્થાત્ તે નિર્મળભાવોને પોતાનામાં જોઈ શકે તેવા મણિ જેવા નિર્મળ દર્પણભાવને પ્રાપ્ત કરાવ્યું, એથી જેની કથાથી કહેવાયેલા=અનુસુંદર ચક્વર્તીની કથાથી કહેવાયેલા, સમગ્રભાવો તેઓમાં=સભામાં બેઠેલા મણિદર્પણને પામેલા શ્રોતાઓમાં, પ્રતિબિંબભાવને પામ્યા. ।।૨૬૫।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી જે અનુસુંદર ચક્રવર્તીની કથાને કહેવાના છે તે અનુસુંદર ચક્રવર્તી પોતાની કથાને સભા આગળ સાધ્વીજીના કહેવાથી કહે છે અને તે કથા સાંભળનારા શ્રોતાઓને અનુસુંદર ચક્રવર્તીએ પોતાની કથા તે રીતે કહેવા માટે પ્રારંભ કર્યો જેથી તે યોગ્ય શ્રોતાઓ મણિદર્પણપણાને પામ્યા અર્થાત્ જેમ દર્પણમાં સન્મુખ રહેલી વસ્તુ સર્વ પ્રતિબિંબિત થાય છે તેમ અનુસુંદર ચક્રવર્તીએ પોતે અત્યાર સુધી સંસારચક્રમાં કઈ રીતે ભ્રમણ કર્યું તેની કથા સભાસદોને કહી તે સર્વ કથા તે સભાસદોમાં પ્રતિબિંબભાવ રૂપે પોતાનામાં તે સમગ્ર કથા પ્રાપ્ત થઈ અર્થાત્ જેમ દર્પણમાં સન્મુખ રહેલી વસ્તુ પ્રતિબિંબરૂપે ભાસે છે તેમ અનુસુંદર ચક્રવર્તીની કથાને સાંભળીને તે સર્વ શ્રોતાઓને પણ પ્રતિભાસ થવા લાગ્યો કે પોતે પણ આ અનુસુંદર ચક્રવર્તીની જેમ અત્યાર સુધી સંસારચક્રમાં આ રીતે જ કદર્થના પામ્યા છે તેથી આ કથા માત્ર અનુસુંદર ચક્રવર્તીની નથી પરંતુ સંસારવર્તી સર્વ જીવોની આ પ્રકારના પરિભ્રમણરૂપ જ સંસારની કથા છે. તેથી જ તે કથાને સાંભળીને મણિદર્પણપણાને પામેલા સર્વ સભાસદો પોતાની ભૂતકાળની આપવીતી સાંભળીને મહાસંવેગને પ્રાપ્ત કરે છે. તેથી ગ્રંથકારશ્રી પણ આ કથા કેવી છે તેમ બતાવીને યોગ્ય જીવોને તે કથાનું યોજન આત્મામાં થાય તે પ્રકારે કથાને વાંચવાના અભિમુખભાવવાળા કરે છે. **।।૨૬૫।।**

**શ્લોક :-**

**कथा यथार्थेव मता मुनीन्द्रै-**
**वैराग्यहेतुः किल कल्पिताऽपि ।**

यत्पुण्डरीकाध्ययनं द्वितीये,
प्रसिद्धमङ्गे परिकल्पितार्थम् ।।२६६।।

**શ્લોકાર્થ :-**

**ખરેખર કલ્પિત પણ વૈરાગ્યના હેતુ એવી કથા ભગવાન વડે યથાર્થ જ મનાઈ છે. જે કારણથી દ્વિતીય અંગમાં પરિકલ્પિત અર્થવાળું પુંડરીક અધ્યયન પ્રસિદ્ધ છે. ॥૨૬૬॥**

**ભાવાર્થ :-**

અનુસુંદર ચક્રવર્તીની કથા ઉપમિતિકારે સ્વબુદ્ધિના વૈભવથી શાસ્ત્રીય પદાર્થોના મર્મને બતાવવા અર્થે અને યોગ્ય જીવોને વૈરાગ્યની નિષ્પત્તિ અર્થે પરિકલ્પિત કરી છે. તેથી કોઈને પ્રશ્ન થાય કે અનુસુંદર ચક્રવર્તી કોઈ થયેલ વ્યક્તિ નથી પરંતુ સ્વબુદ્ધિથી પરિકલ્પિત કથા ઉપમિતિકારે કરી છે અને તેવી કથા ગ્રંથકારશ્રી કેમ કહી રહ્યા છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે – કલ્પિત પણ કથા વૈરાગ્યનો હેતુ હોય તો તે યથાર્થ જ છે એમ ભગવાનને સંમત જ છે આથી પુંડરીક અધ્યયનમાં પરિકલ્પિત અર્થવાળી કથા કહીને યોગ્ય જીવોને વૈરાગ્ય ઉત્પન્ન થાય અને સંસારની વાસ્તવિકતાનો ખ્યાલ આવે તે અર્થે તદ્દન અસંભવી એવા પાંડુરપત્રની કથા કરેલી છે. વસ્તુતઃ જે કથાથી સંસારનો યથાર્થ બોધ થાય. તેવી કથા કલ્યાણનું એક કારણ હોવાથી યથાર્થ જ છે તેમ અનુસુંદર ચક્રવર્તીની કથાથી પણ સર્વ જીવ સામાન્યને આશ્રયીને સંસારના પરિભ્રમણનું વાસ્તવિક સ્વરૂપ બતાવાયું છે, તેથી તે કથા યથાર્થ જ છે. **॥૨૬૬॥**

**શ્લોક :-**

नेयं कथा गुणरथाध्वनि मत्कृताऽपि,
स्थूलाऽपि यास्यति सतां किमनुग्रहेण ।
कर्पासजातिमपि किं न नृपोपभोग्यां,
कुर्यात् सुशिल्पिघटना पटनामदात्री ।।२६७।।

**શ્લોકાર્થ :-**

**ગ્રંથકારશ્રી વડે કરાયેલી પણ સ્થૂલ પણ આ કથા સંતપુરુષોના અનુગ્રહથી ગુણરથરૂપ અધ્વમાં=ગુણરૂપ શરીરના માર્ગમાં, શું નહીં જાય ? અર્થાત્ જશે જ, પટનામને દેનારી સુશિલ્પીની ઘટના કપાસની જાતિને પણ શું નૃપ ઉપભોગ્ય કરતી નથી ? અર્થાત્ કરે જ છે. ।।૨૬૭।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત અનુસુંદર ચક્રવર્તીની કથા કરેલી છે અને પૂર્વના મહાપ્રાજ્ઞ પુરુષોની અપેક્ષાએ તે કથા સ્થૂલ છે તોપણ જો સંતપુરુષો તે કથાને વાંચીને તેના ઉપર અનુગ્રહ કરશે તો તેના ગંભીર ભાવો તેઓ લોકમાં પ્રગટ કરીને ગુણરૂપી શરીરના માર્ગમાં ગમન કરનારી આ કથાને બનાવશે અર્થાત્ ઘણા યોગ્ય જીવોને ગુણનિષ્પત્તિનું કારણ બને તે રીતે રજૂ કરશે. તેથી જો સંત પુરુષોના હૈયામાં આ કથા વસી જાય તો નક્કી ઘણા જીવોની ગુણનિષ્પત્તિનું કારણ બનશે. જેમ સુંદર શિલ્પી કપાસમાંથી સુંદર વસ્ત્ર બનાવે તો તે વસ્ત્ર રાજાને ઉપભોગયોગ્ય બને છે તેમ પોતાની કથા કપાસ જેવી સામાન્ય હશે તોપણ ઉત્તમ પુરુષોના અનુગ્રહથી ઘણા જીવોને ગુણપ્રાપ્તિનું કારણ થશે. એ પ્રકારની ગ્રંથકારશ્રી સંભાવના કરે છે. **।।૨૬૭।।**

**શ્લોક :-**

**चरितमिह निजैर्गुणैश्च दोषै-**
**र्निखिलजनैरनुभूयते यदन्तः ।**
**श्रवणपुटसुधायतां बुधानां,**
**बहिरुपमानपदार्पितं तदेव ।।२६८।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=સંસારમાં, સર્વ જીવો વડે પોતાના ગુણોથી અને દોષોથી જે અંતરંગ ચરિત્ર અનુભવાય છે. બહિર્ઉપમાનનાં પદોથી અર્પિત એવું તે**

**જ=તે ચરિત્ર જ, બુધ પુરુષોને શ્રોત્રેન્દ્રિયના અમૃતરસના આસ્વાદન જેવું થાઓ. ॥૨૬૮॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ જે અનુસુંદર ચક્રવર્તીની કથા કરી છે તેવી જ કથા પોતાના ગુણોથી અને દોષોથી અંતરંગ આચરિત સર્વ જીવો વડે અનુભવાય છે અને તે કથાને બાહ્ય ઉપમાઓ આપીને ગ્રંથકારશ્રીએ અહીં રજૂ કરી છે જેને સાંભળીને બુધ પુરુષોને પોતાના સંસારના પરિભ્રમણનો વાસ્તવિક બોધ થવાથી સુંદર તત્ત્વના શ્રવણના આનંદનો અનુભવ થશે. **॥૨૬૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે પોતાના ગુણ-દોષ વડે બધા જીવોએ જે પ્રકારે સંસારના પરિભ્રમણનો અનુભવ કર્યો છે તેને જ બહિરૂઉપમાનથી પ્રસ્તુત ગ્રંથમાં બતાવાયેલ છે તેથી સંસારના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થાય છે. વળી, પ્રસ્તુત ગ્રંથમાં જે બાહ્ય રમ્યભાવો બતાવાયા છે તેનાથી આત્માના અંતરંગ સુંદરભાવોને બુદ્ધિમાન પુરુષો ઘટાવે છે જેના શ્રવણથી આત્મામાં પરમ સમતાની પ્રાપ્તિ થઈ શકે છે. તે બતાવવા અર્થે પ્રસ્તુત કથામાં જે વિશેષતા છે તેને સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

यो यो भावो जनयति मुदं वीक्ष्यमाणोऽतिरम्यो,
बाह्यस्तं तं घटयति सुधीरन्तरङ्गोपमानैः ।
मग्नस्येत्थं प्ररमसमताक्षीरसिन्धौ यतीन्दोः,
कण्ठाश्लेषं प्रणयति घनोत्कण्ठया द्राग् यशःश्रीः ।।२६९।।

**શ્લોકાર્થ :-**

**જોવાતો અતિરમ્ય એવો જે જે ભાવ પ્રમોદને ઉત્પન્ન કરે છે બાહ્ય એવા તે તે ભાવને બુદ્ધિમાન પુરુષ અંતરંગ ઉપમા વડે ઘટાવે છે. આ**

**રીતે ઘન ઉત્કંઠાથી યશશ્રી પરમ સમતારૂપી સમુદ્રમાં મગ્ન એવા યતીન્દ્રોના કંઠઆશ્લેષને શીઘ્ર કરે છે. ॥૨૬૯॥**

**ભાવાર્થ :-**

જગતમાં જે જે રમ્યભાવો દેખાય છે અને તે રમ્યભાવોને કારણે જીવોને પ્રમોદ થાય છે, તે તે રમ્યભાવોને અંતરંગ ગુણસંપત્તિની ઉપમાઓ આપીને અંતરંગભાવો તેવા રમ્ય છે તેમ જે મહાત્માઓ ઘટાવે છે તેઓને આત્માના અંતરંગભાવો રમ્ય સ્વરૂપ ભાસે છે અને તેમાં તેઓનું ચિત્ત મગ્ન બને છે. તેવા મુનિઓ સદા તે ઉપમાના બળથી અંતરંગભાવોમાં મગ્ન રહે છે. તેમને અંતરંગ ભાવોમાં મગ્ન જોઈને સદ્ગતિની પરંપરાની પ્રાપ્તિરૂપ યશલક્ષ્મી અત્યંત ઉત્કંઠાપૂર્વક તેવા મહાત્માઓના કંઠનો આશ્લેષ કરે છે અર્થાત્ તેવા મહાત્માઓને અંતરંગભાવમાં મગ્નતાને કારણે સદ્ગતિની પરંપરાની પ્રાપ્તિ દ્વારા મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. **॥૨૬૯॥**

**વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબકનું વિવેચન સમાપ્ત**

दृष्ट्वा सदाचारपरान् जनान् या,
शुद्धप्रशंसान्विततच्चिकीर्षा ।
सद्धर्मरागः स हि मोक्षबीजं,
न धर्ममात्रप्रणिधानरूपः ।।

✻

સદાચાર પર એવા=સદાચારમાં તત્પર એવા, લોકોને જોઈને, જે શુદ્ધપ્રશંસા અન્વિત તત્ચિકીર્ષા=અંતરંગ હૈયાની બહુમાનની પરિણતિપૂર્વક પ્રશંસાથી સહિત સદાચારને સેવવાની ઇચ્છા, સદ્ધર્મનો રાગ છે, તે જ મોક્ષનું બીજ છે, ધર્મ માત્ર પ્રણિધાનરૂપ નથી=ધર્મ માત્ર કરવાના સંકલ્પરૂપ ધર્મરાગ મોક્ષનું બીજ નથી.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in